


પ્રસ્તાવના.

જૈન કથા સંગ્રહ ભાગ ૧ લો, એ નામનું પુસ્તક આ ખાતામાં જ અમારી તરફથી પ્રસિદ્ધ થતાં તેનું બહુમાન થવાની સાથે તેવી પ્રાચીન કથાઓથી મનુષ્ય માત્રના મનપર ધર્મ વિષય સંબંધી શ્રદ્ધા રૂપ બીજ રોપાતાં આ લોક અને પરલોક બન્ને સુધરે એ નિર્વિવાદ દ્રષ્ટીગોચર થતાં ઘણા મહાશયોએ તેવોજ અતિ ઉપયોગી અને લાભદાયક બીજો ભાગ પ્રગટ કરવાની ઇચ્છા જણાવી ભલામણ કરવાથી અમોએ અદ્ભૂત નવરસ અલંકારાદિથી ભરપૂર વ્રત, નિયમ, પર્વારાધન, શિયળાદિ પાળવાથી આ ભવમાં પરિપૂર્ણ સુખ સંપદા ભોગવી અનેક ભવનાં ઉપાર્જિત કર્મબંધ તોડી સ્વર્ગ અને પરિણામે પરમપદ પામી જ્યોતિ સ્વરૂપે જગતજીવના ત્રિકાળ ભાવના જાણુક પારગ થયેલ મહાત્મા મહારાજા અને સતિ આદિનાં ચરિત્રો (કથાઓ) આ જૈન કથા સંગ્રહ ભાગ ૨ જામાં શુદ્ધ અને સમજી શકાય તેવી સરળ ગુર્જરગિરામાં પ્રસિદ્ધ કર્યાં છે.

જૈન કથાઓની આવશ્યક્તા વિષે અમોએ પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં દર્શાવેલ હોવાથી આ જગોએ પિષ્ટપેષણ યોગ્ય વિચાર્યું નથી. મુમુક્ષુઓ સર્વકોઇ તેનો લાભ અને જરૂરીઆત પીછાણે છે; તોપણ ટુંકમાં એટલું જણાવવું જરૂર ધારીએ છીએ કે, આવી ધર્મ કથાઓ માણસની મન બુદ્ધિ સુધારી વ્રત નિયમાદિ પાળવામાં અને સમકિત શુદ્ધિ કરવામાં એક મહાન્ આધારભૂત થાય છે.

આ પુસ્તકમાં સમાવવામાં આવેલ કથાઓ આ નિચે આપેલ અનુક્રમણિકામાં ટુંક સાર સહ દર્શાવવામાં આવેલ છે તેથી જાણી લેવા અમારી નમ્ર ભલામણ છે. જે. મો. શાહ.

ઓ. સે. શ્રીમદ્ હંસવિજયજી જૈન લાઇબ્રેરી.

अनुक्रमणिका.

॥ श्री ॥

જૈન કથાસંગ્રહ.

ભાગ ૨ જો

प्रभु स्तुति.

દોહરો.

પ્રભુપદ પંકજને પ્રથમ, પૂજું પૂરણ પ્યાર;
જાણી જન જનની જનક, જગત જીવ આધાર. ૧

ત્રિભંગી છંદ.

જય જગદાધારા, સુખ કરનારા, અતિ મન પ્યારા, પ્રભુ મારા;
જય જગદાનંદા, સુખ શુભચંદા, કષ્ટ નિકંદા, ગુણ તારા;
જય ત્રિભુવન સ્વામી, શુભગુણ ધામી, નિરમળ નામી, ઉપકારી;
જય જય જગદેવા, નિજપદ સેવા, આપો મેવા, પ્રિત ધારી. ૨

મનહર છંદ.

પરમ પરોપકારી, અભરા ભરણ ભારી,
જગત આધાર ધારી, ધારી જગ સ્વામીને;
મંગળ કારણ જાણી, કરૂણાનિધાન જાણી,
જગતાત માત જાણી, જાણી નેક નામીને;
મન માંહી સ્નેહ ધરી, હરખ અધિકે કરી,
પાપ બુદ્ધિ ઝટપટ, નિશ્ચયથી વામીને;
કહે પ્રેમે પ્રેમચંદ, હોઠ હોડવાર સર્વ,
પ્રભુને પ્રણામ કરો, પાદ શિર નામીને. ૩
ગાજે જ્યારે [1]નભ [2]ઘન, મોર ધરી હર્ષ મન,

---

૧ આકાશ. ૨ વરસાદ.

અતિ મોટા શોર શુભ, કરે પોતે પ્રિતથી;
ચંદ્ર તણા દર્શ માટે, આનંદ અધિકે કરી,
ચકોર ચક્ષુ ઉઘાડી, ચાહે તેને ચિત્તથી;
[2]અંબુજ આનંદ અંગ, અતિ આદિત્ય આભાસે,
પંડ પોતે પ્રફુલ્લિત, થાય પ્રીત રીતથી;
તેમ પ્રભુ સમરતાં, [3]આનન આનંદ ધરે,
ચિત્ત કહે જગવીર, સમરીએ હીતથી;
મદદ મોટાની હોય, સુખી થાય [4]જનસોય,
મહિપતિ મદદથી, [5]રૈયત સુખી થશે;
ધર્મરૂપ [6]નૌકાથકી, દુઃખ સર્વ દૂર થાશે,
સંસાર સમુદ્રે જીવ, પડતાં બચી જશે;
સૂર્ય [7]પુંડરીક નામ, અગણિત ગુણધામ,
મોટાની મદદ માટે, સરોવરમાં વસે;
તેમ ગ્રંથ આરંભતાં, ત્રણ લોકતણા નાથ,
સમરતાં હૈને સમ, મન અતિ ઉલસે. ૫

દોહરો.

ઉલ્લાસ મન અધિકે કરી, વંદી જગના નાથ;
માગું મદદ શિર ધરી, મુકો મમ શિર હાથ. ૬

મનહર છંદ.

જગત જીવ આધાર, દયા તણા અવતાર,
કૃપાનાથ કૃપા કરો, બુદ્ધિ મને આપજો;
[illegible] નહિ, આશા તારી અતિ મને,
[illegible] કાપજો;
[illegible]
[illegible]
[illegible] [8]આનંદકંદ
[illegible] ૭

ऋषभदत्त शेठनी कथा.

પૃથ્વીના વિષે પંકજ સમાન સર્વ નગરમાં અગ્રેસર, ધર્મ જર, અને સદ્દગુણી સજ્જનોથી ભરેલું કુસુમપુર નામનું એક *ભવ્ય નગર હતું. તે નગરમાં જેમ કસ્તુરી ઠગમાં પરેલ ‡મુક્તાફળ સુંદરતાને પામે છે તેમ સંપરૂપ સુગંધે ભરેલ કસ્તુરીસમાન કુસુમ પુરમાં મુક્તાફળસમાન શોભાને ધારણ કરનાર ઋષભદત્ત નામનો શેઠ રહેતો હતો. તે શેઠને ધર્મશાસ્ત્રના અધ્યયનથી, તથા પૂર્વ ભવ પુણ્યના યોગે સંસારપર વૈરાગ્ય અને પ્રભુ ભક્તિપર અતિ પ્રીતિ હતી: સાધુ જનોની સેવા, અને બીજાં પરોપકારાદી સદ્દકાર્ય કરવાનુંજ તેમને વ્યસન હતું, અને દાનદાતા તથા કરૂણાવાળા સજ્જનોમાં મુકુટસમાન તેજ અગ્રેસર હતા.

એક દિવસ તે શ્રેષ્ઠિને વિચાર થયો કે, "†ઉભયલોકમાં સુખદાતા એવું એક પ્રભુમંદિર [1]નીતિથી ઉપાર્જન કરેલ લક્ષ્મીવડે કરાવું તો મનુષ્યભવ સફળ થાય." એવો શુભ વિચાર કરી શુભ દિવસે મુહૂર્ત કરી નવાણુંલક્ષ સોનૈયા ખરચી એક સુંદર મંદિર બંધાવરાવ્યું, અને તેમાં નિત્ય પ્રભુપ્રાર્થના કરી આનંદમાં દિવસો નિર્ગમન કરતાં સુખ માનવા લાગ્યા.

વૃક્ષછાંયની માફક સુખ દુઃખ પણ કાંઇ સ્થિર નથી, ધીમે ધીમે તે શેઠનો પાપોદય જાગ્યો, સુખચક્ર પલટાઇ તેનાપર દુઃખ વાદળ ચઢી આવ્યું, ઉદયકાળ પૂર્ણ થતાં તેજને ઝાંખુ કરતો સૂર્ય અસ્ત થવા લાગ્યો, ચારે તરફથી લખો રૂપૈઆનું નુકશાન લાગવા માંડયું, એમ ધીમે ધીમે તે શેઠ છેક કંગાળ હા-

* સુંદર. ‡ મોતી. † બન્ને-સ્વર્ગ અને મૃત્યુ.

૧ અનીતિથી ઉપાર્જન કરેલ ધનવડે પુણ્યકાર્ય કરવાની શાસ્ત્રોમાં મનાઈ છે. કરેલ અનીતિનો બદલો આપણે ભવાંતરમાં પણ ભોગવવો પડે છે, અને લક્ષ્મી મઝી અસાર સંસારથી ચાલી નિકળવું છે; માટે અનીતિથી તો દૂર રહેવું એજ શ્રેયસ્કર છે.

લને પોકાર્યા. "કર્મને કાંઈ શરમ હોય છે?" નિર્ધન હાલતે પહોંચવાથી "પ્રભુ મંદિર કરાવ્યાથી શેઠના ધનની હાની થઈ" એ વિગેરે કહી અને હિંસને દૂષણ શબ્દો નાસ્તિકોના મુખેથી નિકળવા લાગ્યા. પોતાપર પડતાં અનેક કષ્ટોથી તથા થયેલ જર [illegible] તે શાહુકાર શેઠ કાંઈ દૂષણ ધરતા નહિ, પણ ઉપર પ્ર- [illegible] તેમના મનને ભેદી [illegible] કરવા લાગ્યાં. [illegible], ઘડવા, કાપવા, અને ગાળ- [illegible] આદિક, અતિ કષ્ટ પડતાં, જર હાની થતાં, અને ધર્મની નિંદા સાંભળતાં છતાં પણ તેમ ની ધર્મના વિષે નિરંતર અડગ પ્રીતિ રહેતી; જેમ તેમાં કષ્ટ આવવા છતાં પણ તે પ્રભુભક્તિ ન છોડતા, અને જરથી રહિત હોવા છતાં પણ જર માટે નીતિ ન છોડતા. એમ સત્કાર્યમાં અડગ રહી [illegible] દિવસો ને નિર્ગમન કરવા લાગ્યા.

[illegible] પશ્ચાતાપ ન થવાથી તે શેઠપર [illegible] સત્કાર્યમાં અડગ રહે [illegible]

[illegible]

નાથી ડરી સંકોચ પામે નહિ. એમ મન, વચન, અને કાયા, તથા પાંચે ઇંદ્રિયો પોતાનો બીજો સંસારી ઉદ્યમ છંડી ત્રિલોક પતિનીજ સેવામાં ચકચૂર થયાં.

આવી રીતે ધ્યાનારૂઢ થયેલ તે શેઠને, ગગન માર્ગે વિચરતા એક અમરે જોયો. સદ્કાર્યના વિષે મનુષ્ય લોકનું અતિ તલ્લલિનપણું જોઇ સુમનસ આશ્ચર્ય પામ્યો. અડગપણાની પરિક્ષા કરવા તનક્ષણ તે મંદિરના વિષે આવ્યો, અને વાઘ, વરૂ ભુજંગાદિકનાં રૂપ *વિકૂર્વિ શેઠને ડરાવવા લાગ્યો. રાક્ષસ અને નીશાચરૂપ કરી ભક્ષણ કરવાનો મોટા ધાંટાવડે ડર બતાવવા લાગ્યો. ઋષભદત્તનાં મરહુમ વડીલોનાં રૂપ વિકૂર્વિ તેના સન્મુખ આણી "હે પુત્ર! પ્રભુભક્તિથી કંઇ ફાયદો નથી, પ્રભુભક્તિથીજ અમો નર્કના વિષે અતિ દુઃખ પામીયે છીયે, તારા પરનાં અમારા અતિ સ્નેહના લીધેજ અમે તને ચેતાવવા આવ્યા છીએ. માટે હે સુત! નર્કદાતા એવું તારૂં ભક્તિનું અડગપણું તું ત્યજ." વિગેરે કહેવરાવ્યું; અને છેવટે મંદિર કંપાવી ઋષભદત્તને બહાર નિકળવાનું કહ્યું. એ વિગેરે ઘણા ઉપસર્ગ કરી અંતે તે દેવ થાકયો. પ્રભુભક્તિમાં ઋષભદત્ત અડગજ રહ્યા. આવી રીતે મનુષ્યની પ્રભુભક્તિમાં અડગપ્રીતિ જોઇ સુમનસ સાનંદાશ્ચર્ય પામ્યો, અને પોતાનું રૂપ પ્રત્યક્ષ ધારણ કરી શેઠ સન્મુખ આવી ઉભો રહ્યો.

પ્રાર્થના પૂર્ણ થયા પછી ઋષભદત્ત ઉભા થયા અને "તમે કોણ છો" એવો તે દેવ પ્રતિ પ્રશ્ન કર્યો. દેવે ઉત્તર દીધો. "હું સુમનસ છું" તમારા અડગ ધ્યાનની ખાત્રી કરવા માટે આવ્યો હતો. પરિક્ષા જોવા માટે ઘણી યુક્તિએ કરી મેં તમને ધ્યાનથી ડગાવા માંડયા, પણ તમો અડગજ રહ્યા. જગતના વિષે કષ્ટ સહન કરી સદ્કાર્યમાં અડગ રહેનાર તમારા સમાન કોઇકજ હશે. હે નરવર! કાંઇપણ વૈરભાવ વિના ફકત પરિક્ષા જોવાનેજ મેં આપને અતિ કષ્ટ આપ્યું તેની અને ક્ષમા

* કૃત્રિમ કરવાં તે.

કરો. મને કૃતાર્થ કરવા મારી પાસે આપ કાંઇ વરદાન માગો.
હું આ વખતે તમારાપર તુષ્ટમાન થયો છું. માટે હે શેઠ! વિલંબનો ત્યાગ કરી ઇચ્છિત વસ્તુ માગો." ઋષભદત્તે કહ્યું.—"હે દેવ! મારે કશાની તૃષ્ણા નથી, અંજળીમાં રહેલ ક્ષણે ક્ષણે ઓછા થનાર જળ સદૃશ્ય સ્વભાવને ધારણ કરનાર લક્ષ્મીની મને ઇચ્છા નથી, તેમ મને તમારા પ્રતે કંઇ પણ વેર ભાવ નથી. માટે આપ આપના સ્થાનકે ખુશીથી સિધાવો." શેઠનાં નિર્લોભી વચનથી સંતુષ્ટ થયેલ અમરને એમનું એમ સ્વસ્થાને જવું ઉચિત્ ન લાગ્યું, તેથી ઋષભદત્તને ઇચ્છિત માગવા વારંવાર તે કહેવા લાગ્યો. "હે શ્રેષ્ઠિ! કંઇક માગ્ય. દેવદર્શન મિથ્યા નજ હોય. મારાં દર્શન થયાં અને તારૂં ધર્મ ભક્તિમાં અડગપણું કોણ જાણશે? હે ભદ્રપરિણામી ધર્મબંધુ! તારા લોભના અર્થે નહીં તો માહારો આગ્રહ પૂર્ણ કરવા નિમિત્તેજ પણ તમે કંઇક માગો."

એ પ્રમાણે દેવનો અત્યાગ્રહ જોઈ શેઠે કહ્યું.—"હે દેવ! જો તમો અતિ આગ્રહ કરો છો તો આજે જે મેં પ્રભુ પ્રાર્થના કરી તેના ફળ જેટલું મને ફળ આપો." સુમનસે કહ્યું.—"હે શેઠ! હું તો શું પણ ચોસઠ ઈંદ્ર ભેગા થાય તોપણ તમારી ભક્તિનું સદૃશ્ય ફળ આપવા અશક્ત છે, માટે બીજું કંઇ માગો." શેઠ તે પુણ્યથી સોમો, સહસ્રમો, લક્ષમો અને છેવટે કોડાંસ ભાગ તે અમર પાસે માગ્યો, પણ તે આપવા દેવે પોતાની અસમર્થતાજ બતાવી. તે સુણી શેઠે કહ્યું:—"હે ભાઇ! જ્યારે કોટીઅંસે પણ ફળ આપવા તમે અમસર્થ છો, ત્યારે તમારા પાસે બીજું હું શું માગું? આપ આપના સ્થાનકે પધારો. મારે કાંઇ ઇચ્છા નથી."

શેઠનાં એવાં નિર્લોભી વચનરૂપી ચંદ્રકિરણોથી અમરના આનંદસાગરમાં વિશેષ ભરતી આવવા લાગી, અને મલકાતે મુખે કહ્યું:—"હે ઋષભદત્ત! જો કે તમારૂં માગેલ કંઈ પણ આપવા હું અસમર્થ છું, તોપણ હે પુણ્યવંત પ્રાણી! દેવદર્શન મિથ્યા

નજ હોય; માટે જે કાંઇ હું આપું છું તે તમે સ્વિકારો. એમ કહી સુવર્ણ અને રત્નાદિક અનેક ઉત્તમ વસ્તુઓ શેઠને અર્પણ કરી અમર સ્વસ્થાનકે ગયો.

દેવના ગયા પછી શેઠ પણ પોતાના ઘરે આવ્યા, અને જર પ્રાપ્તિનું કારણ પુત્ર તથા નારીને અથથી ઇતિ સુધી કહી સંભળાવી, તેમને ધર્મના વિષે વિશેષ સ્થિર કર્યાં. જરવડે જગતના વિષે યશ અને પુણ્યની પુનઃ પ્રાપ્તિ કરવા લાગ્યાં. જપ, તપ, દાન, દયા અને સાધુ સેવા આદિક ઘણા પ્રકારનાં શુભકૃત્ય કરી જશ અને પુણ્યના સંપૂર્ણ ખજાના ભરી, જીંદગીપર્યંત સદ્કાર્યનાજ ઉદ્યમી તે શેઠ જગતરિપુ મહાકાળના સ્વાધિન થયા. દેવલોક સિધાવ્યા.

શેઠના મૃત્યુ પછી તેમના પુત્ર તથા નારીએ પણ સદરી રિતે ચાલી, દિનજનોનાં દુઃખ કાપવામાં, અને બીજા મહાન પરોપકાર અને ધર્મકાર્યમાં જરનો સદુપયોગ કરી, જગતના વિષે અક્ષયકીર્તિ સંપાદન કરી ઉભયલોકનું સુખ મેળવ્યું.

વિવેકી બાંધવો! સદ્‌ગુણદાતા ઋષભદત્ત શેઠનું દ્રષ્ટાંત વારંવાર વાંચો—સાંભળો અને ધર્મના વિષે દ્રઢતા કરો. મુનિ ભક્તિ આદિક દિનજનોનાં દુઃખ કાપો, પરોપકાર બુદ્ધિના સખા થાઓ, અને તેનાવડે ઉભયલોકનું સુખ સંપાદન કરો.

ઇતિ ઋષભદત્ત શેઠની કથા.



સમ્યક્ત્વ ઉપર

आरामनंदननी कथा.

આ જંબુદ્વીપને વિષે અર્દ્ધચંદ્રાકાર ભરતક્ષેત્ર છે, તેમાં લક્ષ્મીપુર નામનું નગર છે, તે એવું તો સુશોભિત છે કે જાણે લક્ષ્મીનું રમણ કરવાનુંજ સ્થાનક હોય નહિ! તે નગરમાં વિક્રમ એવે નામે રાજા રાજ્ય કરતો હતો. એને વિમલબુદ્ધિ, બુદ્ધિસાગર, સુબુદ્ધિ તથા વિશાળબુદ્ધિ એ રીતે ચાર ભાઇઓ હતા. એ ચારે ભાઇઓ પોતાના નામ જેવાજ પરિણામવાળા હતા. તેઓમાંના વિશાળબુદ્ધિને પદ્મશ્રી નામની સ્ત્રી હતી. તે પદ્મશ્રીમાં પણ પોતાના નામના જેવાજ પરિણામ હતા; પરંતુ તેને કાંઇ ફરજન નહીં હોવાથી કોઈ કાળે તેના જેઠાની સ્ત્રીના ઉદરથી પુત્ર પુત્રીઓનો જન્મ થયો, તેનાં નિશાળગયણાં તથા પરણાવવા પ્રમુખના મહોત્સવ જોઇને અત્યંત દુઃખને પામી અને ઘરની વાડીમાં જઇને રોતી થકી કહેવા લાગી કે:-હે દેવ! મારી જેઠાણીઓને પુત્ર તથા પુત્રીઓ છે, તેઓને પરણાવવા વિગેરેના મહોત્સવ થાય છે, અને હું અધન્ય તથા અભાગિણી છું કે જેથી મને એક પુત્ર કે પુત્રી કાંઈ પણ નથી. એવા ખેદને પામી રોવા લાગી. એમ તેને રોતી જોઇને એક વાંદરી પાસે આવી કહેવા લાગી કે:-હે સખિ! તને એવડું શું દુઃખ પડ્યું છે કે જેથી તું રડે છે? તે મને કહે. હું તારૂં દુઃખ મટાડું. ત્યારે પદ્મશ્રી બોલી કે મારી બધી જેઠાણીઓને દીકરા દીકરીઓ છે, તેઓના જન્માદિકના મહોત્સવો થાય છે, અને મારે પુત્ર પુત્રાદિક કાંઇ નથી તેથી હું રડું છું. એ દુઃખ જો તારાથી ટળી શકે તો તું ટાળ. એવું પદ્મશ્રીનું બોલવું સાંભળીને તે વાંદરી તરત વનમાં જઇને એક ઔષધિ લાવી, તે તેને આપીને કહેવા લાગી કે:-હે સખિ! ઋતુસ્નાનને દિવસે આ ઔષધિને પાણીમાં ઘસીને પીજે, જેથી તેજ રાત્રે તને પુત્રનો ગર્ભ રહેશે.

એવાં વાંદરીનાં વચન સાંભળીને તે સંતોષ પામી અને વાંદરીને કહેવા લાગી કે:-"જો મને ગર્ભ થશે તો તને આ લાખ ટકાનો હાર આપીશ!" પણ તું વાંદરી છતાં માણસની ભાષા કેમ બોલે છે? તેવારે વાંદરી બોલી કે, મારી પાસે એક વિદ્યા છે, તેને યોગે મનુષ્યભાષા પણ જાણું છું, અને વાંદરીભાષા પણ જાણું છું. એમ કહીને તે વાંદરી જતી રહી.

પછી પદ્માશ્રીએ ઋતુસ્નાન કરી તે ઔષધિ નિર્મળ પાણીથી ઘસીને પીધી કે તેજ રાત્રિને વિષે તેને પુત્ર ગર્ભ રહ્યો. અનુક્રમે ગર્ભની વૃદ્ધિ થતાં દિન પૂર્ણ થએથી વાંનરની આકૃતિવાળા પુત્રનો જન્મ થયો, એવું એક પરિચારિકાના મુખથી સાંભળીને તે ઘણું દુઃખને પામી, ને વિચારવા લાગી કે, અરે! વાંનર પુત્ર થએલો શે અર્થે આવશે! એથી તો ઉલટી લોકોમાં હાંસી થશે. એવો વિચાર કરીને પોતાની દાશીના હાથે ઘરની પાસેના આરામમાં તેને મૂકાવી દીધો. તેને પેલી વાંદરી આવીને લેઈ ગઈ, અને પોતાના સ્થાનકમાં જઈ પોતાના પતિને કહેવા લાગી કે:-હું ગુઢગર્ભા હતી તેથી મારો ગર્ભ કોઇને જ ણાયો નહીં. હાલ માસ પુરા થયેથી મેં પુત્ર પ્રસવ્યો છે; એમ પોતાના પતિ સુથાદ્રિપ વાંદરને સમજાવ્યો. પછી તે વાંદરકુમાર સ્તનપાન વિના દુઃખી થવા લાગ્યો, તેને જોઇને વાંદરી પોતાની એક સખિને કહેવા લાગી કે:-હે સખિ! મારા સ્તનોમાં દુધ આવતું નથી, માટે તું આ બાળકને ધવરાવ. એવું તેનું બોલવું માનીને તેને બીજી વાંદરીએ ધવરાવવા માંડયો, તેથી તે પુષ્ટ થયો. પછી કોઈક સમયને વિષે ફરીથી તે પદ્માશ્રી પહેલાની પેઠે બાગમાં જઇને કરૂણાસ્વરે રોવા લાગી.

અહો ભવિ જીવો! એ દાખલા ઉપરથી સંસારના જીવોને કેવાં દુઃખ છે, તે તમારા ધ્યાનમાં આવ્યાં હશે! સંસારી જીવ દુઃખીજ હોય છે; અને જે સંસાર સંબંધી સુખ દીઠામાં આવે છે, તે દુઃખને સુખ માનેલું છે. જુવો કે ગર્ભને ધારણ કરવો તે પ્રત્યક્ષ સ્રીને દુઃખદાયક છે, કેમકે ગર્ભવંતી

રીને સુખે ઉંઘ આવતી નથી, પેટ ભરી ખવાતું નથી, પોતાની ઇચ્છા પ્રમાણે ચાલી શકાતું નથી, અને વધારે મનને ચેન પડતું નથી. વિગેરે દુઃખ થાય છે, તેને સુખ માનીને તે સ્ત્રી મનમાં ફુલાય છે. વળી જ્યારે ગર્ભ ધારણ કરેલો નથી હોતો ત્યારે ઉંઘ સારી રીતે આવે છે, પેટ ભરી ખવાય છે, પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં જવાઇ અવાઇ શકાય છે, તથા મનમાં ચેન રહે છે. એવું સુખ છતાં પણ તેને દુઃખ માનીને ચિંતા કર્યા કરે છે કે મને ગર્ભ રહે તો સારૂં. એવી રીતે દુઃખને સુખ માની લેવું એ સંસારનું સ્વરૂપ છે. એનો વિચાર ચતુર નરોએ સારી રીતે કરી લેવો જોઇએ.

હવે તે વાંદરીએ પદ્મશ્રીને રોતી સાંભળી, તેથી તેની પાસે આવીને કહેવા લાગી કે:-બાઇ! મારી વાત સાંભળ. હું વાંઝણી હતી. અને સંતાન નહીં હોવાના દુઃખથી મહા પીડા પામતી હતી, તેથી ગમે તેમ કરીને સંતાનની પ્રાપ્તી થાય તે વાંઝીયાનું મેણું ટળે. એવો વિચાર કરતાં અચાનક તે દિવસે મેં તને એક કારણસર રોતી જોઇ તે સમયે મારૂં કાર્ય સાધ [illegible] લેવાની ઇચ્છાથી તને મેં એવી ઔષધિ આપી કે જેથી વાંનરોનો જન્મ થાય; તેમ થવાથી મારી ઇચ્છા મેં પુરી કરી લીધી છે. હવે બીજી ઔષધ હું તને આપું તે પુર્વની રીતે [illegible] ઘસીને પીજે, જેથી તને મનુષ્ય પુત્ર થશે. તેમાં સંશય [illegible] જેવો નહીં.

વાંદરીના એ કહેવા ઉપર પદ્મશ્રીએ વિશ્વાસ રાખીને [illegible] અમુક દિવસે ઔષધિ ઘસીને પીધી. તેથી ગર્ભ રહ્યો. [illegible]

[illegible]

અનુક્રમે આઠ વર્ષનો થયો ત્યારે નિશાળે ભણવાને માટે મોક- લ્યો. કેમકે પુત્રની લાલના પાંચ વર્ષ સુધીજ કરવી, ત્યાર પ- છી તે તાડના કરવા લાયક છે, માટે લાલના કરવી નહીં. તેમ કરવાથી તે બગડી જાય છે, અને ખરાબ ટેવવાળો થાય છે, તેથી તાડના કરવીજ જોઇએ. તેમ સોળ વર્ષ સુધી કરીએ, પ- છી પુત્રને મિત્ર જેવો ગણીએ.

શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

लालयेत्पंचवर्षाणि । दशवर्षाणिताडयेत् ॥
प्राप्तेतुषोडशेवर्षे । पुत्रंमित्रवदाचरेत् ॥ १ ॥

પછી આરામનંદન નિશાળમાં ભણીને બોહોતેર કળાનો પારગામી થયો. એમ કરતાં યૌવન અવસ્થાને પામ્યો, ત્યારે માતા પિતાએ મોટા ઓત્સવથી એક પદ્માવતી નામની રાજક- ન્યાની સાથે તેનું લગ્ન કર્યું. પછી જેમ ધરણેંદ્ર અને પદ્માવતી આનંદથી રમણ કરે, તેમ તે બેઉ જણ સુખ વિલાસમાં રમવા લાગ્યાં; તેથી કાળ વ્યતીત થવાની પણ તેમને ખબર પડતી ન- થી. કેમકે સુખના દિવસ ગએલા જણાતા નથી.

કોઇએક સમયને વિષે ગ્રીષ્મઋતુ આવી, ત્યારે એવો તો તાપ પડવા લાગ્યો કે લોકને મહા સંતાપ ઉત્પન્ન થયો; તેથી આરામનંદન અને પદ્માવતી એ બંન્ને સાથે નર્મદા નદીમાં જ- ળક્રીડા કરવા લાગ્યાં; ત્યાં જળક્રીડા કરતાં પદ્માવતીએ નદીમાં તરતી એક ફુલની કંચુક દીઠી, ત્યારે આરામનંદનને કહેવા લા- ગી કેઃ—હે પ્રાણપ્રિય! પેલી ફુલની કંચુક તરતી જાય છે, તે મ- ને આણી આપો. એ પેહેરવાની મને હોંશ થાય છે તે પૂરી ક- રો. તેવારે આરામનંદન બોલ્યો કેઃ—હે સ્ત્રી! અગાધ જળમાં હું કેમ જઇ શકું, અને તે કંચુક તને કેમ લાવી આપું? એ- વો હઠ તને કરવો જોઇતો નથી. માટે એ વાતને તું મૂકી દે. તેવારે પદ્માવતી બોલી કેઃ—જો એ કંચુક મને મળશે તો હું જી- વીશ, નહીં તો મરણ પામીશ.

કહ્યું છે કે:-

बालानामबलानां च । नृपाणां च विशेपतः ॥
तथा च पापसक्तानां । दुर्निवार्यःकदाग्रहः ॥ १ ॥

ભાવાર્થ:--બાળક, અબળા, રાજા અને પાપશક્ત મનુષ્યનો કદાગ્રહ દુઃખે કરી પણ નિવારણ થાય નહીં. જુવો કે સીતાના કદાગ્રહથી રામ સુવર્ણના મૃગ પાછળ દોડયો. તેમ પદ્માવતીના કદાગ્રહથી આરામનંદન પદ્માવતીને ત્યાંજ મૂકીને એક નાવડીના હાથે પ્રવહણ સજ્જ કરાવી તેને સાથે લેઈ તેણે અગાધ જળમાં પ્રવેશ કર્યો. કંચુક આગળ તરતુ જાય અને તેની પાછળ નાવિકા ચાલી જાય. એમ કરતાં રાત્રિ પડવા માંડી પણ પેલું કંચુક હાથમાં આવ્યું નહીં. એટલામાં જેમ કોઈ માણસ પાણીમાં તરતાં થાકી ગયાથી વિસામો લેવાને એક ઠેકાણે સ્થિર થઇ રહે, તેમ તે કંચુક થંભી રહ્યું, ત્યારે આરામનંદને તે ઉચકી લેવાને હાથ ઘાલ્યો એટલે તે કંચુક જેના માથામાં છે એવી એક દિવ્યસ્વરૂપ હાર કુંડલાદિ આભૂષણે મંડિત એવં એક સ્ત્રી પેદા થઇ; તેને જોઇને તે કુંવર વિસ્મય પામ્યો, અને પેલા નાવિકને તથા નાવડીને એક કોરે મૂકી દેઇને કૌતુક જોવાને અર્થે. પેલી સ્ત્રીની પાછળ લાગ્યો.

કહ્યું છે કે:--

विद्यार्थी च धनार्थी च । स्त्रीयार्थीचैवाविशेपतः ॥
अलसा न भवंत्येते । तथैवंकौतुकप्रियाः ॥ १ ॥

ભાવાર્થ:-વિદ્યાર્થી, ધનાર્થી, તથા સ્ત્રીયાર્થી એ ત્રણેને આળસ થતું નથી. કેમકે તેઓને તે ઉદ્યોગ કૌતકના જેવો લાગે છે.

પછી તે સ્ત્રી તે નદીમાંથી નિકળીને તે નદીને કિનારે એક કાળિકા દેવીનું દેરૂં હતું તેમાં જઇ શ્રી કાળિકાની પ્રતિમા હતી તેને પેલું પુષ્પનું કંચુક પેહેરાવીને બે હાથ જોડી કેહેવા લાગી કે:-હે સ્વામિનિ! તું ઘણા કલ્યાણની કરનારી

-વી પ્રાર્થના કરી બાહેર નિકળીને અદૃશ્ય થઇ ગઈ. પછી આરામનંદન તે દેવીને નિર્માલ્ય થયેલું કંચુક લઇ હર્ષને પામીને નદીને કિનારે આવ્યો, ત્યાં જુવે છે તો નાવિક તથા નાવડી એ બેમાંનું એકે દેખાયું નહીં. ત્યારે તેનું નામ લઇ મોટે સાદે હાકો મારતો થકો ત્યાં ભટકવા લાગ્યો, અને નાવિક ગુમ થઈ ગયો જાણીને ભયને પામવા લાગ્યો, પછી એક પાણીની પરબ હતી તેમાં જઇને સુતો કે ઉંઘી ગયો.

કહ્યું છે કેઃ—

अतिभुक्तवतांपुंसां । चिंतारहितचेतसां ॥
अतिप्रवासश्रांतानां । निंद्राहिसुलभामता ॥ १ ॥

ભાવાર્થઃ--જેણે અતિ ભોજન કર્યું હોય, જેનું ચિંતારહિત ચિત્ત હોય, અને જે અતિ થાકેલો હોય તેને સહજ નિંદ્રા આવી જાય છે.

એવામાં તે પરબ આગળ કેટલાક ચોરો ફરતા ફરતા આવી ચડયા, ત્યાં પેલા પુષ્પના કંચુકનો સુવાસ ફેલી રહ્યો હતો તેથી તે ચોરોએ વિચાર્યું કે આંહી કોઈ ભોગી પુરૂષ હોવો જોઇએ; એવું અનુમાન કરીને તે પરબમાં પેઠા. ત્યાં આરામનંદનને લુટી લેવાના નિમિત્તે તેનો ઝાડો લીધો, પણ પેલા પુષ્પના કંચુક વિના બીજું કાંઇ તેની પાસેથી મળ્યું નહીં, તેથી તેજ કંચુક લઇને પેલા ચોરો બાહેર નિકળી ચાલતા થયા. કુંવર અતિ થાકેલો હોવાથી સુતો તેવોજ ઘોર નિંદ્રાને વશ થઇ જવાને લીધે રાતની ચોરીની હકીકત વિષે તેને કાંઈ પણ ખબર પડી નહીં. સવારમાં ઉઠી જુવે છે તો તે કંચુક દેખાયું નહીં, તેથી તે અતિ ખેદને પામ્યો ને વિચારવા લાગ્યો કે હું કંચુક વિના પદ્માવતીને મુખ કેમ દેખાડી શકીશ! એવી ચિંતવના કરતો શૂન્ય ચિત્તે ભમવા લાગ્યો. ભમતાં ભમતાં એક લક્ષ્મીના નિવાસ જેવા પાટણ નામના નગરની પાસે આવી પહોંચ્યો, તેની આંહિલી કોરે ચાલ્યો, અને નગરના ચોટામાં આવી જુવે છે તો એક શિખરબંધી પ્રાસાદ

દીઠામાં આવ્યું, તેમાં જિનપ્રતિમા જાણી, (શુદ્ધ સમ્યકત્વધારી છે માટે) હર્ષને પામ્યો, અને આકસ્મિક મહાન્ લાભ થયો એમ જાણીને દેવ જુહારવાને પ્રવેશ કર્યો. માંહે જઈને ચૈત્યવંદન કીધું. તે સમયે એક સાગર નામના શ્રેષ્ઠીએ તેને દીઠો, અને પરદેશી જાણીને તેને પોતાની પાસે બોલાવ્યો. આરામનંદનનાં વદન તથા સૌભાગ્ય જોઇને અતિ ખુશી થયો, તેથી આગ્રહ કરીને પોતાને ઘેર તેડી ગયો, અને સ્નાન વિગેરે કરાવી સારી સામગ્રી સહિત ભોજન કરાવ્યું. પછી સાગરશ્રેષ્ઠીના આગહથી જેમ પેતાને ઘેર પુત્ર રહે તેમ ત્યાં તે રહ્યો. કેટલાએક દહાડા રહ્યા પછી વર્ષાકાળ આવ્યો, સારીપેઠે વર્ષા થઈ, સમસ્ત પૃથ્વીરૂપિણી સ્ત્રીએ નીલાં તૃણરૂપી લીલાં કંચુક પેહેર્યાં, અને સર્વ નદી નવાણ પ્રમુખ પાણીથી ભરાયાં.

હવે કોઇએક સમયને વિષે લક્ષ્મીધર રાજાનો મુખ્ય હસ્તી પાણી પીને પાછો વળ્યો, ત્યારે એક ઠેકાણે કાદવમાં ખુંચી ગયો; તેને કોઇ કહાડી શકે નહીં. કહાડવાના ઘણા ઉપાયો કર્યા પણ તે બધા નિષ્ફળ થયા. તે જોઇને રાજા કહેવા લાગ્યો કે, આ હાથીને જે કોઈ પુરૂષ કાદવમાંથી કહાડે તેને વંછિત દાન આપું. એવો શેહેરમાં પડહ વજડાવ્યો. તે પડહનો શબ્દ સાંભળી આરામનંદને તે વાતનો અંગિકાર કર્યો, ત્યારે તેને રાજાના નફરો રાજાની પાસે તેડી ગયા. તેનું રૂપ દેખીને રાજા ખુશી થયો. પછી તે કુંવર રાજાને કહેવા લાગ્યો કે:—હે રાજાજી! તમારા મંત્રી પ્રમુખ જો મને સહાય આપે તો હું કાદવમાંથી હાથીને કહાડું. તે સાંભળીને રાજાએ મંત્રીયોને સાથે મોકલ્યા, તેમની સાથે આરામનંદન હાથીની પાસે ગયો, અને મંત્રીયોને કહ્યું કે સો હાથ સુધી આ જમીનને ઈંટથી બંધાવો. મંત્રીયે તત્કાળ ઈંટો મંગાવી તે જમીન બંધાવી. પછી કુંવરે હાથીને ખાવાને શેરડી મંગાવીને હાથીની પાસે નાંખતાંજ તેણે તે બધી ખાધી, તેથી હાથીના અંગમાં બળ આવ્યું. પછી તે તળાવમાંથી નીક કરાવીને જે ઠેકાણે હાથી ખુંચી

ગયો હતો તે ઠેકાણું પાણીથી ભરાવી નાંખ્યું. પછી એક હાથણીને ત્યાં મંગાવીને હાથીની પાસે ઉભી કરી, તેને જોઇ હાથી પોતાના સુંડાદંડવડે તેની યોનિનો સ્પર્શ કરતો છતો મહા કામાતુર થયો; ત્યારે આરામનંદને માવતને કહ્યું કે, આ હાથણીને હવે હળવે હળવે દૂર ખસેડો. માવંતે પેલી હાથણીને ત્યાંથી ખસેડી કાંઇક દૂર કરી, તેની પાછળ હાથી પણ બળ કરીને તે કાદવમાંથી નિકળવા લાગ્યો. એમ ક્રમે કરી તે હાથી આખો નિકળીને હાથણીની પાછળ દોડવા લાગ્યો. દોડતો દોડતો ગજશાળામાં જ્યાં હાથણી આવી છે તેની પુંઠે તે હાથી પણ આવ્યો, તેને હાથીના સેવકે આલાનસ્તંભને વિષે બાંધ્યો આખા નગરમાં જય જયકાર થયો. રાજા કુંવરની બુદ્ધિ દેખી ને ખુશી થયો. પછી તેને પોતાની પાશે તેડીને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું, અને કહ્યું કે વર માગ. તે સાંભળીને કૃતજ્ઞોને વિષે શિરોમણી જે આરામનંદન તે કહેવા લાગ્યો કેઃ--

હે રાજાજી! મારી તરફથી સાગરશ્રેષ્ઠીને તેડાવીને નગરશેઠની પદવીએ સ્થાપી મહત્વપણું આપો. રાજાએ સાગરશ્રેષ્ઠિને તેડાવીને શ્રેષ્ટિપદ આપ્યું, આખા નગરમાં મુખ્ય કીધો; તેથી સાગરશ્રેષ્ઠિ આનંદને પામ્યો. સુખી થયો થકો પોતાની પુત્રી કુંવરને દેવા લાગ્યો. તેવારે કુંવરે કહ્યુ કેઃ-મારે એક સ્ત્રી પદ્માવતી છે, તેમ છતાં બીજીને હું શું કરૂં? તેમાં વળી મેં તમને પિતા કરી માન્યા છે, તેથી તમારી પુત્રી તે મારી બેન થઇ, માટે તેની સાથે હું પાણિગ્રહણ કેમ કરૂં?

એવી રીતે આરામનંદન સાગરશ્રેષ્ઠીને ઘેર રહેતાં થકાં કેટલોએક કાળ વીતી ગયા પછી એક દિવસે તે સાગરશ્રેષ્ઠીને કહેવા લાગ્યો કે, મારે અન્ય દેશમાં વેપારને અર્થે જવાની મરજી થાય છે, માટે દ્રવ્ય આપો તો માલ લેઇ વાહાણોમાં ભરીને મારી ઇચ્છા હું પુરી કરૂં! વેપારમાં જે લાભ થશે તે હું તમને આપીશ. મારે તેમાંથી કાંઇ પણ ખાવું નથી, હું તો માત્ર દેશાટણ કરીને કૌતુક જોઇશ. એવું તેનું બોલવું સાંભળી અને

તેને ભાગ્યશાળી જાણીને તે વાત કબુલ કરી. પછી કુંવરે વાહા-
ણોમાં ચોખા ભર્યા, આઠ હજાર ભેંસો ચડાવી, સાકર, સો-
પારી તથા નાગરવેલ પ્રમુખ કેટલાએક યોગ્ય પદાર્થો ભર્યા.
મુશળ, ઉખલ, ઘરંટ પ્રમુખ ઉપયોગી પદાર્થો સાથે લીધા,
રાંધવા સારૂ ઠામડાં, સારાં સારાં વસ્ત્રો તથા શસ્ત્રો પણ સાથે
લીધાં, અને એક અધિકા સ્ત્રી રસોઇ કરવાને સાથે લીધી, એવી
બધી સામગ્રી એકજ વાહાણમાં ભરી. તે વાહાણ એટલું તો
મોટું હતું કે તેની ઉપર સાત સો માણસ ચડતા હતા. તે વાહાણના
માલીકને મન માન્યું નાણું આપીને તે વાહાણ ભાડે બાંધી
લીધું. પછી શુભ દિવસ, શુભ વાર તથા શુભ લગ્ન પ્રમુખ
જોઇને તે કુંવર વાહાણની ઉપર ચડ્યો.

કહ્યું છે કે—

नानिमित्तिद्विषांक्षेमो । नायुर्दैवज्ञविद्विषाम् ॥
गुरुद्विषांनहिज्ञानं । नमुक्तिर्देवविद्विषां ॥ १ ॥

ભાવાર્થઃ—નૈમિત્તિકના દ્વેષ કરનારાને ક્ષેમ ન હોય, દૈવજ્ઞ-
ના દ્વેષ કરનારને આયુ ન હોય, ગુરૂના દ્વેષ કરનારને જ્ઞાન
ન હોય, અને દેવના દ્વેષ કરનારને મુક્તિ ન હોય.

પછી શુભ મુહૂર્તે વાહાણ દરિયામાં હંકારી દીધું. દૈવયોગે
પવન અનુકૂળ હતો, તેથી સારી રીતે [illegible] ઉલ્લંઘન થવા લાગ્યું. [illegible]

પાણી મળશે, માટે આંહી પાણી ભરી લઇને અમારા વાહાણુ-ની સાથે વાહાણુંને હંકારો તો સારૂં. આંહી અમસ્તો વખત ગમાવવો તે સારૂં નથી. તે સાંભળી તે કુંવર કહેવા લાગ્યો કે, મારે તો આંહીંજ રહેવું છે, તમારે જવું હોય તો સુખેથી જાઓ. ત્યારે તેઓ બોલ્યા કે, શું તમારે અહીં સમાધિ કર-વી છે? કુંવરે કહ્યું કે:-મારા શરીરની પ્રકૃતિ સારી નથી તેથી હું થોડોએક વખત અહીંજ રહીશ, પછી જ્યારે તબીયત સુધરશે ત્યારે આવીશ; અથવા તમે જ્યારે પાછા ફરશો ત્યારે હું તમારી સાથે ચાલીશ; એવી રીતે સઘળાને સમજાવીને વિ દાય કર્યા. તેથી તેઓ વાહાણો હંકારીને ચાલતા થયા.

કુંવરે પોતાનું વાહાણ ત્યાંજ રાખ્યું. પછી પોતાના મા ણસો પાસે ચાવલ પ્રમુખ જે વસ્તુઓ સાથે લીધેલી હતી તે નિચે કિનારા ઉપર ઉતરાવી, ચોખા સારી રીતે સાફ કરાવ્યા, ભેંસો દોવરાવીને દુધ કઢાવ્યું, અને તેને જમાવીને દહીં કીધું, તેના કરંબા કીધા, તે જ્યારે સમુદ્રની રેલ આવવાનો સમય થા ય ત્યારે પોતાના દાસોની મારફતે કેટલીએક છાણાની કરેલી ગરમ રાખ ત્યાં નાંખે, તેની વાસનાથી ત્યાંના મત્સ્ય ત્યાં આ વે, અને પોતાના શરીરની ખરજ ટાળવાને અર્થે આળોટવા લાગે, તે સમયે તે કર્પૂરવાસિત કરંબો નાંખી દે. તેને ખાવા ને માટે રસનાના સ્વાદી જળના જીવો સંખ્યાબંધ ત્યાં આવે. એમ કરતાં કેટલાએક દિવસો વિતી ગયા, દરરોજના સહવાસ થી તે જળચરો નિર્ભય થઇ ગયા, અને જેમ કમળના ગંધ ઉ પર ભમરો આવીને બેસે તેમ તે જળજંતુઓ આસ્તે આસ્તે મનુષ્યોનો એવો વિશ્વાસ કરવા લાગ્યા કે કોઇનો ભય ન રાખ તાં નિયમ વખતે આવીને પોત પોતાને ઠેકાણે ખાવા મંડી જા ય. એક દિવસે સર્વથી આગળ એક જળજંતુ આવીને પોતા નો આહાર ખાઇ તે ઠેકાણે એક રત્ન નાંખીને ચાલતો થયો. કુંવરે તે રત્ન લઇ લીધું, ને મનમાં ઘણો હર્ષ પામ્યો. તે દિવ સથી બીજા સર્વ જળ જંતુઓએ પોત,પોતાના કરંબા ખાઇને

તેને ભાગ્યશાળી જાણીને તે વાત કબુલ કરી. પછી કુંવરે વાહા-
ણોમાં ચોખા ભર્યા, આઠ હજાર ભેંસો ચડાવી, સાકર, સો-
પારી તથા નાગરવેલ પ્રમુખ કેટલાએક યોગ્ય પદાર્થો ભર્યા.
મુશળ, ઉખલ, ઘરંટ પ્રમુખ ઉપયોગી પદાર્થો સાથે લીધા,
રાંધવા સારૂ ઠામડાં, સારાં સારાં વસ્ત્રો તથા શસ્ત્રો પણ સાથે
લીધાં, અને એક અર્ધવૃદ્ધા સ્ત્રી રસોઇ કરવાને સાથે લીધી, એવી
બધી સામગ્રી એકજ વાહાણમાં ભરી. તે વાહાણ એટલું તો
મોટું હતું કે તેની ઉપર સાત તો સઢ ચડતા હતા. તે વાહાણના
માલેકને મન માનતું નાણું આપીને તે વાહાણ ભાડે બાંધી
લીધું. પછી શુભ દિવસ, શુભ વાર તથા શુભ લગ્ન પ્રમુખ
જોઇને તે કુંવર વાહાણની ઉપર ચડયો.

કહ્યું છે કે:—

नानिमित्तद्विषांक्षेमो । नायुर्वैद्यकविद्विषाम् ॥
गुरुद्विषांनहिज्ञानं । नमुक्तिर्देवविद्विषां ॥ १ ॥

ભાવાર્થ:—જ્યોતિષના દ્વેષ કરનારાને ક્ષેમ ન હોય, વૈદ્યક-
ના દ્વેષ કરનારને આયુ ન હોય, ગુરૂના દ્વેષ કરનારને જ્ઞાન
ન હોય, અને દેવનો દ્વેષ કરનારને મુક્તિ ન હોય.

પછી શુભ મુહૂર્તે વાહાણ દરિયામાં હંકારી દીધું. દૈવયોગે
પવન સારો લાગ્યો. તેથી સારી રીતે પંથનું ઉલ્લંઘન થવા માં-
ડયું. [illegible] નિશાન,
[illegible]
[illegible]
[illegible] એમ કરતાં
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ત્રાને નિચે ઉતર્યાં. પોતાના સાર્થને આવી મળ્યા, પછી કહે વા લાગ્યા કે, હવે તમે અમારી સાથે આવશો કે નહીં? કુંવર બોલ્યો કે, હા હવે હું તમારી સાથે આવવાને તૈયાર છું. પછી પોતાની સર્વ તૈયારી કરવા લાગ્યો. બે જાતિનાં છાણાં કર્યાં હ તાં તે પોતાના વાહાણમાં ભર્યાં. તે જોઇને પેલા વેપાર કરી આ વેલા વાણીઆઓ મશ્કરી કરવા લાગ્યા, ને કહેવા લાગ્યા કેઃ- આ છાણાં વાહાણમાં શા સારૂ ભરો છો? તેના કરતાં અમારો માલ ભરો તો અમે તમને ભાડું આપીએ, એટલી તો પેદાશ કરી ચાલો. કુંવર બોલ્યો કેઃ-ભાઈ! અમારે એટલુંજ ઘણું. જે પોતાને ગમે તે સારૂં કહેવાય. કહ્યું છે કેઃ-"કોઇને કાંઈ ગમે, કોઇને કાંઇ સુહાય; ગાડું ભર્યું સોપારીએ, શેઠ બહેડાં ખાય." પછી સંકેત પ્રમાણે બધાં વહાણો સાથે હંકાર્યાં, ચાલતાં ચાલ તાં જ્યારે મધ્ય દરિએ આવ્યા એટલે ખરાબ પવન વાહાવા લાગ્યો, વાહાણો મહા દરિયામાં દુર્વાટે પડયાં, તેથી ઘણા દિવ સો નિકળી ગયા; ત્યારે બળતણ ખુટયું એટલે બધાની નજર પેલાં છાણાં ઉપર ગઇ, અને કુંવરને પૂછવા લાગ્યા કે, ભાઇ છાણાં અમોને આપશો કે? કુંવર બોલ્યો કે ભાઇ, એમ તે કાં ઈ થતું હશે! પોતાનો માલ બીજાને કોઈ રીતે અપાય નહીં, ત્યારે તે બિચારા નિરાશ થયા, અને કાચું ધાન્ય ખાવા લા- ગ્યા, તેથી પેટમાં દુઃખવા માંડયું અને રોગ ઉત્પન્ન થવાનો સં ભવ થયો; ત્યારે ફરી પૂછવા લાગ્યા કેઃ ભાઈ! થોડાંક છાણાં વેચાતાં આપશો? જે કીંમત માગો તે અમે આપીએ. કુંવર બોલ્યો કે, એક સરતથી હું છાણાં આપું તે એ કે, જેવાં છા ણાં હું તમને આપું, તેવાં પાછાં હું લેઉં. તે તેમણે કબુલ ક ર્યું, અને તે પ્રમાણે ખત લખી આપ્યું; તેમાં સાથના બીજા માણસોની સાક્ષીઓ કરાવી. પછી જે નાના નાવમાં રત્નરહિ ત છાણાં હતાં તે ગણી આપ્યાં, તેથી વાણીઆ ખુશી થયા, અને કહેવા લાગ્યા કેઃ-એ છાણાં હતાં તો અમે જીવતા રહ્યા, નહીં તો મરી જાત. માટે તમો અમારા ઉપગારી થયા છો. કે

વરે કહ્યું કે, ભાઈ ઉપગાર શાનો ? જેવાં દીધાં તેવાં લેઇશું. પછી દૈવયોગે સારો પવન નિકળ્યો, તેથી વાહાણો રસ્તે ચડયાં પછી કેટલાએક દિવસે ક્ષેમ કુશળે પોતાના નગરમાં આવી પહોંચ્યા. વાહાણોથી ઉતરી વધામણીઆએ વધામણી દીધી. વ્યવહારીયા સામે આવ્યા, તેમને સારી રીતે મળ્યા. સાગરશ્રેષ્ઠીને વધામણી દીધી. ને કહ્યું કે:—

હે સાગરશ્રેષ્ઠી ! તમારા વાહાણે અમારા જીવો બચાવ્યા છે, જો તમારા વાહાણમાં છાણાં ભરેલાં ન હોત તો અમે બચા નહી જાત. રસ્તામાંજ આડબંદરે વાહાણ નાંગરી, ત્યાંજ ઉતરી છાણાં થાપીને ભરી લાવ્યાનું અમારા પ્રારબ્ધેજ આ રામનંદનને સુચવ્યું હોય નહિ ? એમ ભાસે છે. બીજું કાંઇ કમાયો નહીં તો શું થયું ? કેવાં તમારા ઘરમાં કાંઇ કોઇ વસ્તુની કમતી છે ? એવાં મર્મનાં તથા ચાનકનાં તેઓનાં વચને સાંભળીને સાગરશ્રેષ્ઠી મનમાં કાંઇક ખીજ થયો, તેથી તે કુંવરની સામે આવ્યો નહીં

પછી બધા સફર કરી આવેલા વાણીઆઓ પોત પોતાના સામર્થ્ય પ્રમાણે ભેટ લઇને પ્રથમ લક્ષ્મીપતિ રાજાને મળવા ગયા. તેઓની સાથે રામનંદન આવ્યો નહીં, પાછળ રહી ગયો. બધા વાણીઆઓ ભેટ મુકીને રાજાને મળ્યા, તેથી રાજા ખુશ થયો અને તેઓના માલનું દાણ માફ કર્યું. એટલામાં પેલો કુંવર પણ ભેટ સારૂ ઉત્તમ રકાબીમાં છાણાં નાંખીને રાજાને ભેટ દેવા આવ્યો. અને બહાર સિપાઇઓને કહ્યું કે, રાજાને ખબર કરો કે, રામનંદન આપને મળવાની ચાહના કરે છે. તે વાત સિપાઇઓએ રાજાને જઇ કહી. રાજાએ તુરત તેડાવી [illegible]

કહ્યું છે કે:--

निरर्थनप्रवर्तंत । जनोबुद्धिमतांवरः ॥
मदोहकोनुपस्याग्रे । मृदुपायनमातनोत् ॥ १ ॥

ભાવાર્થ:--શ્રેષ્ઠ બુદ્ધિમાન પુરૂષ જે છે, તેઓની પ્રવૃત્તિ પ્રયોજન વિના હોતી નથી.

એવો વિચાર કરીને રાજાએ પેલી રૂમાલની ગાંસડીમાંથી એક છાણું કહાડયું, અને તે કુંવરનેજ આપ્યું; કુંવરે રાજી થઇ લેઇને તે છાણું ભાગ્યું, તેમાંથી એક રત્ન નિકળ્યું. તે અમૂલ્ય રત્ન જોઇને રાજા ચમત્કાર પામ્યો, તેથી કુંવરને ઘણું સન્માન દીધું, અને કહ્યું કે:--હે કુંવરજી! મારી પુત્રી તમે પરણો. કુંવરે કહ્યું, હવે પરણીશ. એમ કહી પછી અનુક્રમે સર્વ છાણાં ભાગી દેખાડયાં; તે દરેકમાંથી એક એકથી અધિક રત્નો નિકળ્યાં. તે બધાં રત્નો રાજાને અર્પણ કરીને કુંવર બોલ્યો કે:--મહારાજા! મારી ઉપર કૃપા કરીને મારો માલ જોવાને મારી સાથે દરિયાના કાંઠા ઉપર પધારો. કુંવરનું એ બોલવું માન્ય કરીને રાજા સમુદ્રના કિનારાપર ગયા, ત્યાં છાણાંની રાશિમાંથી ઘણાંક છાણાં ભાગી દેખાડયાં, તે છાણાંઓમાં એક એકથી અધિક કીંમતવાળાં એવાં રત્નો નિકળવા લાગ્યાં. એમ બધાં છાણાં રત્નોવાળાં દેખીને રાજા અતિ અજાયબ થયો, અને તેની સાથે પેલા વાણીઆઓ પણ ચક્ર બની ગયા. તેઓનાં મુખ કાળાં થઇ ગયાં, અને મનમાં ચિંતા કરવા લાગ્યા કે આવાં છાણાં તે આપણે કયાંથી આપીશું? આપણે જે આની મશ્કરી કરતા હતા તે એક કોરે રહી, અને ઉલટી આપણી મશ્કરી થઇ. ડાહ્યા માણસે કહ્યું છે કે, કોઇની ઉપર હસવું નહીં, તે શિખામણ આપણે પ્રત્યક્ષ પામ્યા છીએ. હવે આપણી શી વલે થશે?

પછી પેલા કુંવરે રાજાની આજ્ઞા માગીને તે બધાં છાણાંમાંથી રત્નો કહાડીને સાગરશ્રેષ્ઠીને ઘેર મોકલાવી દીધાં. તે રત્નો

[illegible] આદિ આનંદિત થયો. કહ્યું છે કે—"[illegible] [illegible] [illegible]." તેમ રાજા તથા સાગરશેઠ એ બન્ને [illegible] [illegible] આમાં મોટા અધિકારી સાગરશેઠ [illegible] [illegible] માંગલિકનાં [illegible] જિનની જગા [illegible], અને [illegible] [illegible] [illegible] થયા સર્વ મળીને [illegible] [illegible] [illegible] આદિ [illegible] કહેવા લાગ્યા કે [illegible] [illegible] [illegible] પાસેથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible], અને જે [illegible] થાય તે [illegible] [illegible] [illegible] હીરામાં આવ્યાં નહીં. [illegible] [illegible] આવ્યું છે કે તમારાં [illegible] [illegible] [illegible] [illegible] આવ્યાં. તે [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

दानंभोगोनाश । स्तिस्रोगतयोभवंतिवित्तस्य ॥
योनददातिनभुंक्ते । तस्यतृतियागतिर्भवति ॥ १ ॥

ભાવાર્થ:—વિત એટલે ધન તેની ત્રણ ગતિ થઈ શકે છે. દાન, ભોગ અને નાશ. તેમાં પહેલા બે પ્રકાર નહીં કર્યાથી ત્રીજો નાશ નામનો પ્રકાર થાય છે. માટે શુભ કાર્યને અર્થે દ્રવ્ય ખ રચવું તેજ યોગ્ય છે. એવું વિચારી પછી ચૈત્યોપાશ્રય, સાધર્મિક વાત્સલ્ય, સાધુજન પોષણ, બંધીજન મોચન, દીનોદ્ધાર, તથા યાચક જન સંતોષ ઇત્યાદિક કામોને વિષે લક્ષ્મીનો ઉપયોગ કરવા લાગ્યો. રૂડે દિવસે ઘણો મહોત્સવ કરી રાજકન્યા પરણ્યો. તેની સાથે સાત માળના આવાસ માંહે ક્રીડા કરતો રહે છે, અને અમુલીક રત્ન વટાવી ખરચીને જશ લે છે.

એમ કરતાં કોઇએક સમયે અર્ધ રાત્રિને વિષે નિંદ્રામાં સુતો હતો, તેવામાં તેને એક સ્વપ્નું આવ્યું, તેમાં તેણે એવું જોયું કે લક્ષ્મીપુર નામના નગરમાં નર્મદા નદીના તટની ઉપર પદ્માવતીએ અગ્નિની ચિતા કરાવી તેમાં પેસવાની તૈયારી કરી છે. એટલામાં જાગી ઉઠ્યો, તેવારે મહા દુઃખને પામીને ચિંતવના કરવા લાગ્યો કે, મને પુષ્પનું કંચુક મળ્યું નહીં તે તો રહ્યું પણ ઉલટો પદ્માવતીનો વિયોગ થયો, તે વિરહથી દુઃખી થઈ થકી તેણે અગ્નિમાં પ્રવેશ તો નહીં કર્યો હોય? જો એમજ થયું હોય તો મારૂં જીવતર શા કામનું? આટલા દિવસ સુધી તે અચિંત જીવતી રહી નહીંજ હોય! તેણે અગ્નિની ચિતામાં પડીનેજ પ્રાણ ખોયો હશે, એમાં સંશય નથી! મને સ્વપ્ને આવ્યું તે ખરૂંજ હોવું જોઇએ. જો એમ થયું હોય તો હું જ ખરેખરો સ્ત્રીઘાતી થયો છું. તેનું મને પાપ લાગ્યું! હવે મારે પણ શરીર રાખીને શું કરવું છે? તેથી કોઈ પર્વતને વિષે અનશન વ્રત લેઈને પ્રાણનો ત્યાગ કરીશ. એમ ચિંતવી રાજ્ય અને પોતાની સ્ત્રી તથા સર્વ પરિવાર પાને મૂકી ચાલ્યો: તેવારે પ્રધાને કહ્યું કે, અહીંઆં સુખ મૂકીને

તમે કેમ જાઓ છો? તમે જે કહો તે અમે આપીએ. કુંવરે કહ્યું કે, હાલ મારે ઘેર જવાની ઉત્કંઠા છે, માટે રજા આપો. હું ફરીને તરત અહીંઆં આવીશ. રાજાની રજા લેઈ પછી સાગરશ્રેષ્ઠીની પાસે ઘેર જવાની રજા લેઈ વિદાય થઇને એક પર્વત ઉપર ગયો; ત્યાં એક યોગી મંત્રસાધના કરતો બેઠેલો દીઠો. કુંવર તે યોગીને વિનયપૂર્વક વાંદી પગે લાગ્યો. યોગી પણ કુંવરને જોઇને વિનયપ્રતિપત્તિ કરીને કહેવા લાગ્યો કે, મારા ભાગ્યને લીધેજ તું અહીં આવ્યો છું; મેં પૂર્વે મંત્ર સાધના કરી પણ ઉત્તરસાધકવિના સર્વે નિષ્ફળ થઈ. હવે જો ઉત્તરસાધના તું કરે તો મારો મંત્ર સાધ્ય થાય.

એવું તે યોગીનું બોલવું સાંભળીને કુવરે વિચાર કર્યો કે, મરવાને અર્થે તો હું અહીંઆં આવ્યોજ છું, તેમ કરતાં પરોપકાર કાંઈ થાય તો સારૂં છે; પરોપકાર કરવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે. પછી યોગીના કહેવા પ્રમાણે ઉત્તરસાધકપણું કબુલ કર્યું, ત્યારે યોગી એક અગ્નિકુંડમાં હોમ કરવા લાગ્યો, અને કુંવરને કહ્યું કે:—

હે કુંવર! જો ભૂત, પ્રેત, પિશાચ તથા વેતાલાદિક કોઇ વિઘ્ન કરવા આંહીં આવે તો તેનું તું નિવારણ કરજે. યોગીનું બોલવું સાંભળી કુંવર હાથમાં ખડગ લેઇને ચોકી કરવા લાગ્યો; એટલામાં એક વેતાલ ત્યાં આવ્યો, તેની સામે કુંવર ખડગ લેઇને દોડયો. ત્યાં બન્ને બાથોબાથ આવ્યા. કુંવરે વેતાલને નિચે નાંખી દીધો, અને સાહસિક થઈ વેતાલની ઉપર ચડી બેઠો. વેતાલ વશ થઈ રહ્યો અને કહેવા લાગ્યો કેઃ-હે કુંવર! હું તારૂં પ્રાક્રમ જોઇને રાજી થયો છું, માટે કાંઇ વર માંગ. કુંવર બોલ્યો કે, જ્યારે હું તને સંભારૂં ત્યારે આવજે. વેતાલ તે વાત કબુલ કરી જતો રહ્યો. પછી કુંવર યોગીની પાસે જઈ ઉભો રહ્યો; તે સમયમાં યોગીની પાસે મંત્રાધિષ્ઠાયક દેવ આવી કહેવા લાગ્યો કેઃ-હે યોગી! જે તું કહે તે કરૂં. યોગી બોલ્યો કે, જે પુરૂષ આ અગ્નિના કુંડમાં પ્રવેશ કરે તેને

સોનાનો કરીશ; તે મંત્રાધિષ્ઠાયક દેવે કબુલ કર્યું. પછી રાતાં કણેરનાં ફુલોની માળા તે કુંવરના ગળામાં ઘાલી રક્તાંજલિના છાંટા નાંખ્યા; અને કહેવા લાગ્યો કે:-હે કુંવર! આ કુંડને તું પ્રદક્ષિણા કર. યોગીનું બોલવું સાંભળી શુદ્ધ સમ્યક્ત્વવાન જે આરામનંદન કુંવર તે નવકાર મંત્રનું સ્મરણ કરતો થકો પ્રદક્ષિણા દેવા લાગ્યો, તેની પાછળ યોગી પણ પ્રદક્ષિણા દેતો થકો. પછી લાગ ફાવ્યાથી યોગીએ કુંવરને ઉપાડીને પેલા કુંડમાં નાંખી દીધો. જેવો કુંવરને કુંડમાં નાંખ્યો તેવોજ પોતાના સાહસપણાથી કુંવર ફાળ દેતો બહાર આવી પડ્યો, અને તે યોગીને ઝાલીને અગ્નિના કુંડમાં નાંખી દીધો કે તત્કાળ તે યોગી સોનાનો પુરૂષ બની ગયો. કુંવરે સમ્યક્ત્વ અને નવકાર જાપનું મહાત્મ્ય દેખીને ધર્મ ઉપર અતિ આસ્તા કરી.

કહ્યું છે કે:—

वनेरणेशत्रुजलाग्निमध्ये, महार्णवेपर्वतमस्तकेवा ॥
सुप्तंप्रमत्तंविषमस्थितंवा, रक्षंतिपुण्यानिपुराकृतानि ॥१॥

ભાવાર્થ:–વનમાં, યુદ્ધમાં, શત્રુઓમાં, જળમાં, અગ્નિમાં, મહાર્ણવમાં, પર્વતના મસ્તકને વિષે, નિંદ્રામાં, પ્રમત્ત અવસ્થાને વિષે, મહાસંકટની અવસ્થામાં પૂર્વે કરેલાં કર્મો રક્ષા કરે છે.

પછી તે કુંવર સોનાના પુરૂષને ત્યાંજ દાટીને ત્યાં નિશાની કરીને દક્ષિણ દિશા તરફ ચાલ્યો, રસ્તામાં જતાં એક ઠેકાણે એક યોગીની ચેલી પોતાની બીજી ચેલાયોને કહે છે કે, તમને આટલી બધી વાર ક્યાં લાગી? તેવારે તે ચેલીયો બોલી કે:-સ્વામિની! અમે રસ્તામાં એક કૌતુક દીઠું ત્યાં અમને વાર લાગી. વળી એ વાત પણ આપને સાંભળવા જેવી છે.

કહ્યું છે કે:—

वार्ता च कौतुकवती विपदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ॥
तैलस्य बिंदुरिव वारिणि दुर्निवार,
मेतत्त्रयं प्रसरतीति किमत्र चित्रम् ॥१॥

પછી પેલી ગુરાણી યોગિણી તથા એક કોરે ઉભો રહેલો કુંવર એ બન્ને સાંભળે છે, અને પેલી ચેલીઓમાંની એક ચેલી બોલે છે:—

આ જંબુદ્વિપના ભરક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત છે, તેની દક્ષિણ શ્રેણીએ એક મંગલાવતી નગરી છે, તેનો વિદ્યુન્માલી નામનો વિદ્યાધર રાજા અષ્ટાપદ પર્વત તરફ જતો હતો, રસ્તામાં ચાલતાં ચાલતાં હ્રીપુર નામના નગરમાં જઈ પોહોંચ્યો, ત્યાં એક ઉદ્યાનને વિષે મહેંદ્ર રાજાની સ્ત્રી રતિસુંદરી પોતાની સખીયોની સાથે જળક્રીડા કરતી હતી; તેને જોવા સારૂ વિદ્યુન્માળી વિદ્યાધર એક મોટા વૃક્ષ ઉપર ચડીને બેઠો, અને તેઓની સર્વ રમત જોયા કરે છે.

હવે રતિસુંદરી પોતાની સખી ક્ષેમંકરી પ્રત્યે પૂછવા લાગી કે:-હે ક્ષેમંકરી! મારા ધણીને ફુલનું કંચુક મળ્યું કે નહિં? ક્ષેમંકરી બોલી કે, તારા પુણ્યના યોગે મળ્યું. રતિસુંદરી બોલી કે, તેમને કેમ પ્રાપ્ત થયું? ક્ષેમંકરી બોલી:-ચોરોએ નગરમાં ચોરી કરી, તે બધા પકડાયા, તેથી તેઓને બાંધીને કોટવાળ રાજાની પાસે લઈ ગયો, રાજાએ ન્યાય કરીને તેઓનાં ઘર લૂંટી લેવાનું ઠરાવ્યું અને કહ્યું કે, જે માલ નિકળે તે માલ તેના ધણીઓને આપો. એવી રાજાની આજ્ઞાથી તે ચોરોનાં ઘર લૂંટી લીધાં. તેમાં જેઓનો માલ હતો તેઓએ પોત પોતાનો માલ ઓળખીને લઇ લીધો. તે માલમાં એક પુષ્પનું કંચુક નિકળ્યું, તે સેવકે રાજાને આણી આપ્યું. રાજા તે કંચુક જોઇને રાજી થયો. તે કંચુક રાજાએ તારા સારૂ રાખ્યું છે, બીજી કોઇ સ્ત્રીને આપ્યું નથી. ક્ષેમંકરીની એવી વાત સાંભળીને રતિસુંદરી કહેવા લાગી કે:-હે ક્ષેમંકરી સખી! તું જઇને રાજાની પાસેથી તે કંચુક લઇ આવ. જેથી તે કંચુક પહેરીને હું રાજાની પાસે જાઉં અને તેના અર્દ્ધાસને જઇ બેસું. રતિસુંદરીની એ વાત માની તે ક્ષેમંકરી સખી રાજાની પાસે ગઇ અને તેમની પાસેથી પેલું કંચુક માગી લેઈ ત્વરિત થતી પાછી આવે છે; એટલામાં

વિદ્યુન્માળી વિદ્યાધરે તે કંચુકને અધર હાથમાંથી ઉચકી લીધું, અને પોતાના ઘેર લઇ જઇ પોતાની માનીતી સ્ત્રીને આપવા માંડયું, તે જોઈ બીજી સ્ત્રી બોલી કે, એ કંચુક જો એને આપશો તો હું અગ્નિમાં બળી મરીશ. પછી તે બન્ને શોકયો કંચુક સારૂ વઢવા લાગી, ત્યારે વિદ્યાધરે વિચાર્યું કે હમણાં એ બન્નેમાંથી એકેને કંચુક મળવું જોઈતું નથી. એમ કર્યાથી કજીયો મટશે. એવો સંકેત કરી તે કંચુક લેઈ કોઈ છાને ઠેકાણે રાખી પોતે અષ્ટાપદ પર્વત તરફ યાત્રા કરવા ગયો. એ આશ્ચર્ય જોવાને અમે ઉભી રહીયો હતી, તેથી વાર લાગી. એ અમારો અપરાધ થયો તે ક્ષમા કરો. એટલી વાત પેલી ચેલીયે કહી તે આરામનંદન કુંવરે સાંભળી લીધી.

કુંવર કંચુકની ખબર મળી તેથી ખુશી થયો, પણ મનમાં તર્ક થયો કે મારી સ્ત્રીએ અગ્નિમાં પ્રવેશ કર્યો હોય તો કંચુકની શોધ મળેલી શે કામ આવે! પછી મનમાં નિશ્ચય કર્યો કે જો એમ થયું હશે તો મારે પણ યોગીના કુંડમાં બળી મરવું. હવે શોધ કેમ મળે કે પદ્માવતી બળી મુઇ કે જીવતી છે! એની શોધ કરવા નગરમાં તો જવું ન જોઇયે; કેમકે ત્યાં ગયાથી જો જીવતી હોય તો તો ઠીક, પણ જો મરણ પામી ગઈ હોય તો પાછા ફરવું મુશ્કેલ થાય અને ત્યાં પ્રાણ ત્યાગ પણ થાય નહીં, ને આખો જન્મ દુઃખમાં કહાડવો પડે; તે આર્તધ્યાનથી ધર્મની સાધના પણ થાય નહીં, તેથી પછી અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થયા જેવું બને. માટે અને જે સ્વપ્ન લાધ્યું તે ખરૂં હોવું જોઇએ, નહીં તો એવું સ્વપ્ન કેમ આવે; કેમકે મારી સ્ત્રીની સાથે મારી તીવ્ર પ્રીતિ હતી, તેમ તેની પણ મારા વિષે તીવ્ર પ્રીતિ હતી; તેથીજ તેની પ્રીતિનાં પુદગલ મારા અંતઃકરણમાં પ્રવેશ કરીને સ્વપ્નરૂપે થયાં. એવું ખચિત માનવું જોઇએ છીએ.

એવો નિશ્ચય કરીને અગ્નિના કુંડની પાસે તે કુંવર આવ્યો, અને નવકાર મંત્ર જપવા લાગ્યો. એટલામાં એક પાસે

ના વૃક્ષમાંથી એક લેખ તે કુંવરની પાસે આવી પડયો, કે તરત કુંવર તે લેખને વાંચવા લાગ્યો. તેમાં લખેલું હતું કે "સ્વસ્તિ શ્રી લક્ષ્મીપુર થકી શ્રી વિક્રમ રાજા યથાસ્થાને આત્મનંદન પ્રતિ આલિંગન હોજ્યો. તારી સ્ત્રી પદ્માવતી તારા વિયોગથી અગ્નિમાં પ્રવેશ કરતાં છતાં મેં આઠ વર્ષનો અવધિ કરીને જીવતી રાખી છે. ત્યારથી તારી શોધ કરવાને ઠેકાણે ઠેકાણે શુક તથા વાનરાદિકોને મોકલ્યા છે. માટે જો આઠ વર્ષમાં તું આવી પહોંચીશ નહીં તો તારી સ્ત્રી પદ્માવતી અગ્નિમાં પ્રવેશ કરશે, તેનો દોષ અમારે માથે નથી; માટે જેમ બને તેમ જલદી ઘેર આવ." એ પ્રમાણે વાંચીને કુંવર મનમાં વિચાર કરવા લાગ્યો કે, સ્વપ્નનો અર્થ અને આ પત્રનો અર્થ મળતો આવ્યો ખરો, પણ આકાશમાંથી આ લેખ કેમ પડ્યો! એવી આશંકાથી ઉંચુ જોવા લાગ્યો, એટલામાં એક વાનર દીઠામાં આવ્યો. પછી તે વાનર નિચે આવીને પગે લાગ્યો. અને સઘળો સમાચાર મુખથી કહી સંભળાવ્યો. ત્યારે તેની ખાતરી આવી થઈ; પણ વિચાર કર્યો કે કંચુક વિના કોઈ ઠેકાણે જવું તે સારૂં નહિં. એ કંચુક સાથે લઈ જઉં તો ઘણી ખુશી કહેવાય! એવો નિરધાર કરી એક વૃક્ષનું પત્ર લઈને તેના ઉપર એક વડીના રસવડે લખ્યું કે— "મને તમારો પત્ર પહોંચ્યું. તે વાંચીને ઘણો આનંદ થયો છે, હવે હું જલદીથી આવી પહોંચીશ, માટે પદ્માવતીને સ્વસ્થ કરી રાખજો. [illegible]

[illegible]

ચર્ચા કરી રહ્યા છે. એવા સમયમાં એક અનુચરને રાજાએ આજ્ઞા કરી કે સુતારની પાસે જઈને કાષ્ટના મયૂરો ઘડાવી લાવ. તે કામ તે અનુચર જલદીથી જઈ કરી આવ્યો અને રાજાને જણાવ્યું કે:-મહારાજા આપની આજ્ઞા પ્રમાણે મયૂરો સર્વ તૈયાર છે. રાજાએ તરત સર્વ મયૂરો પોતાના મંત્રી પ્રમુખને વેહેંચી આપ્યા અને એક સારો મયૂર જોઇને પોતે રાખ્યો. પછી તે મોર ઉપર બેશીને પોતાના સૈન્યસહિત વૈરીને જીતવાને ચાલ્યો. તેઓની સાથે આરામનંદન પણ કૌતુક જોવાને નિકળ્યો. ચાલતાં ચાલતાં નીલમુખ વાનરના વનની પાસે આવી પહોંચ્યા, ત્યારે મોરની સ્વારીએ જે કાલમુખ વાનર ચડી આવ્યો હતો તે પોતાના સૈન્યસહિત વાહનથી નિચે ઉતરી પાયદલરૂપ તૈયાર થયો અને પેલા કાષ્ટના મોરો એક કોરે રાખી મૂક્યા. એ લશ્કરને જોઇને નીલમુખ વાનર સામે ચડી આવ્યો અને પોતાની સાથેના સૈન્યને વ્યૂહરચનાએ કરી સજ્જ કરી રાખ્યું. પછી પરસ્પર યુદ્ધ થવા માંડ્યું. તેમાં વાનરાઓ ચીચીરીઓ કરી કરી તથા દાંત ઘસી ઘસીને એક બીજાને મારવા લાગ્યા. તેઓને સેનાધિપતીઓ હિંમત દેવા લાગ્યા; એમ ઘણા વખત સુધી યુદ્ધ થયું, ત્યારે બંન્ને સૈન્યોના વાનરાઓ અતિ થાકી ગયા તેથી કેટલાએક નાસવા લાગ્યા, અને કેટલાએક શિથીલ થઇ ગયા; એવું જોઇને કાલમુખ તથા નીલમુખ એ બંને શત્રુઓ સામસામે આવી ગયા, અને આપસઆપસમાં લડવા લાગ્યા; તેમાં કાલમુખ વાનર જે પ્રથમ ઘણુંજ અભિમાન કરીને સામે ચાલી આવ્યો હતો, તેને નીલમુખ વાનરે યુદ્ધમાં પરાજય કર્યો, ત્યારે જેમ વાયુએ કરી તૃણો વિખરાઈ જાય તેમ કાલમુખનું લશ્કર વિખરાઈ ગયું; બધા વાનરાઓ જ્યાં ત્યાં નાસવા લાગ્યા; એવા ટાંકણામાં કુંવર પેલા મોરોમાંથી એક મોર લેઇને તેની ઉપર બેસી આકાશમાર્ગે કરી વૈતાઢ્ય પર્વતની ઉપર મંગલાવતી નગરીએ ગયો; ત્યાં અવસર જોઇને વિદ્યુન્માલી વિદ્યાધરના માળીયામાં ચોથી ભૂમિના ગવાક્ષે સુવર્ણમયપર્યંક

ઉપર પડેલું કંચુક દીઠું, તે ઉપાડી ચાલતી વખતે મોટે સાદે પોકાર કરી કહેવા લાગ્યો કે:-હું આરામનંદન આ મહેલમાંથી પુષ્પનું કંચુક લઈ જાઉં છું, માટે જે વીર સુભટ હોય તે મારી પાછળ બેશક આવે. એમ કહી મયૂરવાહન ઉપર ચડીને પોતાના નગર તરફ જવા નિકળ્યો. એટલામાં વિદ્યુન્માળી વિદ્યાધરની સ્ત્રીયોએ બૂમ પાડી કે, ઘરમાંથી કોઈ ચોર પુષ્પનું કંચુક ચોરી લેઈ જાય છે, તેને પકડીને તેની પાસેથી તે કંચુક લઇ લીયો. તે સાંભળી કટક એકઠું થયું, તેને સાથે લેઇને તે બંને સ્ત્રીઓ કુંવરની પાછળ લાગીયો, કુંવરને આવી ઘેર્યો, ત્યારે કુંવરે વિચાર કર્યો કે હવે શું કરવું? પોતાનાં કર્યાં પોતાને નડયાં, જો મેં જાણુ ન કર્યું હોત તો આવું બન્યું ન હોત, પણ તે સારૂં કહેવાય નહીં ને ચોરમાં ખપીએ, માટે જે થયું તે ઠીકજ છે. સારૂં નરસું થવું કર્મના હાથમાં છે! એટલામાં પેલા વૈતાલની વાત યાદ આવી, તેથી તેનું સ્મરણ કરયું કે તરત તે પાસે આવી ઉભો રહ્યો, અને પૂછવા લાગ્યો કે:--હે આરામનંદન કુંવર! શું આજ્ઞા છે? તે ફરમાવો. ત્યારે આરામનંદને પોતાની બધી હકીકત સંભળાવીને કહ્યું કે:-હે વૈતાલ! જો આ કંચૂક હવે જલદી મારી સ્ત્રીને જઈ નહીં આપું તો તે ચિતામાં પડીને પોતાના પ્રાણનો ત્યાગ કરશે. માટે હું આ કંચૂક આપી આવું ત્યાં સુધી આ લશ્કરને અટકાવી રાખ. એવું સાંભળીને વૈતાલે કહ્યું કે:--હે કુંવર! મેં પણ આવતાં માર્ગમાં એક નગરની બાહેર ચિતા ખડકેલી જોઈ તે એજ હશે. માટે તમે જલદી જાઓ, હું લશ્કરને અટકાવી રાખું છું.

એવું વૈતાલનું બોલવું સાંભળીને કુંવરને વધારે ચિંતા ઉત્પન્ન થઈ, કેમકે આઠ વર્ષની અવધિ પૂરો થવા આવ્યો હતો. પછી કુંવર ઉતાવળો ચાલતો થયો. હવે ત્યાં પદ્માવતી પણ રાજાને કહે છે કે—

હે રાજાજી! આઠ વર્ષ પૂરાં થયાં તોપણ મારો પતિ આવ્યો નહીં. માટે હવે હું ચિતામાં પ્રવેશ કરીશ. એમ કહી

સર્વ જનોને યથાયોગ્ય રીતે મળીને તથા પંચપરમેષ્ઠીનું સ્મરણ કરીને તે ચિતામાં આવી પડી, એટલામાં આકાશ માર્ગે મયૂરના વાહન ઉપર બેઠેલો કુંવર આવી પહોંચ્યો, અને તે મયૂર તથા કંચુકને એક કોરે મૂકી નમસ્કાર મંત્ર ભણી કહેવા લાગ્યો કે:–"મારી સ્ત્રી પદ્માવતી જો સુશીલ હોય અને જો શિલનો મહિમા હોય તો અમે બંન્નેને કલ્યાણની પ્રાપ્તિ થજો." એમ કહી તેણે પણ ચિત્તામાં પ્રવેશ કર્યો, તે સમયે દેવસહાયથી પ્રજ્વલિત અગ્નિ શીતળ પાણી જેવો થઈ ગયો; પછી જેમ પાણીમાંથી માણસ બાહાર નિકળે તેમ તે બંન્ને સ્ત્રી પુરૂષ બાહાર નિકળ્યાં. એવું કૌતુક જોઈને રાજા પ્રમુખ સર્વ નગરનાં લોકો અતિ હર્ષને પામ્યાં અને આનંદથી નિશાન વાગ્યાં.

હવે એજ સમયમાં વિદ્યાધરનું કટક વેતાલની સાથે યુદ્ધ કરતું કરતું એ નગરની પાસે આવ્યું, તેણે કુંવરને અગ્નિમાં પ્રવેશ કરતો જોયો, તેથી તેઓએ જાણ્યું કે અમારાથી ડરીને કુંવરે આમ કર્યું જણાય છે; પછી ત્યાં પડેલું કંચુક તે વિદ્યાધરની સ્ત્રીઓએ ઉપાડી લીધું. પણ એટલામાં તો અગ્નિ શીતળ થઈ ગયો ને જેવાં હતાં તેવાં બન્ને સ્ત્રી પુરૂષ બહાર નિકળ્યાં; તે જોઈને તેઓ વિસ્મય થયાં. એવો શિળનો મહિમા જોઈ બધા વિદ્યાધરો તથા મનુષ્યો આશ્ચર્યને પામ્યા. કુંવરે રાજાને આવી નમસ્કાર કર્યો. માતાપિતાને આવી પગે લાગ્યો. પદ્માવતી પણ સાસુ સસરાને પગે લાગી. તેઓએ કહ્યું કે:–"હે વધુ! પુત્રવતી ભવ" એવો આર્શીવાદ દીધો. સર્વ લોકોને અતિ હર્ષ થયો અને જિનધર્મનો મહિમા પ્રગટ થયો.

પછી તે વિદ્યાધરીઓએ કુંવરને સર્વ વૃતાંત પૂછવાથી તેણે અથથી તે ઇતિ સુધી સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું, તેથી તે કંચુક વિષે કદાગ્રહ મૂકી દઈને પોતાને હાથે પદ્માવતીને તે કંચુક પહેરાવ્યું. પછી રાજા, રાણી, કુંવર તથા પદ્માવતી પ્રમુખ સર્વે નગરમાં ગયાં, યાચક લોકોને ઘણાં દાન દીધાં, પરિ-

જન પ્રમુખ સર્વ જનોને યથાયોગ્ય પહેરામણી પ્રમુખ આપ્યાં. બંન્ને વિદ્યાધરીઓએ પદ્માવતીને બેન કરી માની, પછી તે વિદ્યાધરીઓને તેઓનાં લશ્કર સહિત કેટલાએક દિવસ સુધી રાખી સારીરીતે મિજબાની પ્રમુખ કરીને જેમ બેનને સાસરે મોકલીયે તેમ વિદાય કરી. પછી આરામનંદને વેતાલને હાથે પેલું સોનાનું પુતળું મંગાવ્યું, તે શુભ મુહુર્તે ઘરને વિષે લાવીને રાખ્યું; પછી વેતાળને રજા આપી. હવે તે સોનાના પુતળાનો ઉપયોગ એવો કર્યો કે જિનભુવન, જિનબિંબ બિંબપ્રતિષ્ટા, જીર્ણોદ્ધાર, સાધુ, સાધવી, શ્રાવક તથા શ્રાવિકા લક્ષણ, ચતુર્વિધ સંઘનું પોષણ, સાધર્મિકવાત્સલ્ય, પ્રમુખ શ્રેષ્ટકાર્યમાં દ્રવ્યનો ખર્ચ કર્યો.

હવે કોઇએક સમયને વિષે તે નગરની બહાર ઉદ્યાનમાં જ્ઞાનભાનું નામના આચાર્ય આવી સમવસર્યા, તેની ઉદ્યાનપાલકે આવી વધામણી દીધી, તેથી રાજાએ તેને પોતાનાં રાજ્ય ચિન્હ રાખીને બાકીનાં જે અંગ ઉપર આભૂષણ પેહેર્યાં હતાં તે સર્વે વધામણી દેવા બદલ આપી દીધાં. પછી રાજા, રાણી, કુંવર તથા પદ્માવતી પ્રમૂખ સર્વ જન મહા આડંબરથી વાંદવા ગયાં. ત્યાં પંચાભિગમ સાચવી ગુરૂને વાંદી કરીને યોગ્ય સ્થાનકે બેઠાં, તેવારે આચાર્ય ભગવાને ધર્મદેશના દેવા માંડી. તે સાંભળીને રાજા અને રાણી પ્રતિબોધને પામ્યાં, તેથી આરામનંદનને રાજ્ય આપી મોટે આડંબરે દિક્ષા લીધી. પછી કુંવર પેલા સોનાના પુતળાના યોગથી જિનસાસનની ઉન્નતિ કરવા લાગ્યો.

એકદા સમયને વિષે પદ્માવતીએ સ્વપ્નામાં પૂર્ણ કળશ દીઠા, તે વૃત્તાંત આરામનંદનને તેણે કહ્યો, ત્યારે તે આરામનંદને તેને કહ્યુ કે: -હે ચતુરા! તને પુણ્યવાન પુત્ર થશે. અનુક્રમે દિન પૂરા થવાથી પુત્રનો જન્મ થયો; તે સમયે જન્મ મહોત્સવ કર્યો અને તેનું નામ પૂર્ણકળશ પાડ્યું.

વળી કોઇએક સમયે આરામનંદનના સમ્યક્ત્વની પરિક્ષા લેવાને અર્થે કોઇએક દેવાંગનાએ પૂર્ણકળશના અંગમાં જ્વર ઉત્પન્ન કર્યો, તેથી તે મહા પીડાને પામીને વ્યાકુળ થયો, તેને જોઇને કુંવર તથા પદ્માવતી અતિ દુઃખ ધરવા લાગ્યાં. જ્વ

નિવૃત્તિના ઘણા ઉપાય કર્યા, પણ કોઈ ઉપાય લાગે નહીં; એ-વામાં એક મંત્રી આવ્યો, તેણે એક મંડલ માંડયું, અને એક કન્યાને બેસાડી પૂછવા લાગ્યો. તેવારે તે કન્યાના મુખદ્વારા તે દેવતા કહેવા લાગ્યો કે, જો આરામનંદન નિષ્કપટભાવે યક્ષની પૂજા કરે તો આ બાળકને સમાધાની થાય; નહીં તો કુંવરનું મરણ થશે. ત્યારે આરામનંદન બોલ્યો કે, ગમે તેમ થાય, પણ હું તો સર્વથા શ્રી વિતરાગદેવની પ્રતિમા વિના બીજી પ્રતિમાની પૂજા કરૂં નહીં. દેવ અરિહંત અને ગુરૂ સુસાધુ જે અર્હંતની આજ્ઞા પાળે છે તે, તથા ધર્મ અર્હંતનો ભાખેલો, એ ત્રણ તત્વની હું સેવના કરૂં. જો સારૂં થવાનું હશે તો એથીજ થશે. નહીં તો દેવ કરે તે ખરૂં ! એવું તેનું બોલવું સાંભળી સર્વ લોક કહેવા લાગ્યા કેઃ—હે આરામનંદન કુંવર! એવો હઠ કરવો જોઇતો નથી, અને યક્ષની પૂજા કરવી જોઇએ કે જેથી પુત્ર જીવતો રહે. આરામનંદન બોલ્યો કે, સમ્યકત્વના પ્રસાદે તથા પદ્માવતીના શિળના પ્રભાવથીજ સર્વ સારૂંજ થશે, એવું તમારે નિશ્ચય કરી જાણવું. એવી તેની સમ્યક્ત્વ ઉપર દ્રઢતા જોઇને તે દેવાંગના રાજી થઇને કહેવા લાગી કેઃ-હે આરામનંદન ! તને ધન્ય છે કે જેણે સમ્યક્ત્વને વિષે આવી દ્રઢતા કરી છે. આટલી બધી ખટપટ તારા સમ્યક્ત્વની પરિક્ષા જોવા સારૂં મેંજ કરી છે, બીજો કોઈ ભાવ મનમાં આણવો નહીં. એવું કહી તે દેવતા અદ્રશ્ય થઈ ગયો, તે જાણે પોતાની સાથે તે જ્વરને પણ લઈ ગયો હોયની ! એટલે પૂર્ણકળશને તરત સમાધિ થઈ. પછી તે પુત્ર ક્રમે કરી મોટો થયો, ઘણી રાજ્ય કન્યાઓને પરણ્યો, તેઓની સાથે નાના પ્રકારનાં સુખ ભોગ ભોગવવા લાગ્યો, ત્યારે આરામનંદન તથા પદ્માવતી એ બેઉ જણ સાથે ત્રિકરણ શુધ્ધે સમ્યક્ત્વસહિત શ્રાવકનો ધર્મ પાળીને સ્વર્ગે ગયાં.

ઇતિ સમ્યક્ત્વ ઉપર આરામનંદની કથા.

કમળસેનની કથા.

પૂર્વે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નામે નગર હતું. તે નગરને વિષે શત્રુંજય નામે રાજા રાજ્ય કરતો હતો. એ રાજા સર્વ પ્રાણીપ્રત્યે મનવાંછિત દાન આપતો હતો, પરંતુ કોઈ દિવસ પરસ્ત્રીને પોતાનું વક્ષસ્થળ અને શત્રુને પોતાનો પૃષ્ઠ ભાગ અર્પણ કરતો નહતો. તેને લાવણ્યવતી, શુદ્ધશીળ પાળનારી, સકળકળાએ શોભતી વસંતસેના નામે પટ્ટરાણી હતી. રાજાને શશિ, રવિને પ્રાચિ અને શીવને ગૌરીની પેઠે સ્નેહમાં લીન થયેલા તેઓને ઘણો કાળ સુખ-ભોગ ભોગવતાં નિર્ગમન થયો. એક દિવસ પૂર્ણિમાના ચંદ્રસમાન વદનવાળી રાણી સુખશય્યામાં સુતી હતી, તેવામાં તેણીએ પોતાની કુક્ષિને વિષે દેવલોકથી ચવીને પ્રાપ્ત થયેલ ગર્ભના પ્રભાવથી સર્વસ્થ કમળથી સંપૂર્ણ કમળાકર સ્વપ્નમાં જોયું. તરતજ જાગૃત થઇ આનંદ પામી તે વૃત્તાંત પતિને નિવેદન કર્યો. તેવારે પતિએ શુભ સ્વપ્નથી હર્ષ પામી વિચારી જણાવ્યું કે આ સ્વપ્નના પ્રભાવથી તારે સંપૂર્ણ કળાવાન્ એક પુત્ર થશે.

પતિના વચનથી આનંદ પામેલી રાણી બોલી:-સ્વામિન્! દેવગુરૂના પ્રસાદથી આપનું વચન સત્ય થાઓ. તે દિવસથી [illegible]

ને સુંદર વસ્ત્ર વગેરે અમૂલ્ય ભેટ આપી. નગરમાં અપૂર્વ મહોત્સવ થઈ રહ્યો. અનેક પ્રકારના વાજિંત્રના સ્વરથી આકાશ ભરાઈ ગયું, ગીત નૃત્યાદિ થવા લાગ્યા, ઘરે ઘરે તોરણો બંધાયાં, અને યાચક લોકોને બહુ પ્રકારનાં દાન અપાયાં. બાર દિવસ થયા એટલે રાજાએ કુટુંબી જનોને જમાડી સ્વપ્નને અનુસારે પુત્રનું કમળસેન નામ સ્થાપન કર્યું. પછી દ્વિતીયાના ચંદ્રનીપેઠે પિતાના વંશરૂપી આકાશને શોભાવતો અને દિન દિન વૃદ્ધિ પામતો કુંવર સકળકળાને વિષે કુશળ થયો. યૌવન પ્રાપ્ત થયું તોપણ કોઈની સાથે વાદ, ક્રોધ, માન, માયા, મત્સર કરતો નથી. જાણે નિર્વિકારી હોય તેમ વિવાહવાર્તા કે વિષયવાર્તા પણ કરતો નથી. પૂર્વભવના સુકૃતના અભ્યાસથી શાંત, દાંત, દયાને વિષે રક્ત, નીચી દ્રષ્ટિવાળો, સત્ય વચન બોલનારો, પરોપકારમાં આદરવાળો, દાક્ષિણ્યતાવાળો, ઉદાર, ગંભીર વગેરે અનેક ગુણવાળો થયો.

હવે સર્વ લોકોને આનંદકારી વસંતઋતુમાં એક દિવસ તે કુંમાર મિત્રોની સાથે ક્રીડા કરવાને નંદનવનમાં ગયો, ત્યાં ક્રીડામાં વ્યગ્ર થયેલા મિત્રો અન્યસ્થાનકે ગયા છે અને કુમાર એકલો ઉભો છે, તેવામાં 'અહો વિશ્વ અનાથ છે' એવો કોઇનો સ્વર સાંભળ્યો. તેવારે વિચાર્યું કે પિતા જયવંત વર્તે છે, તોપણ 'જગત્ અનાથ છે.' એમ કોણ બોલે છે? એમ વિચારી થોડે દૂર જઈ કાંઈ ન જોવાથી પાછો ફર્યો; એટલે પુનઃ તેવોજ શબ્દ સાંભળીને તરતજ પુનઃ અવલોકન કરવાને ચાલ્યો, પણ કોઈ દ્રષ્ટિગત થયું નહિ એટલે પાછો ફર્યો. તેવામાં ફરી તેવોજ શબ્દ સાંભળ્યો, તેથી પાછા ફરી જોયું તો થોડે દૂર એક દેવળમાં પ્રવેશ કરતી સ્ત્રીને જોઈ; એટલે આ શબ્દ એ સ્ત્રીનો હશે માટે તેણીને પુછું એમ વિચારી ત્યાં જઈ ને દેવળમાં પ્રવેશ કર્યો, તેવામાં તે દેવળ ઉડ્યું. ને સમુદ્રજાળમાં મધ્ય ભૂમિ ઉલ્લંઘન કરી દૂર પ્રદેશે એક પ્રાસાદરૂપે સ્થિર થયું. આશ્ચર્ય દ્રષ્ટિ કરી વિસ્મય પામી કાંઈક વિચારે છે તેવામાં અંદરના ભાગમાંથી એક યુવાન સ્ત્રી

નિકળી હર્ષિત ચિત્તે તે બોલી:-'સ્વામિન્! ભલે પધાર્યા! આસન ઉપર બેસો.'

કુમારે કહ્યું:-હે સુભ્રુ! તું કોણ છે? આ ઇંદ્રજાળ શું? જગત્ નિર્નાથ છે, એવું તું શા માટે બોલતી હતી? તેનો ઉત્તર આપ.

તે બોલી:-જેને પોતાને નાથ નથી તે સર્વ જગત્‌ને નિર્નાથ માને છે. હે નાથ! આ ઇંદ્રજાળ સર્વે આપને માટેજ રચવામાં આવી હતી. તું કોણ છે એ વગેરે બોલવું આપને ઘટિત ન થી. કારણ કે સરિતા, નરેંદ્ર, ઋષિ, કમળ, કામની, વગેરેને ગા મ ઠામ પૂછનારને કોણ કુશળ કહે? તોપણ હું તો આપને જ ણાવું છું કે:-હું અંગશ્રી નામની પ્રૌઢાનાયકા છું, ઘણા ઉત્તમ પુરૂષોએ મને ભોગવી છે, પરંતુ સાંપ્રતકાળે હું નિર્નાથ છું. આ પ દયાળુ, દાક્ષિણ્યતાવાળા અને ઉપકારપુરંદર છો; તેથી હે સ્વામિન્! હું અનાથના આપ નાથ થાઓ.

તેવારે:-'ઉત્તમ જનોએ પરસ્ત્રી ન ભોગવવી' એ વચનનું સ્મરણ કરતો કુમાર બોલ્યો:-'હું પરસ્ત્રીને નહીં ભોગવું, કારણ કે ન્યાય માર્ગે પ્રવર્તનાર પુરૂષને પરસ્ત્રી ત્યાજ્ય છે. જેને જોવાથી, આલિંગન કરવાથી, આત્મા મલિન થાય અને જગત્‌માં અપયશ વિસ્તરે એવી પરસ્ત્રીનો વિવેકી પુરૂષોએ અવસ્ય ત્યાગ કરવો, એમ શાસ્ત્રકારોએ અને ઉત્તમ પુરૂષોએ સ્થળે સ્થળે કહેલું છે. હું અનાથ અને દુસ્થિત મનુષ્યોનું પાલન પોષણ કરવાને નાથ છું, પરંતુ પરસ્ત્રીનો અંગિકાર કરવાને મારૂં નાથત્વ નથી.' એમ કહી 'મારે પરસ્ત્રીની સાથે શામાટે વાત કરવી જોઇએ?' એમ વિચારી તેની અવગણના કરી કુમાર ઘરથી બહાર નિકળ્યો. તેવામાં કોઇ પુરૂષ બોલ્યો:-'શુન્ય ગૃહમાં પ્રવેશ કરી કેમ તું એકદમ ચાલ્યો જાય છે? જો તારામાં સુભટત્વ હોય તો તું મારી સામે આવ.'

કુમાર બોલ્યો-મને વારનાર તું કોણ છે? જો તારામાં શક્તિ હોય તો મારી ઉપર ઘા કર. તેવારે તે પુરૂષે પોતા

વામાંગરૂપ ધરી કહ્યું—'પ્રથમ તું મારી ઉપર ઘા કર.' તેવારે કુમાર બોલ્યો:—મારી ઉપર પ્રથમ ઘા નહિ કરનારને હું મારતો નથી.'

કુમારનાં આવાં વચનથી સંતોષ પામી તે પુરૂષ બોલ્યો:-હે કુમાર! તું સત્વવંત છે. અંગશ્રી (અંગદેશની લક્ષ્મી) ને તું સુખે ભોગવીશ. આ ઇંદ્રજાળ, સ્ત્રીનું રૂપ વગેરે સર્વ કાર્ય મેં તારી પરિક્ષા કરવાને કર્યું હતું; માટે મારો અપરાધ ક્ષમા કર. હું ચંપાનગરીનો અધિષ્ઠાતા દેવ છું.' એટલું બોલી તે અદ્રશ્ય થયો.

કુમાર પણ અંગદેશનું રાજ્ય મળશે, એમ જાણી હર્ષ પામતો આગળ ચાલ્યો; તેવામાં સ્વચ્છ નીરે ભરેલું, કાંઠા ઉપર રહેલા અગણિત વૃક્ષોથી શોભતું અને કમલ શ્રેણિથી સંકીર્ણ એક સુંદર સરોવર જોયું. તે સરોવરને વિષે શ્રમનું અપનયન કરવા સ્નાન કરી બહાર નિકળ્યો, તેવામાં એક અશ્વને સાથે લાવનાર કોઈ માણસે તેની પાસે આવી વિજ્ઞાપના કરી કે:-'સ્વામિન્! આપ આ અશ્વ ઉપર બેસો.'

કુમારે પુછ્યું—તું કોણ છે? મને કયાં અને શા માટે લઈ જવાની ઈચ્છા છે?

તે બોલ્યો—'અંગદેશ મધ્યે આવેલ ચંપા નામની આ નગરી છે, અહીં નજીકના ઉદ્યાનમાં આ નગરનો ગુણસેન નામે રાજા ક્રીડા કરવાને આવ્યો છે, તેનો હું ચાકર છું. આપને એમની પાસે લઇ જવાને માટે હું આવ્યો છું, કાર્ય શું છે તે હું જાણતો નથી. માટે ત્યાં આવ્યા પછી તે પોતેજ આપને કાર્ય જણાવશે.

તે વૃત્તાંત સાંભળી ગુણનુરાગી કુમાર ઘોડા ઉપર બેસી તેની સાથે ચાલ્યો. થોડે દૂર ગયા ત્યાં અશોકવૃક્ષ નિચે જેના ગાલ ઉપર બે કુંડળ લટકી રહ્યાં છે અને જેણે કપાળમાં સ્વેદ બિંદુ કરેલ છે, એવા રાજાને સપરિવાર બેઠેલો જોયો. તેણે આશ્ચર્યચકિત નમસ્કાર કરતા કુમારને દ્રષ્ટિસંજ્ઞાથી વારી સ્ખ-

લના પામતી વાણીથી આદરસત્કાર કર્યો. તેના રૂપથી આક્ષેપ પામેલો કુમાર મનોહર અંગવાળો આ મને નમસ્કાર કરવાની કેમ ના પાડે છે, એમ હૃદયમાં વિચાર કરે છે, તેવામાં મતિવર્ધન નામે મંત્રી રાજા પ્રત્યે બોલ્યો:—'દેવ! ઘણો કાળ થયો તેથી આપ શ્રમિત થયા હશો, વળી આ રાજપુત્ર આપણે ત્યાં પરોણા આવ્યા છે, માટે તેને નગરમાં પ્રવેશ કરાવીએ. આપના ઇચ્છિત કાર્યની થોડા વખતમાં સિદ્ધિ થશે.

તે સમયે 'એમજ થાઓ' એમ બોલી ઘોડા ઉપર સ્વાર થઈ વારંવાર તિર્યકદ્રષ્ટિથી કુમાર તરફ જોતો રાજા નગર તરફ ચાલ્યો. મંત્રીએ કુમારને નમસ્કાર કરી પોતાની સાથે રથમાં બેસાર્યો. રસ્તે મંત્રી કહેવા લાગ્યો કે:-હે ઉત્તમ! હું પરદેશમાં આવ્યો છું, એમ આપે ખેદ ન કરવો. કારણ કે સૂર્ય દૂર છે તોપણ જગતનો અંધકાર દૂર કરે છે.

કુમારે કહ્યું:—'જ્યાં ગંભીર, ગુણી, પ્રેમી, સરલ, સત્યભાષી અને સૌમ્યજનો વસતા હોય તે દેશને ડાહ્યા પુરૂષો પરદેશ છતાં પણ પોતાનોજ દેશ માને છે. એ પ્રમાણે બોલી પ્રધાનનું મન રંજન કરનાર કુમારે પોતાના નગરની પેઠે ચંપાનગરીમાં પ્રવેશ કર્યો. પછી મંત્રી અત્યંત આદરપૂર્વક તેને પોતાને ઘરે લઈ ગયો; ત્યાં સ્નાન, ભોજન કરી શય્યાને વિષે સુતેલા કુમારને મંત્રીએ એકાંતે કહ્યું:—'હે વિભો! ઘણા કાળથી ચિંતાગ્નિવડે તપ્ત થયેલ અમારા ચિત્તને તમારાં દર્શનરૂપ મેઘજળથી આજે શાંતિ થઈ. ઉચ્ચ ભાવનાવાળા સજ્જનોનો વૃક્ષોની પેઠે સૃષ્ટિજનોના ઉપકારને અર્થેજ જન્મ હોય છે. માટે હે કુમાર! આપ આ અંગદેશનું રાજ્ય ગ્રહણ કરી અમારા સ્વામીની ઇચ્છા પૂર્ણ કરો.'

કાંઈક હસીને કુમાર બોલ્યો:—ભો મંત્રિન્! તમારો રાજા છે તોપણ તમે મારી પ્રાર્થના શા માટે કરો છો? તમારા સ્વામિની શું ઇચ્છા છે? તમારી વાતથી મારા મનમાં આશ્ચર્ય થાય છે, માટે આપ સર્વ સત્ય વૃત્તાંત [illegible] રથી કહો.'

મંત્રી બોલ્યો:-જેવી આપની આજ્ઞા. સાંભળો:-

"આ નગરને વિષે શ્રીકેતુ નામે રાજા રાજ્ય કરતો હતો. પોતાના વંશમાં વૈજયંતીમસાન વિજયંતી નામે તેની સ્ત્રી હતી. એની સાથે સુખ ભોગવતાં રાજાએ કેટલોક કાળ નિર્ગમન કર્યો. એક દિવસ સભામંડપમાં વિવિધ વાર્તાના પ્રસ્તાવમાં એવી વાત નિકળી કે-આ નગરમાં વધારે સુખી કોણ છે?

ત્યારે કોઈ સુભટ બોલ્યો કે:-"આ નગરમાં સર્વથી સુખી વિનયધર નામે શ્રેષ્ઠીપુત્ર છે, જેનું રૂપ કામદેવ સમાન છે, દ્રવ્યનો તો તેના ઘરમાં પારજ નથી. એ શિવાય તેને દેવીયોના સૌંદર્યને જીતનાર શરીરવાળી અને નિરંતર આજ્ઞામાં રહેનારી ચાર સ્ત્રીઓ છે.

તે સાંભળી બીજો સુભટ બોલ્યો:-વણિકની સ્ત્રીની પ્રશંસા કરતાં ફોકટ દેવીઓની નિંદા ન કર. કારણ કે દેવીઓથી પણ વધારે સુંદર સ્ત્રી વણિકના ઘરમાં ન હોય.

તે બોલ્યો:-એમાં નિંદા, સ્તુતિ, શું કરવી છે? એતો આ નગરમાં પ્રસિદ્ધ છે, ઘણા લોકો તેના રૂપ વિષે જાણે છે, દેવતાઓ પણ તેની સેવા કરે તેવી તેઓ છે; તેવી સ્ત્રીઓને માટે કેટલાક યુવાનો તો તપ તપે છે."

તેઓનું એવું વર્ણન શ્રવણ કરવાથી રાજા તેની ઉપર અત્યંત રંજિત થયો. અન્યજને વર્ણન કરવાથી માણસ જેવો રંજન થાય છે તેવો પ્રત્યક્ષ જોવાથી પણ નથી થતો. તે સમયે રાજા ધર્મવંત હતો તોપણ અધર્મમય થયો. કેમકે આ જગતને વિષે કામદેવથી કોણ પરાભવ નથી પામ્યું? કામવશ થઇ મનુષ્ય તરત વિપરીતભાવ ધારણ કરે છે, તેના યોગથી કંગાલ મનુષ્યનુ ચિત્ત પણ વ્યાકુળ થાય તો સર્વની ઉપર સત્તા ભોગવનાર રાજાને માટે શું કહેવું?

કહ્યું છે કે:--

परस्त्रीपुरतिःप्रायः स्वस्त्रीपुत्रीमतांनहि ।
प्रियंविहायवक्षस्थां गोपीपुरमतेहरिः ॥ १ ॥

ભાવાર્થ:-"પ્રાયે શ્રીમંત જનો પરસ્ત્રીને વિષે જેવો આનંદ પામે છે, તેવો પોતાની સ્ત્રીને વિષે નથી પામતા; જેમ હરિ (કૃષ્ણ) પોતાના વક્ષસ્થળને વિષે રહેલી લક્ષ્મીને છોડી ગોપીઓની સાથે રમે છે."

રાજાની પણ તેવીજ અવસ્થા થઈ અને કુળને વિષે કલંક લાગે તેવું કાર્ય કરવામાં પ્રવૃત્ત થયો. વળી કાંઇક વિચાર આવ્યો, કુળલજ્જા યાદ આવી, તોપણ કામદેવ તેને બાળવા લાગ્યો. એક તરફ કુળને કલંક લાગવાની બીક, બીજી તરફ કામદેવનું પ્રબળ જોર, એમ તે રાજા વ્યાઘ્ર નદી ન્યાય પ્રમાણે દુ:ખી થયો, અને અનેક જાતના સંકલ્પરૂપ કલ્લોલેયુક્ત ચિંતા સમુદ્રને વિષે ડુબી ગયો. ઘણા સંકલ્પ વિકલ્પ કર્યા પછી દીપની પેઠે આશારૂપ વિશ્રામ પ્રાપ્ત કરાવનાર ઉપાય શોધી કાઢ્યો; જેથી નગરજનો વિશ્વાસ પામે તેવો ગુન્હો વિનયંધર ઉપર મૂકી પછી તેની સ્ત્રીઓને ગ્રહણ કરવી એમ ધાર્યું; એમ કરવાથી લોકો મારી નિંદા નહિ કરે એમ મનનું સમાધાન કર્યું. પછી એકાંતે પુરોહિતને બોલાવી જણાવ્યું કે, તારે વિનયંધરની સાથે કપટમૈત્રી કરવી, પછી તેની પાસે એક નવો શ્લોક લખાવી તે ન જાણે તેમ મને અર્પણ કરવો. તે આ પ્રમાણે:-

त्वद्वियोगाग्नितप्तस्य मृगाक्षिरतिपंडिते ।
निशामहत्त्वयामेव चतुर्यामापि मेऽजनि ॥ १ ॥

ભાવાર્થ:—"હે મૃગાક્ષિ! હે રતિપંડિતે! તારા વિયોગાગ્નિથી તપ્ત થયેલ જે હું તેને ચાર પહોરની રાત્રી પણ હજાર પહોર જેવી થઈ."

પુરોહિતે રાજાના કહ્યા પ્રમાણે સર્વ કર્યું, એટલે રાજાએ નગરજનોને બોલાવીને કહ્યું કે:-હે નગરજનો! તમે જુઓ. આ પત્ર કોઈના અંતઃપુરને વિષે વિનયંધરે નાખ્યો હતો; તમે તેની લિપીની પરીક્ષા કરી જેવું હોય તેવું મારી આગળ કહો. પછી તમારે એમ ન કહેવું કે રાજા અન્યાય કરે છે.

તેઓમાંના આગેવાન પુરૂષો રાજા આગળથી પત્ર લઇ તપાસ કરી બોલ્યાઃ–"સ્વામિન્! લિપી તો વિનયંધર જેવી લાગે છે, પરંતુ દુધને વિષે પુરાની પેઠે વિનયંધરને વિષે તે કાર્યનો સંભવ થતો નથી; કારણ કે મનોહર કદલીવૃક્ષની સાથે રમનાર કદિ કેરડાના વૃક્ષ ઉપર પોતાનો કર કેમ નાંખે? માન સરોવરને વિષે રમનાર હંસ પંકનો સ્પર્શ કેમ કરે? રાજાનો મિત્ર હોય અને નિરંતર ગારૂડીની સેવા કરતો હોય પરંતુ તે પાપાત્મા હોય તો જાંગુલીમંત્રને સ્મરણ કરનાર વિષધરની[1] પેઠે વિષ વમન કરે છે, પરંતુ ઉત્તમ મનુષ્યો કદિ પણ દુરાચારમાં પ્રવૃત્ત થતા નથી. માટે હે રાજન્! કોઇ ખલ પુરૂષે નિર્મળ સ્ફટિકમાં કૃષ્ણ પદાર્થથી કાળાશ ઉત્પન્ન કર્યાની પેઠે વિશુદ્ધ વિનયંધરને વિષે કપટબુદ્ધિથી અઘટિત કાર્યની ઘટના કરી હોય એમ જણાય છે.

પુરજનોની એવી વાણીની અવગણના કરી દુષ્ટ ગજેંદ્રની પેઠે મર્યાદારૂપ આલાનસ્થંભનું[2] ઉન્મૂલન કરી અસમંજસ[3] વચનથી રાજા બોલ્યોઃ–રે સુભટો! એ વિનયંધરને તેની પ્રિયાઓસહિત પકડીને અહીં લાવો, અને તેને ઘરે મુદ્રા કરો! જ્યારે તે પાપાત્માનો પક્ષપાત કરનાર નગરજનો તેની પવિત્રતા મારી પાસે સિદ્ધ કરી બતાવશે ત્યારે તેને હું છોડી મૂકીશ.' એવાં કટુ વચન બોલી સર્વે લોકોને કાઢી મૂક્યા.

પછી તરતજ સુભટોએ વિનયંધર સમીપે જઈ તે વાત જાહેર કરી તેને પકડ્યો, તેની સ્ત્રીઓ રાજાના સુભટોનો સ્પર્શ થવાના ભયથી તેની આગળ ચાલી, સર્વે રાજભુવનમાં આવ્યા, ત્યાં તે સ્ત્રીઓનું અદ્ભુત સ્વરૂપ જોઇ નૃપતિ મનમાં વિચારવા લાગ્યો કે, નિશ્ચયે સ્વર્ગને વિષે સુરાંગનાઓ પણ આવી રૂપવંત નહીં હોય. મારા મ્હોટા ભાગ્યે મેં તેણીને જોઈ, અમૃતની કૂપિકાસમાન તે મૃગાક્ષીઓ પ્રેમપૂર્વક ક્યારે મારા કંઠનું આલિંગન કરશે? હમણાં તે શોકાતુર છે, માટે તેણીની સાથે

૧ વિષધર સર્પ. ૨ હાથીને બાંધવાનો પાસો. ૩ અઘટિત.

આલાપ કરવો યુક્ત નથી; સમય આવે સર્વે કાર્ય સિદ્ધ થશે. એમ વિચારી તેઓને અંતઃપુરમાં રાખી તેઓને માટે ભોજન આસન શયનાદિ સર્વ ભોગ્ય વસ્તુઓ મોકલી, પરંતુ તે સર્વ ણું તેણીઓ વિષવત્ ગણવા લાગી અને ભોજન કર્યા વગરજ તેઓએ ભૂમિ ઉપર શયન કર્યું.

તે સમયે રાજાએ મોકલેલી દાસી તેમની સમીપે આવી કહેવા લાગી:-હે સખીઓ! આજ તમારે પુણ્યરૂપીવૃક્ષ ફળીભૂત થયો, જેથી ભૂપતિ તમને અનુકૂળ થયો; એ રાજા તુષ્ટમાન થયે ચિંતામણિ સમાન છે, અને રૂષ્ટમાન થયે યમસમાન છે; માટે તમે તેની સાથે અત્યંત સુખ આપનાર વિષયસુખ ભોગવો. કારણ કે ગુણવંત સ્વામીનો સંગ દુર્લભ હોય છે.

તેઓ બોલી:--તારે અમારી આગળ એવી વાત ન કરવી, અમે આજે અમારો જન્મ સફળ માનીએ છીએ, જેથી અમારે શીળનું રક્ષણ કરતાં મૃત્યુને વશ થવું પડશે; કારણ કે શીળનું ખંડન કરવા કરતાં એ રૂષ્ટમાન થઇ અમારા જીવિતનો નાશ કરે એ અમે રૂડું સમજીએ છીએ. તેના કરતાં તો ભિલ્લ લોકો પણ સારા હોય કે જેઓ બંધીવાન કરેલી સ્ત્રીઓની સાથે વિષયસુખ ભોગવવાની ઈચ્છા કરતા નથી. અમારા સ્વામી શિવાય બીજો કોઇ પુરૂષ પ્રભુતાએ ઇંદ્ર કરતાં પણ અધિક હોય, તોપણ અમારે તેની સાથે કાંઇ પ્રયોજન નથી. માટે તું અહીંથી ચાલી જા.

તેઓએ એવા વાકયોથી નિર્ભર્ત્સના કરી કાઢી મુકેલી દાસીએ તે સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કર્યો, તે સાંભળી રાજાને અત્યંત ખેદ થયો, મનમાં અનેક પ્રકારની ચિંતા થઇ, અને તપી ગયેલ તટ ઉપર જેમ માછલાં સુખ પામે નહિ, તેમ સુખશય્યાને વિષે સુતો છે તોપણ લેશમાત્ર રતિ પામ્યો નહિ.

કહ્યું છે કે:—

सुस्रंस्वपितिनीरागी स्थानेमन्नकंटके ।
हंसतूलीगतोरागी निद्रांनाप्नोतिदुःखितः ॥ १ ॥

ભાવાર્થ:—"નીરાગી મનુષ્ય ઘણા કાંટાવાળા સ્થાનને વિષે પણ સુખે સુઇ જાય છે, પરંતુ રાગી મનુષ્યને સુખશય્યાને વિષે સુતાથી પણ દુઃખને લીધે નિંદ્રા આવતી નથી."

એ પ્રમાણે કામવશ થઈ સંકલ્પ વિકલ્પમાં તે એક રાત્રિ જાણે વર્ષ પ્રમાણ હોય તેમ ગુમાવી, પ્રભાતે ઊદ્ભટ શૃંગાર સજી ભૂપતિ તેઓની સમીપે ગયા, તેઓએ તેને નમસ્કાર ન કર્યો, તેની સામું ન જોયું અને બોલાવ્યો પણ નહિ; પરંતુ તેના રૂપથી મોહ પામી રાજા સરાગદૃષ્ટિથી જુવે છે તેવામાં કપીના જેવા કેશવાળી, બિલાડીની જેવી આંખવાળી, ગધેડાના જેવા મુખવાળી, ઉંટના જેવા હોઠવાળી, મ્હોટા દાંત, ખરાબ નાક અને તુચ્છ અંગુલીવાળી, જીર્ણ વસ્ત્ર પહેરેલી, અને રાગી મનુષ્ય પણ જોઇને વિરક્ત થાય તેવા રૂપવાળી તેઓને દીઠી. તેવારે રાજા વિચારવા લાગ્યો કે, આ સ્ત્રીઓને પૂર્વે મેં સુરાંગનાસદૃશ રૂપવંત જોઈ અને હમણાં તેઓ આવી વિરૂપ દેખાય છે તે શું? એમ વિસ્મય પામી વિચાર કરતો ઉભો છે તેવામાં તે વૃત્તાંત જાણવાથી કોપાયમાન થયેલ તેની પટ્ટરાણી ત્યાં આવીને કહેવા લાગી કે:-હે નિર્વિવેકાંધ! હે કામાતુર! તું નૃપ કન્યાને છોડી અધમ સ્ત્રીઓને વિષે રક્ત થાય છે! માનાપમાન, કીર્ત્તિ અકીર્ત્તિ, અને પાત્રાં પાત્રનો વિચાર નહિ કરનાર તને ધિક્કાર છે!

ઉપરના આશ્ચર્યકારક વૃત્તાંતથી અને રાણીના તેવા ઉપાલંભથી રાજા અત્યંત લજ્જા પામ્યો, અને તેવી અવસ્થાવાળી તે સ્ત્રીઓને તેને ઘરે જવાની આજ્ઞા આપી, એટલે તરતજ તેઓનું મૂળરૂપ જણાયું. રાજાએ આશ્ચર્ય પામી વિનયંધરને તથા તેઓને છોડી દીધાં. પછી એક દિવસ સૂરસેન નામે જ્ઞાનવંત ગુરૂ મહારાજા આ નગરપ્રત્યે આવ્યા, તેવારે નગરજનોસહિત રાજા તેમને નમસ્કાર કરવા ગયો; ત્યાં ગુરૂ મહારાજાએ કર્મના આવેશ અને કલેશને હરણ કરનારી ધર્મદેશના દેવા માંડી કે:—

चलाविभूतिःक्षणभंगियौवनं कृतांतदंतांतरवर्त्तिजीवितं ॥
तथाप्यवज्ञापरलोकसाधने अहोनृणांविस्मयकारिचेष्टितं ॥

ભાવાર્થ:- વિભૂતિ ચળ છે, યૌવન ક્ષણભંગી છે અને જીવિત કાળના દાંત મધ્યે છે, તોપણ મનુષ્યની પરલોકનું સાધન કરવામાં અવજ્ઞા હોયછે એ તેનું કાર્ય કેવું વિસ્મયકારિ છે! વળી,-

आत्मसुखार्थंक्रियतेभोगः पश्चादेतिशरीरेरोगः ॥
रोगेजातेमरणंशरणंतदापि नमुंचतिपापाचरणं ॥२॥

ભાવાર્થ:—આત્મસુખને માટે ભોગ કરાય છે, તેનાથી પાછળ શરીરમાં રોગ થાય છે અને રોગથી મરણનું શરણ થાય છે; તોપણ માણસ પાપાચરણ છોડતા નથી. તેમજ.

अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः
नित्यं संनिहितो मृत्युः कर्त्तव्यो धर्मसंग्रहः ॥३॥

ભાવાર્થ:—શરીર અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી અને મૃત્યુ સદાકાળ સંનિહિત એટલે સમીપે રહેછે, માટે ધર્મકાર્ય કરવું.

એવી ગુરૂ મહારાજાની ધર્મદેશના શ્રવણ કરી અવસર પામી ભૂપતિએ વિનયપૂર્વક પુછયું:-સ્વામિન્! વિનયંધરને દેવાંગનાથી પણ રૂપવંત સ્ત્રીઓ શું સુકૃત્યથી પ્રાપ્ત થઈ, અને તેઓ એવી રૂપવંત છે તોપણ મેં તેને કુરૂપા જોઈ?

રાજાએ તેવો પ્રશ્ન પુછયો એટલે ભાર્યાએ સહિત વિનયંધર, નગરલોક અને રાજા વગેરે સર્વે, નવીન મેઘની સન્મુખ જેમ મયૂર જોઈ રહે તેમ ગુરૂની સન્મુખ જોઇ રહ્યા; તે સમયે મેઘની પેઠે ગાજતા ગુરૂ મહારાજા બોલ્યા:--રાજન્! આનંદ, શોચ, રૂપ, કુરૂપ, સંપત્તિ, વિપત્તિ અને સુખ દુઃખ એ સર્વેનું કર્મજ કારણ છે. તત્વજ્ઞોએ શુભ અને અશુભ એવા કર્મના બે પ્રકાર કહ્યા છે. શુભ કર્મ સુખદ છે અને અશુભ કર્મ દુઃખદ છે. વિનયંધરને તેવી સ્ત્રીઓ પ્રાપ્ત થઇ તથા તેની સ્ત્રીઓ કુરૂપ થઈ ગઈ એ સર્વેનું કારણ તેનાં પૂર્વકર્મ છે. માટે તેઓના પૂર્વભવ સંબંધી વૃત્તાંત વિસ્તારથી સાંભળો:—

પૂર્વે ગજપુર નગરમાં વિચારધવળ નામે રાજા હતો, તેનો કોઇ વૈતાલિક પુરૂષ હતો, તે ઉદાર ચિત્તવાળો અને પરોપકારી હતો, હમેશાં કોઈ પવિત્ર મનુષ્યને ઈચ્છાથી ભોજન કરાવી પછી તે ભોજન કરે છે. એક દિવસ ઉત્સપ્પિણીના નવમા તિર્થંકર તે નગરના ઉદ્યાનમાં અપ્રતિમ પ્રતિમા ધારણ કરી ઉભા હતા તેને જોયા. તેમનું નિરૂપમ રૂપ, નિ:સીમ ઉપશમ તથા દુસ્તપતપ જોઈ અત્યંત આનંદ પામ્યો, અને શુભ ભાવે સ્તુતિ કરી. પછી બહુ માનપૂર્વક ભોજનકાળે પોતાને ઘેર તેડી જઇ પ્રફુલ્લિત વદને ભગવંતને પ્રતિલાભ્યા; અને મનમાં ભાવના ભાવવા લાગ્યો કે:--'અહો! આજે હું ધન્ય થયો, જેથી મારે ઘરે જીનેશ્વર પધાર્યા.' તેવામાં તિર્થંકરને દાન દેવાથી તેને ઘરે પંચદિવ્ય પ્રગટ થયા, તેથી દાનનું પ્રત્યક્ષ ફળ જોઇ તે સમકિત પામ્યો, અને મરણપર્યંત જીનેશ્વરના ધર્મનું આરાધન કર્યું. આયુષ્ય પૂર્ણ થયે કાળ કરી પ્રથમ દેવલોકે દેવતા થયો. ત્યાંથી ચવી આ ચંપાનગરીને વિષે રત્નસાર શ્રેષ્ટીની પુણ્યયશા નામે સ્ત્રીની કુક્ષિને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. માતા પિતાએ વિનયંધર એવું નામ પાડયું. પૂર્વભવે કરેલા સુપાત્રદાનથી લક્ષ્મી, કીર્ત્તિ, કળા અને સૌભાગ્યાદિ સર્વે વિનયંધરને અતિશય પ્રાપ્ત થયું. અનુક્રમે રૂપવંત ચાર સ્ત્રીની સાથે લગ્ન થયું. એ પ્રમાણે સુપાત્રદાનના પ્રભાવથી વિનયંધર સુખી થયો. હવે તેની સ્ત્રીઓનો વૃત્તાંત સાંભળો.

આ ભરતક્ષેત્રમાં સર્વ પ્રકારની લક્ષ્મીનું સ્થાનરૂપ સાકેતપુર નામે નગર હતું, ત્યાં અનેક ભૂપતિઓના મુકટમાં રહેલા રત્નથી જેના ચરણ સંઘટ્ટિત થયેલા છે એવો નરકેસરી નામે રાજા હતો, તે રાજાને કમલસુંદરી નામે રાણી હતી, રતિનીપરે રતિ આપનારી રતિસુંદરી નામે તેની પુત્રી હતી; અને શ્રીદત્ત નામે પ્રધાન, સુમિત્ર નામે શ્રેષ્ઠી અને સુઘોષ નામે પુરોહિત હતો. તે ત્રણે રાજાને અતિ પ્રિય હતા. સમુદ્રસદશ તેઓ ગંભીર હતા, અને કોઈ દિવસ મર્યાદાનું ઉલંઘન કરતા

નહોતા. તેઓને અનુક્રમે લક્ષ્મણા, લક્ષ્મી અને લલિતા નામે સ્ત્રી અને તેનાથી ઉત્પન્ન થયેલી બુદ્ધિસુંદરી, ઋદ્ધિસુંદરી અને ગુણસુંદરી નામે એકએક પુત્રી હતી. તે ત્રણ બાળાઓ લેખક શાળામાં અધ્યયન કરવા જતી, ત્યાંથી તેઓની રતિસુંદરી સાથે પ્રીતિ થઇ. કેમકે સમાન ગુણવાળા, સમાન વયવાળા અને સાથે રહેનારાની તત્કાળ પ્રીતિ થાય છે.

કહ્યું છે કેઃ—

विदुषांच कुलीनानां धनिनां धर्मिणामपि।
ततस्तद्विपरीतानां प्रीतिः सादृश्यतो भवेत् ॥

ભાવાર્થઃ—વિદ્વાન, કુલીન, દ્રવ્યવાન, ધર્મી અને તેથી વિપરીત ગુણવાળાની સમાનતાને લીધે પ્રીતિ થાય છે. અર્થાત વિદ્વાનને વિદ્વાનની, ધર્મીને ધર્મીની, ને દ્રવ્યવાનને દ્રવ્યવાનની અને તેથી વિપરીત ગુણવાળાને તેવા ગુણવાળાની સાથે સાદૃશ્યતાને લીધે તરત પ્રીતિ થાય છે.

હવે તે ચારે બાળાઓ સાથે રમે છે, સાથે જમે છે, સાથે સુવે છે અને સાથેજ ફરે છે. જાણે એકજ આત્મા હોય અને જેમ ક્રીડાર્થે ચાર અંગ કરીને રતિ કે પાર્વતી આવી હોય, એમ એ ચારે બાળાને જોઇ લોકો વિતર્ક કરવા લાગ્યા.

એક દિવસ ઋદ્ધિસુંદરીને ઘેર સર્વ દોષે રહિત, નિષ્કલંકિત, સૌમ્યમૂર્તિવંત ગુણશ્રી નામે સાધ્વી આવ્યાં. તેને જોઇ ત્રણે સખીઓએ ઋદ્ધિસુંદરીને પુછ્યું-બહેન! હંસી સમાન વિવેકવતી, શુદ્ધ વેશ ધારણ કરનારી અને પ્રશાંત મૂર્તિવાળી આ કોણ છે?' ત્યારે તે વચનથી પુત્રી બોલીઃ-એ શ્વેતાંબરી સાધ્વી છે. સર્વ સાધ્વીઓમાં શિરોમણી છે, આમણે વડીલોને માન્ય છે, બાળપણથી જેમણે બ્રહ્મચર્ય ધારણ કર્યું છે, જેઓ નિરંતર દર્શન કરે છે અને ભક્તિપૂર્વક તેમને વંદન કરે છે [illegible] [illegible] [illegible]

ઋદ્ધિસુંદરીના મુખથી એ પ્રમાણે વચન શ્રવણ કરીને તે સર્વેએ ભક્તિપૂર્વક સાધ્વીને નમસ્કાર કર્યો; સાધ્વીએ પણ યોગ્યતા જાણી દ્રાક્ષરસસમાન ધર્મદેશના આપી:-' રોહણાદ્રિ સરખો મનુષ્યભવ પામી પ્રાણીએ ધર્મસેવનરૂપ રત્ન ગ્રહણ કરવાં એ યોગ્ય છે, પરંતુ જે મૂઢ મનુષ્યો મનુષ્યભવ પામી વિષયની અભિલાષા કરે છે તે કલ્પવૃક્ષ પાસેથી કર્પાદિકાની યાચના કર્યા જેવું કરે છે; માટે જો મોક્ષસુખની ઈચ્છા હોય તો સમ્યક્ત્વ અંગિકાર કરી સંયમ ગ્રહણ કરવું અને તપ તપવો. સંયમરૂપ મૂષામાં નાંખી તપરૂપ તેજસ્વી અગ્નિમાં તપ્ત થતો આત્મા કર્મમલથી મુક્ત થઇ સુવર્ણની પેઠે શુદ્ધ થાય છે. ”

સાધ્વીના મુખથી નિકળેલા વચનામૃતનું પાન કરવાથી મોહવિષને વમી નાંખી તેઓ બોલી:-' ભગવતિ ! તમે તો લીલા માત્રમાં સંયમ ગ્રહણ કર્યું છે, પરંતુ અમને તો તે મેરૂસમાન ગુરૂત્તર લાગે છે. ઉત્તમ વૃષભોજ શંકટનું ઉદ્વહન કરે છે, પણ બીજા ક્ષુદ્ર પશુ કરી શકતા નથી; માટે અમારી ઉપર કરૂણા કરી અમને ગૃહસ્થ ધર્મ આપો, જેથી અમે સુખી થઇએ.'

પછી સાધ્વીએ તેઓને યોગ્ય ગ્રહસ્થવ્રત આપી પ્રાંતે કહ્યું કે, 'ગ્રહણ કરવામાં વ્રત અશકયતાવાળી સ્ત્રીઓએ એક પરપુરૂષના ત્યાગરૂપ ચતુર્થવ્રત ગ્રહણ કરવું; કારણ કે અન્ય વ્રતો ખંડન થયા છતાં પણ સુવર્ણના કુંભની પેઠે તે ફરી ઘડાય છે, પરંતુ ખંડન કરેલ ચતુર્થવ્રત ખંડિત મોતીની પેઠે પુનઃસંસ્કારને યોગ્ય નથી. ચતુર્થવ્રત પાળવાથી દેવતાઓ સેવા કરનાર થાય છે; ઋદ્ધિ, સિદ્ધિ અને પ્રસિદ્ધિ થાય છે તથા સર્વ કાર્યો સિદ્ધ થાય છે. શીલ પાળનાર મનુષ્યને જળ સ્થળરૂપ થાય છે, શત્રુ મિત્રરૂપ થાય છે, અગ્નિ નીરરૂપ થાય છે, વિષ અમૃતરૂપ થાય છે, સર્પ ફુલની માળારૂપ થાય છે અને સિંહ શિયાળરૂપ થાય છે. માટે ઈષ્ટ વૈદ્યે ઉપદેશ કરેલાની પેઠે એ વ્રત કુલ સ્ત્રીઓને અવશ્ય અંગીકરણીય છે.'

તે પ્રમાણે સાંભળી 'હે સ્વામિનિ ! અમે તમારૂં એ બો-

લવું સત્ય કર્યું છે.' એમ બોલતી તે ચારે બાળાએ એ નિયમ ગ્રહણ કર્યો. સારી રીતે જૈનધર્મનું સેવન કરતાં તેઓનો કેટલોક કાળ નિર્ગમન થયો; પછી એક દિવસ નિંદપુરના ચંદ્ર નામે રાજાએ ચર પુરૂષના મુખથી રતિસુંદરીનું રતિને પણ પરાજય કરનારૂં રૂપ સાંભળી પોતાના પ્રધાનને મોકલી તેની માગણી કરી. નરકેસરી રાજાએ પણ હર્ષ પામી તેણીનો વિવાહ તેની સાથે કર્યો, અને સાક્ષાત્ લક્ષ્મી જેવી તે બાળાને સ્વયંવરથી લગ્ન કરવા ત્યાં મોકલી. ચંદ્ર નૃપતિએ શુભ દિવસે તેનું પાણિગ્રહણ કર્યું. નગરમાં તે દિવસે સર્વ સ્થળે આનંદ વર્તાઈ રહ્યો. ચંદ્રરાજા [1]કલાસહિત અને [2]સુવૃત્ત હતો, તોપણ વિશુદ્ધ પક્ષવાળી રતિસુંદરીથી જ્યોત્સ્ના વડે જેમ પૂર્ણચંદ્ર શોભે તેમ શોભવા લાગ્યો. તે સમયે કુરૂદેશથી મહેંદ્રસિંહ રાજાએ મોકલેલ દૂતે આવીને ચંદ્રનૃપતિ પ્રત્યે વિજ્ઞાપના કરી હે રાજન્! અમારા રાજાએ કહેવરાવ્યું છે કે, આપણા પૂર્વ પુરૂષોનો ઘણા કાળથી પરસ્પર નિર્મળ પ્રેમ હતો, તેઓના વંશમાં જન્મેલાઓ તેજ ધન્ય છે કે જેઓ પૂર્વ સંબંધનો ત્યાગ કરતા નથી; માટે તમારૂં જે વિષમકાર્ય હોય તે મને કહેવું, હું તત્કાળ તે કરી આપીશ. પરંતુ નવોઢા રતિસુંદરી ઉપર મારી અત્યંત પ્રીતિ છે, માટે તેણીને તમારે મારી પાસે મોકલી દેવી. જેથી આપણી પ્રીતિમાં વૃદ્ધિ થાય.'

દૂતનાં એવાં વચન શ્રવણ કરી અંતઃકરણમાં ક્રોધાતુર થયેલો ચંદ્રરાજા બહારથી કાંઈક હસીને બોલ્યો:--હે દૂત! સજ્જન અને વિનયી માણસ કોને વલ્લભ ન હોય? તારા રાજાએ યુક્ત કહ્યું છે, સૌજન્યતામાં તે નિશ્ચળ જણાય છે, બીજું જે કાર્ય હોય તે મને નિવેદન કર; પરંતુ દેવીને મોકલવાનું યુક્ત નથી. મહેંદ્રસિંહનો સ્નેહ વચનની પ્રતિપત્તિથી મેં જાણ્યો. પરંતુ આવો ગૌરવ કરીને શું વધારે છે?

---

૧ રાજાના અર્થમાં કળા હુન્નર. ચંદ્રપક્ષે કળા. ૨ રાજા પક્ષે સુંદર સારા આચરણવાળો. ચંદ્રપક્ષે સુંદર ગોળ.

દૂત બોલ્યો:—મહેંદ્રસિંહ દેવીને વિષે પરમ ઉત્સુક છે, માટે તેનું ખંડન કરવું યુક્ત નથી. મર્યાદામાં રહેલ દરિત રૂઠમાન થયે ભયંકર થઇ પડે છે. હાલ તો એ શાંત રીતે માગે છે, પરંતુ નહિ માનો તો હઠથી ગ્રહણ કરશે.

તેવારે ક્રોધાતુર થઇ ચંદ્રરાજા બોલ્યો:—શું પરસ્ત્રીની ઈચ્છા કરે તે રાજા કહેવાય ? નહિં. યૌવનમાં અંધ થયેલ માતા જે કાર્ય કરે તે કુપુત્રજ પ્રકાશ કરે છે. હે દૂત ! તું જાણતો નથી કે કોઈ માણસ પોતાની સ્ત્રી મોકલે ? સર્પ જીવતો છતાં તેના મસ્તકની મણિ ગ્રહણ કરાય ? માટે અહીંથી ચાલ્યો જા.

દૂત:—'રાજન્ ! સ્ત્રીને આપીને પણ આત્માનું રક્ષણ કરવું. વિચક્ષણ પુરૂષોએ કહ્યું છે કે:-સેવકવડે દ્રવ્યનું રક્ષણ કરવું, દ્રવ્ય અને સેવકથી સ્ત્રીનું રક્ષણ કરવું અને દ્રવ્ય, સેવક તથા સ્ત્રી એ ત્રણેથી આત્માનું રક્ષણ કરવું.'

એ પ્રમાણે બોલતા દૂતને ચંદ્રનૃપતિએ ગળે પકડીને કાઢી મૂક્યો. અપમાન પામેલા દૂતે ક્રોધાતુર થઈ વિશેષપણે તે વૃત્તાંત પોતાના ભૂપતિને જણાવ્યો. તેવારે કોપાયમાન થયેલો મહેંદ્રસિંહ ચતુરંગ સેનાએ પરિવૃત થઈ લડવાને આવ્યો. ચંદ્રરાજ સૈન્ય સહીત સામો ગયો, દારૂણ યુદ્ધ થયું, હાથી હાથી સાથે, ઘોડેસ્વાર ઘોડેસ્વાર સાથે, અને પાયદળ પાયદળની સાથે એમ ભયંકર યુદ્ધ ચાલ્યું. પોત પોતાના સ્વામીના કાર્યમાં આસક્ત થયેલા સુભટો પ્રાણની પણ દરકાર ન કરતાં યુદ્ધ કરવા લાગ્યા. તેવામાં ચંદ્રરાજા પોતાની સેનામાં ભંગાણ પડેલું જોઇ સિંહનાદ કરતો પોતે ચાલ્યો અને શત્રુસેનાને ચોતરફ નસાડી. તે જોઇ મહેંદ્રસિંહ પોતે રણમાં આવ્યો. બંન્ને રાજાનું દારૂણ યુદ્ધ થયું. પ્રાંતે મહેંદ્રસિંહે ગદાનો ઘા કરી છળથી ચંદ્રરાજને પકડી લીધો, અને 'જાણ્યું જાણ્યું તારૂં શૌર્ય ' એમ કહી સેવક પુરૂષોને સોંપ્યો.

ચંદ્રરાજને પકડાયો જાણી તેની સર્વ સેના નાશી ગઈ, પછી મહેંદ્રસિંહનાં માણસો નગરમાં પેઠાં; તેઓ રતિસુંદરીને

પકડીને મહેંદ્રસિંહ પાસે લાવ્યા, તે પણ તેના લાભથી સંતોષ પામ્યો અને પોતાની ઇચ્છા પરિપૂર્ણ થઈ જાણી ચંદ્રરાજાને છોડી દઈ પોતાના નગરપ્રત્યે આવ્યો.

રતિસુંદરીને એકાંત મહેલમાં રાખી તેની સમીપે જઇ તે બોલ્યો:–'હે સુંદરિ! તારા રૂપનું વર્ણન સાંભળવાથી મારો તારી ઉપર અત્યંત રાગ થયો, તારે નિમિત્તે કરેલ પ્રયાસરૂપ વૃક્ષ આજે વૃદ્ધિ પામ્યું, હવે તું પ્રસાદદાન કરી તેને સફળ કર અને દુર્લભ એવા કુરુદેશના સામ્રાજ્યને તું ભોગવ.'

રાજાનાં એવાં વચન સાંભળી રતિસુંદરી મનમાં વિચારવા લાગી કે, મારૂં ચિત્ત નહિ જાણતાં આણે કામાંધ થઈ મારે અર્થે ઘણા પ્રાણિઓનો સંહાર કર્યો, મારા પતિને કષ્ટમાં નાંખ્યો અને પોતાના આત્માને કદર્થના પમાડી. અરેરે! મારૂં રૂપ તે વિરૂપ થયું, કારણ કે ઘણા અનર્થને આપનાર થયું. હવે હું શીલનું શી રીતે રક્ષણ કરીશ? અહીં મારાથી તેની સામે તો નહિ થવાય. માટે શાંત રીતે એ કામીને તેની ઇચ્છામાં વિલંબ કરાવું.' એમ વિચારી તે બોલી:–રાજન્! મારા ઉપર તમારો અત્યંત રાગ જણાય છે, પરંતુ તમારી પાસે હું કાંઈક પ્રાર્થના કરૂં છું તે અન્યથા ન કરશો.'

રાજા બોલ્યો:–'તું જે [illegible] માગીશ તો તે હું આપીશ.' તે બોલી–'[illegible] સુધી તમારે મારા શીલનો ભંગ ન કરવો.' રાજાએ કહ્યું–[illegible] કરતાં પણ તે [illegible] કે, તારી [illegible] ભંગ હું નહિ કરૂં.

[illegible]

સ્થિ અને ચામડી શિવાય બીજું કાંઈ જણાતું નહોતું, શરીરનો કૃશનવર્ણ થઈ ગયો હતો અને જાણે બળી ગયેલી કમલિની હોય તેવી જણાતી હતી. તેણીને તેવી જોઈ મનમાં વિસ્મય પામી રાજાએ પુછયું:-હે કાંતે! તારા શરીરમાં કાંઇ વ્યાધિ પીડા કરે છે? અથવા મનમાં કાંઇ આધિ છે? જેથી તારૂં શરીર આવું થઇ ગયું.

તે બોલી:—'મેં વૈરાગ્યને લીધે તીવ્ર તપ આરંભ્યું છે, પ્રાણાંત થાય તોપણ મારે તે પાલન કરવું છે, અને તેને લીધેજ મારૂં શરીર દુર્બલ થયું છે.

રાજાએ પૂછયું:—“આવી સમૃદ્ધિમાં તારે વૈરાગ્યનું શું કારણ છે?”

તે બોલી:—'દેવ! આ શરીરજ વૈરાગ્યનું કારણ છે. કારણ કે તે રૂધિર, આમિષ, મેદ, અસ્થિ અને મળમૂત્રાદિકે પૂરિત છે અને નિરંતર તેમાંથી દુર્ગંધમય રસો ઝર્યા કરે છે. મર્દન, સ્નાન, ખાનપાન, શૃંગાર અને વિલેપન વગેરેથી તેનો સત્કાર કર્યા છતાં પણ તે દુર્જનની પેઠે વિક્રિયાને પામે છે. દુકૂલ, સુવર્ણનાં આભૂષણ અને મોતી વગેરે અમૂલ્ય વસ્તુઓ આ શરીરના સંસર્ગથી અલ્પમૂલ્યવાળાં થઇ જાય છે. એવા નિર્ગુણ શરીર ઉપર મનુષ્યો મોહ પામે છે તે અજ્ઞાનતા છે.

શરીર ઉપરથી વિરામ થાય એવી તેની વાણી સાંભળીને પણ રાજાના મનમાં કાંઈ વિચાર આવ્યો નહિ અને હસીને બોલ્યો:-'હે ચતુરે! તારો અભિગ્રહ પૂર્ણ કર એટલે તું સ્વસ્થ થઇશ.' એમ કહી ચાલ્યો ગયો. પછી જ્યારે અભિગ્રહ પૂર્ણ થયો ત્યારે રાજા ઉત્કંઠિત હૃદયે આવ્યો અને બોલ્યો:-'હે પ્રિયે! તારા વદનકમળ ઉપર ભ્રમરની પેઠે હું લુબ્ધ થયેલો છું.'

તે સાંભળી રતિસુંદરી બોલી:—'મેં આજેજ પારણું કર્યું છે તેથી મારે શરીરે ઠીક નથી. માથું દુઃખે છે, શૂળ આવે છે અને સર્વ અસ્થિઓ તુટે છે, છતાં પણ મારો સંગમ કરવામાં તમે કેમ ઉત્સુક છો?' એમ કહ્યા છતાં પણ રાજાએ પોતાનો

કેવું ધૈર્ય છે, તેનું જીવિત ધન્યતર છે, તેનો મનુષ્યાવતાર સફળ છે કે જેની દેવતાઓ પણ સહાય કરે છે.' એમ વિચારી વારંવાર તેણીને ક્ષમાવી પોતાની બહેન પ્રમાણે ગણી શૃંગાર વસ્ત્ર અને આભૂષણવડે તેનો સત્કાર કરી પોતાના પ્રધાન સાથે તેણીને નંદપુર મોકલાવી, અને ચંદ્રનૃપતિને કહેવરાવ્યું કે એ મારી બહેન છે, મારી ધર્મગુરૂ છે, મહા સતી છે અને દેવોએ એની રક્ષા કરેલી છે. તેની ઉપર તમારે જરા પણ શંકા ન લાવવી. મારો અપરાધ તમારે ક્ષમા કરવો, તમેજ જગતમાં ધન્ય છો કે જેને ઘરે સાક્ષાત્ લક્ષ્મીની પેઠે આ મહાસતી વિલાસ કરે છે. પ્રધાનના મુખથી એવી રીતે સમગ્ર વૃત્તાંત સાંભળી તથા રતિસુંદરીને કૃશાંગી જોઇ ચંદ્રભૂપતિ ચમત્કાર પામ્યો અને પોતાની સ્ત્રીનું અલૌકિક સાહસ અને અખંડ શીલ જાણી હર્ષ પામ્યો; પછી રતિસુંદરીની સાથે સુખે રાજ્ય ભોગવ્યું. એ પ્રમાણે રતિસુંદરીએ સાધ્વીની પાસેથી ગ્રહણ કરેલ વ્રત અખંડ રીતે પાળ્યું.

હવે પ્રધાનપુત્રી બુદ્ધિસુંદરીને તેના પિતાએ સુસીમ નગરના સુકીર્ત્તિ રાજાના પ્રધાન વેરે પરણાવી. તેનું નામ તારાધિપ હતું. સૌમ્ય, કુવલયને ઉલ્લસિત કરનાર, સંતાપ નાશ કરનાર તારાધિપ ચંદ્રથી જેમ પુર્ણિમાની રાત્રી શોભે તેમ તે ભર્ત્તારથી બુદ્ધિસુંદરી શોભવા લાગી. એક દિવસ લાવણ્યરૂપી અમૃતની વાપિકાસમાન તેણીને તેના મહેલમાં ક્રીડા કરતી રાજાએ જોઈ, તેણીનું રૂપ જોઈ રાજાનું મન તેના ઉપર અત્યંત લીન થયું, પછી કામાગ્નિથી તપ્ત થયેલ રાજાએ પોતાની એક દાસીને તે બુદ્ધિસુંદરી પાસે મોકલી, તે દાસીએ તેણીને ઘણી રીતે લલચાવી, પરંતુ તેણીએ તેનું વચન માન્યું નહિ, ને તેની નિર્ભર્ત્સના કરીને કાઢી મૂકી.

તે ઉપરથી રાજા તે પ્રકારે તેણીને પકડી લાવવી એવો વિચાર પ્રગટ કરવા લાગ્યો. અને જેમ કામી પુરૂષ કોઈ પણ અકાર્ય કરવાથી ડરતો નથી, તેમ રાજાએ પણ પોતાના કુળની મર્યાદા

છોડી મંત્રીને માથે મંત્રભેદનો ગુન્હો મૂકી તેની સ્ત્રીસહિત કેદ કર્યો, તેવારે નગરજનો એકત્ર થઈ નૃપતિને કહેવા લાગ્યા:— રાજન્! એ મંત્રી એવું કામ કરે તેવો નથી. વળી તે ઉત્તમ કુળમાં જન્મેલો છે, તેથી કોઈ દિવસ સ્વામીદ્રોહનું કાર્ય ન કરે. તમને કોઈ ખળ પુરૂષે ખોટું સમજાવ્યું હશે. માટે જેવી રીતે પ્રજાને પોતાની જાણો છો અને પિતાની પેઠે પાલના કરો છો તેવી રીતે એને છોડી દો.

તે સાંભળી રાજાએ કહ્યું:—'તમે જો ખાત્રી કરી આપો તો સ્ત્રી વિના તેને એકલાને છોડું.' રાજાના તેવા વચનથી તેનો મનોભાવ જાણીને પુરજનો ચાલ્યા ગયા. રાજા પણ તે બુદ્ધિસુંદરીને અંતઃપુરમાં તેડાવી તેની પાસે ગયો અને કહેવા લાગ્યો કે:-હે સુંદરિ! દૂતીની નિર્ભર્ત્સના કરીને શું સૌભાગ્ય ઉપર મંજરીની ઈચ્છા રાખે છે? તે દિવસેજ જો દૂતીનું વચન માન્ય કર્યું હોત તો આટલી વિપત્તિ ન ભોગવવી પડત. કારણ કે શાંત રીતે કાર્ય સિદ્ધિ થાય તો પ્રચંડદંડ કોણ કરે? હે માનુની! હવે જો મનમાં માન અપમાનને ગણતી હોય તો મારૂં વચન કબુલ કર.

ભૂપતિનાં એવાં વચન સાંભળી સંવેગરૂપી પાણીની તરંગીણીસમાન તે બુદ્ધિસુંદરી રાજાને બોધ કરવાને આદરસહિત બોલી:-રાજન્! હીન જાતિના મનુષ્યો આવા અકાર્યમાં પ્રવૃત્ત થાય છે. તમારા જેવા કુલીનોને એવું પાપ કાર્ય કરવું ઘટતું નથી. કહ્યું છે કે:—

संतोविषयानलैः संतप्ताअपिस्वांस्थितिं न मुंचंति।
मरुद्भिर्वातैःक्षोभिता, स्वमर्यादांसमुद्राइव ॥ १ ॥

ભાવાર્થ:—"જેમ પ્રબળ વાયરાએ ક્ષોભિત કર્યા છતાં મર્યાદાવાળો સમુદ્ર પોતાની સ્થિતિને છોડતો નથી, તેમ વિષયાગ્નિથી સંતપ્ત થયેલા હોય તોપણ સંતપુરૂષો પોતાની સ્થિતિને છોડતા નથી."

વળી હે રાજન્! ધર્મમાર્ગનું પ્રવર્ત્તન કરવાથી રાજાઓ ઋષિ

સમાન કહેવાય છે, તેઓજ જ્યારે અન્યાય કરવામાં પ્રવર્ત્તે તો રાક્ષસસમાન ગણાય; માટે પોતાના અપત્ય જેવી જે પ્રજા તેને ભોગવવાની ઈચ્છા રાજાએ કરવી ઘટિત નથી. વળી તમારા અંતઃપુરમાં ઘણી સ્વરૂપવાન્ સ્ત્રીઓ છે તોપણ તમે મારા જેવીની પ્રાર્થના કરતાં લજવાતા નથી? હે ભૂપતિ! પરસ્ત્રીના પ્રસંગથી જગત્‌માં અપયશ થાય છે, માટે આપે એ કાર્યથી દૂર રહેવું જોઇએ.

એવી રીતે યુક્તિપૂર્વક તેણીએ કહ્યું, પણ તે મૂઢબુદ્ધિવાળાએ સાંભળ્યું પણ નહિ, અને હસીને બોલ્યો:-હે લલના! એ સર્વે હું જાણું છું, પણ એવા વિતર્ક, રસિક મનુષ્યોને ઘટતા નથી. તેનો એવો નિશ્ચય જાણીને બુદ્ધિસુંદરીએ તેને કાલવિલંબ કરાવી આશામાં નાંખવા ધાર્યો, અને આદરપૂર્વક બોલી:--જો આપની એવીજ ઈચ્છા વર્તે છે તો મારા નિયમ સુધી આપ અટકો. તે પછી આપ કહેશો તેમ કરીશ. નિયમભંગથી મારૂં મન વધારે દુઃખાય છે.

તેના એવા કથનથી સંતોષ માની સ્ત્રીઓને વશ કરવાનું મૂળ માર્દવતા છે એમ યાદ લાવી રાજાએ તેનું વચન સ્વીકાર્યું, તેણી પણ સ્વસ્થ થઈ હવે પછી શું કરવું અને રાજાને કેમ પ્રતિબોધવો એમ વિચારવા લાગી.

પછી તેણીએ કાદવ વગેરે વસ્તુની પોતાના જેવી મૂર્તિ કરી, અને તેને પોતાની ચતુરાઈથી વર્ણ લગાવી મનોહર બનાવી તેમાં એવી ખુબી આણી કે જાણે તે મદનવતી હોય તેવી જોનાર માણસને જણાય. પછી તે મૂર્તિ રાજાને બતાવીને બોલી:-'હું આના જેવી છું કે નહિ.' તે વખતે રાજા સમ્યક્‌રીતે જોઇને તેના કળા કૌશલ્યથી ખુશી થતો બોલ્યો:-અહો! તેના શરીરમાં વર્ણવિન્યાસ એવી ચતુરાઇથી કર્યો છે કે જાણે તારી જેવી હસતી હોય અને જોતી હોય એવી તે દેખાય છે. હે મુગ્ધે! આ સ્વરૂપ બનાવીને તેં તારૂં અપૂર્વ વિજ્ઞાન બતાવ્યું છે! જેના હૃદયમાં તું સ્થિત છે તેને એ સુખ આપનાર થાય છે.

તેવારે તે બોલી:—'જો એમ છે તો તે સુખ આપનારીને તમે તમારા મહેલમાં રાખો, અને તમને આ ભવ તથા પરભવમાં દુ:ખ આપનારી જે હું તેને છોડી દો.'

રાજાએ કહ્યું:--'હે પ્રિયે! તારા અંગનો સંગ કરવાની આશારૂપ દોરડીથી મારા પ્રાણ બંધાયેલા છે, તે એમ કરવાથી શશલાનીપેઠે નીકળી જશે.'

બુદ્ધિસુંદરી--સ્વામિન્! એમ શા માટે થાય? એ મારાથી પણ અધિક છે; કારણ કે તે મદનવતી છે અને હું કામદેવથી વર્જિત છું. એમ કહી તે પુતળીને રાજાની આગળ મૂકી, તેને તેણે ઈર્ષાથી ફેંકી એટલે તત્કાળ તે ભાગી ગઈ અને તેમાંથી દુર્ગંધિ અશુચિ પદાર્થો નિકળ્યા, તે જોઈ રાજાએ કહ્યું:-હે પ્રિયે! બાળકોને પણ નિંદિત એવી તેં આ શું ચેષ્ટા કરી?

તે બોલી—મેં સ્વેચ્છાએ મારી મુર્તિ બનાવી છે, એ સ્ત્રી મારા જેવીજ છે, અથવા હું એનાથી પણ હીન છું. કારણ કે તે જળ અને અગ્નિવડે શુધ કર્યાથી શુદ્ધ થાય છે અને હું તો સુવર્ણ અને રત્નાદિના સંસ્કારવડે પણ શુદ્ધ થતી નથી. આ શરીરરૂપવૃક્ષ અશુચિવડે વવાય છે, અશુચિથી વૃદ્ધિ પામે છે, અશુચિએ ભરેલું છે અને નિરંતર તેમાંથી અશુચિ ઝરે છે. માટે હે કોવિદ! આ કુત્સિત કલેવરને માટે નરકની આપત્તિને સત્કાર શું કામ કરે છે? માંસની આશામાં આશક્ત થયેલા માછલાની પેઠે તિલમાત્ર સુખને માટે મેરૂથી પણ અધિક નરકનાં દુ:ખ શા માટે મેળવે છે? દુર્ગતિનાં દ્વાર જેણે વાસી દીધાં છે એવું ઉજ્વળ શીલ જે પાળે છે તેની આપત્તિ નાશ પામે છે અને રૂડા પ્રકારનાં સુખ પામે છે. હે રાજન્! નરકાદિના દુ:ખનો ભય ન હોય તો તમારા જેવા સજ્જન પુરૂષોનો સંગ કોને સુખકારી ન લાગે? પરંતુ ભોગ સુખ તો થોડા કાળનું અને તેના વિપાકનું દુ:ખ પલ્યોપમ અને સાગરોપમ સુધી ભોગવવું પડે, તેથીજ તે કાર્યથી હું ડરું છું. વળી મારા સરખી તમારા અંત:પુરમાં ઘણી રાણીઓ છે છતાં

તમે મારામાં શું અધિક દેખો છો જેથી મારી ઈચ્છા વધારે કરો છો? હે રાજન્! સર્વે સ્ત્રીઓ બહારથી સુંદર અને પવિત્ર જણાય છે પણ અંદર તો સર્વે વિષ્ટાએ ભરેલી છે, તેમાં કોને ઇષ્ટ અને અનિષ્ટ માનવી? તમે આ સર્વે જાણો છો તોપણ બાળકની પેઠે હજી કેમ કદાગ્રહ છોડતા નથી? બાળક જેમ ચંદ્ર એક છતાં પણ જળ જળને વિષે જૂદા જૂદા દેખે છે, તેમ કામીપુરૂષો અન્ય અન્ય સ્ત્રીની સાથે કામ ભોગની વાંછા કરે છે.

એવો તેણીનો ઉપદેશ સાંભળીને રાજા તત્કાળ પ્રતિબોધ પામ્યો, અને હસ્ત જોડી બોલ્યોઃ—'હે સુંદરિ! તેં ઠીક કહ્યું, મેં હમણાંજ તત્વ જાણ્યું, મને મોહાંધને તેં વિવેકરૂપી લોચન આપી નરકરૂપી ખાડામાં પડતો બચાવ્યો; તેં મને ભલે પ્રકારે સમજાવી કુકર્મથી અટકાવ્યો, માટે હે ધર્મ આપનારી! હવે (કહે તારૂં હું શું ઇષ્ટ કરૂં.

બુદ્ધિસુંદરીએ કહ્યું:—મહારાજ! તમે પરસ્ત્રીસંગ નિવારો પ્રજાજનો એવા રાજાથી અત્યંત આનંદ પામે છે, બ્રહ્મચ(પાળનારની કીર્ત્તિ ચોતરફ ફેલાય છે અને તે પરલોકમાં પ(સુખનો ભોક્તા થાય છે.

તે સાંભળી રાજા પરદારાથી પરાઙ્મુખ થયો અને તેણી(કહેવા લાગ્યો કે:-હે સુંદરિ! મેં તારૂં વચન અંગીકાર કર્યું હવેથી મને સત્યમાર્ગ જણાયો; તેં મને કુમાર્ગેથી દૂર કર(સુમાર્ગે ચડાવ્યો તેથી તારો હું આભારી છું.

પછી રાજાએ વસ્ત્રાભરણ વગેરેથી તેનો સત્કાર કરી તેણી(આડંબરથી તેને ઘરે પહોંચાડી. મંત્રીને છોડી મૂકી તેને બ(માનપૂર્વક તેની જગ્યાએ સ્થાપન કર્યો, મંત્રીશ્વર પોતાન(સ્ત્રીનો એવો વૃત્તાંત જાણી અત્યંત ખુશી થયો, બુદ્ધિસુંદરીન(કીર્તિ આખા નગરમાં ફેલાણી અને બીજી સ્ત્રીઓ તેનું દ્રષ્ટાં(લઈ પોતાના દુર્ગુણથી વિરક્ત થઈ. એ પ્રમાણે બુદ્ધિસુંદરીએ સંકટ ભોગવીને પણ પોતાના શીલનું સંરક્ષણ કર્યું.

હવે ત્રીજી ઋદ્ધિસુંદરીના સંબંધમાં એવું બન્યું કે, (

સમયે તામ્રલિપ્તપુરના રહેનાર શ્રીદત્ત નામે વણિકનો જીનધર્મ વાસિત અંતઃકરણવાળો સુધર્મ નામે પુત્ર સાકેતપુરે વ્યાપાર કરવાને આવ્યો હતો, તેણે એક દિવસ સખીઓ સાથે રાજમાર્ગમાં જતી ઋદ્ધિસુંદરીને જોઇ, તેણીને અતિ રૂપવંતી જોઇ મનમાં વિચાર્યું કે, આ અસાર અને સુખવર્જિત સંસાર સમુદ્રમાં લક્ષ્મીની પેઠે આ કુમારીજ સારભૂત છે; જો એની સાથે દૈવયોગે મારો વિવાહ થાય તો ભોગ સર્વે સુખનાં વિસ્તારવાળા ગણાય, નહિં તો રોગસમાન ગણાય.' એમ ચિંતવતાં વારી રાખ્યા છતાં પણ ધાન્યના ક્ષેત્રને વિષે જેમ ગાય પડે, તેમ તેની ઉપર તેની દ્રષ્ટિ પડી. વિવિધ પ્રકારની ક્રીડા અને કુતુહલ જોવામાં વ્યગ્ર એવી ઋદ્ધિસુંદરીએ પણ સુધર્મ ઉપર પોતાની દ્રષ્ટિ સ્થાપન કરી. એમ એ બન્નેને પરસ્પર રક્ત થયેલ જોઇ સખીએ કહ્યું:—'સર્વ જનોની સમક્ષ આપણી સ્વામિનીના હૃદયને ચોરનારો આ પુરૂષ ખરેખરો ચોર છે.'

બીજી બોલી—'સખી! એ વણિકદાતા પણ જણાય છે, કારણ કે તેણે સહજમાત્રમાં પોતાનું ચિત્તરૂપી દ્રવ્ય સ્વામિનીને અર્પણ કર્યું.

ત્રીજીએ કહ્યું:—એ રાંક છે, કારણ કે કામના તીક્ષ્ણબાણથી હણાયેલો તે જીવિતનો અર્થી થઇને સંજીવિનીરૂપ સ્વામિનીને આશરે આવેલો છે.

હવે પોતાના મનની ચોર સખીઓ જાણી ગઇ એમ સમજી વિલક્ષ થયેલી ઋદ્ધિસુંદરી બોલી:—એ વાતે સર્યું. હવે આપણું આગળ ચાલો; તેવામાં સુધર્મને સ્વભાવથી છીંક આવી, અને અંતે તે નમોજિનેંદ્રેભ્યઃ એ વાક્ય બોલ્યો; તે સાંભળી ઋદ્ધિસુંદરીનું મન અત્યંત ઉલ્લાસ પામ્યું, અને મનમાં બોલી કે આ જૈનધર્મી જણાય છે. જીનાજ્ઞને વિષે એ સ્થિર છે.

આ સર્વ વૃત્તાંત સાંભળીને મુનિચંદ્ર વ્યવહારી મતિસાગર મંત્રીને મિત્ર જેવની પેઠે સુધર્મનું વિજ્ઞાન અને ધર્મસ્વરૂપ પૂછ્યા લાગ્યો. જૈનપૂજાના સ્થાન વિષે તેની એકતા જાણીને મ-

ત્યંત હર્ષ પામ્યો, અને તેજ સમયે પોતે તેના આવાસે જઇને ઋદ્ધિસુંદરીનો તેની સાથે વિવાહ કર્યો, શુભમુહૂર્ત્ત આવ્યે મોટા આડંબરથી લગ્ન કર્યું; ઘણા કુળવાન રૂપવંત અને કળાવાન જનોએ તેને માટે પ્રથમ યાચના કરેલી પણ તેઓને મિથ્યાત્વી જાણી જેણે પૂર્વે પોતાની કન્યા કોઇને પણ આપી ન હતી, તે જિનેશ્વર ધર્મના તત્વને જાણનાર સુધર્મને પ્રાર્થના કર્યા વિનાજ પ્રાપ્ત થઈ. ખરે અર્હન્મતને વિષે દ્રઢ શ્રદ્ધાથી રહેનારા મનુષ્યો પ્રાર્થના કર્યા શિવાય પગલે પગલે લાભ મેળવે છે!

વિવાહ વીત્યા પછી સિદ્ધ મનોરથવાળો ધર્મ પોતાનું કાર્ય પૂર્ણ કરી પ્રિયાને સાથે લઈ તામ્રલિપ્તિ નગરે આવ્યો. અભિન્ન ચિત્ત અને સ્વભાવવાળા તે દંપતિને એવો પ્રેમ થયો કે નિમેશમાત્ર પણ એકબીજાના વિયોગને સહન કરી શકે નહિ. એમ ત્યાં ઘણા દિવસ સુખભોગ ભોગવ્યા પછી એક દિવસ સુધર્મ દ્રવ્યપ્રાપ્તિને માટે કરિયાણાનાં વહાણો ભરી પ્રિયાસહિત સમુદ્રમાં ચાલ્યો; કેટલેક દૂર ગયા પછી દુર્દૈવના યોગથી દુર્દિન થયો, સમુદ્રના કલ્લોલ ઉછાળા મારવા લાગ્યાં, ભયંકર પવન વાવા લાગ્યો, સેવક પુરૂષોએ સમુદ્રને તોફાની જોઈ નાંગરનું અવલંબન કર્યું. શિતપટ સંકોચ્યા અને પોત પોતાના દેવની સ્તુતિ કરવા માંડી; તે દંપત્તિએ પણ મરણાંતકષ્ટ સમીપ આવ્યું જાણી સાગારી અનશન ગ્રહણ કર્યું, અને ધર્મધ્યાન કરતા બેઠા. એવામાં તો જાણે વહાણ ચક્રથી આવિષ્ટ થયેલું હોય તેમ જરાવાર જળમાં ઉંચું ભમીને, યુવતિના ચિત્તને વિષે સ્થાપન કરેલા ગુહ્યની પેઠે સ્ફુટ થયું. તે સમયે પાણીમાં વારંવાર ઉંચે નિચે જનાર તેઓને દૈવયોગે પાટીઉં હાથ આવ્યું, તેના યોગથી ત્રણ ચાર દિવસે તેઓ સમુદ્રતટે કોઇ જગ્યાએ નિકળ્યા; અને મળ્યા જાણી અત્યંત હર્ષ પામ્યા, પરંતુ પોતાની પ્રાણપ્રિયાને વિપત્તિમાં આવી પડેલી જોઈ ધર્મ ખેદ પામ્યો; તવારે ઋદ્ધિસુંદરી બોલી:-સ્વામિન્! મનમાં ખેદ શું ધરો છો, આ સંસાર સમુદ્રમાં વિપત્તિ તો સુલભ છે, પરંતુ ધર્મ દુર્લભ છે; માટે જિન

ધર્મના તત્વને જાણનારા મનુષ્યોએ સંપત્તિમાં પ્રમોદ ન કરવો અને વિપત્તિમાં ખેદ ન કરવો. કારણ કે પ્રાણિને પૂર્વના પુણ્ય પાપના યોગ પ્રમાણે સુખ દુઃખ પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કેઃ—

सुख दुःखेच भोक्तव्ये धीरैर्वा कातरैं नरैः।
भवितव्यं ततो धीरै रुत्तमैः साहसान्वितैः ॥

ભાવાર્થઃ—ધીર અને કાતર બન્ને પ્રકારના મનુષ્યોને સુખ દુઃખ તો ભોગવવુંજ પડે છે, માટે ધીર અને ઉત્તમ પુરૂષોએ સાહસિક થઇને તે સહન કરવું. માટે આપણે દુઃખના વખતમાં શોચ ન કરતાં ધીરજ ધરવી એજ શ્રેષ્ઠ છે અને સુખના વખતમાં શાંત સ્વભાવ રાખી પુણ્યારાધનમાં તત્પર થવું એજ શ્રેષ્ઠ છે.

એમ દુઃખના સમયમાં એક બીજાને ધૈર્ય આપી દુઃખમાં પણ સુખ માનનાર અને શ્રાદ્ધધર્મમાં દૃઢ ચિત્ત રાખનાર તે પ્રેમી દંપતિ તે સ્થળે વહાણ ભાગ્યાનું ચિન્હ સ્થાપન કરી, ફળ ફળાદીથી નિર્વાહ કરતાં ત્યાં રહ્યાં. એક દિવસ તે માર્ગે થઇને જનાર વાહાણના મનુષ્યોએ તે ચિન્હ જોયું, તેથી તરતજ કાંઠે માણસ મોકલીને કહેવરાવ્યું કે, 'સુલોચન નામે સાર્થવાહ દંબુદ્વીપ પ્રત્યે જાય છે, જો તમારી ઇચ્છા અમારી સાથે આવવાની હોય તો વાહાણ ઉપર ચાલો.'

એવું સાંભળી તે સુખી દંપતિ નાવડીમાં બેઠા, શ્રેષ્ઠીએ તેઓને હર્ષથી વાહાણપર લીધા અને સારી રીતે સન્માન આપી બેસાર્યા; અનુક્રમે ઘણા દિવસ વાહાણમાં નિર્ગમન થયા પછી ઋદ્ધિસુંદરીને જોઇ કામાતુર થયેલા સુલોચન શ્રેષ્ઠીની દ્રષ્ટિ ફરી, તેથી મનમાં વિચારવા લાગ્યો કેઃ—'અહો! વિધિએ ઘણા કાળથી એકત્ર કરેલ વિજ્ઞાન આ સુલોચનાને બનાવી પ્રગટ કર્યું છે! એ ઉત્કંઠાપૂર્વક તે મારા કંઠનું આલિંગન કરે નહિ તો આ જીવિત, યૌવન, રૂપ અને ધન એ સર્વે નિરર્થક છે; પરંતુ એ પોતાના પતિને મૂકીને અન્ય પુરૂષને ઇચ્છે એવી નથી, માટે કાંઇક ઉપાય કર્યા શિવાય કાર્ય સિદ્ધિ નહિ થાય.' એ

રીતે *અનલ્પના સંકલ્પરૂપી સર્પે ડશેલો અને દુષ્ટ હૃદયવાળો તે ક્રૂર ભવ્યની પેઠે સુધર્મનો ઘાત કરવા તત્પર થયો. એક દિવસ સર્વે પરિજન વર્ગ સુઈ રહ્યા પછી પોતે તેજ વિચારમાં જાગતો હતો, તેવામાં મધ્યરાત્રે સુધર્મ લઘુશંકાર્થે ઉઠ્યો, તેવારે સુલોચને ઉઠી તેને પાછળથી ધક્કો મારી સમુદ્રમાં નાંખી દીધો.

આહા ! માણસ પોતાની દુષ્ટ વાસનાથી સિદ્ધિ માટે શું શું અકાર્ય કરે છે, પોતાની ઈચ્છાઓ તેમ કરવાથી પાર પડશે કે નહિ તેનો વિચાર કર્યા વિનાજ તેઓ અઘોર પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે. સુલોચન શેઠે તેવીજ રીતે કામાંધ થઈને આ મહા અધર્મ આચર્યો ! તેણે સુધર્મને સમુદ્રમાં નાંખીને પરસ્ત્રીની લોલુપતાથી પોતાના આત્માને ભવસમુદ્રમાં ડુબાડ્યો, તેનું હૃદય ધડકવા લાગ્યું, પોતાના અઘોર કૃત્યથી પણ થોડીવાર મનમાં હર્ષ ધર્યો, કે હવે પોતાની ઈચ્છા ફળીભૂત થશે એવા વિતર્ક કરવા માંડ્યા, અને પોતાનું દુષ્કૃત્ય ગુપ્ત રાખવામે બોલ્યા ચાલ્યા શિવાય સૂઈ રહ્યો.

પ્રભાતે પોતાના ભર્તારને ન જોવાથી ઋદ્ધિસુંદરીના મનમાં ત્રાશ પડ્યો, કાંઈ અમંગળ થયું છે એવી કલ્પના મનમાં ઉઠી આવવાથી મૂર્છા પામી, સચેતન થયે હવે શું કરૂં એ વિચારમાં લીન થઈ કરૂણાસ્વરે રૂદન કરવા માંડ્યું; તેવારે સુલોચન પાસે આવી ઋદ્ધિસુંદરીને ધીરજ આપવા માંડી વળી કહ્યું કે:—હે સુંદરિ! તારો નાથ ગયો તેથી તું ચિંતા ન કર, બનવાનું હતું તે બની ચુક્યું, માટે તેનો અપશોસ ન કરવો, ગયેલી વાતને ભૂલી જવું એ સંસારમાં રહેનારાનો નિયમ છે; હવે હું તારો નાથ થઈશ. મારૂં ઉપાર્જન કરેલું આ સર્વ દ્રવ્ય તારૂંજ છે, જે દૈવ્યે બનાવ્યું તેને માટે ખેદ ન કરવો અને સંતોષ પ્રાપ્ત થવાના નવા ઉપાય કરવા. હું તારૂં દાસપણું અંગિકાર કરીને નિવૃત્તિ પમાડીશ, વધારે શું કહું તું જે આજ્ઞા કરીશ તે સર્વે હું મસ્તકે ચડાવીશ.

* કામદેવ.

એવાં તેનાં પાપમય વચનો સાંભળી વિચક્ષણ સુંદરી વિચારવા લાગી કે, અહો ! આ અનર્થકારી રૂપને ધિક્કાર પડો. મારા આવા રૂપથી મારે વિષે રક્ત થઇ આ દુષ્ટે મારા પતિને સમુદ્રને વિષે નાંખ્યો, રાગ ગ્રહથી ગ્રસ્ત મનુષ્ય કાર્યાકાર્યનો વિચાર કરતાજ નથી; હવે શીલ રક્ષાર્થે હું પણ સમુદ્રમાં પડું, કારણ કે તે પતિવિના આ જીવિત શા કામનું ? પતિરહિત કુલ સ્ત્રીઓને મરણ એજ શરણ છે. પણ જિનશાસનને વિષે એવા બાળ મરણનો નિષેધ કર્યો છે, કારણ કે જીવતો મનુષ્ય ધર્માચરણ કરી પોતાના પાપનો ક્ષય કરી શકે છે. કદાચ જીવતાને કોઇ વખત કલ્યાણકારી સમય આવે છે, વિયોગી ઇષ્ટજનનો સંયોગ પણ થાય છે અને ગુમાવેલી વસ્તુ પણ મળી જાય છે, માટે એવું અજ્ઞાનાચરણ તો ન કરવું; તોપણ આ કામી મનુષ્યથી મારા શીલનું રક્ષણ થાય એવો ઉપાય કરવો ઘટે છે. જો બની શકે તો આ દુઃખમય પ્રસંગ સામપ્રકૃતિથી નિર્ગમન કરું, એમ વિચારી તે સુલોચન પ્રત્યે કહેવા લાગી:—હે સુભગ! સમુદ્રનો પાર પામ્યા પછી નિશ્ચયે હું તારું સમયોચિત હિત કરીશ.' એ સાંભળી તે સ્વસ્થ થયો અને પોતાનો કાળ આશામાં નિર્ગમન કરવા લાગ્યો. આશાલુબ્ધ મનુષ્ય સો વરસ સુધી વિલંબમાં રહે છે.

એવા વખતમાં સુલોચન શ્રેષ્ઠીએ કરેલા દુર્નયથી કોપ પામેલ હોય તેમ વાયુએ તે વહાણના શતખંડ કર્યા, સુંદરીને સ્વપ્નની પેઠે ફલક પ્રાપ્ત થયું, જેના યોગે ભવની જેવો ભીમ સમુદ્ર લીલા માત્રમાં ઉલ્લંઘન કર્યો. પુણ્યયોગે સુધર્મ તે પણ સમુદ્રમાં પડયા પછી ફલક પ્રાપ્ત થયું હતું તેના યોગથી જે નગરે તે નિકળ્યો હતો તેજ નગરે સુંદરી પણ નિકળી. પુણ્યયોગે અને અકસ્માત બને દંપતી અત્યંત સંતોષ પામ્યા, અને જાણે અમૃતથી સીંચાયેલા હોય તેવા હર્ષ પામતા તેઓએ એક શ્રીજિનના દર્શન પૂજન કર્યું. સુલોચનશેઠીને આપત્તિ પડી એમ જાણી દેખતાં મનમાં ખેદ પામ્યો. અહો જુઓ તેની કૃપાણુ-

તા! કેવી તેની ઉમદા મનોવૃત્તિ કે અપકાર કરનારના દુઃખને માટે પણ મનમાં લાગી આવ્યું! પ્રાયે સતૃજનો અપકારી ઉપર પણ ઉપકાર કરનારા હોય છે.

પુનઃ ઋદ્ધિસુંદરી બોલીઃ--પ્રિયે! ધન્ય છે અરિહંત અને ગણધરોને કે જેઓની સમીપે રહેલા જીવો અશુભ ભાવનાને તજે છે. આપણી સમીપે રહેનાર તે સુલોચનશ્રેષ્ટીનું ધર્મસાધન તો દૂર રહ્યું પણ ઉલટા પાપ પરિણામ અધિક થયા. જીવોની કર્મપરિણતીજ વિચિત્ર છે, જે કર્મપરિણતીના યોગે નિરિચ્છાથી આપણને તીરદાન આપવાનો ઉપકાર કરનાર લોચનશ્રેષ્ટી જીવનસંદેહ તથા ધનહાનીને પ્રાપ્ત થયો.

એમ ભાવના ભાવતાં તેઓને નિરૂપમ રૂપવાળા જોઇને ત્યાં આવેલ તટસ્થ ગ્રામનો અધિપતિ ચમત્કાર પામ્યો, અને મનમાં વિચારવા લાગ્યો કેઃ--સૌમ્ય વદનવાળો અને મદનસદૃશ રૂપવાળો આ પુરૂષ પ્રિયાની સાથે કોઈ પણ સ્થળેથી અત્રે આવેલો જણાય છે. જાણે કોઈ દેવનો અવતાર હોય એવો તે જણાય છે, માટે મારા દ્રવ્યને અનુસારે એ અભ્યાગત પુરૂષરત્નનો હું ગૌરવ તથા ઉદ્ધાર કરૂં. એમ વિચારી તેને બહુ માનથી બોલાવી આનંદસહિત પોતાને આવાસે લઈ ગયો, અને પોતાના દ્રવ્યવડે ઉપચાર કરી તેને સ્વસ્થચિત્તવાળા બનાવ્યા અને સારી રીતે સત્કાર કર્યો. પછી ત્યાં તેઓ સુખમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યા.

હવે વહાણ ભાગ્યા પછી લોચનશ્રેષ્ટીને આ પાપી છે એમ ધારી જાણે સમુદ્રે ફેંકી દીધો હોય તેમ કાંઈક કાષ્ટ હાથ આવ્યું, મત્સ્યોએ તેનું શરીર વિદારી નાંખ્યું હતું તેથી મહા કષ્ટ પામતો તે શ્રેષ્ટી પેલા કાષ્ટના યોગે સમુદ્રના તટે નિકળ્યો; ત્યાં આમ તેમ ભમતાં કોઈ પલ્લીમાં ગયો, પણ ત્યાં અન્ન ન મળવાથી ક્ષુધિત થયેલો તે માંસલુબ્ધ થયો. ભૂખ્યો માણસ શું ખાવાની ઈચ્છા ન કરે?

તે માંસના આહારથી તેના શરીરમાં વિકાર થયો, તેથી

અત્યંત કષ્ટ ઉત્પન્ન કરનાર કોઢ નિકળ્યો. એવી રીતે ધર્મપાપ કરીને જે માણસ મનોરથની સિદ્ધિ ઇચ્છે છે તે એવો દુઃખી થાય છે. જૂઓ વિધિની રચના! જેણે પોતાની ઇચ્છા સફળ કરવાને અઘોર પાપ કરી આનંદ માન્યો તેના આ હાલ થયા. અને શુદ્ધ હૃદયવાળાં તે દંપતી સમુદ્રમાં પડ્યા છતાં પણ સુખને પ્રાપ્ત થયાં.

અન્યદા દુઃખે રીબાતો તે લોચનશેઠી જળ માગવાને માટે જે આવાસમાં ધર્મશેઠ અને સુંદરી રહ્યાં છે ત્યાં આવ્યો, સુંદરીએ રૂપથી તેને ઓળખ્યો, તેથી મનમાં દયા આવી, અને ઘરમાં જઈ પતિને ખબર આપ્યા, તેવારે તેણે પણ તરતજ બહાર નિકળી માનપૂર્વક તેને બોલાવ્યો અને કહ્યું કે-જગતના મનુષ્યને માર્ગના વૃક્ષની પેઠે સુખ છાયાને આપનાર તારી આવી અવસ્થા કેમ થઇ? અથવા વિપત્તિ તો મહાંત જનોનેજ હોય પણ લઘુને ન હોય. જેમ રાહુ (ગ્રહણ) સૂર્ય અને ચંદ્રનેજ થાય છે પણ નક્ષત્ર અને તારાગણને નથી થતું. માટે હે સખે! ખેદ ન કરવો, મનમાં ધીરજ ધર, ઘણું દ્રવ્ય ખરચીને પણ હું તારો દેહ નિરોગી કરીશ. એવી રીતે આશ્વાસન આપીને તે ધર્મ શ્રેષ્ઠીએ નાના પ્રકારના ઉપાય અને ઔષધાદિકથી તેનો એવી રીતે ઉપચાર કર્યો કે જેથી રોગની શાંતી થઈ. આહા! કેવી તેની સૌજન્યતા!

તે દંપતીનું એવું અસામાન્ય સૌજન્ય જોઇને લોચનશેઠ લજ્જત પામ્યો, અને મનમાં વિચારવા લાગ્યો કે,-વિધાતાએ સજ્જન અને ચંદનને પરોપકારને માટેજ ઉત્પન્ન કર્યા છે, કારણ કે તેઓ પીડા કરનારના સંતાપને પણ ટાળનારા હોય છે. મેં પાપીએ નિર્દય થઇને એની સામે દુષ્ટ વ્યવસાય કર્યો તોપણ દુષ્ટ એવો જે હું તેની સાથે આવા વિનયથી તેઓ વર્ત્યાં અને રૂડા પ્રકારે સેવા કરી. આ કરતાં તો હું સમુદ્રમાં મરણ પામ્યો હોત તોજ રૂડું થાત. અથવા જીવતો છતો પણ આમની દ્રષ્ટિએ ન પડ્યો હોત તો સારૂં થાત. એમ લજ્જાથી

વ્યાકુલ અંતઃકરણવાળો તે નીચું મુખ કરી બેઠો છે, ધર્મવંત સુધર્મે શિષ્ટ ગિરાથી તેને પુછ્યું:—હે સખે! કુટુ વિરહથી, ધનના નાશથી, વ્યાધીના સંભવથી અથવા એવા શું કારણથી તારા મનમાં દુઃખ થાયં છે. હું સહાયક છું તો તને કુટુંબનો મેળાપ થશે, ધનની પ્રાપ્તિ થશે અને વ્યાધિનો નાશ થશે. જેમ તારૂં મન સંતોષ પામશે તેમ કરીશ. ગ્રીષ્મઋતુને વિષે શોષાઇ ગયેલ સરોવર અને નદીઓ વરસાદથી ભરાયછેજ; માટે કોઈ વખત કષ્ટ આવી પડે તો તેથી મુંઝાવું નહિ, પોતાના કરેલા દુષ્કૃત્યથી દુઃખ પ્રાપ્ત થાય છે અને સુકૃત્યથી સુખ પ્રાપ્ત થાય છે, તો તેને વિષે જરાપણ ખેદ કે આનંદ ન કરવો. સુખના અર્થી મનુષ્યોએ તો નિરંતર ધર્મનું સેવન કરવું અને અનંત જન્મમાં દુઃખનું કારણ એવા પાપને પરિહરવું.

તેવારે સુલોચને કહ્યું:—મિત્ર! તારી સૌજન્યતા, તારી વાત્સલ્યતા અને તારૂં પરોપકારીપણું તો અવર્ણ્ય છે; પરંતુ મેં પાપીએ તને સમુદ્રમાં ફેંકી દીધો હતો એ મારા હૃદયમાં શલ્યની પેઠે ખટકે છે. એ પાપ બળતા કાકડાની પેઠે મારા મનને નિરંતર બાળ્યા કરે છે. વળી મેં પાપીએ આ મહાસતીની ઉપર દુષ્ટ નજર કરી તેને સંતાપ પમાડયો તેનું ફળ તો મને આ જન્મમાંજ પ્રાપ્ત થયું. એવાં પાપકાર્ય કરનાર જે હું તેને પ્રેતપતિએ પણ આદર ન આપ્યો, પરંતુ હે મિત્ર! તેં આદર આપીને મારી જે ઉપચર્યા કરી છે તેનું વર્ણન થઇ શકે તેવું નથી. તે સાંભરવાથી એક તરફ મારા મનમાં આનંદ થાય છે અને બીજી તરફ પશ્ચાત્તાપરૂપ અગ્નિ વધારે પ્રજ્વાલત થાય છે.

એ પ્રમાણે વાત કરે છે, તેવામાં ઋદ્ધિસુંદરી બોલી:—તમે ધન્ય છો કે પાપકાર્યને માટે પશ્ચાતાપ કરો છો, કારણ કે પાપી પુરૂષો પાપ કરીનેજ સંતોષ પામે છે, સંત પુરૂષો કદી પાપ કરતાજ નથી અને કરે છે તો તેને માટે અત્યંત પશ્ચાતાપ કરે છે, માટે એમાં તમારો દોષ નહોતો, એ સર્વે અશાતાવેદ

થેલ હતી; આંધળો માણસ કૂવામાં પડે તેમાં કોને ઉપાલંભ દેવો. માટે હે સત્પુરૂષો હવે એ અજ્ઞાન તજી દો, ઇંદ્રિયોને સંવરો, વિષની પેઠે વિષય સમુહને હરો, હિતને આચરો અને અહિતનો ત્યાગ કરો. મહા વિષ ખાવું સારૂં, અગ્નિને વિષે પ્રવેશ કરવો સારો પણ ઇંદ્રિયોથી આકર્ષાઈ દુષ્કૃત્ય કરવાં સારાં નથી. માતંગ, મીન, ભ્રમર, પતંગ અને મૃગ એ સર્વે એક એક ઇંદ્રિયના દોષથી વધબંધનને પામે છે તો પાંચે ઇંદ્રિયો એકત્ર થઇને જ્યાં પોતાનો દોર ચલાવે તે માણસ મૃત્યુ કેમ ન પામે. મૃગતૃષ્ણા સરખા વિષયને જોઇને જીવ મૃગનીપેઠે દોડે છે અને તે ન પ્રાપ્ત થવાથી મૃત્યુ પામે છે. માટે જેમ બને તેમ ઇંદ્રિયોને કબજામાં રાખવી, પણ પોતે તેને આધિન થઈ પાપકારી કાર્ય ન આચરવાં.

એવા તેના ઉપદેશથી જેના અંતઃકરણમાં જ્ઞાન સ્ફુરિત થયું છે એવો તે સુલોચનશેઠ બોલ્યો:—હે સુંદરી! તું મારી બેન છે, તું મારી માતા છે, તું મારી ધર્માચાર્ય છે; માટે નિરંતર તારી આજ્ઞા પ્રમાણે વર્ત્તિશ.

પછી ઘણા દિવસ તેઓ ત્યાં એકત્ર રહ્યા પછી સોચનશ્રેષ્ઠી પોતાનો અપરાધ વારંવાર ક્ષમાવીને પોતાના નગર તરફ ગયો, અને ગુણશ્રેષ્ઠી ન્યાયપૂર્વક અસ્ખલિત દ્રવ્ય ઉપાર્જન કરી પ્રિયા સહિત તામલિપ્તિ નગરીયે ગયો; ત્યાં ચિરંકાળપર્યંત કુળાચાર પ્રમાણે તેઓએ આચરણ કર્યું, અને સર્વ સ્થળે પોતાની સૌજન્યતાની ધ્વજા ફરકાવી.

એવી રીતે મહા કષ્ટમાં આવ્યા છતાં પણ ઋદ્ધિસુંદરીએ પોતાનું શિયળ આચર્યું, દુઃખના વખતમાં ધૈર્ય ધારણ કર્યું, નિરંતર ધર્મનું સેવન કર્યું અને એ દંપતિએ પોતાની ઉપર અપકાર કરનાર સોચનશ્રેષ્ઠી ઉપર ઉપકાર કરી તેની અનેક પ્રકારે શુશ્રુષા કરી ધર્મપ્રાપ્ત કર્યો. અન્ય જનોએ પણ તેવીજ રીતે આચરણ કરવું જેથી કલ્યાણનાં ભાજન થવાય.

હવે શ્રીપથી ગુણસુંદરી જ્યારે યૌવન અવસ્થા પામી ત્યારે તેના

પિતાએ શ્રાવસ્તી નગરીના પુરોહિતપુત્ર વેરે વિવાહ કર્યો. તેવા સમયમાં એક દિવસ તે નગરના રહેનાર વેદશર્મા બ્રાહ્મણના વેદરૂચિ નામે પુત્રે તેણીને જોઇ. અવર્ણ્ય રૂપવાળી જોઇ મનમાં ચિંતવવા લાગ્યો કે, જો લક્ષ્મીની પેઠે આ મૃગાક્ષી મારા ઘરમાં વાસ ન કરે તો આ જન્મ નિષ્ફળ છે. બ્રાહ્મણ એવી રીતે ચિંતવન કરે છે તેવામાં તો તે બાળા દ્રષ્ટિબહાર ગઇ, અને વેદરૂચિ તો તે ચિંતવનમાં ત્યાંને ત્યાં મૂઢની પેઠે ઉભો રહ્યો, તેથી સાથેના મિત્રોએ તેની સર્વ ચેષ્ટા લક્ષણથી જાણી અને ઘણા આગ્રહે ઘરે લાવ્યા. ઘરે આવી તેના પિતાને સર્વ વાત જણાવી, તેણે પુત્રના સ્નેહથી આકર્ષાઇને ગુણસુંદરીના પિતા પાસે જઇ તેની યાચના કરી;તેવારે તેણે જણાવ્યું કે તેનો વિવાહ શ્રાવસ્તી નગરીના પુરોહિતપુત્ર વેરે કર્યો છે માટે હવે નિરૂપાય છે. તમે જાણો છો કે ઉત્તમ જનો એક વખત બોલી ચુકયા તે ફરેજ નહિં. એમ તેના મનનું સમાધાન કર્યું. પિતાએ ઘરે આવી પુત્રને સર્વ સમાચાર જણાવી તે વાત મનમાંથી દૂર કરવા કહ્યું, પરંતુ વેદરૂચિનો રાગ ગુણસુંદરી ઉપરથી ખસ્યો નહિં; તેથી તેણે તેને માટે મંત્રનું ધ્યાન કરવા માંડ્યું, દેવોની માનતા માની અને બીજા ઘણા ઉપાય કર્યા, પરંતુ તે સર્વે ફોકટ હતા અને ફોકટ થયા. પુણ્યવિના કોઇ પણ વસ્તુ પ્રાપ્ત થતી જ નથી. સંચિત પ્રમાણે જ આનુષંગિક યોગ આવી મળે છે. માટે તે સિવાય જે કરવું તે નિરર્થક ફાંફાંજ સમજવાં.

હવે એક શુભ દિવસે શ્રાવસ્તી નગરીના પુરોહિતપુત્ર [illegible] પાણિગ્રહણ વિધિપૂર્વક કર્યું. [illegible] ગુણસુંદરીને [illegible] (અગ્નિ) વેદરૂચિ [illegible]

નિકળ્યો. રસ્તે પર્વતોની ખીણમાં કોઈ પલ્લી આવી ત્યાં તેણે વિશ્રામ લેવાને મુકામ કર્યો, ઘડીવારે તે દ્વિજાધમના વિચાર ફર્યા અને પલ્લીપતિની સેવના કરી ગુણસુંદરીને મેળવવાનો નિશ્ચય કર્યો; તેથી ત્યાંજ રહી પલ્લીપતિની નાના પ્રકારે સેવા કરવા લાગ્યો, અને દુષ્કર કાર્યો કરીને થોડા દિવસમાં તેનો સંપૂર્ણ વિશ્વાસ મેળવ્યો.

આહા! કામવાસના કેવી બુરી છે! પોતાની ઈચ્છા ફળીભૂત થવાને માણસ કેવાં અકાર્યો કરે છે! તેમાં પણ કામાંધ માણસ તો કોઈ પણ પ્રકારનું અકાર્ય કરતાં લજવાતો નથી, ડરતો નથી, પાપનો ભય ગણતો નથી. હવે જ્યારે પલ્લીપતિની સાથે બરાબર પ્રીતિ જામી ત્યારે તે દ્વિજાધમે શ્રાવસ્તીમાં પુરોહિતના ઘર ઉપર ધાડ પાડવા વિજ્ઞપ્તિ કરી, પલ્લીપતિએ કબુલ કર્યું અને થોડે દિવસે લાગ જોઇ રાત્રી સમયે તે નગરમાં દાખલ થઈ પુરોહિતના ઘર ઉપર ધાડ પાડી, તેમાં બીજાંઓએ તેના ઘરનું સઘળું દ્રવ્ય લઈ લીધું, અને આ પાતકી બ્રાહ્મણે તો ગુણસુંદરીનેજ જોઇ જ્યાં હતી ત્યાંથી તેને પકડી લીધી. એવી રીતે ધાર્યું કાર્ય સિદ્ધ કરી તેઓ પલ્લીમાં આવ્યા.

ગુણસુંદરીને પલ્લીમાં લાવ્યા પછી તેણે તેનો સારી રીતે આદરસત્કાર કર્યો, અને તે જેમ ખુશી થાય તેવા પ્રયત્ન કરવા માંડ્યા. પોતાની દુર્જનના જેવી મીઠી વાણીથી કેટલાક દિવસ સુધી તેને વિનોદ આપવાનો પ્રયત્ન કરી એક દિવસ વેદરુચિ બોલ્યો:—'ભદ્રે! તારા ગુણોએ મારા ચિત્તનું હરણ કર્યું છે તે હવે તું મને પાછું આપ, તારા વિના હું જાણે અંતઅવસ્થામાં હોઉં એવો થઈ ગયો છું, તું ધર્મવતી છે તેથી હવે મારા ઉપર કૃપા કરી મને જીવન આપ, અગર જો કે તું દૂર હતી તોપણ સ્વપ્નમાં, જાગૃતાવસ્થામાં, ઘરમાં, બહાર સર્વ ઠેકાણે તારુંજ સ્મરણ અને તારોજ પ્રતિભાસ થતો હતો.'

એવું સાંભળી 'હું જાણતી નથી કે તમે મને ક્યાં અને ક્યારે જોઇ, તથા તમારું ચિત્ત કેમ હરાણું!' એમ આશ્ચર્ય પામતી ગુણસુંદરી બોલી.

પછી તે કામાંધે સર્વ વૃત્તાંત કહી બતાવ્યો, અને તેને આ પોતાની આવી સ્થિતિ થઈ, પલ્લીમાં વાસ કરવો પડયો, આ પાદી વગેરે સર્વે જણાવી દીધું. તેથી ગુણસુંદરીએ વિચાર્યું કે આ મારી ઉપર અત્યંત રાગવાન્ છે, હું એકલી શરણ[illegible] છું, આસપાસના માણસો સર્વે અનાર્ય અને નીચ જાતિના છે માટે મારા શીલનું રક્ષણ શી રીતે થશે? મૃત્યુ વિના બીજો ઉપાય નથી. અરેરે! મારે અહીં અકાળમૃત્યુને શરણ થવું પડશે. શું એ શિવાય બીજો કાંઇ ઉપાય નથી? મને કોઇ સહાય નહિ થાય? મારી મનોવૃત્તિ શુદ્ધ છતાં હું જય નહિં પામું? નહિ નહિ. એકદમ મરણને શરણ તો નજ થવું, અને કાંઇક બીજો ઉપાય કરૂં. એ માણસ અત્યારે મારો અર્થી છે માટે હું પ્રાર્થના કરીશ તે પોતાના ઇચ્છિત કાર્યને માટે કબુલ રાખશે. એ એવો ઉદ્ધત નથી જણાતો કે શીલ ભંગ કરવામાં બળાત્ કરે. માટે માસ છ માસની મુદત નાખી બનશે તો તેને પ્રતિબોધ આપી નિર્મળ શીલ પાળીશ અને પ્રવાસીનીતિ [illegible] અખંડ રીતે જાળવીશ. વિવેકી માણસોએ માયાકપટ કરવું [illegible] નથી, પરન્તુ ધર્માર્થે શીલ જાળવવાને માટે તે કરવું પડશે. એ વિચારી મધુર વાણીથી તે બોલી:-"તમારો મારી ઉપર આ[illegible] રાગ છે એવું તમે જો પૂર્વે મને જણાવ્યું હોત તો હું તેવા [illegible] પરદેશીની સાથે પાણિગ્રહણ કરત નહિ. [illegible]

[illegible]

તેણીને મારી ઈચ્છા જણાવી નહિ. હવે તેણીને માટે મહાન્ પ્રયાસ કર્યો અને છોડી દેવી એ ઠીક નહિ; એમ ધારી તે બોલ્યો:-'સુભ્રુ! તેં સત્ય કહ્યું. પહેલાં મેં તને ન જણાવ્યું તે મારી ભૂલ થઈ, પરંતુ હવે હું તારા વિના જીવી શકું તેમ નથી, મારું જીવિતવ્ય તારેજ આધિન છે, કુળને કલંક લાગો, નિંદા થાઓ કે દુર્ગતિ મળો, પરંતુ તારા સંગમરૂપી અમૃત રસનું પાન કરાવીને તું મને જીવાડ.

બટુકનાં એવાં વચન સાંભળી ગુણસુંદરી પોતાના મનમાં વિચાર કરી બોલી:-'આ પલ્લી કલ્પવલ્લી સમાન છે, અહીં રહેવાથી આપણે ગમે તેમ કરી શકશું, તમારું જેમ હિત થશે તેમજ હું વર્તશિ, પરંતુ હાલ ચાર માસ મંત્રસિદ્ધિને માટે મારે બ્રહ્મચર્ય પાળવું પડશે, અંગે આભૂષણ નહિ પહેરાય, પુરૂષ સર્વેને બંધુવત્ માનવા પડશે, અને ત્યાં સુધી તમારે વિલંબ કરવો પડશે.'

તેવારે બટુકે પૂછ્યું:-'એ મંત્રારાધનથી શું થાય?

ગુણસુંદરીએ નમ્ર સ્વરે જણાવ્યું કે:-'અવૈધવ્ય, ધન લાભ અને પુત્ર પ્રાપ્તિ વગેરે મંત્રારાધનનાં ઘણાં ફળ છે.'

એ સાંભળી તે ખુશી થયો, અને મારે માટે એ સર્વ કરે છે એમ તેને લાગ્યું, તેથી તેણીનું વચન કબુલ કર્યું. પછી તેઓ સુખે ત્યાં રહેવા લાગ્યાં. ગુણસુંદરી ગૃહકાર્ય કરે, શાક પકવાન્ન વગેરે ઉત્તમ રસવતી બનાવે અને ઘૃત ખાંડ વગેરે નાંખી તેને જમાડે. થોડા દિવસમાં તેના મનમાં એવો વિશ્વાસ પાકો થયો કે તે એમજ જાણવા લાગ્યો કે આ સુંદરી પોતાના ચિત્તમાં મને જ પ્રિય જાણે છે. તે મહા સતી તેને એવાં ભોજન જમાડે છે અને પોતે નિરંતર આચામ્લ અને ઉણોદરી તપ કરી શરીરને શોષે છે. સ્નાન, શૃંગાર, તાંબુલ વગેરે તજી દીધા અને જેમ શરીર કૃશ થાય તેવા ઉપાય કરવા માંડયા. જ્યારે અવધિ પૂર્ણ થવા આવી ત્યારે એક દિવસ પાછલી રાત્રે તેણીએ પોતાનો વેષ બદલી નગર [illegible] મધ્યમાં દાખલ થઈ અને શું

થાય છે એમ પુછ્યું. તેવારે તેણીએ જણાવ્યું કે મને શૂળ નિકળે છે અને તેથી અસહ્ય પીડા થાય છે; તે સાંભળી બ્રાહ્મણે અનેક ઉપાય કર્યા પરંતુ ફેર પડયો નહિ. તોપણ પડતાં આખડતાં તેણીએ સર્વે ગૃહકાર્ય કર્યાં અને પુનઃરૂદન કરવા લાગી. બ્રાહ્મણને બોલાવી સજળ નેત્રે તે બોલીઃ-'હે સુભગ! હું દુર્ભાગ્યશાળી છું કે જ્યારે ગૃહવાસનો સમય આવ્યો ત્યારે આવો વ્યાધિ ઉત્પન્ન થયો; મારા મસ્તકમાં વેદના થાય છે, મારૂં અંગ બળે છે, આંતરડાં છેદાય છે અને સર્વે સાંધાઓ ત્રુટે છે, પરંતુ તેનું મને દુઃખ નથી, મારા ભર્ત્તારના કે ઘરના વિરહનું મને દુઃખ નથી પણ દુઃખમાં દુઃખ એટલુંજ છે કે તમારી ઉપર ઉપકાર થયો નહિ. મારે માટે તમે ઘણાં દુઃખ સહન કર્યાં તમને તેનું ફળ પ્રાપ્ત થયું નહિ, મેં પૂર્વે તમને વચન આપ્યું પણ મારે તે વચન પાળવાનો સમય ન આવ્યો તેથી મારૂં શરીર કંપે છે, મારા હૃદયમાં પીડા થાય છે અને હવે હું પ્રાણ ધારણ કરવાને શક્તિમાન્ નથી; માટે હવે તમે મને કાષ્ટ લાવી આપો કે જેથી તમારી નજરે હું બળી મરૂં.'

તેણીને આ પ્રમાણે શોચ કરતી જોઇ પાતકી દ્વિજ ખેદ પામ્યો, તેનું પાપી હૃદય પીંગળ્યું, દયા આવી અને નરમાશથી બોલ્યોઃ-ભદ્રે! મારા પ્રાણને પણ તૃણસમાન ગણી તને સુખી કરીશ. દૈવયોગે તને આવું દુઃખ પ્રાપ્ત થયું તેનો શોચ ન કર. તારી મરજીમાં આવે તો તું શ્રાવસ્તીમાં તારે ઘરે જા.'

તેવારે શોકમય ચહેરે તે બોલી.-'હું ત્યાં શી રીતે જાઉં. કારણ કે દુર્જનો મારી ઉપર આળ મુકશે અને મારો ભર્ત્તાર મને પતિત થયેલી ગણશે; કુટુંબીઓ હવે મારો વિશ્વાસ પણ કેમ કરે. એક તો વ્યાધિનું દુઃખ અને બીજી દુર્જનની વાણી. ક્ષત ઉપર ક્ષાર નાંખવાની પેઠે ઉપરા ઉપરી દુઃખ હું કેમ સહન કરી શકીશ. અથવા બીજા વિચાર કરવાનું હવે શું પ્રયોજન છે. એ પ્રમાણે દુઃખ ભોગવવા કરતાં મરણનું શરણ કરવું એજ સુખકારી છે.'

'જો તું દુઃખ જોવાને-સહન કરવાને શક્તિવાળી નથી તો અગ્નિમાં પડવાને કેમ શક્તિમાન્ થઈશ ? માટે તું બીજો વિચાર કરવા પડતા મુકી તારા નગર પ્રત્યે જા; હું તને સર્વ પ્રકારે મદદ કરીશ. જીવતો માણસ સેંકડો કલ્યાણને પ્રાપ્ત થાય છે, આવું જાણે તેના દુઃખથી દુઃખી થતો હોય તેવી રીતે બ્રાહ્મણ બોલ્યો અને તેણીએ તે કબુલ કર્યું. એટલે તરતજ બ્રાહ્મણે એક રથ તૈયાર કર્યો અને તેમાં તેણીને બેસારી પ્રયાણ કર્યું. શ્રાવસ્તી સમીપે પહોંચ્યા એટલે બ્રાહ્મણે કહ્યું:-ભદ્રે ! હું નગરમાં શું મોઢું લઈને આવું ? તું અહીંથી ઉતરીને તારા ભર્ત્તારને ઘરે જા. તારા ગયા પછી હું પણ મારા ઘર તરફ જઈશ.

હવે સુંદરીએ વિચાર્યું કે આને કોઇ પણ પ્રકારે પ્રતિબોધ આપીને પછી જવા દઉં, એમ વિચારી તે બોલી:-'હવે બીજી વાતોએ સર્યું, આજથી તમે મારે ભાઈ સમાન છો, માટે ખુશીથી નગરમાં મારી સાથે ચાલો; બેનની સાથે આવવામાં શું લજ્જા છે ? તમને નિવૃત્તિ થવાથી મારા હૃદયમાં નિવૃત્તિ થશે.' એમ કેટલીક રીતે તેને સમજાવ્યો અને પછી બન્ને ઘરે ગયાં. ઘણે કાળે ગુણસુંદરીને ઘરે આવી જાણી પુણ્યશર્મા વગેરે કુટુંબી જનો ખુશી થયાં. સૌ પરસ્પર એક બીજાને મળ્યા પછી સુંદરીએ પોતાના ભર્ત્તારને કહ્યું કે-'સ્વામિનાથ ! આ ભાઈએ મને ભિલ્લોની પાસેથી છોડાવી છે, માટે એનો સારી રીતે ગૌરવ કરવો.'

પ્રિયાના મુખથી તેવાં વચન સાંભળી પુણ્યશર્માએ તેનો સારો સત્કાર કર્યો અને કહ્યું કે-'કાગડાના ઘરમાં હંસની પેઠે ભિલ્લની પલ્લીમાં તમારે વાસ કરવો યુક્ત નથી. હે શિષ્ટાત્મન્ ! તમારે હમણાં અહિંજ રહેવું, અહીં હું તમને કોઈ રીતે ઓછું આવવા નહિ દઉં.'

એવાં તેનાં રમ્ય વાક્યો સાંભળીને લજ્જા પામતો વેદરુચિ મનમાં વિચારવા લાગ્યો કે-અહો ! કેવું આનું રૂપ, કેવાં એનાં વચન, કેવી એની ગંભીરતા અને કેવી એની સુજ-

નતા! આ મહાત્મા પુરૂષ ઉપર મેં પાપીએ મહા અનર્થ કર્યો. ક્યાં હું અને ક્યાં આ, એની આગળ હું શું બિસાતમાં! હંસી સમાન ગુણસુંદરી પણ આવા ઉત્તમ પુરૂષને મુકી મારા જેવા દુર્જનની સાથે કેમ વિલાસ કરે. એણે તો વિશુદ્ધ બુદ્ધિથી પોતાનું શીલ નિર્મળ રાખ્યું અને મને નરકમાં પડતો બચાવ્યો, તોપણ દુષ્ટ બુદ્ધિને લીધે કરેલા અકાર્યના પાપથી હું શી રીતે છુટીશ. હવેથી આવો અપરાધ હું કદી પણ નહિ કરૂં અને એ મહા સતીનું નિરંતર સ્મરણ કરીશ. એમ વિચાર કરે છે ત્યાં પુણ્યશર્માના ચાકરોએ આવી તેને સ્વસ્થ કર્યો, મર્દન કરી સ્નાન કરાવ્યું અને પછી નિર્મળ વસ્ત્રો પહેરવાને આપ્યાં, પછી સર્વેએ સાથે બેસી ભોજન કર્યું. એમ વેદરુચિ પોતાનો સર્વ કાળ ત્યાં સુખે નિર્ગમન કરવા લાગ્યો. એક દિવસ દૈવયોગે તેને રાત્રીમાં સર્પ ડસ્યો તેથી અચાનક પોકાર પાડયો, ઘરનાં સર્વે માણસો જાગી ઉઠયાં, પુણ્યશર્માએ પાસે જઈ તપાસ કર્યો તો તે મુર્છા ખાઇને પડયો હતો, તેથી ઘણા મંત્રિકોને બોલાવી નાના પ્રકારના પ્રતિકાર કર્યા પણ કોઈ રીતે ફેર પડયો નહિ; તેની વાણીનો રોધ થયો, અંગ સ્થિર થઈ ગયું અને શબવત્ થઇને પડયો. કોઈ પણ ઉપાયથી શાંતિ ન થઈ ત્યારે પુણ્યશર્મા નિરાશ થઈ શોક કરવા લાગ્યો. તે સમયે ગુણસુંદરીએ ત્યાં આવી હાથમાં નિર્મળ જળ લઇ 'જો મેં નિર્મળ અને નિષ્કલંક શીલ પાળ્યું હોય તો આનો દેહ નિર્વિષ થાઓ.' એમ બોલી ત્રણ અંજલિ છાંટી. તેજ ક્ષણે તે સાવધ થઈ બેઠો થયો. ત્યારે ગુણસુંદરના શીલનું એવું માહાત્મ્ય જોઇ નગરના સર્વે લોકો આશ્ચર્ય પામ્યા અને તેની પૂજા કરવા લાગ્યા. નગરજનોને ગુણસુંદરીની પૂજા કરતા જોઈ વેદરૂચિએ આશ્ચર્ય પામી સર્વ વૃત્તાંત પુછયો અને પોતાને તેણે જીવિતદાન આપ્યાની વાત જાણી અત્યંત ખુશી થયો. અને સૌની આગળ પછી ગુણસુંદરીને ઉદ્દેશી બોલ્યો-પૂર્વે તું મારી બેન હતી; સાં-[illegible]કે જીવિતદાન આપવાથી મારી માતા [illegible]પ કાર્યથી

મને અટકાવ્યો તેથી તું મારી ગુરૂ છો, તારૂં મહાત્મ્ય મેં હવેજ જાણ્યું, હવે તું ઉપદેશ કર એમ હું વર્તું, હું તારોજ સેવક છું.

તે સાંભળી સતી શિરોમણિ ગુણસુંદરી બોલી:—ભાઈ! પરદારાગમનનો ત્યાગ કર, એ વ્રત ગ્રહણ કરવાથી તું સર્વ રીતે સુખ પામીશ; પરસ્ત્રીગમનથી કીર્તિનો નાશ થાય છે, વૈભવનો ક્ષય થાય છે, કલેશ વિરોધ વધે છે, માટે તેનો ત્યાગ કર. એનું મહાત્મ્ય તેં નજરે પણ જોયું છે, તો હવે વધારે શાં વખાણ કરવાં. માટે સાવધાન મનથી તું એ વ્રત અંગિકાર કર.

તે સમયે વેદરૂચિએ પ્રસન્ન ચિત્તથી શીલવ્રત અંગિકાર કર્યું. પછી પુણ્યશર્મા પાસેથી રજા લઈ ગુણસુંદરીને વારંવાર ક્ષમાવી સ્વસ્થ મનવાળો તે પોતાના નગર પ્રત્યે ગયો. ગુણસુંદરીએ પણ પોતાના ભર્તારની સાથે નાના પ્રકારનાં સુખ ભોગવતાં તથા અનેક પ્રકારનાં ધર્માચરણ કરતાં સુખે કાળ નિર્ગમન કરવા માંડયો.

એવી રીતે ચારે સખીઓ દ્રઢ મનથી ચતુર્થવ્રત પાળીને દેવલોકમાં રતિસુંદર નામે વિમાનમાં દેવીપણે ઉત્પન્ન થઈ. અનુક્રમે ઘણા કાળ સુધી દિવ્ય સુખ ભોગવી વિશેષ પુણ્યના યોગે ત્યાંથી ચવી આ નગરમાં કાંચન, કુબેર, ધરણ અને પુણ્યસાર નામે શ્રેષ્ઠીની વસુંધરા, પદ્મિની, લક્ષ્મી અને વસુશ્રી નામની સ્ત્રીઓની કુક્ષિને વિષે ઉત્પન્ન થઇ. તેનાં તારા, શ્રી, વીનયા અને દેવી એવાં નામ પાડયાં. પદ્મિનીથી જેમ સરોવર શોભે તેમ તે બાળાઓથી તેમના પિતાનાં ઘર શોભવા લાગ્યાં. ચારે બાળાઓ પુણ્યના યોગથી સહજ યત્ને સર્વ કળા ભણી, જ્યારે યૌવન પ્રાપ્ત થયું ત્યારે તેઓનું રૂપ અતિશય વૃદ્ધિ પામ્યું, પૂર્વભવના પ્રેમથી ચારેને સ્નેહ થયો. પછી ગુરૂ મહારાજ પાસે બારવ્રત અંગીકાર કર્યાં. પૂર્વભવે આપેલા દાનના પ્રભાવથી તે ચારે બાળાનાં તેના પિતાએ વિનયંધર કુમાર સાથે લગ્ન કર્યાં. સરખા પુણ્યવાળાનો સહેજે યોગ આવી મળે છે. પુણ્યા-

સુખંધી પુણ્યરૂપ વર્ષાદથી સીંચન કરેલ સપ્તક્ષેત્રમાં વાવેલ લક્ષ્મી તેઓને ઉત્તમ પ્રકારના આનંદ ભોગવવાને ફળીભૂત થઈ. (ગુરૂ મહારાજા રાજાને કહે છે.) હે રાજન્! પુણ્યના યોગથી દેવતાઓ જેની સાનિધ્ય કરી રહ્યા છે એવા એ સદ્ધર્મભાવિત દંપતિને જે વિઘ્ન કરે છે તેઓનો તત્કાળ નાશ થાય છે. તમે જાણો છો અને તેનો પ્રભાવ તમે નજરેજ જોયો છે કે જ્યારે તમે તેની ઉપર કુદ્રષ્ટિ કરી અને તેના શિયળવ્રતને ખંડિત કરવા ધાર્યું ત્યારે સાસન દેવીએ તેનાં વિચિત્ર (બિભત્સ) રૂપ કર્યાં. શીલથી જેઓનું તેજ સ્ફુરાયમાન થઈ રહ્યું છે એવી તે મહાસતીઓના એક હુંકારાથી હાંકી કાઢેલ મનુષ્ય (તે ગમે તેવી વિદ્યાએ યુક્ત હોય તોપણ) ભસ્મસાત્ થાય છે, પરંતુ પોતાના સમ્યકત્વ ગુણથી ઉત્પન્ન થયેલી દયાને લીધે તેઓએ તમારી ઉપર લેશમાત્ર ક્રોધ કર્યો નહિ, અને તમને પ્રતિબોધ આપી અથવા ગમે તે પ્રકારે સમજાવી પોતાનું શીલ રક્ષણ કરવા ધાર્યું. સાસનદેવીની કૃપાથી તેઓ તેની મતલબમાં ફળીભૂત થઈ અને તમારે વિમાસવું પડયું. યક્ષ, રાક્ષસ અને વિદ્યાધરો તેની વિરાધન કર્યાથી જે કરી શકે છે તે કરતાં કોઈ પણ મહાસતી તેના શીલનું ખંડન કરવાનો વિચાર કર્યો હોય તો વધારે શિક્ષા કરી શકે છે. હે ધરાધીશ! તમે પણ ભાગ્યશાળી કે કામદેવથી પીડિત થયેલ તમારા આત્માને થોડીવારમાંજ ચેતાવ્યો અને વિપરીતકાર્ય કરતાં અટકયા. શીલવૃક્ષનું એવું ઉત્તમ ફળ જાણીને તમારે તે વૃક્ષના ફળનું આસ્વાદન કરવામાં ઉદ્યમ કરવો યુક્ત છે.'

એ પ્રમાણે જ્ઞાની ગુરૂની વાણી સાંભળીને રાજાના મિથ્યાત્વરૂપી દ્રષ્ટિપટલ નાશ પામ્યાં, અને સર્વ ભાવને સમ્યક્ રીતે જણાવનાર સમકિતરત્ન પ્રાપ્ત થયું; તેથી મુનિ મહારાજાને પુનઃ પુનઃ નમસ્કાર કરી કહ્યું કે: હે ભગવાન્! એઓ ધન્ય છે, એઓનું જીવન સફળ છે કે જેઓનો વૃત્તાંત સર્વેને એકાંતસુખ આપનાર છે. હું તો અધમ પાપી, દુષ્કાર્ય કરવાવાળો; સતીઓ-

સંતાપનારો, નિંદનીયમાં પણ નિંદ્ય અને હીન થકી પણ હીન છું; તોપણ એટલું જાણું છું કે પૂર્વે કાંઇ પુણ્ય કર્યું હશે કે જેથી પૂજ્યપાદના વચનામૃત શ્રવણ કરવાથી મારા કર્ણ પવિત્ર થયા. જો એટલું પણ મારૂં ભાગ્ય નહોત તો આપની દેશના સાંભળવાનો વખત ક્યાંથી આવત? હવે વધારે કહેવાથી શું? ગુરૂ આપે વર્ણવેલ દુર્ધર શિયળવ્રત આજથી જીવિતપર્યંત સમ્યક્ પાળીશ.' એમ કહી ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છા બતાવી. તે સમયે ચારે સ્ત્રીઓસહિત વિનયંધર બોલ્યો:—'સ્વામિન્! આપના વચનરૂપ મંત્રથી અમારો વિપર્યગ્રહ નાશ પામ્યો; માટે પૂજ્યપાદની પાસે અમે ચારિત્ર ગ્રહણ કરશું.'

'તેવારે ઉત્તમકાર્યમાં પ્રતિબંધ ન કરવો, ઉત્તમ પુરૂષોને ઉત્તમ માર્ગે પ્રવર્તવું એ ઉચિતજ છે.' એમ ગુરૂ મહારાજાએ કહ્યું. એટલે તેઓ સર્વે દીક્ષાની તૈયારી કરવા નગરમાં ગયા; પરંતુ રાજાને પુત્ર ન હોવાથી પ્રધાન અને સામંતોએ એકત્ર થઇ થોડા દિવસ પછી ચારિત્ર લેવાની વિજ્ઞપ્તિ કરી; પરંતુ જ્યાં વૈરાગ્ય વૃદ્ધિ પામ્યો ત્યાં બીજાઓનું તેવું કથન કેમ માન્ય રહે. રાજાએ તેઓ સર્વેને સમજાવી જેને છ માસનો ગર્ભ થયો છે એવી પોતાની વૈજયંતી નામે પટ્ટરાણીને રાજ્યાભિષેક કરી, મંત્રી સામંતોને પોત પોતાના કાર્યમાં કુશળ રહેવાની આજ્ઞા કરી, વિનયંધર અને તેની સ્ત્રીઓને વારંવાર ખમાવી, જિનેશ્વરના પ્રાસાદમાં અષ્ટાહિકા મહોત્સવ કરી, સાત ક્ષેત્રમાં પુષ્કળ દ્રવ્ય વાવરી, યાચકોને અગણિત દ્રવ્ય આપી મોટા આડંબરે દીક્ષા ગ્રહણ કરવાની તૈયારી કરી, ગુરૂ મહારાજ પાસે જઇ વિનયંધર, તેની સ્ત્રીઓ અને બીજા અનેક નગરજનોની સાથે દીક્ષા અંગીકાર કરી.

તેવાર પછી મંત્રી અને સામંતોએ આશ્વાસન કરેલી તે વૈજયંતી રાણી પુત્રની આશાથી પોતાનો ગર્ભ સુખે પાળવા લાગી. જ્યારે પૂર્ણ સમય થયો ત્યારે એક દિવસ રાત્રીએ તેણીને પુત્રી પ્રસવી, તે જોઇને રાણી મનમાં અત્યંત ખેદ પામી,

મંત્રીને એકાંતે બોલાવી સર્વ વૃત્તાંત જણાવ્યો; તેથી તેઓએ એકાંતે ગોઠવણ કરી પુત્ર જન્મના સમાચાર બહાર પાડ્યા, અને વધામણીઓ આપી નગરમાં મોહોટો ઉત્સવ કર્યો. પછી તે પુત્રીને તે દિવસથી એકાંતમાં રાખવા માંડી, જ્યારે તે યોવનવય પામી ત્યારે રાણી અત્યંત વિચારમાં પડી, ને મંત્રીને બોલાવીને કહ્યું કે, આને યોગ્ય કોઇ મનોહર પતિ શોધો. તે સાંભળી મંત્રીએ પ્રભાવિક યક્ષની આરાધના કરી, ત્રીજે દીવસે તે યક્ષ પ્રસંન્ન થઇ બોલ્યો કે-આ નગરની સીમમાં સરોવર તીરે કું પોતનપુરના રાજકુમારને લાવીશ, તે કુમાર આ કુંવરીને યોગ્ય વર છે; તે તેણીના પૂર્વભવનો ભર્તાર છે. આ નગરનો સ્વામી થવાને પણ તેજ લાયક છે.

(મંત્રી કમલસેન કુમારને કહે છે.) તેજ હું મંત્રી યક્ષના આદેશથી ત્યાં આવ્યો. તે પછીનો સર્વ વૃત્તાંત તમે જાણો છો. માટે આ પુરૂષવેશ ધારણ કરેલ જે કુમારને આપે દીઠો તે તે કન્યાજ હતી. આપને જોવાથીજ તેણીનો તમારી ઉપર તીવ્ર રાગ બંધાણો તે આપ જાણો છો; માટે અન્યજન ઉપકાર કરવાનોજ જેનો શીલ છે એવા આપ તે કુંવરીના મનોરથ પૂર્ણ કરશો. હે રાજકુમાર! આ પ્રમાણે પરમાર્થ છે. અમે આપની પાસે સઘળું યથાસ્થિત નિવેદન કર્યું છે. હવે આપને યોગ્ય લાગે તેમ કરો."

તે વચન ... આનંદકારી વૃત્તાંત સાંભળીને રાજકુમાર [illegible]

તેણે ગુરુમાચાર્ય સમીપે મોટા આડંબરથી દીક્ષા લીધી. પછી કમળસેન નૃપતિ તે રાજ્યનો બંદોબસ્ત કરી બેવડી લક્ષ્મીથી શોભતો ચંપાપુરીએ આવ્યો. ત્યાં પ્રાજ્ય સામ્રાજ્ય તે સુખે ભોગવતાં કાળ નિર્ગમન કરે છે, તેવામાં એક દિવસ પોતનપુરથી તેના પિતા શત્રુંજય ભૂપતિનો દૂત સભામધ્યે આવી પ્રણામ કરીને બેઠો; એટલે કમળસેન નૃપતિએ માતા પિતાના કુશળ વર્તમાન પુછ્યા, તેવારે તે બુદ્ધિમાન્ દૂત બોલ્યોઃ—

સ્વામિન્! નિમિત્ત શિવાય તમે કોઈ સ્થળે ચાલ્યા ગયા, ત્યારે નગરજનો સર્વે વસંત મહોત્સવનો ત્યાગ કરી હાહાકાર કરતા શોકાતુર થયા, તમારા વિયોગથી તમારાં માતપિતાએ જેવું દુઃખ અનુભવ્યું છે તેવું નારકીઓને નરકમાં પણ નહિ હોય, હમણાં કોઇ વૈતાલીકના મુખથી તમારા ગુણની પ્રશંસા સાંભળી; તેથી તેને પૂછવાથી તમારી શોધ જણાઈ એટલે તમારા પિતાએ મને અત્રે મોકલી કહેવરાવ્યું છે કેઃ—હે પુત્ર! દુઃખ દાવાગ્નિથી દગ્ધ થયેલાં માતા પિતાને તારા દર્શનરૂપી જળથી શાંત કર.

એ સાંભળી કમળસેન રાજાને મનમાં અત્યંત ખેદ થયો, ને વિચાર્યું કે માતા પિતાનો આવો નિવિડ રાગ વર્તે છે, અને હું તો તેમને તદન ભૂલીજ ગયો. આહા! જગતમાં અપત્યપ્રેમ અલૌકિક છે, મેં તો કુક્ષિભર થઇને માતા પિતાને વિસારી દીધાં; હવે એકદમ ત્યાં જઇને તેમને આનંદ પમાડું. એમ ધારી મતિવર્ધન નામે મંત્રીને સર્વ રાજ્યભાર સોંપી પોતે પ્રસ્થાનમંગલ કર્યું. ઘણા હસ્તિઓ, ઘણા અશ્વો અને અગણિત સેનાએ પરિવૃત્ત, રસ્તામાં પાંથજનોથી પૂજાયેલો, કુતુહલી લોકોથી પગલે પગલે જોવરાયેલો તે રાજા, રસ્તામાં અનેક ચૈત્યોમાં અર્ચા કરતો, મુનિ મહારાજાને દાન દેતો, જીર્ણ દેરાસરોના ઉદ્ધારની ગોઠવણ કરતો, અને દીનજનો ઉપર અનુકંપા કરતો પિતાના નગરને પરિસરે આવ્યો; ત્યાં પિતાએ તે વૃત્તાંત જાણ્યો એટલે સામે આવી પોતાની બે ભુજાવડે ચંદનથી પણ શિતળ એવા પુત્રના

વક્ષસ્થળને આલિંગન કરી, વિરહથી સંતપ્ત થએલ હૃદયને શાંત કર્યું. પછી પુત્રને પોતાની સાથે હસ્તિ ઉપર બેસારી નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરમાં પ્રતિદ્વારે પૌરજનો જેનો આદર સત્કાર કરી રહ્યા છે, જેની બે પાસે શ્વેત ચામર વીંજાઈ રહ્યા છે અને સેંકડો લોકો જેના દર્શનથી આનંદ પામી રહ્યાં છે, એવો તે કુમાર રાજ્યમહેલમાં આવ્યો; ત્યાં આવી હર્ષથી જેના નેત્રમાં અશ્રુજળ આવ્યાં છે એવી માતાને વિનયપૂર્વક નમન કર્યું, અને ચિરકાળથી તેના હૃદયમાં રહેલ વિરહ દુઃખ વચન છળથી દૂર કર્યું. તે સમયે માતાએ કહ્યું:—વત્સ! હું તો વજ્રવત્ કઠોર છું કે જેથી તારા વિના પણ આટલા કાળ સુધી જીવતી રહી. હવે જે ભાગ્યના યોગથી તું મળ્યો તેજ ભાગ્યના યોગે તું વડની શાખાનીપેઠે પુત્ર, કલત્ર અને રાજ્યલક્ષ્મીથી વૃદ્ધિ પામ અને ચિરંજીવ!

'અહો! જગત્‌માં માતાનો પુત્ર ઉપર કેવો અવર્ણનીય સ્નેહ છે! જે પુત્રો આવા પ્રેમના બદલામાં તેઓને જે પ્રકારે સુખ ઉપજે તેમ નથી કરતા તેને કેવા મૂર્ખ કહેવા. વાંચનાર! તે ઉપર વિચાર કરજો, અને તમે તેવા મૂર્ખની ગણનામાં ન ગણાઓ તેનો વિચાર રાખજો.'

માતાએ એવી આશિષ આપ્યા પછી વારંવાર તેમને નમસ્કાર કરી પ્રધાનવર્ગને મળ્યો, સૌને પરસ્પર સુખ સમાચાર પુછી વિસર્જન કર્યા, પછી સુખ સમાધિમાં પિતાની સાથે કાળ નિર્ગમન કરવા લાગ્યો. એક દિવસ પ્રસ્તાવે પિતાએ તેને [illegible] પછી [illegible] તે સંબંધી વૃત્તાંત પુછ્યો. [illegible] પોતાની [illegible] પિતાનું [illegible]

જયવંત વર્તે છે; જે ધર્મના પ્રભાવથી માણસને અસંખ્ય અને અચિંતનીય સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કેઃ—

धर्माज्जन्मकुलेकलंकविकलेजातिःसुधर्मात्परा ।
धर्मादायुरखंडितंगुरुवलं धर्माच्चनीरोगता ॥
धर्माद्वित्तमनंदितं निरुपमाभोगाः सुकीर्तिःसुधी ।
धर्मादेवचदेहिनांप्रभवतःस्वर्गापवर्गावपि ॥ १ ॥

ભાવાર્થઃ—પ્રાણીને ધર્મના પ્રભાવથી નિર્મળ કુળમાં જન્મ, ઉત્કૃષ્ટ જાતિ, અખંડિત આયુ, ગુરૂબળ, નીરોગતા, અનંદિત દ્રવ્ય, નિરૂપમ ભોગ, સત્કીર્ત્તિ, સદ્બુદ્ધિ અને સ્વર્ગ તથા અપવર્ગનાં સુખ પ્રાપ્ત થાય છે.

માટે આ મનુષ્ય જન્મ પામીને ધર્મકાર્ય કરવાં એજ શ્રેયસ્કર છે. કાદવમાંથી જેમ કમલ, માટીમાંથી જેમ સુવર્ણ, છાશમાંથી જેમ માંખણ, પથ્થરમાંથી જેમ રત્ન, તેમ મનુષ્યભવથી ધર્મોપાર્જન એજ સારભૂત છે. માટે હવે ધર્મથી રહિત અને જર્જર એવા આ રાજ્યપિંજરમાં રહેવું મારે યુક્ત નથી.

કહ્યું છે કેઃ—

निर्दंतःकरटीहयोगतजवश्चंद्रंविनाशर्वरी ।
निर्गंधंकुसुमंसरोगतजलच्छायाविहीनस्तरुः ॥
रूपं निर्लवणंसुतोगतगुणचारित्रहीनोयतिः ।
निर्देवंभुवनंनराजति तथाधर्मविहीनोनरः ॥ १ ॥

ભાવાર્થઃ—જેમ દંતુશળ વિનાનો હસ્તિ શોભતો નથી, જેમ વેગરહિત અશ્વ શોભતો નથી, જેમ ચંદ્રવિનાની રાત્રી શોભતી નથી, જેમ સુગંધ વિનાનું પુષ્પ શોભતું નથી, જેમ જળ વિનાનું સરોવર શોભતું નથી, જેમ છાયા વિના વૃક્ષ શોભતું નથી, જેમ લવણવિના શાક સ્વાદિષ્ટ લાગતાં નથી, જેમ ગુણ વિનાનો પુત્ર શોભતો નથી, જેમ ચારિત્ર ગુણવિના યતિ શો-

ભતા નથી, અને જેમ દેવવિનાનું ભુવન શોભતું નથી, ધર્મવિના મનુષ્ય શોભતો નથી.

માટે હવે મારે ધર્મ સાધન કરવામાંજ પ્રવૃત્ત થવું એમ ધારી રાજ્યપાટે કમલસેનને બેસારી પોતે શીલંધર ગુરૂ પાસે દિક્ષા અંગિકાર કરી. મહાવૃતી, મહાધ્યાની અને કર્મ શત્રુને જીતવામાં તત્પર એવા તે શત્રુંજય રાજર્ષિ અનેક પ્રકારનાં ધર્મસાધન કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા.

હવે સૂર્ય સદૃશ પ્રતાપવાન્, ચંદ્રનીપેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામતા મંડળવાળા, સામ્રાજ્ય લક્ષ્મીને ભોગવનાર, જિનશાસનમાં નિશ્ચલ બુદ્ધિવાળા, વટવૃક્ષની પેઠે પુત્ર પુત્રીના પરિવારથી વિસ્તારવાળા કમલસેન રાજાને ઘણાકાળ સુધી રાજ્ય ભોગવ્યા પછી વય પરિણત થયે ભોગ અને રાજ્યસમૃદ્ધિને વિષે વિરાગ દશા થઇ, સંતપુરૂષોને એ યુક્તજ છે; કારણ કે વૃક્ષોના પલ્લવને પણ અનુક્રમે વિરાગ થાય છે, તો જે સચેતન હોઇને વૈરાગ્ય ન પામે તે કાષ્ટથી પણ બાલિશ છે. એવા વખતમાં ગ્રીષ્મઋતુના તાપથી સંતપ્ત થયેલા લોકોને શાંત કરનાર વર્ષાકાળ આવ્યો, કળિકાળ સદૃશ તે વર્ષાકાળમાં મલિન એવો મેઘ ઉદય થયો, અને સ્રીનીપેઠે ચપલા (વિદ્યુત)ના ચમકારા થવા લાગ્યા અને એવી સ્થુલધારાએ વર્ષાદ પડયો કે જાણે જગત્ સર્વે જળમય થઇ ગયું! એથી લોકો અત્યંત આનંદ પામ્યા. તે સમયે કમલસેન રાજા વર્ષાદની લીલા અને નદીનું પૂર જોવાને નગર બહાર ગયા; ત્યાં પર્વતના નિર્ઝરથી ચોતરફ વૃદ્ધિ પામતી, અને તટને ખોદતી, કાંઠાના વૃક્ષોને ઉન્મુલન કરતી, તટની ધૂળથી જળને કાદવમય કરતી, હિંસક પ્રાણીઓને વહન કરતી, જેઓનાં વાહન ભાગી ગયાં છે એવા મુસાફરોને ધસડતી, તરનારાઓને નિમજ્જન ઉન્મજ્જન કરાવતી અને સર્વ જીવોને અપકાર કરનારી સરિતાને ભયંકર પ્રવાહવાળી જોઇને લોકો ચોતરફ નાશી ગયા. થોડીવારે પૂર ઉતરી ગયા પછી જોયું તો નદી તટને ખોદતી પણ નહોતી, અને વૃક્ષોને ઉખેડતી પણ નહોતી, પરંતુ

સ્વસ્થ નીરવાળી અને સુખકારક જણાતી હતી; જેથી બાળ, વૃદ્ધ, યુવાન સર્વે સુખે સ્નાન કરતા હતા, સુખે જળ પીતા હતા, અને સુખે ક્રીડા કરતા હતા. નદીની એવી ચેષ્ટા જોઇને કમલસેન ભૂપતિને વૈરાગ્ય પ્રાપ્ત થયો અને મનમાં વિચાર આવ્યો કે, અહો! નદીનીપેઠે ધનવાનોની સ્થિતિ પણ વધે છે ને ઘટે છે. સંપત્તિના પૂરથી વિસ્તાર પામતો માણસ નદીનીપેઠે પોતાને તથા પરને પીડાકારી, આત્માને કલુષિત કરનાર અને દુઃકર્મરૂપી ધૂળવડે આ ભવ તથા પરભવમાં નાના પ્રકારના અનર્થોની પરંપરાને પામનાર થાય છે; અને સંવર ભાવવાળો, પ્રસન્ન આત્મવાળો અને મર્યાદામાં રહેલ માણસ નદીનીપેઠે નિરંતર પોતાને તથા પરને સુખકારી થાય છે. માટે અધિક સંપત્તિ એ આત્માને અધિક રીતે મલીન કરનાર થાય છે. જે રાજાઓ અનેક દેશ જીતી લે છે, ઘણા વૈરીઓને હણે છે, ઘણા મહેલો બનાવે છે, તેઓને પણ મેળવેલી સર્વ સંપત્તિ એક ઘોર નિંદ્રામય થાય છે. અર્થાત્ મૃત્યુ આવે તેને તે સર્વ નિંદ્રામાં પડેલા મનુષ્યની પેઠે નકામું થાય છે; એટલુંજ નહિ પણ અત્યંત લોભથી મેળવેલ તે સર્વ વસ્તુ (સંપત્તિ)ને અન્યજનો ભોગવે છે, એને તો ફક્ત આરંભના દોષજ પ્રાપ્ત થાય છે; બાકી મેળવેલી સંપત્તિતો વિવાહાદિને વિષે બનાવેલા ભોજનનીપેઠે વિનશ્વર અને પરાર્થે થાય છે. સ્વાર્થ તો ફક્ત આત્મ ચિંતવનમાંજ છે; માટે આ સર્વ સંપત્તિના વિસ્તારનું અભિમાન કરવું તે મિથ્યા છે. જગતમાં તેઓજ ધન્ય છે કે જેઓ પરિગ્રહને આ પ્રમાણે દુઃખ અને દુર્ગતિનું મૂળ જાણી તેનો ત્યાગ કરે છે, એમ વિચારતો રાજા તત્કાળ વિષમિશ્ર અન્નનીપેઠે વિષયથી વિરક્ત થયો.

વાંચનાર! આ કેવા ઉમદા વિચાર છે! તમે પણ તત્વદ્રષ્ટિથી વિચારશોતો તમને પણ જે સંપત્તિમાં અજ્ઞાનતાના કારણરૂપી અધિક મોહ છે તે સંપત્તિઓ દુઃખકારકજ છે એમ જણાશે. એની સમૃદ્ધિ આગળ તમારી સમૃદ્ધિ તો તુચ્છ જેવી છે તો તમે પણ તેવી સંપત્તિમાં મોહિત ન થતાં એમની પેઠે વિ-

ચાર કરજો, અને તત્વ તરફ નજર ફેરવજો કે જેથી કલ્યાણ થાય. બાકી નિરંતર મોહમાંને મોહમાં લીન રહી છેવટે મૃત્યુના સ્વાધીન થશો. આપણે ઘણાને જોઈએ છીએ અને જ્ઞાનીનાં વચન પ્રમાણે તેઓ પોતાનો મનુષ્યભવ વૃથા ગુમાવી ગયા એમ કહીએ —જાણીએ છીએ, માટે આપણે પણ તેવા ન ગણાઇએ તેને માટે વિચાર રાખવો એજ સમજુતી, એજ ડહાપણ અને એજ જ્ઞાનનું ફળ.

પછી ઘરે જઈ ગુણસેના રાણીના પુત્ર સુષેણને રાજ્યે સ્થાપી રાણીની સાથે ચારિત્ર અંગીકાર કર્યું. અનેક પ્રકારનાં સાધન સહિત રૂડી રીતે ચારિત્ર પાળી બંને પાંચમે દેવલોકે ગયાં.

ઇતિ કમલસેનની કથા સમાપ્ત.

મૃષાવાદ વિરમણવ્રત ઉપર

कमलशेठनी कथा.

વિજયપુર નામા નગરને વિષે દીનદુઃસ્થિત જનને આધાર ભૂત એવો જયસાર નામે રાજા રાજ્ય કરતો હતો, તેજ નગરને વિષે સરલ સ્વભાવી, સત્યવાદી, નગરમાં મોટી ખ્યાતિવાળો, કમલ સરખો સુકુમાર, અલ્પલોભી, અલ્પમોહવાળો, પરની ચોકીદાર, ઉચિતનો જાણ, કૃતજ્ઞ, વળી સત્ય પ્રતિજ્ઞાવાન્, ધર્મિ એવો કમલશેઠ નામે શ્રાવક વસતો હતો, તે કમલશેઠને શીલગુણે કરીને નિર્મળ એવી કમલશ્રી નામે સ્ત્રી હતી; તેમને એક વિમલ નામે પુત્ર છે. તે નામે તો વિમલ છે, પણ કરણીએ તો તેમ [illegible] [illegible] છે. લોકમાં એવી કહેવત છે કે [illegible] તે વિમલ તો જૈન મુનિના પુત્ર [illegible] છે, એમ તેના [illegible] થયો છે.

[illegible] તે વિમલ [illegible] નામે [illegible]

તે ધનને નામે ઉજમાળ થાય, અને વળી તેમાં પણ પોતાનું પંડિતપણું માને તથા પોતાની પ્રસંસા કરે. એમ કરતાં થકાં એક દિવસે તે પુત્રને પિતા કહેવા લાગ્યો કે: હે પુત્ર! ધનની ઉપાર્જના કરે શું થાય? માટે ગુણનું ઉપાર્જન તું કર. વળી ગુણનું ઉપાર્જન કરે થકે ધનનું ઉપાર્જન સ્વતઃ રૂડી રીતેજ નિપજે છે. જો ગુણ ન હોય તો ગૃહસ્થપણાનો જે ઉદ્યોત તે નિશ્ચે પલેવણા સરખોજ જાણવો. એટલા માટે હે પુત્ર! તું ગુણનું ઉપાર્જન કર. વળી કહ્યું કે, ગુણને વિષેજ આદર કરવો, ઘણે આડંબરે શું પ્રયોજન? જેમકે દુધરહિત એવી ગાય હોય તો તે કાંઈ ઘંટાદિકની શોભાએ કરીને મૂલ્ય ન પામે, પણ જો દૂધ દેતી હોય તો મૂલ્ય પામે. એમ વિવિધ પ્રકારની યુક્તિયે કરીને સમજાવ્યો; તેવારે લજ્જાયે કરીને પિતાનું વચન માન્યું, પણ તે વચન મને કરી આદર્યું નહીં. ત્યાર પછી ધૂર્તની પેઠે તે કમલશેઠનો પુત્ર વિમલકુમાર ધૂર્તતાથી ઘણું ધન ઉપાર્જન કરીને પોતાના પિતાને દેખાડે, અને એમ કહે કે, હે પિતાજી! જુઓ! મેં ધૂર્તકળાએ કરીને ઘણું ધન ઉપાર્જ્યું. ગુણ ઉપાર્જ્યે શું થાય? તમે મને ગુણ ઉપાર્જ્યાનું અને ધર્મ ઉપાર્જ્યાનું ફળ દેખાડો છો?

એવાં પુત્રનાં ગર્વિત વચન સાંભળીને પિતા બોલ્યો કે:- હે પુત્ર! જેમ લોભનું બાહુલ્યપણું જે છે તે દુઃખદાયક છે, તેમ અન્યાયે કરીને એકઠું કરેલું જે ધન છે તે પણ દુઃખદાયક જાણવું. અન્યાય કરનારને આ ભવને વિષે પણ આકરા વિપાક ભોગવવા પડે છે, તે વિષે એક દ્રષ્ટાંત કહું છું તે સાંભળ: —

ગોપીપુર નગરને વિષે કોઈ મહાધૂર્ત ભમતો ભમતો આવ્યો, તે શાકુકારને વેષે એક વાણીયાને દ્વારે ભોજનનો સામાન લેવાને અર્થે ગયો, તે સામાનના બે પૈસા થયા, તેથી તે વાણીયાએ કહેવા લાગ્યો કે, હે શેઠ! તારા પુત્રને મારી સાથે મોકલે તો બજારના વાણીયાની દુકાનેથી હું અપાવું; તે સાંભળી શેઠે પોતાની પાસે બેઠેલા પુત્રને તે ધૂર્તની સાથે શીઘ્રતાથી મોકલ્યો. ત્યાં થકી તે ધૂર્ત એ વણિકપુત્રને લઈને કોઈવાણીયાને

હાટે ગયો, ત્યાં ભારે ભારે વસ્ત્ર પ્રમુખ લીધાં, તે લેઈને તે દોસીવાણીયાને કહેવા લાગ્યો કે, આ મારો પુત્ર તમારી પાસે બેઠો છે, ને હું જલદીથી મૂલ્ય લેઈને આવું છું; કારણ કે અમો શાહુકાર છીયે તેથી ઘડીએકપણ કોઈનું દેવું રાખીયે નહીં. એમ કહીને તે ધૂર્ત હજામની શાળાયે ગયો, ત્યાં હજામત કરાવીને હજામને કહ્યું કે તારી સ્ત્રીને મારી સાથે મોકલ એટલે હું હજામત કરાવાના પૈસા આપું; એમ કહી તે હજામની સ્ત્રીને સાથે લઈને તંબોલીની દુકાને ગયો, ત્યાં હજામની સ્ત્રીને બહાર ઉભી રાખી પોતે તંબોળ પ્રમુખ લઈને તેને કહેતો હવો કે મારી સ્ત્રી ઈહાં બેઠી છે ને હું તારા માગતા પૈસા લઈ હમણાં આવું છું; વળી બહાર આવ્યા પછી તે સ્ત્રીને એમ કહ્યું કે તારા પણ પૈસા લઈ હું આવું છું. એમ કહી પૂર્વોક્ત સર્વ વસ્તુ લઈને એક ડોશીને ઘરે આવ્યો, અને તેને કહેવા લાગ્યો કેઃ— હે માત! હું તમારો પુત્ર છું, આ સર્વ ચીજો જે હું લાવ્યો છું તે તમે લ્યો; ડોશી પણ તે વસ્તુ લઈને હર્ષ પામી થકી તેને પુત્રની પેઠે જાણવા લાગી. તેથી તે ધૂર્ત પણ હવે નિશ્ચિંત મન થકો તે ડોશીને ઘેર સુખેથી રહ્યો.

હવે જેની પાસેથી પ્રથમ ભોજનનો સામાન લીધો હતો તે વાણીયો પુત્ર ન આવ્યો જાણીને તેની શોધ કરવા નિકળ્યો, ત્યાં તેને શોધતાં પોતાના પુત્રને દોસીવાણીયાની દુકાન પાસે રમતો દેખ્યો, તેથી તે દોસીવાણીયાને કહેવા લાગ્યો કે, આ મારો પુત્ર તમારી દુકાને ક્યાંથી આવ્યો? તેવારે તે દોસી વાણીયો બોલ્યો કે, એ તારો પુત્ર નથી, પણ એનો બાપ તો મારા વસ્ત્રનું નાણું લેવા ગયો છે, ત્યાં સુધી તે છોકરાને આંહી બેસારી ગયો છે, એટલા માટે જો તારો પુત્ર હોય, તો તું મારૂં દ્રવ્ય આપીને લઈ જા. એવું કહેવાથી તે બન્ને જણને માંહોમાંહે ઘણોજ ઝઘડો થયો.

તે સમયમાં હજામપણ પોતાની સ્ત્રીને શોધતો શોધતો તંબોલીની દુકાને આવ્યો, અને તંબોલીને કહેવા લાગ્યો કે, આ

નંદી સ્ત્રી તારી દુકાને ક્યાંથી આવી? ત્યારે તે તંબોલી બોલ્યો કે, એ સ્ત્રીનો ધણી તો તંબોળના પૈસા લેવા ગયો છે, ત્યાં સુધી આ સ્ત્રીને આંહીં મેલી ગયો છે; તેમ છતાં તે સ્ત્રી જે તારી હોય તો તું મારા પૈસા આપીને સુખેથી લઇ જા. એવું તંબોળીના બોલવાથી તે હજામને પણ તેની સાથે ઘણીજ તકરાર થઇ; એમ તે ચારે જણાં વઢતાં વઢતાં રાજા પાસે ગયાં. તેવારે રાજા તે ચારેની વાત સાંભળીને વિસ્મય પામ્યો, ને બેહ પામી કોપ્યો થકો કોટવાળને તેડાવીને કહેવા લાગ્યો કે શીઘ્રપણે તે ચોરને પકડી લાવો. તે સાંભળીને કોટવાળે કહ્યું કે ઠીક મહારાજ! એ ચોરને હું સાત દિવસની અંદર પકડીને લાવીશ, જો સાત દિવસમાં ન લાવું, તો આપ મુજને ગમે તે દંડ કરજો.

ત્યાર પછી તે કોટવાળ પ્રમાદ છાંડીને ચોરને ખોળવા માટે નિકળ્યો, તે વાત જ્યારે પેલા ધુર્તે જાણી ત્યારે તેણે પણ પ્રતિજ્ઞા કરી જે સાત દિવસમાં કોટવાળને ધુતવો. પછી સાતમો દિવસ થયો ત્યારે તે ધુર્ત કોટવાળને ઘેર જઇને તેની સ્ત્રીને કહ્યું જે તારા ધણીયે સાત દિવસમાં ચોરને પકડી લાવવાની પ્રતિજ્ઞા કરી હતી, પણ તે ચોરને ન લાવ્યો, અને આજ સાતમો દિવસ છે, તેથી રાજાયે રોશ કરીને તારા ધણીને હમણાં દઢબંધને બાંધ્યો છે, બાંધ્યાં થકાં તેણે મુજને સંજ્ઞા કરી કે તું મારે ઘેર જા, ને મારી સ્ત્રીને કહે કે તું નાશી જા; જો તું નાશી નહીં જાય અને દુષ્ટ રાજાને હાથ પકડાઇશ તો મોટો અનર્થ થશે! એવી ધુર્તના મુખની વાણી સાંભળી કોટવાળની સ્ત્રી તરત પોતાનું ઘર સુનું મૂકીને ભાગી ગઇ, તેવારે તે ધુર્ત ઘરમાંથી સર્વ દ્રવ્ય લેઇને પોતાને સ્થાનકે ગયો; ત્યાર પછી તે કોટવાળ ઘેર આવીને જુવે છે તો પોતાની સ્ત્રીને ન દેખવાથી કહેવા લાગ્યો કેઃ-અરે! મારી સ્ત્રી ઘરમાંથી ક્યાં જતી રહી? પણ કોઇએ કાંઇ જવાબ આપ્યો નહીં, તેથી ગામમાં ખોળ કરવા નિકળ્યો. તેવારે ગામના સઘળા લોક તેની હાંસી કરવા લાગ્યા, તેથી તે ઘણી લજ્જા પામ્યો.

હવે રાજસભાને વિષે તે ચોરને પકડવાનું બીડું કામ નામે ગણિકાએ ઝાલ્યું, તે વાત જ્યારે પેલા ધુર્તે જાણી, ત્યારે તેણે પણ તે નાયકાને છેતરવાની પ્રતિજ્ઞા કરી. પછી તે ધુર્ત દેશાંતરીને વેષે તે કામપતાકા ગણિકાને ઘેર જઈને કહેતો હવો કે આજ ઇહાં કોઇ સાર્થવાહ પરદેશી આવ્યો છે, તેણે પાંચસો સોલ ટકા મોકલ્યા છે તે તું લે, ને ચાલ મારી સાથે કે તે સાર્થવાહની સાથે હું તને મેળાપ કરાવું! તે સાંભળી તે વેશ્યા પોતાનું સઘળું કામ છોડી ધન લેવા માટે પાંચસેં સોળ ટકા તેની પાસેથી લઇ ઘરમાં મૂકીને તે ધુર્તની સાથે ચાલી. તે બંન્ને જણાં ગામ બાહાર ગયાં, ત્યારે તે ધુર્ત બોલ્યો કે, હે પદ્મિની! સાર્થવાહ આવે ત્યાં સુધી આ પરબ છે તેની પાસે રહેવાની જગા છે ત્યાં બેસ. સાર્થવાહ થોડેક દૂર છે તે હમણાં આવશે; એવામાં રાત પડી, અંધકાર થયો અને અર્ધ રાત્રિ ગઇ, તેવારે તે ગણિકા વનમાં સિંહના ભયથી બિહવા લાગી, અને ભય પામી થકી ધુર્તની સાથેજ રહી; તેમ કરતાં તે વેશ્યાનાં નિંદ્રાયે ઘુર્મિત નેત્ર જેવારે થયાં અને નિંદ્રા આવી, તેવારે સુવર્ણમય રત્નેજડિત એવા સર્વે અલંકાર તેના અંગ ઉપરથી ઉતારી લેઇને તે ધુર્ત નાશી ગયો; તે વાતની નગરમાં ખબર પડવાથી તે ગણિકાની હાંશી થઈ. ત્યાર પછી કામસેના નામે ધુતારી ગણિકાએ ચોરને પકડવાનું બીડું ઝાલ્યું; તે વાત પણ જ્યારે તે ધુર્તે જાણી, ત્યારે તે સાંઝ વખતે પંડિતની શાળાએ ગયો, ત્યાં જઈ પંડિતને કહ્યું કે શીઘ્ર કમાડ ઉઘાડો અને આ પોથી હું આપું તે લ્યો; એ પોથી ઘણી સારી છે, તેથી હું તમને નિશ્ચે આપવા આવ્યો છું. તે સાંભળી પંડિતે કહ્યું કે હાલ કમાડ નહીં ઉઘાડું, ત્યારે તે ધુર્તે કહ્યું કે કમાડ ન ઉઘાડો તો તમારો હાથ બહાર કાઢીને આ પુસ્તક લ્યો. તેવારે તે પંડિતે પુસ્તક લેવા હાથ બહાર કાઢ્યો, તેવોજ તે ધુર્ત તેનો હાથ કાપી લેઇને ચાલતો થયો.

પછી તે ધુર્ત પંડિતનો હાથ પોતાને હાથે બાંધીને કામસેના

ગણિકાને ઘેર ગયો; એટલે તે ગણિકાએ ધુતારો ઓળખ્યો; તેથી તેને કારમો પ્રેમ દેખાડવા લાગી. તે ધુતારાયે પણ જાણ્યું જે મને ગણિકાએ ઓળખ્યો છે, તોપણ તેની સાથે સ્વેચ્છાચારી પણે આપણે રમવું; એમ વિચારીને તેની સાથે રમતો હતો. ઢંગે કરીને તે ગણિકાએ જાણ્યું જે એજ ધુતારો છે, તેથી જ્યારે જવા લાગ્યો ત્યારે તેનો હાથ પકડ્યો, તેવારે તે ધુર્તે પંડિતનો હાથ છેદીને પોતાને હાથે બાંધેલો હતો તે દેયો. પછી ગણિકાના ઘરમાંથી સાર સાર વસ્તુ લઇ પોતાને સ્થાનકે ચાલ્યો ગયો, જ્યારે પ્રભાતનો સમય થયો, તેવારે રાજાની સભાને વિષે તે ગણિકા આવીને તે ધુર્તના છેદેલા હાથને દેખાડી કહેવા લાગી કે જેનો હાથ છેદેલો હશે તે ધુર્ત જાણવો. એવી વાત કહેતી હતી, તેટલામાં તો તે પંડિત છેદેલા હસ્તે પોકાર કરતો રાજસભાયે આવ્યો, અને પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું; તેથી સઘળી સભાએ તે ગણિકાની હાંસી કરી. ત્યાર પછી રાજાનો ધોબી જે મહાધુર્ત છે, તેણે તે ચોરને પકડવાનું બીડું ઝાલ્યું, ને કહેવા લાગ્યો કે એ ચોરને હું પકડી લાવું. અન્યાય માંડે આશક્ત એવા તે ધુર્તે તે ધોબી મને ખોળે છે એવી વાત જાણી, ત્યારે તે ધોબીને ઘેર રાતની વખતે આવ્યો, તેવારે ધોબીએ તેને પૂછ્યું કે તું પરણ્યો છે કે નહિ? ત્યારે ધુર્તે કહ્યું કે હું વાંઢો છું, ને ફરતો ફરતો કલિંગદેશથી આવ્યો છું; એવી વાત તેના મુખથી સાંભળીને તે ધોબીએ જાણ્યું કે એ કોઇક પરદેશી ગરીબ છે, એમ જાણી તેને પોતાના ઘરમાં રાખ્યો. હવે તે ધુર્ત વસ્ત્ર ધોવાની કળામાં પ્રવીણ છે તેથી ધોબી તેને વસ્ત્ર ધોવા આપે તે જલદીથી ધોઇ નાંખે છે, ને વળી વસ્ત્ર પણ સારાં ધુવે છે, તેથી તે ધોબી રાજી થયો. એવી રીતે તે ધોબીને વિશ્વાસ પમાડીને એક વખત ધોબી સૂતો હતો તે વખત રાજાનાં વસ્ત્ર લઇને તે ધુર્ત જતો રહ્યો, તેથી તે ધોબીની પણ લોકોમાં હાંસી થઇ.

હવે તે નગરના બધા માણસો તે ધુર્તને કેમ પકડવો તેમાં

મૂઢ બની ગયા, ત્યારે અન્યાયના હરનાર રાજાએ પોતે તે પકડવાનું બીડું ઝીલ્યું. પછી દ્વારપાળને તેડાવી રાજા કહે લાગ્યો જે રાત્રે દરવાજે તાળું વાસવું, ને મારા હુકમ વિ કોઇને તે તાળું ઉઘાડી દેવું નહિ; એમ કહી નગરના તમામ દરવાજા બંધ કરાવી પોતે ઘોડે ચડીને ધુર્તને ખોળવા લાગ્યો. ધુર્તે જાણ્યું જે રાજાએ પકડવાનું બીડું ઝીલ્યું છે, તેથી રાજાનાં વસ્ત્ર ગધેડા ઉપર નાંખી પોતે ધોબી થઇ દરવાજે આવી પોળીયાને દરવાજો ઉઘાડવાનું કહ્યું, તેવારે તેણે દરવાજો ઉઘાડવાની ના કહી, ને કહ્યું કે રાજાનો હુકમ નથી; ત્યારે પેલા ધુર્ત ધોબીએ કહ્યું કે રાજાનાં લુગડાં બગડી જશે તો હું જવાબ નહીં દઉં ને તારો વાંક કાઢીશ, ત્યારે તું જવાબ દેજે. ધુર્ત ધોબીની એવી વાત સાંભળી પોળીયો બીતો થકો દરવાજો ઉઘાડી દેતો હવો; તેથી પેલો ધુર્ત નગર બહાર નિકળી સરોવરની પાળે ગયો, ત્યાં મચ્છીમારને સરોવરમાં જાળ નાંખતો દીઠો, તેથી તેને કહેવા લાગ્યો કે:-હે મૂર્ખ! અહીંઆં રાજા ધૂર્તને ખોળવા માટે આવે છે, માટે તું જા. નહિંતર તુજને દેખતાંવેંત બાંધશે. એવાં ધુર્તનાં વચનો સાંભળીને મચ્છીમાર પાણીમાં નાઠો; તેવારે તે ધુર્તે તે ગધેડાને સરોવરની પાળે ચરતું મૂકી રાજાનાં જે વસ્ત્ર હતાં તે પોતે પેહેરીને નગર સન્મુખ આવ્યો. અહો ! જૂઓ ધુર્તની ગુઢતા કેવી છે !

હવે રાજાયે ધુતારાને નગર બહાર નિકળ્યો જાણીને પોળિયાને આવીને કહ્યું કે, તેં પોળ કેમ ઉઘાડી ? તેવારે પોળિયાયે સર્વ વૃત્તાંત કહ્યો, તેથી તેને ઓલંબો દઇને રાજા નગર બહાર આવ્યો, તો પેલા ધુર્તને વ્યવહારિયારૂપે દીઠો, તેથી તેને પૂછ્યું કે, હે ભાઈ! ઇહાં કોઈ માણસને ગર્દભ સહિત તમે દીઠો? તેવારે ધુર્તે કહ્યું:-હે નાથ ! તેતો નાઠોથકો સરોવરના પાણીમાંહે પડ્યો છે. તેવારે રાજાએ કહ્યું કે, આ મારો ઘોડો તમે પકડો એટલે હું તરતજ તેને કેસે પકડીને જગતનું શલ્ય કાઢું. એમ કહીને તેને ઘોડો આપી રાજા આગળ ગયો.

પછી તે ધુતારો ઘોડે ચડી નગરમાં પેઠો, ને પોળીયાને કહેવા લાગ્યો કે, મેં ચોરને હણ્યો છે, માટે હવે દરવાજા બંધ કર, ઓજે કોઈ આવે તો ઉઘાડીશ નહીં; કારણ કે આ મારો પક્ષપાતિયો બોલે રાજા મારા જેવોજ છે, માટે તેને આવવા દઈશ નહીં. તે વાત પોળિયાએ સત્ય કરી માની. હવે ધુર્તને વૃત્તાંતે તે રાજા ધુતાણોથકો પોળે આવીને પોળીયાને કહેવા લાગ્યો કે:—અરે દરવાના દરવાજો ઉઘાડ. હું રાજા છું. તે સાંભળી દરવાને કહ્યું કે, રાજા તો હમણાં ઘોડે ચડી નગરમાં ગયા, ને તું રાજા નથી, પણ બીજો છે. પછી ધુતારો બોલ્યો કે, દરવાને ઉઘાડીશ માં? બહાર અન્ય ધુર્ત છે તેજ આ છે; એટલે રોષે ચિત્તે તે રાજા મનમાં વિચાર કરવા લાગ્યો કે એ કોઇ તેમાં પણ મહા ધુર્ત છે, કે જેણે મુજ સરખાને પણ ધુત્યો; માટે એનું ચરિત્ર ચિંતવવા યોગ્ય છે. વિધાતાની પેઠે લોકને વંચે એણે નિશ્ચય જયપતાકા કરી. હવે તો કોઈ ન જાણે તેમ એની પ્રશંસા કરું તો મુજને નગરમાં પેસવા દે. એવું વિચારી તે રાજા ધુર્તને કહેવા લાગ્યો કે:—

હે ધુર્ત તારું ચરિત્ર ઉત્તમ છે, ને તારી કળા ઘણી પ્રસંસવા યોગ્ય છે, તેણે કરીને હું તારા ઉપર તુષ્ટમાન થયો છું; માટે તારે જે વર માગવો હોય તે માગ. તેવારે ધુર્ત બોલ્યો:- હે રાજન્! જો તું વર આપતો હોય તો મુજને અભયદાન આપ. તેવારે રાજાયે પ્રમાણ કર્યું. પછી તે ધુર્ત પોતાપણું પ્રગટ કરીને દરવાજાના દ્વાર ઉઘાડયાં, અને પોતે રાજાને સાગે પગે પડ્યો. રાજાયે પણ તેને વાંસે હાથ ફેરવ્યો, ને પ્રસંસવા લાગ્યો. ધુર્ત પોતાનો નવો અવતાર માનવા લાગ્યો, ને કહેવા લાગ્યો કે:—સ્વામિ! તમે મોટો પ્રસાદ કર્યો. મહોટાનાં વચન અન્યથા કેમ થાય?

હવે ધુતારો રાજાના પ્રસાદથી નિઃશંકચિત્ત થકો સાંઢને પેઠે મહોન્મતતાથી સ્વેચ્છાયે નગરમાં ભમતો થકો વિલાસ કરતો, લોકોને પોતાની કળાનો સમૂહ દેખાડી હર્ષ ઉપજાવતો

સુખે રહેવા લાગ્યો. એકદા તે ધૂર્ત સુખીયો થકો [illegible]
લાગ્યો કે, અહિંઆં તો મારૂં ધૂર્તપણું ચાલતું નથી, [illegible]
હું સૌમાં જાણીતો થયો છું; માટે હવે આ નગર છોડીને
ઠેકાણે જાઉં તો ઠીક. એમ વિચારી ચોરનીપેઠે રાજાને પણ
છા વિના તે ધૂર્ત નગરમાંથી નિકળીને ભૂતનીપેઠે પૃથ્વીને [illegible]
ભમતો ભમતો, પુર, પાટણ, ગ્રામાદિક સર્વને ધુતતો ધુતતો
અનુક્રમે ભુવનાવંત નગરના ઉદ્યાનને વિષે રાજચંપક વૃક્ષ હેઠે [illegible]
સામો લેવા બેઠો. તે વૃક્ષ શાખાએ કરી અતિ વિસ્તીર્ણ
આદરસહિત તેને જોવા લાગ્યો, તેના દેખવાથી તે ધૂર્તના [illegible]
વિષે નાના પ્રકારના મનોરથના કલ્લોલ ઉછળવા લાગ્યા કે
આ વૃક્ષ ઘણું સુંદર છે, માટે અહિંયાં સુવર્ણમણિના સાત
મિનો મોટો પ્રાસાદ કરાવું, ને પાસે નાના પ્રકારના ભુવન [illegible]
રાવું; વળી સર્વ અંતેઉરને ક્રીડાને અર્થે વાવ્ય કરાવું, પ્રાસાદ
ને ફરતો કોટ કરાવું, તેમજ ફરતો વનખંડ કરાવું; વળી અ-
હિંયાં હાથીની શાળા, ઘોડાની શાળા કરાવું, ને હું ચક્રવર્તીની
પેઠે મહર્દ્ધિક સંપદાયેયુક્ત એવો રાજા થાઉં. આવાં ધુતારાનાં
અસંબદ્ધ અને અસંભવ વચન સાંભળીને તે ચંપકવૃક્ષનો અ-
ધિષ્ઠાયિક દેવ તે ધુર્તને કહેવા લાગ્યો કેઃ--હે ધુતારા! તેં તારા
દુષ્ટ ચરિત્રે કરી ઘણા દેશ ધુત્યા, પણ તું જે બોલે છે તે સઘળું
નિર્વિવાદ ખોટું. હે મૂઢ! કેવળ એવાં વચન કેમ બોલે છે? [illegible]
તારી પાસે કંઇ દેખતો નથી. હે નિર્લક્ષણ! તારામાં કોઈ શુ[illegible]
લક્ષણ નથી તો તે તારાથી કેમ નિપજશે? આવું તે દેવતાનું
વચન સાંભળીને તે ધુર્તે કહ્યું કેઃ—હે દેવ! મારૂં વચન સાંભળ
આજથી સાત દિવસમાં જો હું કહ્યા પ્રમાણે કદાપિ ન કરૂં તો
તારી સન્મુખ અગ્નિમાં પ્રવેશ કરૂં. ત્યાર પછી તે ધુર્ત નગરમાં
[illegible] દેવીના દેહેરામાં ગયો, ત્યાં તેણે ઘણા [illegible]
[illegible] અથવા વચનરચના કરીને [illegible]
[illegible]
[illegible]

કર્યો. ખડીના કડકાથી આંકડા મેલી રાખેલા તેનો સરવાળો કરી ગણેશને કહેવા લાગ્યો કે, મારૂં ધન જે તારી પાસે લ-હેણું છે તે તું મને આપ, નહિંતર ત્રણ ખુણવાળો તીખો પા-પાણ લઇને તેની અણીથી શીઘ્રપણે તારૂં પેટ ફોડી નાંખીશ. હે લંબોધર! તું હોંશી છે માટે કેમ નહિ આપે? એમ કહીને જેવારે મોટા પાષાણ તેને મારવાને વાસ્તે ઉપાડે છે તેવોજ લંબોદરે પણ ભય પામીને બેલાખ ટકા તેને આપ્યા, એમ બીજા પણ સઘળા દેવતા, વ્યંતરાદિક પાસેથી તેણે પોતાનું લેહેણું લીધું. કહ્યું છે કે નિઃશક મનુષ્યના વ્યંતરાદિક પણ કિંકર થાય.

પછી તે ધુતારાએ ધને કરીને ત્યાં શીઘ્રપણે આવાસાદિક રાવ્યાં. દ્રવ્યથકી કયું કામ સિદ્ધ ન થાય? સર્વ થાયજ. મ-હેલાત તથા આવાસ વિગેરે સઘળું કરાવ્યા પછી સ્ત્રી માટે હ-જારો ટકા ખરચી ત્યાં ગણિકાનું ટોળું લાવ્યો, તેમાં મુખ્ય અનંગસેના નામે ગણિકા છે તે કામની જ સેના છે, તેને પટરાણી કીધી, તેની સાથે વિલાસ કરતો થકો તે વૃક્ષદેવતાનું પૂર્વે કહેલું જે વચન તેને વારંવાર સંભારતો, ગર્વે કરીને તે દેવ ઉપર રોષ ચડાવતો હવો. ત્યાર પછી એક દિવસ નિકૃષ્ટ એવી તે ગણિકા રીસાણી થકી તે ધુર્તને માથે ઉપાડીને નગરને વિષે લઇ જઇ તે-નું સઘળું વૃત્તાંત કહ્યું; તેથી રાજાએ જાણ્યું જે એ મહા ધુર્ત છે, એણે દેવતા સરિખાને ધુત્યા તો મનુષ્યનું શું ગજુ? તેથી રાજાએ તેને અનેક વિડંબનાએ કરી નારકીનીપેરે વિડંબ્યો; ને પછી નગરમાં ફેરવીને ઉપાડીને દૂર નાંખી દીધો. કુમરણે માર્યો થકો તે દુષ્ટ નિર્ભાગ્ય મરીને દુર્ગતિયે ગયો, ત્યાં ઘણા ભવ ભ-મશે. એ રીતે તે પાપીના પાપનાં ફળ કેવાં પ્રગટ થયાં? કમળ-શેઠ કહે છે કે, હે પુત્ર! એ ધુર્ત સર્વ ધુર્ત માંહી શિરોમણી હ-તો તોપણ એવી વિટંબણા પામ્યો, તો ધુર્તપણું કેમ ભલું હો-ય? તે સાંભળી વિમળ પોતાના પિતાને કહેવા લાગ્યો કે:-

હે તાત! અન્યાય કરનારને એ દ્રષ્ટાંત યુક્ત છે, પણ હું

હસ્તકળાયે કરીને ધન ઉપાર્જું છું; અન્યાયે કોઇનું દ્રવ્ય લેતો નથી. તેવારે તેનો પિતા કહેવા લાગ્યો કે:--હે પુત્ર! તું જે કાર્યમાં દ્રવ્ય પેદા કરે છે, તેમાં શું કાંઈ અન્યાય નથી? શું તે ન્યાયજ છે? જે માટે કપટે કરીને પારકાનું ધન લેવું તે તો અન્યાયજ છે, હસ્તકળા તે વંચના છે, માટે સર્વથા વ્યવહાર શુદ્ધિયેજ દ્રવ્ય ઉપાર્જવું, ઓછું દેવું નહીં, અધિક લેવું નહીં, જે કપટ કરીને દ્રવ્ય ઉપાર્જે તે પ્રગટપણે નરકે જાય. એ રીતે શેઠે પુત્રને અનેકવાર કહ્યું પણ તેનો સ્વભાવ ટળ્યો નહીં; જે માટે પોત પોતાનો સ્વભાવ મૂકવો તે દુઃષ્કર છે.

કહ્યું છે કે:—

परीक्षणीयोयत्नेन, स्वभावोनेतरेगुणाः ॥
व्यतीत्याहिगुणान्सर्वान्, स्वभावोमूर्ध्निवर्त्तते ॥ १ ॥

ભાવાર્થ:--યત્ને કરીને સ્વભાવની પરિક્ષા કરવા પછી બીજા ગુણ ખોળવા, કારણ કે સઘળા ગુણને છાંડીને સ્વભાવ તે સર્વ ગુણને માથે આવે છે.

એકદા તે વિમલશેઠે ઘણાં કરિયાણાં ભરયાં, ને ત્યાંથી દેશાંતર જવાનો આરંભ કર્યો; ત્યારે તેનો પિતા કહેવા લાગ્યો કે:—હે પુત્ર! એ દેશાંતરગમન જે છે તે દુઃખનું કારણ છે. ઇત્યાદિક બીજી પણ ઘણી યુક્તિઓ કહીને પિતાયે વાર્યો, તોપણ વિવિધ વસ્તુ ગ્રહીને વેપાર કરવા માટે તે સાર્થવાહની પેઠે હજાર પોઠિયા લઇને સ્થળમાર્ગે ચાલ્યો, ચાલતાં ચાલતાં સોપારાપુર પાટણની પાસે મલયપાટણમાં ગયો, ત્યાં રહી સર્વ કરિયાણાં વેચ્યાં, તેમાં અઠ્ઠાવીશ હજાર સોનઇયાનો લાભ થયો, તેવારે ઘણો ખુશી થતો ચિંતવવા લાગ્યો:—

કહ્યું છે કે:--

वाणिआणंवाणिज्जंमि, माहणाणंमुहंमिअ ॥
खत्तियाणंसिरीलग्गं, कारुणांतप्पकम्ममु ॥ १ ॥

[illegible] વણિકને વ્યાપારને વિષે, બ્રાહ્મણને મુખને વિષે, ક્ષત્રિ- [illegible] વિષે અને કારૂનારૂને શિલ્પકર્મને વિષે લક્ષ્મી હોય છે, [illegible] તેથી વળી અધિક લાભને અર્થે તિહાંથી કરિયાણાં લેઇને [illegible] નગરે ભણી પાછો વળ્યો; તેટલામાં વારે વર્ષાકાળ થયો, તે-થી છાવણી કરી ત્યાં રહ્યો; એવે અવસરે વિજયપુરનો વાશી મહા- [illegible] ગુણનો તો જાણે સમુદ્રજ હોય નહિ! એવો સાગરનામાં વ્યવહારીયો જે બુદ્ધિનો સાગર છે, તે પહેલાં ધન ઉપાર્જવા માટે પરદેશ ગયો હતો, તે પણ ઘણી સાર વસ્તુ લેઇને જ્યાં વિમળ છે, ત્યાં આવ્યો. વિમળ અને સાગર એ બેઉ એક નગરનાજ વાસી છે તેથી વિમળે તેને ઓળખ્યો; અને કુશલાદિક પૂછ્યાં, અને તેને આગ્રહ કરી રાખ્યો. પછી કહ્યું કે આપણે બન્ને સાથે નગરમાં જઈશું, તેથી સાગર પણ ત્યાં રહ્યો થકો દ્રવ્ય જે ભલી મનોવાંછિત વસ્તુ તે ત્યાં વેચીને બીજી નવી વસ્તુઓ લેવા લાગ્યો.

હવે મહાધુતારો વિમળ પોતે તે સાગરના કામમાં વચ્ચે પડીને તેનો માલ વેચાવે તથા બીજી વસ્તુ લેવરાવે, તેમાં ચોર કળાએ કરીને તથા દલાલી પ્રમુખ હસ્તકળાએ કરીને દશ હજાર સોનૈયા ઉપાર્જ્યા, અને મનમાં વિચારવા લાગ્યો જે મારો પિતા મોટો મૂર્ખ છે જે સુજને વારે છે, મેં તો હમણાં પણ એ કપટયુક્તિથીજ ધન મેળવ્યું! પછી વર્ષાઋતુ વ્યતિત થયે તે સાગર તથા વિમળ બન્ને જણા પોતપોતાનું દ્રવ્ય તથા કરિઆણાં સર્વ લેઇને ઘોડે ચડયા થકા ત્યાંથી ચાલ્યા તે પોતાના નગર સમીપ આવ્યા; તેવામાં કમળશેઠે પોતાના પુત્રનું આગમન સાંભળ્યું જેથી સામો આવ્યો; તેમને બન્ને જણે પ્રણામ કર્યો. તે વારે સ્નેહે કરીને માંહોમાંહે કુશળ ક્ષેમાદિક પૂછ્યાં. પછી તે ત્રણે જણા ઘોડે ચડયા થકા સાથની આગળ જાય છે, તેટલે વિમળ પ્રત્યે સાગર કહેવા લાગ્યો કે:—હે મિત્ર! ચિત્તને ચમત્કાર ઉપજે એવું હું અણદીઠું અણસાંભળ્યું કાંઈક તુજને કહું તે સાવધાન ચિત્તે કરી સાંભળ.

હે મિત્ર! અહીંયાં થકી આગળ પાકેલ આંબાનું ભરેલું ગાડું હળવે હળવે ચાલ્યું જાય છે, તેનો સારથિ બ્રાહ્મણ છે, વળી તેની પાસે પાણીનો ભરેલો કરબડો છે, તે ગાડાની પછવાડે લાકડીમાં ભરાવ્યો છે, તે બ્રાહ્મણ કોઢીયો છે, તેના શરિરમાંથી રક્તપિત્ત વહે છે, વળી પાણી નિકૃષ્ટકષ્ટે કરી હાલે છે તેણે કરી પાણી ગળે છે, ગાડાના હાલવાથી ડાહોળું છે, જે બળદ જોતર્યા છે તેમાં જમણે પાસે જે બળદ છે તે ગલીયો છે, ને ડાબી બાજુનો બળદ ડાબે પગે ખોડો છે, વળી તે બળદ ડાબી આંખે કાંણો છે, અને તે બેડિયું ગાડું છે, તેને પુઠે રહ્યાથકો ચાંડાલ આક્ષેપ કરતો અણલાતો થકો હાંકે છે. વળી તે ગાડાની પછવાડે કોઈકની વહુ રીસાઇને આવે છે, તે સ્ત્રી ડાબા પગને વિષે સર્વથા પ્રધાનલક્ષણે કરી સહિત છે, પગે અણઆણી છે, તેના શરિરને વિષે ઘણાં આભરણ છે, નિશ્ચે તે સ્ત્રી વણીકની છે, તે ગર્ભવંતી છે, ઢુકડો પ્રસવ થનાર છે, અને વળી તે પુત્ર પ્રસવશે, તે સ્ત્રીના સકળ શરીરને વિષે કુંકુમનો રંગ છે, અને ચોટલો બકુલના ફૂલે ગુંથ્યો છે, ફૂલ વેણીમાં ગુથ્યાં છે તે બહુ મૂલ્યવાળાં છે, તે સ્ત્રીનું પહેરવાનું વસ્ત્ર કસુંબી નવું રંગ્યું છે; વળી તે ગાડા ઉપર બેઠી તે પણ સાંગને સ્થાનકે બેઠી છે પણ ગાડામાં બેઠી નથી, અને ગાડાનો ખેડુ બેડીયા ઉપર બેઠો છે. એવી વાત સાગરના મુખથી સાંભળીને વિમળ કહેવા લાગ્યોઃ-હે સાગર! આ તું શું અસત્ય બોલે છે? એવી અકલ્પિત વાત તો સર્વજ્ઞ વિના બીજો કોઇ પણ કહી શકે નહીં; માટે એ તારી વાત કોણ સાંભળે. તું આવી વાતો કયાંથી જાણી શકે? પણ તારી જીભ ઘણી લાંબી છે, તેણે કરીને તું યદ્વા તદ્વા લવારો કર્યા કરે છે. તે સાંભળી સાગર બોલ્યોઃ—હે વિમળ! કલ્પાંતે પણ હું અસત્ય ન બોલું, મેં તો ગુરૂ પાસેથી સત્યવ્રત લીધું છે, અને સત્યસાંજ મહોટાઇ રહેલી છે; માટે મારૂં બોલવું કેવારે મિથ્યા ન થાય. જો તુજને પ્રતિતી ન હોય તો હાથમાં કંકણ છતાં આરિસો શોધવાની જરૂર નથી, તેની

કે આ તારા મુખ આગળ ગાડું જાય છે તે જઇને જોઇ આવ. કવિ કહે છે કે, એ વાત ખરેખરી સાચી હતી, તોપણ અભ્યંતરીપણે સર્વ પ્રકારે તે વિમળને સદ્દહણા ન આવી; જે માટે સુબુદ્ધિયાનું વચન દુર્બુદ્ધિયાના મનમાં કેમ ઉતરે?

હવે ધીઠામાંહે શિરોમણી એવો વિમળ બોલ્યો કેઃ—હે મિત્ર! તું આજ આટલું બધું ધીઠાઇપણાનું અવલંબન કેમ કરી રહ્યો છે? તે સાંભળી સાગરે કહ્યું કેઃ—ધીઠાના સાથે ધીઠાઈ કરવીજ યુક્ત છે; વાંકા સાથે વાંકું થાવું, સરલની સાથે સરલ થાવું, પ્રવીણની સાથે પ્રવીણ થાવું, જેમકે લોક પણ કહે છે કે "આડે લાકડે આડો વેર, તેમ વાંકે વાંકો અને સમે સમો." તેવારે વિમળ લોભને વશે કરી ઉતાવળો હલફલ કરતો થકો કહેવા લાગ્યો કેઃ—હે વિમળ! જો તારી વાત અસત્ય થાય, તો તારી સર્વ વસ્તુ મારી થાય; તેવારે ક્રોધ ચડાવીને સાગરે કહ્યું કે, તેં કહી તે વાત મારે પ્રમાણ છે, પણ જો એ વાત સાચી થાય તો તારી સર્વ વસ્તુ દ્રવ્યાદિક જે છે તેનો ધણી પણ હું થાઉં. સાગરનું કહેવું વિમળે પણ માન્યું, હાકારો કર્યો, એક એકના હાથમાં તાળી પાડી સાબેત કરી, પછી કમલશેઠ પ્રત્યે સાગરે કહ્યું કેઃ—હે કમલશેઠ! અમો બન્નેના તમે અહીંયાં સાક્ષી થાઓ. તેવારે કમલશેઠ કોમળ વચને કરી સાગર પ્રત્યે કહેવા લાગ્યા કેઃ-હે સાગર! તું પણ એના જેવો કેમ થાય છે? તું તો ડાહ્યાઓમાં મુખ્ય છે. તે સાંભળી વિમળ પોતાના પિતાને કહેવા લાગ્યો કેઃ-હે તાત! તમે શું હમણાં પણ મુજ પુત્રને હલકો પાડો છો? એમ કરવાથી કાંઇ અહોલાભ પામશો? તેવારે કમલશેઠે કહ્યું કે, અહીંયાં ઉતાવળનું કામ નથી, તું તો નાનો મટી મ્હોટો, પણ મુજને બોલવું પડે.

પછી સાગર કહે છે કે, હે કમલશેઠ! જો તારો પુત્ર મારે પેટે આવીને પૂછે તો મેં જે હોડ કરી છે તે હરખાઇને હું મૂકું છું. હજી કાંઇ બગડ્યું નથી. તેવારે વિમળ બોલ્યો કે, હે તાત! કમળ મન મેં કોઇ એમ નહીં માનું. હવે તું બિક

માગ્ય. ભિક્ષા સમયે તને કૂતરા આવી પગે લાગશે. એ રીતે ઘણા વાચાલ થકા વિવાદ કરતા તે બન્ને જણ ગાડાની પાસે આવ્યા. તિહાં વિમળ મચ્છર ધરતોથકો જુએ છે તો તેનો સારથિ ચાંડાલ પ્રમુખ સાગરે કહ્યા હતા તેવો ન દીઠો, તેથી વિમળ જેટલામાં ઉલ્લાસવંત થયો થકો સાગરને કહે છે તેટલામાં આદરસહિત સાગરે સારથિને પૂછ્યું કે, તે ગર્ભવતી સ્ત્રી ક્યાં છે? ત્યારે તે સારથિયે કહ્યું કે, તે ગર્ભવતી સ્ત્રી નજીકના વનમાં પ્રસવવા ગઈ છે, ઈહાં પાસેના નગરમાં તે સ્ત્રીનાં માબાપ રહે છે, તેથી તે સ્ત્રીની માતાને તેડવા માટે ચાંડાલને મોકલ્યો છે, હું બ્રાહ્મણ છું, અને એ તો વણિકની વહુ છે. ભર્ત્તારે માર મારવાથી એમનાથી રિસાઈને હું પાડોશી છું તેની પ્રીતિયે કરીને મારી પુંઠે આવી છે, માટે મારાથી શી રીતે કાઢી મૂકાય? વિષમ વેળાયે બીજા કોઈ અણઓળખીતાને પણ રાખવો ઘટે, તો વળી ઓળખીતાનું તો શુંજ કહેવું? એટલામાં ત્યાં તે સ્ત્રીની માતા પણ આવી, અને તે ચાંડાલ પણ આવ્યો, અને બ્રાહ્મણે પણ પુત્ર આવ્યાની વધામણી દીધી.

એમ સઘળો સંવાદ સાચો થવાથી સાગર બોલ્યો કે હે વિમળ! હવે એ તમારાં સર્વ માલ કરિયાણાં પ્રમુખ જે છે તે મારા ઘરને વિષે મોકલો, હવે તે બધાં મારાં છે. ત્યારે તે ધૂર્ત વિમલ ધૂર્તપણાની ધારણા રાખીને બોલ્યો કે:-હે ભાઈ! હું તો તમારી સાથે હસતો હતો, તમે મને હસો ને હું તમને હસું. ત્યારે સાગરે કહ્યું કે, ફોકટ ક્લેશ કર્યે શું થાય? હમણાં તો પોતાને ઘેર જાઓ; પછી મુજને જેમ ઉચિત કરવું હશે તેમ હું કરીશ. એવું કહી વિમળનાં સઘળાં કરિયાણાં પોતાની સાથે લઈને સાગર પોતાને ઘેર આવ્યો; ત્યારે લૂંટાવાની માફક શૂન્ય થઈ [illegible] જાણે લૂણી નાંખ્યો હોય નહિ! એવા વિમળને [illegible] કરીને [illegible] પોતાને ઘેર આવ્યો.

હવે તે વિમળ પોતાના [illegible] આદિ [illegible]

વિનતિ કરવા લાગ્યો કે:-હે તાત! આ આપદારૂપ સમુદ્ર કેમ તરવો તેનો નિસ્તાર જો તમે બુદ્ધિરૂપ નાવ આણો તો થાય. મેં તો આ હાસ્યપણે કહ્યું હતું, ને તે સાગર ધૂર્તે તો પ્રમાણુજ કરી લીધું; તે માટે હે તાત! તમે તે સાગરના ઘરને વિષે જઇ તેને જેમ તેમ મનાવો, કોઈ બીજી યુક્તિયે કરી વશ કરો, સમુદ્રની પેઠે દુઃખે ગ્રહવા યોગ્ય એવા તે સાગરને તમે પ્રતિબોધો, જેથી કરી તે આપણું ધન ન લે. અથવા વિવિધ પ્રકારની ચિંતાયે શું થાશે? ઈહાં એકજ ઉપાય છે, તે ઉપાય પણ તમારાથીજ સિદ્ધિ પામે તેમ છે, બીજાથકી સિદ્ધિ પામશે નહીં. તે ઉપાય એ કે સાગરે ત્યાં તમને સાક્ષી કર્યા છે, માટે તમે રાજાની સભાને વિષે અવળું બોલી પોતાનું દ્રવ્ય રાખો.

કહ્યું છે કે:--

निअगेहस्सकज्जंमि, नियदव्वस्सरक्खणे ॥
निअपुत्तकए कुड, मुक्खेसुनाविणिदिअं ॥ १ ॥

ભાવાર્થ:-પોતાના ઘરના કાર્યને વિષે, પોતાનું દ્રવ્ય રાખવાને વિષે, પોતાના પુત્રને અર્થે, એટલા કારણે જૂઠું બોલવામાં દૂષણ નથી.

વળી કહ્યું છે કે:--

ननर्मयुक्तंवचनंहिनस्ति, नस्त्रीपुराजन्नविवाहकाले ॥
प्राणात्ययेसर्वधनापहारे, पंचानृतान्याहुरपातकानि ॥१॥

ભાવાર્થ:-નર્મયુક્ત વચન હણે નહીં, સ્રીને સાચું ન કહેવું, વિવાહ અવસરે સાચું હોય તે જૂઠું કહેવું, પ્રાણાંત કષ્ટે પ્રાણ જાતે જૂઠું બોલવું, સર્વ ધનનો નાશ થતો હોય તો જૂઠું બોલવું, એ પાંચ જૂઠાનાં પાતક નહીં. એમ પંડિત કહે છે.

તેવારે ધર્મરૂપ કમલા જે લક્ષ્મી તેના સાગર એવો જે કમલશેઠ તે વિમળનું વચન સાંભળીને કોમળ વાણીયે કરીને સમજાવતો હવો કે:-હે પુત્ર! તું નીતિમાર્ગ મૂકીને ઉન્માર્ગે ન જા. તું તારા ચિત્તને વિષે ચિંતન કરીને તારૂં વચન સાં

ભાર. સત્પુરૂષ તો જે હાંસીયે કરીને વચન બોલ્યા હોય તેનો પણ સર્વથા પ્રકારે નિર્વાહ કરે, પણ તેં તો કાંઈ હાસ્યથી કહ્યું નથી; પરંતુ સાગરનું દ્રવ્ય લેવાના લોભથકી હોડ કરી છે, તે માટે હવે શું ખેદ પામેછે? હે વત્સ! સાચું બોલતાં કાંઈપણ દૂષણ નથી. હે મૂઢ! અસત્ય બોલવાથી દૂષણ કાંઇ નથી એવું હું કેમ કહું? શું ધુમાડાથી શ્યામતા ન થાય? હે વત્સ! ક્યાંઇએકતો સાચું વચન પણ અનર્થકારી થાય છે. કેમકે જે વચન સાંભળીને આગલો પ્રાણી ભય પામે, ત્રાશ પામે, અથવા મરણ પામે, એવી રીતનું સાચું હોય ત્યાં મૌનપણું ધારણ કરવું; કેમકે થોડું અસત્ય બોલવા થકી પણ અનેક જીવ આ ભવને વિષે દુઃખ પામ્યા અને ભવાંતરે દુર્ગતિ પામ્યા, તો ધનને લોભે કરીને જે કૂડી શાખ ભરવી તેના વિપાક કડવા હોય તેમાં તો કહેવુંજ શું?

એવાં પિતાનાં વચન સાંભળીને વિમળ બોલ્યો કે:—હે પિતાજી! પરમેશ્વરે જૈનમાર્ગને વિષે અપવાદ નથી કહ્યો! શું સર્વ પ્રકારે ઉત્સર્ગજ કહ્યો છે? પરમેશ્વરે તો બે પ્રકારનો માર્ગ કહ્યો છે. તેમાં એક ઉત્સર્ગ અને બીજો અપવાદ. તે માટે જ્યાં મોટું કાર્ય હોય ત્યાં અસત્ય બોલવું કહ્યું છે, ને પછી તેનું પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થઇયે. તે સાંભળીને કમલશેઠ પુત્રને કહેવા લાગ્યો કે:—હે વત્સ! ધન પામવું તો સુલભ છે, પણ ધર્મ પામવો દુર્લભ છે. એટલા માટે એવો મૂઢ કોણ હશે જે ધનને અર્થે ધર્મનું ખંડન કરે. મોટું કોઇ ધર્મનું કાર્ય હોય ત્યાં અપવાદ કહ્યો છે, પણ પાપને વિષે જૈનધર્મમાં ક્યાંહી અપવાદ કહ્યો નથી. વ્રત ભંગ કરીને પ્રાયશ્ચિત લીધે કાંઇ શુદ્ધ ન થાય. જે જાણીને [illegible] વ્રત ભંગ કરે તેને પ્રાયશ્ચિત તે વળી શું આપાય? તે [illegible]

વૃદ્ધ થયો, એટલે તું ઘેલો થયો છું. ધિક્કાર છે તુજને. રે મૂઢા બેશી રહે ઘરને ખૂણે, એવાં વચનો પિતાને કહીને વિમળ ઘર બાંધી મજુરી ભેટ લઈને રાજા પાસે ગયો; ત્યાં જઈ રાજાને ભેટ મૂકી નમસ્કાર કરી વિનંતી કરવા લાગ્યો કે:—હે રાજન્! મેં દેશાંતરે જઈ ઘણે કષ્ટે લક્ષ્મી ઉપારજને ઘર તરફ સાગર સાથે આવતાં હાંસીને વચને કરી મારી લક્ષ્મી તેણે પડાવી લીધી. તે સાંભળી રાજાએ સાગરને તેડાવીને સર્વ વૃત્તાંત પૂછ્યો. તે વારે સાગરે કહ્યું કે, મેં માત્ર હાસ્ય વચને તે લીધું નથી, પણ એ વિમળ હોડમાં હાર્યો ત્યારે લીધું છે. પછી તિહાં તેણે જે વૃત્તાંત બન્યું હતું તે સર્વ રાજાની આગળ કહ્યું, તેથી રાજાએ તેને પૂછ્યું કે તેં બળદ પ્રમુખનાં લક્ષણ કેમ જાણ્યાં. ત્યારે સાગરે કહ્યું કે:--હે રાજન્! મેં મારી બુદ્ધિએ કરી જાણ્યાં. તે કૌતક સાંભળી રાજા ઉલ્લાસવંત થયો થકો બોલ્યો કે તેં તારી શી મતિયે કરીને જાણ્યાં તે તું મને કહે. તે સાંભળી સાગર કહેવા લાગ્યો કે:--હે રાજન! સાવધાનપણે સાંભળો.--

પાકા આંબાના ફળની વાસે વાસિત એવો કોઇ પદાર્થ ત્યાં ભૂમિકાએ પડ્યો હતો, તેના ગંધે કરીને મેં જાણ્યું જે ઇહાંથી આંબાનું ગાડું ગયું છે; તથા ધૂળમાંહે પગના પ્રતિબિંબે કરીને જાણ્યું જે બળદ ગળીયો છે, તથા પગલાંને અનુસારે કરી જાણ્યું જે બળદ ડાબે પગે ખોડો છે; તથા દક્ષિણ દિશાનું ઘાસ ચર્યો હતો અને ડાબી બાજુનું ઘાસ પડી રહ્યું હતું, તેથી જાણ્યું જે તે બળદ ડાબી આંખે કાંણો છે; તથા મુતરવાને બેસે ને પાછી ઉઠી તેથી જાણ્યું જે તે આસન્ન છે, તથા ભૂમિકાને વિષે માર્ગે ઘણાં પાણી નંખાયું દેખીને મેં જાણ્યું જે કરભો પાણીનો ગાડાની પાછળ લાકડીએ વગાડ્યો છે. તથા સાડું દોરતો ઘોડો લાગ્યો તે ઓપ નાંખી દીધો ને બ ડા પાસે લાકડી મારી ને ઊંચું ભારે નાંખી દીધો. તે લાકડી પડી દેખીને આમળું લીધી. પણ હાંસાહાંસ ન લીધી. તેના પગલાં મેં જાણ્યું જે તે બંધાણ છે, તથા આગળ લાકડી ઉપર ભારથી હેઠે દેખે ત્યાં રસી ગયું છે તેની એંધાણી જાણી

માંખીઓ બણબણતી દીઠી તેથી મેં જાણ્યું જે તે કાણીયો અને લાકડી વિના ચાલી શકે નહીં તે માટે હાથમાં લાકડી એમ મેં કહ્યું. તથા શકટની પછવાડે પગલાંને અનુસારે માં પગલાં પડેલાં જોઈ મેં લક્ષણવંતી સ્ત્રી જાણીને કહ્યું પાછળ લઘુ સ્ત્રી છે તથા પાછે પગે મુખ કરતી જોતી હતી પાછાં પગલાંને અનુસારે મેં જાણ્યું જે એ સ્ત્રી રીસાણીથકી પીયરમાં જાય છે તેથીજ વહુજ હોય. વળી રીસાણીથકી કૂવા માં પડે પણ એ કૂવામાં પડવું મૂકી દેઇને જો ગર્ભવંતી છે તો પીયર જાય છે એવું જાણીને મેં તેને ગર્ભવંતી કહી, તથા દેહચિંતાને અર્થે ગાડાથી ઉતરીને બોરડીના વનમાં જઇ બેઠી તે જમણા હાથનો ટેકો દઈને ઘણે કષ્ટે ઉઠી, તેથી જાણ્યું જે તેને ગર્ભને વિષે પુત્ર છે, અને તે હુકડો પ્રસવશે, તથા તે સ્ત્રીયે પાણીથી મુખ ધોયું, તે રાતું દેખીને કુંકુમનું વિલેપન જાણ્યું તથા તે સ્ત્રીના કેશમાંથી ફૂલ ભૂમિયે પડ્યું તે દેખીને મેં જાણ્યું જે એના ચોટલા મધ્યે બકૂલવૃક્ષનાં ફૂલ ગુંથ્યાં છે, તથા બોરડીને કાંટે રાતો તાંતણો વળગલો દેખીને મેં જાણ્યું જે તેણે કસુંબલ વસ્ત્ર ઓઢ્યું છે, તથા આંબાની નિકટ ગાડાં ક્રો કનારને ઠેકાણે બેઠી, તેને અનુસારે જાણ્યું જે તે બેઠીયું ગાડું છે.

એમ સઘળી વાત સાગરના મુખથી સાંભળી રાજા ચિત્તને વિષે ચમત્કાર પામીને સાગરને પૂછવા લાગ્યો કે, તમારે બે વિના ત્રીજો કોઈ સાક્ષી છે? ત્યારે સાગરે કહ્યું, હા. ત્રીજો પણ સાક્ષી છે, તે સાક્ષી જગતમાં વિખ્યાત અને ડાહ્યો તથા પરિણામે નિર્મળ એવો વિમળનો બાપ કમલશેઠ છે. તે સાંભળી રાજાયે કહ્યું કે, બહુજ રૂડું! એ તો સત્યવાદી છે, જોકે વિમળનો બાપ છે તોપણ પુત્રને અર્થે તે જૂઠું નહિ બોલે. [illegible] [illegible] તું [illegible] છે, કેમકે શાસ્ત્રમાંહી ના કહી છે.

કહ્યું છે કે—

[illegible] ॥
[illegible] ॥ ૧ ॥

ભાવાર્થઃ—સ્વજન, દુર્જન, વળી દ્વેષી, મહા લોભીયો, તેમ પ્રેમી, કૌતુકી અને ભયાનક એટલાને નિશ્ચે સાક્ષી ન કરીયે.

એટલા માટે તેં વિમળના બાપને સાક્ષી રાખ્યો એ તુજને ઘટે નહીં. તેવારે સાગર બોલ્યો કેઃ-હે રાજન્! એતો મોટો ધર્માત્મા છે, સત્ય બોલનાર છે, માટે તે જે કહેશે તે મારે પ્રમાણ છે. તેવારે રાજાએ કમલશેઠને તેડાવીને મીઠી વાણીથી પૂછ્યું કે તું આ વાત જાણે છે? જાણતો હોય તો કહે. એવી રાજાના મુખથી વાણી સાંભળીને વિમળને ધ્રાસ્કો પડયો જે મારૂં સર્વ દ્રવ્ય ગયું, તેણે કરી અતિ આકુલ વ્યાકુલ થઇને વિચારવા લાગ્યો જે હમણાં મારો પિતા સત્ય કહેશે, એટલે મારૂં સર્વ દ્રવ્ય સાગર લઇ લેશે; તેથી તે દ્રવ્ય ગયાની ચિંતા રૂપ સમુદ્રમાં જાણે બૂડયોજ હોય નહિ શું? એમ વિમળ નિચું મુખ કરી રહ્યો.

હવે બન્ને પક્ષનાં લોક સર્વ જોવા આવ્યાં છે, તેથી રાજસભામાં તલ પડે તેટલી પણ જગ્યા ખાલી નથી; તે બધાની વચમાં રહ્યા થકા કમલશેઠ સાક્ષી આપવા માટે ઉભો રહી કહેવા લાગ્યો કેઃ—હે રાજન્! મોટું કાર્ય છે તોપણ હું જૂઠું નહીં બોલું, જે જૂઠું બોલ્યો તે જિનધર્મને ઓળખતોજ નથી; સોનું ને માણસ બે સરખાં છે, તેમાં સોનું કસોટીએ ચડયું પરિક્ષાને પ્રાપ્ત થાય છે અને માણસને મોટું કષ્ટ પડે થકે પણ અસત્ય ન બોલે ત્યારે તેની પરિક્ષા થાય છે. હે રાજન્! ધનને અર્થે જૂઠું બોલીયે, તે ધન તો પામવું સુલભ છે, પણ ધર્મ પામવો દોહિલો છે; વળી હમણાં તો જે કારણે હું સાક્ષી પુરીશ તેથી તો મારો પુત્ર દુહવાશે, દુર્જન હસશે, તેમ કદાપિ સજ્જન પણ હસશે, તોપણ હું અસત્ય નહીં બોલું.

કેમકે શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

निंदंतु नीति निपुणा यदि वा स्तुवंतु.
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टं ॥

अद्यैव वा मरणमस्तु युगांतरे वा,
न्यायात्पथः प्रविचलंति पदं न धीराः ॥१॥

ભાવાર્થઃ--ન્યાયમાર્ગમાં નિપુણ જે પુરૂષ તેની કોઈ [illegible] કરો, અથવા સ્તવના કરો, ગમે તો સ્વેચ્છાપણે લક્ષ્મી આવો થવા જાઓ, આજ મરણ થાઓ અથવા યુગાંતરે થાઓ, જે ધીર પુરૂષ હોય તે ન્યાયમાર્ગ થકી લેશમાત્ર પણ ચલાયમાન થાય નહીં.

તે માટે હે રાજન્! જેવું છે તેવું હું તમને કહું છું [illegible] જે સાગરે કહ્યું તે સર્વ સત્ય કરી માનજો.

એવાં કમલશેઠનાં વચન સાંભળી તે રાજા તેને આશી[illegible]તો અતિ વિસ્મય પામતો માથું ધુણાવતો હવો. તેવામાં [illegible]જાના કંઠમાં પડેલો વિશિષ્ટ હાર ઉછળીને કમલશેઠના કંઠમાં પડયો, તે જાણે રાજાયેજ સંતુષ્ટ થઇને તેના ગળામાં નાંખ્યો હોય નહિં શું? તથા પ્રત્યક્ષ પુન્યનો સમૂહ અને ભલા યશ[illegible]નો વિસ્તાર, તેજ જાણીયે ગળામાં પડયો હોય નહીં? એમ લાગ્યું. હવે રત્નજડિત દિવ્ય મણિયે કરી અત્યંત સુંદર તે હાર કમલશેઠને કંઠે ઘણુંજ શોભતો હવો, તે વખત રાજા અતિ [illegible]સંશા કરી કહેતો હવો કે, અહો! તારી સત્યતા સાચું [illegible] હોય નહીં શું? અહો! તારી સાધુનીતિ લોકને વિષે ઉત્કૃ[illegible] નિર્લોભતા! અહો! તારી નિર્મોહતા જે પુત્રને તૃણવત્ [illegible] [illegible] અહો! તારૂં ચિત્ત એકાગ્ર ધર્મને વિષેજ તેં [illegible] કરીને રાખ્યું છે; અહો! તારી દૃઢ પ્રતિજ્ઞા સત્યવંતી; અહો! [illegible]

[illegible]

હવે સાગર પણ કમલશેઠ ઉપર સંતુષ્ટ થઇને વિમળનાં કરીયાણાં હતાં તે લોભરૂપ મેલ છાંડયો છે જેણે એવા કમલશેઠને આપી દીધાં. પ્રત્યક્ષ સત્ય વચનનો પ્રભાવ કોઇક એવો ઉ-દ્ભુત છે કે જેથકી ગયું દ્રવ્ય પણ પાછું આવ્યું, ને વળી નિ-ર્મળ કીર્ત્તિ પણ વિસ્તાર પામી તથા કમલા જે લક્ષ્મી તે પણ વિસ્તાર પામી.

હવે કમલશેઠને રાજા કહેવા લાગ્યો કે તમે મોટો પસાય કર્યો ને ન્યાય પાળ્યો. સત્ય વચન કેવું છે? તો કે પ્રત્યક્ષ કલ્પ વૃક્ષ સરિખું છે, એટલા માટે સત્ય વચનથી શું ન સંભવે? સત્ય વચન સર્વ પંડિત લોકને માનનીય છે, સત્યવચન બોલ-નારના વચનને સર્વ લોક માનવા યોગ્ય થાય, સર્વ લોકને વિ-શેષ પ્રસંસવા યોગ્ય થાય, અને જૂઠું બોલનારો જે વિમળ તે સર્વ લોકમાં નિંદનીય થયો, વિમળ સુશ્રાવકનો બેટો હતો પ-ણ જૂઠું બોલ્યાથી દુર્ગતિયે ગયો, રાજા સાગરની બુદ્ધિયે રી-ઝ્યો થકો તેને સર્વ પ્રધાનોમાં મુખ્ય પ્રધાનપણે સ્થાપ્યો. પછી કમલશેઠ ઘણા કાળ સુધી ગૃહસ્થનો ધર્મ પાળીને અંતે ઉત્તમ સાધુનો ધર્મ ગ્રહણ કરી રૂડી રીતે વિશેષપણે ભાષાસમિતિયે યુક્ત થકો કમલ સાધુ મોક્ષ પ્રત્યે પામતા હવા. સકળ કર્મ ક્ષય કરીને પરમપદ વર્યા.

એવી રીતે વખાણવા યોગ્ય તથા રસે કરી સહિત એવું જે કમલશેઠનું ચરિત્ર તેને સાંભળીને હે ભવ્ય લોકો! તમે ધ-નની તૃષ્ણા મૂકી અકૃતકરણ ત્યાગો અસત્ય વચન છોડી નિત્ય ઉજમાળ થઈ ધર્મને આદરીને પરમપદને વરો.

ઇતિ કમલશેઠની કથા સમાપ્ત.

અદત્તાદાનવ્રત ઉપર.

सिद्धदत्त अने कपीलनी कथा.

આ જંબૂદ્વીપને વિષે મહાવિદેહ નામા ક્ષેત્રમાં પુષ્કલાભિધ સાતમા વિજયને વિષે પ્રશસ્ત વસ્તુયે કરી યુક્ત અને ઉત્તમ એવું વિશાલાનામે એક નગર છે, તેમાં તુચ્છ વૈભવવાળા માતૃદત્ત અને વસુદત્ત એ નામના બે વાણીયા રહેતા હતા; તેઓ પરસ્પર મિત્ર હતા, તેથી તે બેઉ જણ વ્યાપાર પણ સાથેજ કરતા હતા. તેમાં માતૃદત્તે તો સ્થૂલાદત્ત ગ્રહણનું પ્રત્યાખ્યાન લીધેલું હતું, અને વસુદત્ત તો અધર્મી હોવાથી કૂટતોલ અને કૂટમાનથી ધમધોકાર ધંધો કરતો હતો, પરંતુ તેની પાપિષ્ટવૃત્તિથી તેને ધનની વૃદ્ધિ થતી નહોતી.

હવે તે બેઉ જણ વેપાર માટે સ્વલ્પ મૂલ્યવાળું કરિયાણું લાવીને પુંડપુર નામનું એક મોટું ગામ હતું ત્યાં ગયા, તે ગામમાં વસુતેજા નામે રાજા રાજ્ય કરે છે, તે રાજાને દ્રવ્યનો ભંડાર સાચવે એવો કોઈ વિશ્વાશપાત્ર ભંડારી પોતાના ગામમાં મળતો નહોતો, માટે તે ભંડાર સાચવવામાં સાચી દાનતવાળા કોઇ પણ પરદેશી મનુષ્યની પરિક્ષા કરવા માટે એક રત્નજડિત કુંડળ ગામની બહાર રસ્તામાં નાંખી દીધું હતું, અને તે કુંડળ બહાર ગામનો કોણ લે છે અને કોણ નથી લેતો, તે જોવા માટે ઝાડની ઓટે કોઇ ન દેખે તેવી રીતે માણસો રાખ્યાં હતાં; તેમાં કોઇ પણ જો તેજ ગામનું માણસ રસ્તામાં ચાલતાં ચાલતાં રત્નકુંડળ ગ્રહણ કરે છે, તો તેને સુભટો ઝાડની ઓટેથી બહાર આવી હાકલ મારી તે પાછું મૂકવાનું કહે છે, અને દંડ કરાવે છે; તેથી તે સુભટના ભયથી તત્રત્ય જનને ખબર પડવાથી તદ્ગ્રામસ્થ માણસ તો તે રત્નકુંડળને કોઈ પણ ગ્રહણ કરતા નથી.

હવે તેવામાં માતૃદત્ત અને વસુદત્ત એ બેઉ મિત્રો તેજ રસ્તે નિકળ્યા, ત્યાં રસ્તામાં પડેલું રત્નજડિત કુંડળ તે બેઉ જણે દીઠું, તેમાં માતૃદત્તે દીઠું પણ મનમાં સમજ્યો જે તે અદત્ત છે માટે લેવાયજ નહીં. એમ સમજીને એમને એમ ગુપચુપ ચાલ્યો ગયો, અને પછવાડે ચાલ્યો આવતો વસુદત્ત તે રસ્તામાં પડેલા કુંડળને જોઇને એકદમ ખુશી થઇને લેવા દોડયો; ત્યારે માતૃદત્તે કહ્યું કેઃ—હે ભાઈ! એ કુંડળ નથી પણ વિષ છે, માટે તે તું લઈશ નહીં. ત્યારે તેના દેખતાં તો તેણે તે કુંડળ પડતું મૂકયું, અને પાછા ત્યાંથી ચાલ્યા; ચાલતાં ચાલતાં તેને બોધ થવા માટે માતૃદત્તે એક દ્રષ્ટાંત કહેવા માંડયો.

કોઇએક નગરને વિષે દેવ અને યશ એ નામના બે વૈશ્ય રહેતા હતા, તેપણ આપણી પેઠે બેઉ મિત્ર હતા, અને વેપાર પણ બેઉ સરખોજ કરતા હતા; તેમાં દેવ નામનો શ્રાવક હતો તે અદત્ત વસ્તુથી પરાઙ્મુખ હતો, અને બીજો યશ જે હતો, તે દેવથી વિપરીત હતો. એક દિવસ તે બેઉ જણ શૌચ જવા ગયા, અને ત્યાંથી જ્યારે પાછા વળ્યા ત્યારે તેમને માર્ગમાં પડેલું એક કુંડળ નજરે પડયું, તેમાં દેવશ્રાદ્ધે તે કુંડળ જોયું, તોપણ જેમ ન જોયું હોય તેવીજ રીતે રસ્તે ચાલ્યો ગયો; અને યશ જે હતો તેતો તે કુંડળને લેવા દોડયો; ત્યારે દેવશ્રાદ્ધે કહ્યું કેઃ—હે ભાઇ! તે આપણું નથી, માટે તે લેવાથી અદત્તાદાન થાય, અને અદત્તાદાનનું શાસ્ત્રમાં મ્હોટું પાપ કહેલું છે, તેથી ત્હારે તે લેવું યોગ્ય નથી. તે સાંભળી તે વખત તો તેણે પણ લજ્જાથી લીધું નહીં, અને પછી તુરત તે દેખે નહીં એવે બીજે આડે રસ્તે જઇ જ્યાં કુંડલ પડયું હતું ત્યાં પાછો આવ્યો, આવીને તેણે તે કુંડળ લઇ લીધું, પણ વિચાર કરવા લાગ્યો કે ધન્ય છે દેવશ્રાદ્ધને કે જેણે આ કુંડળને જોયું પણ નિર્લોભ થઈ લીધું નહીં; પરંતુ ફિકર નહિં તેને પણ હું છોડીશ નહિં, એટલે તેને પણ હું કુંડળનો ભાગીયો કરીશ, તેથી તે પણ મારા પાપનો ભાગીયો થશે; એમ વિચારીને તે કુંડળ દેવ

થી છાનું રાખ્યું. પછી બેઉ જણ નગરમાં ગયા, અને તે દેવશ્રી છાના માના ચોરી લીધેલા કુંડળના દ્રવ્યથી તથા પોતાના દ્રવ્યથી ઘણુંજ કરિયાણું બેઉ જણે મળીને લીધું અને પછી પોતાના સ્થાનકે આવ્યા.

હવે પોતાના દ્રવ્યથી જેટલું કરિયાણું આવવું ઘટે, તેથી ઘણુંજ વધારે આવેલું જોઇને દેવશ્રાદ્ધે પૂછ્યું કેઃ-હે યશ! આપણું દ્રવ્ય તો થોડું હતું અને આ કરિયાણું કેમ ઘણુંજ આવ્યું દેખાય છે? ત્યારે તેણે કુંડળ વેચ્યાના દ્રવ્યથી કરિયાણું લેવાની છાની વાત જે હતી તે સ્પષ્ટરીતે કહી દેખાડી. તે સાંભળી ત્રાસ પામી દેવશ્રાદ્ધે તેનો હિસાબ કર્યો અને કુંડળના દ્રવ્યનું જેટલું કરિયાણું લીધું હતું તે સર્વ તેને આપ્યું, અને પોતાના ભાગના દ્રવ્યનું જેટલું કરિયાણું આવ્યું હતું તે વિભાગ કરી પોતે રાખ્યું, તેમ કરવાથી પોતાના ભાગમાં આવેલું ઘણુંજ કરિયાણું જોઈ યશ મનમાં અત્યંત ખુશી થયો, અને તેણે ભાડે રાખેલા કરિયાણા ભરવાના ઓરડામાં તે સર્વ ભર્યું. પછી તેજ રાત્રિને વિષે યશે જેમાં કરિયાણું ભરેલું હતું, તે ઘર રાત્રિયે ચોરોએ ફાડીને સર્વ ચોરી લીધું, પછી જ્યારે સવારનો પ્રહર થયો ત્યારે ત્યાં જઈ જુવે તો ઘર ફાડી સર્વ કરિયાણું ચોરાઇ ગયેલું છે, તે જોઈ અત્યંત ક્લેશ પામી તુરત તે દેવશ્રાદ્ધ પાસે આવ્યો, અને રૂદન કરી કહેવા લાગ્યો કેઃ--ભાઇ! તમારાથી જુદા પડી મેં મારૂં કરિયાણું ભાડે રાખેલા એક મોટા ઓરડામાં ભર્યું હતું, તેમાંથી તો રાત્રિયે ચોરોએ આવી સર્વ ચોરી લીધું. અરે! હવે હું તે શું કરૂં? તે સાંભળી બુદ્ધિવાન એવો દેવશ્રાદ્ધ બોલ્યો કેઃ--હે મિત્ર! અન્યાય કરવાથી તો મોટો અનર્થજ થાય છે, તે માટેજ બુદ્ધિવાનો કોઇપણ પ્રકારનો અન્યાય કરતા નથી. જુઓ તું [illegible] [illegible] અન્યાય કર્યો, તેનું ફળ તમને પ્રત્યક્ષ હમણાંજ મળી આવ્યું. તેથી હજી પણ હું કહું છું કે તમે અદત્તાદાન [illegible] [illegible] કરો. તે સાંભળી [illegible] પામેલા યશે તે [illegible] અંગીકાર કર્યું. પછી [illegible] દિવસે તે ગામમાં [illegible] [illegible]

ગ્રી આવ્યા, તેમને કેટલીએક હાટની વસ્તુઓ વેચાતી આપી, તેમાં તે વસુને બમણો લાભ થયો, તેથી તેણે અદત્તાદાનના વ્રતનું પ્રત્યક્ષ પારખું જોઇને સુશ્રાવકપણું સ્વીકાર્યું.

હવે માતુદત્ત કહે છે કેઃ—હે વસુદત્ત! એ પ્રમાણે ન્યાયોપાર્જિત દ્રવ્યથીજ જીવનું કલ્યાણ થાય છે, માટે તારે હવે દુષ્ટ પરિણામદાયક ચોરીથી લીધેલા દ્રવ્યે કરી વિરામજ પામવું ઉચિત છે. એવી રીતે વસુદત્તને ઘણો ઉપદેશ કરી તે કામથી નિવૃત્ત થવા કહ્યું; તોપણ તે પાછો માતૃદત્તથી છાનો માનો ત્યાં જઇને રસ્તામાં પડેલું કુંડળ લઈ આવ્યો. હવે માતૃદત્તે એક તો રસ્તામાં પડેલું કુંડળ લીધું નહીં, અને બીજું લેવાને ઈચ્છા કરતા વસુદત્તને ઉપદેશ આપી અટકાવ્યો, એમ બેઉ રીતે તેની નીતિ જોઈ લીધી; અને વસુદત્તે કુંડળ લીધું તે પણ જોયું; તેથી રાજસુભટોયે આવી વસુદત્તને તુરત પકડી લીધો અને તેના માલનાં ભરેલાં ગાડાં કબજે કર્યાં, અને પછી માતૃદત્તને પકડયો; તેથી તેતો વિચારમાં પડી કહેવા લાગ્યો કેઃ—ભાઇયો! મારો શું અપરાધ છે તે તમો મને પકડો છો? તેવારે સેપાઇઓ બોલ્યા કેઃ—હે મહાસાત્વિક! તું જરા પણ મનમાં ખેદ કરીશ નહીં, તારાં નીતિનાં આચરણથી આ ગામનો રાજા અત્યંત સંતુષ્ટ થઇને તુને કાંઈક અલભ્ય લાભ આપશે. તે સાંભળી માતૃદત્ત કહે છે કે, મહેરબાની કરી આ મારાં કરિયાણાનાં ગાડાં તમે જપ્ત કરો, પરંતુ આ વસુદત્તને તથા વસુદત્તનાં ગાડાંઓને છોડી મૂકો. હોય, બાળસ્વભાવવાળા નરની ભૂલથી થયેલા એક અપરાધની તો તમારે ક્ષમા કરવીજ જોઇયે. વળી હે ભાઇયો! જો આ મનુષ્યને તમો છોડી દેશો, તો હું તણીશ કે એજ મારીપર આપના રાજાયે મોટો ઉપકાર કર્યો અને હે સુભટો! અમારે ગ્રામ્યજનને રાજાનાં દર્શન કર્યાનું શું પ્રયોજન છે? કારણ કે અમો રાજરીતમાં કાંઈ સમજતાં નથી. તે સાંભળી સુભટો બોલ્યા કેઃ—હે મહાસત્વ! તમારા કહેવાથી લો આ અમે તેને છોડી મૂકયો; પણ તમો તો જરૂર

થી છાનું રાખ્યું. પછી બેઉ જણ નગરમાં ગયા, અને તે છાના માના ચોરી લીધેલા કુંડળના દ્રવ્યથી તથા પોતાના વ્યથી ઘણુંજ કરિયાણું બેઉ જણે મળીને લીધું અને પછી તાના સ્થાનકે આવ્યા.

હવે પોતાના દ્રવ્યથી જેટલું કરિયાણું આવવું ઘટે, ઘણુંજ વધારે આવેલું જોઇને દેવશ્રાદ્ધે પૂછયું કેઃ હે યશ! આપણ દ્રવ્ય તો થોડું હતું અને આ કરિયાણું કેમ ઘણુંજ આવ્યું દેખાય છે? ત્યારે તેણે કુંડળ વેચ્યાના દ્રવ્યથી કરિયાણું લેવાની છાની વાત જે હતી તે સ્પષ્ટરીતે કહી દેખાડી. તે સાંભળી ત્રાસ પામી દેવશ્રાદ્ધે તેનો હિસાબ કર્યો અને કુંડળના દ્રવ્યનું જેટલું કરિયાણું લીધું હતું તે સર્વ તેને આપ્યું, અને પોતાના ભાગના દ્રવ્યનું જેટલું કરિયાણું આવ્યું હતું તે વિભાગ કરી પોતે રાખ્યું, તેમ કરવાથી પોતાના ભાગમાં આવેલું ઘણુંજ કરિયાણું જોઈ યશ મનમાં અત્યંત ખુશી થયો, અને તેણે ભાડે રાખેલા કરિયાણા ભરવાના ઓરડામાં તે સર્વ ભર્યું. પછી તેજ રાત્રિને વિષે યશે જેમાં કરિયાણું ભરેલું હતું, તે ઘર રાત્રિયે ચોરોએ ફાડીને સર્વ ચોરી લીધું, પછી જ્યારે સવારનો પ્રહર થયો ત્યારે ત્યાં જઈ જુવે તો ઘર ફાડી સર્વ કરિયાણું ચોરાઇ ગયેલું છે, તે જોઈ અત્યંત ક્લેશ પામી તુરત તે દેવશ્રાદ્ધ પાસે આવ્યો, અને રૂદન કરી કહેવા લાગ્યો કેઃ--ભાઇ! તમારાથી જૂદા પડી મેં મારું કરિયાણું ભાડે રાખેલા એક મોટા ઓરડામાં ભર્યું હતું, તેમાં તો રાત્રિયે ચોરોયે આવી સર્વ ચોરી લીધું. અરે! હવે હું શું કરૂં! તે સાંભળી બુદ્ધિવાન એવો દેવશ્રાદ્ધ બોલ્યો કે— મિત્ર! અન્યાય કરવાથી તો મોટો અનર્થજ થાય છે, તે માટેજ સુજ્ઞજનો કોઈપણ પ્રકારનો અન્યાય કરતા નથી. [illegible]

મ સંતાનો ઘણાંજ હોય છે, તેમ પૂર્વે પાપકર્મ કરનારાં એ-
ાં બાળકો નિર્ધન પુરૂષની સ્રીને પણ ઘણાંજ થાય છે.

હવે તે કપિલ બ્રાહ્મણ ઘણાં છોકરાં થવાથી તથા નિર્ધન
ણાથી ઘણોજ દુઃખી થવા લાગ્યો, તેથી તેનાં જે માતા પિતા
તાં તે કોઈપણ ઠેકાણેથી લાવી લાવી તે કપિલનું તથા કપિ-
લના કુટુંબનું પોષણ કરતાં હતાં, તેપણ દૈવયોગથી મરણ પા-
મ્યાં; ત્યારે તે પછી નિરાધાર થવાથી દારિદ્રે કરી પીડાતા એ-
વા તે કપિલને તેની સ્રીએ અત્યંત ધિક્કારી કાઢયો; તેથી તે
બહાર દેશાવર પ્રત્યે દ્રવ્ય ઉપાર્જન કરવા માટે નિકળ્યો. પરં-
તુ પૂર્વભવના કુકર્મથી બહુજ કલેશ પામવા લાગ્યો, અને પાપે
દયને લીધે કોઈપણ ઠેકાણેથી તેને કાંઈ પણ દ્રવ્ય મળ્યું નહિં
તેથી મહાકષ્ટે કરી દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

કહ્યું છે કેઃ —

कुग्रामवासः कुनरेंद्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ॥
कन्याबहुत्वं च दरिद्रता च, षट् जीवलोके नरका भवंति ॥१॥

અર્થઃ—એક તો કુગામમાં વસવું, બીજું દુષ્ટ રાજાની સેવા
કરવી, ત્રીજું રાત દિવસ કચ્છદાવાદિકયુક્ત અન્નનું ભોજન કર-
વું, ચોથું ઘરમાં સ્ત્રી ક્રોધાંધ હોય, પાંચમું ઝાઝી કંન્યાઓ
ઉત્પન્ન થઇ હોય, છઠું ઘરમાં અતિ નિર્ધનપણું હોય, તે છ-
થાનાં આ લોકને વિષે પ્રત્યક્ષ નરકજ જાણવાં.

હવે તે કપિલને એક દિવસે ફરતાં ફરતાં કાપડીનો વેષ
ધારણ કરનારો કોઇએક યોગી મળ્યો, તેની સાથે તેણે મિત્રતા
કરી અને પોતાના સર્વ દુઃખની વાત પણ કહી બતાવી; તે સાં
ભળી કાપડીએ કહ્યું કે:—રે મુર્ખ! તું વૃથા દ્રવ્યનો પ્રયાસ ન
કર, અને એમ કરતાં જો તું ધનનોજ અર્થી હોય તો ચંદ્રા-
ભાનામા નગરીમાં જલદી જા, ત્યાં આશાપુરી નામની દેવી છે,
તે દેવીમાં જેવું નામ છે તેવાજ ગુણો છે, માટે તે દેવીનું આરા
ધન કર, જેથી તે દેવી તારી આશા પુર્ણ કરશે. એવું સાંભળી
કપિલ બ્રાહ્મણ ચંદ્રાભા નગરીએ ગયો, ત્યાં નાહ ધોઈ પવિત્ર

અમારા રાજાની પાસે મહેરબાની કરી પધારો; એમ કહીને તૃદત્તને રાજાની પાસે તેડી લાવ્યા, અને કુંડળગ્રહણની જે બીના બની હતી તે સર્વે રાજાની પાસે કહી બતાવી. તે ભળી વિસ્મય પામેલો રાજા કહેવા લાગ્યો કેઃ—હે ભાઈ! તે રસ્તામાં પડેલા કુંડળને લેવામાં જરા પણ મન ન કર્યું શું કારણ? જોને રસ્તામાં પડેલા પદાર્થને તું વિના બીજો કોણ ન લીયે? અર્થાત્ સૌ કોઈ લેજ. તેવારે માતૃદત્ત બોલ્યો કેઃ—માહારાજ! મેં મારા ગુરૂ પાસે એવું વ્રત લીધું છે કે, કોઈ વસ્તુને તે વસ્તુના સ્વામીના દીધા વિના લેવી નહિ; માટે દીધા વિના હું કાંઈ પણ ગ્રહણ કરતો નથી. તે સાંભળી ખુશી થયેલા રાજાયે તેની મ્હોટી આજીવિકા ઠરાવીને પોતાનો દ્રવ્ય ભંડાર સાચવવાની ચાકરીપર રાખ્યો; તેથી તે સુખી થયો અને સર્વ ઠેકાણે માનને પ્રાપ્ત થયો. કાળે કરી સુસમાધિથી મરણ પામી આજ પુરને વિષે ચંદ્રાભા નગરીમાં ઉત્તમ વણિકના કુળમાં પુરંદર સતી નામા સ્ત્રીથકી પુત્રપણે ઉપન્યો; તેના પિતાયે તેનું સિદ્ધદત્ત એવું નામ પાડયું. પછી અનુક્રમે સર્વ કળામાં કુશળ થયો, અને વન, ઉપવન, રાજરસ્તા પ્રમુખમાં વિવિધ પ્રકારની કળાઓમાં કતૂહલોને કરવા લાગ્યો.

હવે વસુદત્ત જે હતો તે કુકર્મથી પોતાની આજીવિકા ચલાવીને કેટલેએક કાળે કરી મરણ પામીને કર્મના વિચિત્રપણાથી બ્રાહ્મણના કુળને વિષે કપિલનામા પુત્ર થઇને અવતર્યો. તે નિર્ધન એવા બ્રાહ્મણકુળમાં અવતરવાથી યોવન પ્રાપ્ત થયે તેના પિતાયે પોતાથી પણ હીન કુળવાળાની યાચના કરીને એક કન્યા પરણાવી. તેની સાથે વિષયસુખ ભોગવતાં તેને ઘણાંક છોકરાં થયાં.

કહ્યું છે કેઃ—

कुर्कुटीणामजानां च, सूकरीणां सुतावनाः
यथानिःस्वगृहे डिंभाः पापाःस्युर्बहवस्तथा ॥ १ ॥

અર્થઃ—કૂકડીને, બકરીને અને સૂકરીને, એ ત્રણે જાતિને

જેમ સંતાનો ઘણાંજ હોય છે, તેમ પૂર્વે પાપકર્મ કરનારાં એવાં બાળકો નિર્ધન પુરૂષની સ્ત્રીને પણ ઘણાંજ થાય છે.

હવે તે કપિલ બ્રાહ્મણ ઘણાં છોકરાં થવાથી તથા નિર્ધનપણાથી ઘણોજ દુઃખી થવા લાગ્યો, તેથી તેનાં જે માતા પિતા હતાં તે કોઇપણ ઠેકાણેથી લાવી લાવી તે કપિલનું તથા કપિલના કુટુંબનું પોષણ કરતાં હતાં, તેપણ દૈવયોગથી મરણ પામ્યાં; ત્યારે તો પછી નિરાધાર થવાથી દારિદ્રે કરી પીડાતા એવા તે કપિલને તેની સ્ત્રીએ અત્યંત ધિક્કારી કાઢયો; તેથી તે બહાર દેશાવર પ્રત્યે દ્રવ્ય ઉપાર્જન કરવા માટે નિકળ્યો. પરંતુ પૂર્વભવના કુકર્મથી બહુજ કલેશ પામવા લાગ્યો, અને પાપોદયને લીધે કોઇપણ ઠેકાણેથી તેને કાંઈ પણ દ્રવ્ય મળ્યું નહિં, તેથી મહાકષ્ટે કરી દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

કહ્યું છે કે:-

कुग्रामवासः कुनरेंद्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ॥
कन्याबहुत्वं च दरिद्रताच, षट् जीवलोके नरका भवंति ॥

અર્થ:—એક તો કુગામમાં વસવું, બીજું દુષ્ટ રાજાની સેવા કરવી, ત્રીજું રાત દિવસ ક્લેશાદિકયુક્ત અસનું ભોજન કરવું, ચોથું ઘરમાં સ્ત્રી ક્રોધી હોય, પાંચમું ઝાઝી કન્યાઓ ઉત્પન્ન થઇ હોય, છઠું ઘરમાં અતિ નિર્ધનપણું હોય, તે છએનાં આ લોકને વિષે પ્રત્યક્ષ નરકજ જાણવાં.

હવે તે કપિલને એક દિવસે ફરતાં ફરતાં કાપડીનો વેષ ધારણ કરનારો કોઇએક યોગી મળ્યો. તેની સાથે તેણે મિત્રા
કરી અને પોતાના સર્વ દુઃખની વાત પણ કહી બતાવી; તે સ
ળીને કાપડીએ કહ્યું કે:-હે મુગ્ધ! તું વૃથા દ્રવ્યનો પ્રયાસ
છે, અને એમ કરતાં જો તું ધનવાન થયો હોય તો સંકા
શાનામા નગરીમાં વસતી છે, ત્યાં આશાપૂરી નામની દેવી છે
તે દેવીનો જેવું નામ છે તેવાજ ગુણ છે. અને તે દેવીનું આ
જે કોઈ કરે તો તે દેવી તેની આશા પૂર્ણ કરે છે એવું સાંભળ
કપિલ બ્રાહ્મણ સંકાશા નગરીએ ગયો, ત્યાં તેણે ખૂબ ભક્તિ

થઇને પુષ્પાદિકોએ કરી તે દેવીનું અર્ચન કરી સ્તુતિ કરી ધ્યાન ધરી મૌન રાખી, ઉપવાસ કરી કુશનું આસ્તરણ નાંખીને બે દિવસપર્યંત બેઠો; ત્રીજે દિવસે રાત્રીને વિષે આશાપુરી દેવી બોલી કે:--હે બ્રાહ્મણ! તું શા માટે તપસ્વી થઈ ક્ષુધા વગેરે દુઃખ સહન કરી મારીપર બેઠો છે? ત્યારે કપિલ બોલ્યો કે:--હે દેવિ! મ્હારે તો દ્રવ્ય જોઇએ છીએ, બીજું કાંઈ જોઇતું નથી, માટે દ્રવ્ય આપો. તેવારે દેવી બોલી કે:--હે બ્રાહ્મણ! શું આંહિ કાંઈ તું તારા બાપની થાપણ મૂકી ગયો છે, તે લેવા આવ્યો છે. ત્યારે કપિલે કહ્યું કે:--તમો દેવી છો માટે સર્વ જાણોજ છો. માટે મને અમથો શામાટે હેરાન કરો છો? હવે તો મને દરિદ્રપણાને લીધે જીવવાનો પણ કંટાળો આવે છે; આ જીવવા કરતાં તો હું જો તમારી પાસે તમારા બલિદાનરૂપ થઈ જાઉં, તો ઘણુંજ સારૂં થાય. આ પ્રકારનાં વચનથી તે કપિલના મનનો દૃઢ નિશ્ચય જાણીને દેવી બોલી કે:- હે બ્રાહ્મણ! આ એક શ્લોકના પદનું લખેલું પુસ્તક હું તને આપું છું, તે તું ગ્રહણ કરય, અને જે તને પાંચસો રૂપૈયા આપે તેને આ પુસ્તક આપજે; પરંતુ દ્રવ્ય લીધા વિના કોઇને આપીશ નહીં, અને તેની પાંચશોથી વધારે દ્રવ્યની પણ પ્રાર્થના કરીશ નહીં. એમ કહી પુસ્તક આપીને તે દેવી તો અંતર્ધ્યાન થઇ ગયાં.

પછી તે કપિલ દેવીના આપેલા તે પુસ્તકને લઇને ત્યાંથી વેચવા માટે ચાલ્યો, ગામમાં આવી આખા ગામમાં ફર્યો, પણ તેનો એક પૈસો પણ કોઇયે આપ્યો નહીં; એમ કરતાં કરતાં સહુ કને તે કપિલ પૂર્વજન્મના મિત્ર સિદ્ધદત્ત પાસે આવ્યો; અને તે પુસ્તક તેને દેખાડ્યું; તેવારે સિદ્ધદત્તે તેને પૂછ્યું કે:—મહારાજ! આ પુસ્તકની શું કિમ્મત લેવો છો? ત્યારે તેણે કહ્યું કે, પાંચસો રૂપૈયા. તે વખત સિદ્ધદત્તે વિચાર કર્યો કે હું એમાં લખ્યું તો જોઉં કે એમાં શું લખેલું છે? પછી તે કપિલના હાથમાંથી પુસ્તક લઇને અંદર નજર કરી, ત્યાં તો તેમાંથી નીચે પ્રમાણે "પ્રાપ્તવ્યમર્થં લભતે મનુષ્યઃ" એ શ્લોકનું એકજ પદ નિકળ્યું.

મો અર્થ એ હતો કે મનુષ્યને પૂર્વ જન્મના યોગથી જેટલું
ળવાનું હોય, તેટલું જ મળે છે, વધારે કાંઇ પણ મળતું નથી.
અર્થ મનમાં વિચારી નિશ્ચય કરીને તે બ્રાહ્મણને હર્ષે કરી
ચસો રૂપીઆ આપ્યા; પછી તે કપિલ દ્રવ્ય પ્રાપ્ત થવાથી
ચિત થઇને પોતાના ઘર તરફ ચાલ્યો. જ્યાં રસ્તામાં ચાલ્યો
ય છે, ત્યાં ભિલ્લ લુટારાઓ મળ્યા તેમણે તેને લુંટી લીધો
ને દ્રવ્ય આપવાની હા ના કહેવાથી ખૂબ માર્યો. પછી ઉ-
ાસરહિત તથા નિરાશ થઇ જેવો ગયો હતો તેવોજ પાછો
ર આવ્યો.

હવે સિદ્ધદત્તનો પિતા સિદ્ધદત્તને પ્રતિદિન સાયંકાળે પૂ
ને ઘર ખરચ રોજમેળમાં લખાવે છે, અને મેળની પુરાંત
તેજ ગણે છે. જે દિવસે સિદ્ધદત્તે પાંચસો રૂપૈઆ આપી
સ્તક લીધું, તે રૂપૈયા ચોપડામાં લખ્યા નહોતા; તેથી પુરાંત
ણતાં તે રૂપૈઆ ખુટ્યા અને મેળ મળ્યો નહિ, ત્યારે સિદ્ધ
ત્તને પૂછયું કે, ભાઇ! આજની પુરાતમાં પાંચસેં રૂપીયા કે
ટે છે? તેવારે તેણે તે પાંચસેં રૂપૈઆને ઠેકાણે બ્રાહ્મણ પાસેથ
વેચાતું લીધેલું પુસ્તક બતાવ્યું, અને કહ્યું કે:—પિતાજી! આ
પુસ્તક મેં પાંચસો રૂપૈયાનું લીધું છે, પણ તેના રૂપૈયા ચોપ
ડામાં લખ્યા નથી, માટે પુરાતમાં ઘટે છે. તે લખવાના
હતા ખરા, પણ આપને પૂછીને લખવાના હતા, તેથી મેં લખ્
નથી, આવું સિદ્ધદત્તનું વચન સાંભળતાંજ તેને અત્યંત ક્રો
ચડ્યો, પછી તુરત તેને ખૂબ મારીને કહ્યું કે:—અરે દુષ્ટપુત્
આવો નકામો ખોટો વ્યય કરી મારૂં દ્રવ્ય તું લુંટાવી દે
તેથી તું તે શું કમાઇને ખાવાનો છે? માટે જા, નિકળ મ
ઘરમાંથી. જેટલા રૂપૈયા પુસ્તક લીધામાં વ્યર્થ તેં ગમાવ્યા
તેટલાજ રૂપૈયા કમાઇને લાવ્યા વિના ખબરદાર જો મારા
રમાં પેઠો તો!! તે સાંભળી સિદ્ધદત્તે ધીર રહી કહ્યું કે:—
પિતાજી! તમે તો મને પાંચસોજ રૂપૈયા કમાઇ આવવાનું ક
છો, પરંતુ હું તો પાંચ હજાર રૂપૈયા કમાયા શિવાય તમ

ઘરમાં આવનાર નથી. એમ કહી તે વેચાતું લીધેલું પુસ્તક લઇને પોતાના બાપના ઘરથી એમને એમ એકદમ નિકળી ગયા પરંતુ તે વખત રાત્રી હોવાથી નગરના દરવાજા બંધ થઇ ગયા હતા, તેથી તે દરવાજાની પાસે એક જીર્ણ દેવમંદિર હતું, તેમાં જઇ પુસ્તકને હાથમાં રાખી સ્વસ્થપણાથી સુઇ રહ્યા. હવે તેવા સમયમાં શું બન્યું? તે કહે છે.

એક કન્યા તે ગામના રાજાની, બીજી કન્યા સચિવની, ત્રીજી કન્યા ગ્રામ શેઠની, અને ચોથી કન્યા ગામના પુરોહિતની, એ રીતે ચાર કન્યાઓ ત્યાં રહે છે, તેમને બાલ્યાવસ્થાથી પરસ્પર ઘણોજ સ્નેહ છે. એક દિવસ ચારે જણીયો એકઠી થઇને ગાઢસ્નેહે કરી પરસ્પર કહેવા લાગીયો કેઃ–હે બેનો! આપણે જન્મથી ભેગીયોજ રહીયે છીયે અને એક બીજીનો પરસ્પર વિયોગ સહન કરી શકતીયો નથી, તો હવે આપણને યૌવનાવસ્થા પ્રાપ્ત થવાની તૈયારી છે, તે જોબનમાં દૈવરૂપ થાસુ આપણને જૂદી જૂદી કરી મૂકશે તે આપણાથી કેમ સહન થશે? ત્યારે તેમાંથી પ્રથમ રાજકન્યા જે હતી તે બોલી કેઃ હે પ્રિય સખિયો! જ્યાં સુધી આપણને આપણા પિતાયે જૂદા જૂદા વરની સાથે વરાવીયો નથી, તે પહેલાંજ આપણે ચારે જણીયો પોતાની મેળેજ એક વર શોધીને તે એકજ વર સારે પરણીયે તો કેવું સારૂં કે જેથી આપણને કોઈ દિવસ જુદું પડવું પડે નહિ. તે રાજકન્યાની વાત અનુકૂળ લાગવાથી સર્વ કન્યાઓયે સ્વીકાર કરી.

હવે તે પછી થોડા દિવસમાં ત્યાં કોઈ દેશાંતરથી ઉત્તમ કુળવાળો, શુદ્ધ આચારવાળો અને સ્વરૂપવાન એવો કોઇએક રાજસેવક આવ્યો, તેને તે કન્યાઓયે રાજમાર્ગમાં ચાલ્યો જતો ગવાક્ષમાંથી જોયો, અને તેહને એકદમ માણસ મોકલી તેડાવી લીધો. પછી રાજકન્યાયે પ્રચ્છન્નરીતે કહ્યું કે તું અમારૂં ચારે જણીયોનું છાનુંમાનું પાણિગ્રહણ કરીશ? તે સાંભળીને રાજસેવક બોલ્યો કે એ વાત મારાથી બનવાની નથી. ત્યારે રાજકન્યા કહેવા

લાગી કે, જો તું અમોને વરવાનું કબૂલ નહીં રાખે તો હું તને મારા અનુચરો પાસે જીવતોજ મારી નંખાવીશ. તે સાંભળી તેણે રાજકન્યાનું વચન મરવાના ભયથી તે વખત તો સ્વીકારી લીધું, અને કહ્યું કે જાઓ જરૂર હું તમને ચારે જણીયોને વરીશ; પણ હું કયાં આવું અને કેમ કરૂં? તે કહો. ત્યારે રાજકન્યા બોલી કે અમારા ગામના દરવાજા પાસે એક જુનું દેવમંદિર છે, તેમાં તમારે આજની રાત્રે આવીને સૂઈ રહેવું, ત્યાં અમો ચારે જણીયો એકેક પહોરને આંતરે આવીશું, તેમાં તમો જરાપણ સંદેહ રાખશો નહીં; પણ તમો ત્યાં આવ્યા વિના રહેશો નહીં. તે વાત રાજસેવકે અંગીકાર કરી ત્યાંથી રજા લેઈ ચાલ્યો, અને પોતાને સ્થાનકે આવ્યો. પછી વિચાર કરવા લાગ્યો કે એ સર્વે સ્ત્રીયો રાક્ષસીયો જેવીજ છે, તો તેના પાસમાં મારે તે શીદ પડવું જોઇએ! વળી એકને જો પરણવું હોય તો તો જાણે ઠીકજ છે, પરંતુ આતો ચાર સ્ત્રીયોને પરણવું. વળી ચારને જે પરણે તે કેવી રીતે સુખી રહે? તેમાં પણ વળી તેના બોલવાપરથી લાગે છે કે તેતો પિશાચી જેવી છળ કરનારીયો છે! જ્યારે આપણે પરણ્યા, ત્યાર પછી તો તેને છોડાવજ કેમ? જૂઓ. કોને પકડેલી જે વ્યાધી છે, તે બળવાનથી પણ છોડાતી નથી; કારણ કે જો તે છોડે તો તે વ્યાધી બળવાનનાજ પ્રાણ લે; માટે તેઓની સાથે ન પરણવું તેજ સારૂં છે, અને પરણ્યા પછી તો ચારો કોઈ ઉપાયજ નહીં. અહો! જુવો તો ખરા કે મને એ રાજપુત્રીએ કેવો છળ્યો!!!

એવી રીતે ચિંતાસમુદ્રના મધ્યમાં રહીને તેણે આખો દહાડો તેજ વિચાર કર્યા કર્યા, પછી સાયંકાળ થયો ત્યારે વળી એમ વિચારવા લાગ્યો કે, એ ક્ષુદ્ર સ્ત્રીયોને પરણીને એક તો આ નિર્મળ એવા કુળને કલંક લગાડવું, અને બીજું આ રાજાની જે કન્યા તેની સાથે ગુપ્તરીતે વિવાહ કરી દ્રોહ કરવો; માટે મને કાંઈ કુળવાન પુરૂષને કરવું તે ઉચિતજ નથી. એમ વિચારીને એકદમ સમયે તે નગરમાંથી બહાર જઈ કોઈક ઠેકાણે રહ્યો

હવે રાજસુતા વગેરે ચારે જણીયોયે એકત્ર થઇને ઠરાવ કર્યો કે આપણે અનુક્રમે એકેક જણીયે એકેક પ્રહરને આંતરે રાતમાં આપણા સંકેત કરેલા દેવમંદિરમાં જવું. તે ઠરાવ પરસ્પર કબૂલ કરીને પ્રથમ પ્રહરમાં સર્વ વૈવાહિક ઉપકરણ લઇને રાજકન્યા સખિસહિત સાંકેતિક દેવમંદિરમાં પેઠી, અને અંદર જઈ જ્યાં જુવે છે ત્યાં તો સિદ્ધદત્ત સુતેલો છે, તેને જોઇને તેણે જાણ્યું જે અહો! તે રાજપુરૂષ અમારી પહેલાંજ અમારા કહેવા પ્રમાણે આવીને સૂતો છે! તેથી તે માણસ ઘણોજ હુશિયાર લાગે છે, તેથી તેને પરણવાથી અમો ઘણાં સુખી થઇશું. એમ વિચાર કરી જ્યાં નિકટ આવી જુવે, ત્યાં તો પુસ્તક હાથમાં લઇને સિદ્ધદત્તને નિંદ્રા કરતો દીઠો, ત્યારે રાજકન્યા વિચારવા લાગી કે, અહો! તે રાજપુરૂષ બુદ્ધિમાન તથા સાહસિક પણ લાગે છે, પરંતુ નિંદ્રાળુ છે; કારણ કે તે ધમધોકાર નિંદ્રાજ કર્યાજ કરે છે! એમ વિચારી તેની પાસે ગઈ, અને કહેવા લાગી કે:–હે સ્વામિનાથ! નિશ્ચિંત થઇને કેમ સૂતા છો? જલદી ઉઠો. લગ્નનો અવસર જાય છે તે ન તપાસતાં આળસુ થઈ સુવું તે ઠીક કહેવાય? આવા ઉત્સાહના કાર્યમાં નિંદ્રા તે કેમ આવે છે? એમ બોલતાં બોલતાં પ્રેમનિર્ભરપણાયે તેને ઉઠાડયો, અને અંધારેને અંધારે તે રાજકન્યાયે પોતાનો હાથેવાળો તેના દક્ષિણ હાથમાં મેળવી આપ્યો, અને હાથને વિષે કંકણ બાંધી ગાંધર્વ વિવાહ કરી લીધો. પછી નથી જાણ્યો રાજકન્યા વગેરેનો સંકેત જેણે એવા સિદ્ધદત્તને સાંકેતિક રાજપુરૂષ જાણી રાજકન્યા કહેવા લાગી કે:–હે વલ્લભ! આપે આપનો બેસવાનો રથ કયાં છોડયો છે? જ્યાં છોડયો હોય ત્યાં જઇ તેને ઘોડા જોડીને જલદી તૈયાર રાખજો. કારણ કે આપણ સર્વને તે રથમાં બેશી સવારમાં એકદમ પલાયન કરવું પડશે; માટે તેની તૈયારી રાખો. તે સાંભળીને સિદ્ધદત્ત બોલ્યો કે, સર્વ સારૂંજ થશે. પરંતુ હાલતો હું નિંદ્રામાં છું માટે મને તેમાં અંતરાય કરો નહીં, અને સુખ આપો. એમ કહી કપટનિંદ્રાથી પાછો

તેમને તેમ સુઈ ગયો. તેવામાં તો રાજકન્યા તે પુરૂષનો શબ્દ સાંભળી મનમાં શંકા તથા ત્રાસ પામી વિચારવા લાગી જે,– અરે! અમોએ સંકેત કરી જે પુરૂષને આ દેવાલયમાં સુવાડ્યું કહ્યું હતું તે તો ભાસતો નથી, અને આતો બીજો કોઈ નવીન જ પુરૂષ ભાસે છે. એમ વિચાર કરી સંપુટમાં કરેલા દીવાને સંપુટમાંથી ઉઘાડો કરી તેની સામો કર્યો, અને જ્યાં જુવે ત્યાં તો સારા વર્ણવાળા, સુકુમાર અંગયુક્ત, કામદેવના રૂપને પણ છતી જાય એવા રૂપવાળા તે સિદ્ધદત્તને જોયો. જોઇને જેવામાં તેને કાંઇક કહેવા જાય છે, તેવામાં તો તેના મસ્તકની પાસે હાથમાં રાખેલા પુસ્તકને જોયું, અને તરત તેમાં લખેલું શ્લોકનું એક પદ વાંચ્યું, તે જેમકે:—"प्राप्तव्यमर्थं लभते मनुष्य:" એટલે મનુષ્યને દૈવયોગે જેટલું મળવાનું છે, તેટલુંજ મળે છે. તે વાંચી રાજકન્યાએ તુરત પોતાની આંખમાંથી અંજન કાઢી ઘાસની સળીએ કરી તે પુસ્તકમાં એક બીજું પદ લખ્યું કે:— "देवोपितं लंघयितुं न शक्य:" એટલે પ્રારબ્ધથી બનેલા કાર્યને દેવપણ ઉલ્લંઘન કરવાને સમર્થ થતો નથી, તો મનુષ્યની તો શીજ ગતિ? એમ એ શ્લોકમાં બીજું નવું પદ લખી રાજકન્યા પોતાને ઘેર ચાલી આવી. પછી બીજો પ્રહર થયો, એટલે તે બીજા પ્રહરને વિષે પૂર્વોક્ત સંકેત પ્રમાણે મંત્રીની પુત્રી આવી, અને પૂર્વોક્ત રાજકન્યાની રીતે તેનું પણ બન્યું, તેથી તેણે પણ તે શ્લોકમાં ત્રીજું પદ નવું કરી રાજકન્યાનીપેઠે પોતાની આંખમાંથી અંજન કાઢી સળીએ કરી લખ્યું કે:— "तस्मान्न शोचे न च विस्मयो मे" એટલે તે દૈવનુંજ કરેલું થાય છે, તે માટે હું કાંઇ શોક કરતી નથી, તથા મનમાં વિસ્મય પણ પામતી નથી. આ પ્રમાણે ત્રીજું પદ લખીને તે પણ પોતાને ઘેર આવી. પછી તૃતીય પ્રહરને વિષે શ્રેષ્ઠીની પુત્રી આવી, તેનું પણ પૂર્વોક્ત રીતે બન્યું, તેથી તેણે પણ તેજ શ્લોકનું એક નવિન ચતુર્થ પદ બનાવીને લખ્યું જે:–"यदस्मदीयं नाहि तत्परेषां" એટલે જે આપણું છે, તે કોઇ દહાડો બીજાનું થતું

શકતું નથી. એમ લખીને તે પણ પોતાને ઘેર ચાલી ગઈ. પછી ચતુર્થ પ્રહરે પુરોહિતની પુત્રી આવી, તેનું પણ ત્રણની પ્રમાણે બન્યું; ત્યારે તેણે તો એક નવીન શ્લોક બનાવ્યો તે જેમકે:--

व्यवसायं दधत्यन्यः, फलमन्येन भुज्यते ॥
पर्याप्तं व्यवसायेन, प्रमाणविधिरेव नः ॥ १ ॥

અર્થ:—વ્યવસાય કોઇક કરે છે, અને તેનું ફળ કોઇ બીજોજ ભોગવે છે; પૂર્ણ વ્યવસાય કર્યા છતાં પણ જે અમને મળ્યું, તેમાં અમારૂં કર્મજ કારણ છે, બીજું કોઈ નથી. એવી રીતે નવો શ્લોક લખીને તે પણ પોતાને ઘેર ચાલી ગઈ.

પછી પ્રભાતના સમયને વિષે તે ચારે કન્યાઓની સખીયોયે વિચાર્યું જે આ કન્યાઓના લગ્નની વાત તેમની માતાઓને આપણે કહીયે, એટલે તે તેમના પિતાઓને કહેશે; જો આપણે નહિ કહેશું તો તેમનાં માતા પિતા આપણને અપરાધી ગણશે, કે તમો જાણતી હતી તે છતાં અમને કહ્યું કેમ નહીં ? એમ વિચારી તે ચારે કન્યાની સખિયોયે તે પ્રત્યેકની માતાઓને રાત્રિમાં બનેલા લગ્નની સર્વ હકીકત કહી સંભળાવી. અને તે વાત પાછી તે કન્યાઓની માતાઓયે પોતપોતાના સ્વામીને કહી દીધી; તે સાંભળી ખુશી થઇ રાજાયે પ્રધાનોને તેડાવ્યા, અને કહ્યું કે:—હે બુદ્ધિમાન મંત્રિયો ! આપણા ગામના દરવાજા પાસે જીર્ણ થયેલું એક દેવમંદિર છે, તેમાં પુણ્યશાળી એવો અમારો જામાત સૂતેલો છે, તેને મોટા આડંબરથી તથા ધામધૂમથી તેડી લાવો. એવું રાજાનું વચન સાંભળી તે મંત્રીયોયે ત્યાં જઇને પ્રથમ તો તૂર્યના ઘોષે કરી સિદ્ધદત્તને જગાડયો, પછી પ્રૌઢ એવા ગજરાજની ઉપર બેસાર્યો અને બંદી લોકોના વૃંદોયે જેની સ્તુતિ કરી છે એવા તે સિદ્ધદત્તને રાજાના મંદિરમાં આણ્યો; તેવારે લોકો તેને જોઇને કહેવા લાગ્યા કે, અહો ! આ તો આ ગામના રહેવાશી પુરંદર શેઠનો પુત્ર સિદ્ધદત્ત છે. તે સાંભળી રાજા અત્યંત હર્ષમાન થયો.

હવે તે સિદ્ધદત્તનો પિતા જે પુરંદર શેઠ હતો, તેણે તે સિદ્ધદત્તને મારીને પોતાને ઘેરથી કાઢી મૂક્યો હતો, પરંતુ પોતે પિતા છે તેથી મનમાં દયા આણી તેને મારવાનો પશ્ચાતાપ કરી ગામના દરવાજા બંધ થયા છે, તેથી તે ગામમાંજ હશે! એમ જાણી તે ગામનીજ ગલીકુંચીયો શોધતો હતો. શોધતાં શોધતાં સવાર થઈ ગઈ, પરંતુ તેને તે મળ્યો નહીં, તેથી નિરાશ થઇ ઘેર આવી જ્યાં નિરાશ બેઠો છે, ત્યાં તો તે સિદ્ધદત્તની સર્વ લગ્ન વગેરેની હકીકતને તથા સિદ્ધદત્ત પરણવા માટે હસ્તીપર બેશીને રાજમંદિરમાં આવ્યો તે સર્વ હકીકતને ગામના માણસોના મુખથી સાંભળી પુરંદર શ્રેષ્ઠી હર્ષિત થઈ એકદમ ત્યાં આવ્યો, અને જોઇને અત્યંત ખુશી થયો. બીજી કન્યાઓનાં માતા પિતા વગેરેને ખબર પડી કે અમારી દીકરીયોને પણ તેજ પુરૂષને વર્યા છે, એવું જાણીને તે પણ સઉ ત્યાં આવ્યાં; પછી તે ચારે કન્યાઓનાં માતા પિતા, કામસમાન સ્વરૂપવાન એવા પોતાની કન્યાના વર સિદ્ધદત્તને જોઇ અત્યંત ખુશી થયાં, અને કન્યાઓ પણ ખુશી થઇ વિચારવા લાગીયો કેઃ—અહો! પ્રથમના સાંકેતિક રાજપુરૂષ કરતાં તો આ વર આપણને હજારગણો સારો મળ્યો!! પછી તે મતિમાન્ એવા રાજા, તથા મંત્રી પ્રમુખે મ્હોટી ધામધૂમથી પોતાની કન્યાઓને પરણાવી. તેમાં રાજાયે પાણિગ્રહણને સમયે કન્યાદાનમાં પંચાશી ગામ આપ્યાં, તથા સચિવ, શ્રેષ્ઠી અને પુરોહિત તેમણે પણ પોતપોતાની કન્યાના પાણિગ્રહણ સમયે સ્વસ્વશક્ત્યનુસારે હર્ષથી આભરણ તથા ધન વગેરે આપ્યાં.

પછી સિદ્ધદત્ત રાજાયે આપેલા ઉત્તમ ધવલગૃહમાં નવોઢા એવી ચાર સ્ત્રીયોની સાથે સ્વર્ગમાં જેમ દેવ કાળ નિર્ગમન કરે, તેમ કાળ નિર્ગમન કરવા લાગ્યો. એમ કરતાં એક દિવસ તે નગરના ઉદ્યાનમાં ગુણશેખરસૂરિનામા મુનિ પ્રધાન શિષ્યોસહિત સમોસર્યા. તે સાંભળી રાજા પ્રમુખ વાંદવા માટે ગયા, ત્યાં સિદ્ધદત્ત પણ ચાર સ્ત્રીયોયે સહિત ગુરૂને વાંદવા માટે આવ્યો. ગુરૂ

પણ સઉને યથાયોગ્ય સ્વસ્થાનપર બેઠા જોઇ કરૂણા દેશના દેવા લાગ્યા. તે જેમકેઃ—

दुष्प्राप्यं प्राप्य मानुष्यं, तत्किंचिज्जन्मनाऽमुना ॥
ध्रुवमासाद्यते यत्न, शुद्धजन्मांतरंपुनः ॥ १ ॥
त्यज दुर्जनसंसर्गं, भज साधुसमागमम् ॥
कुरु पुण्यमहोरात्रं, स्मर नित्यमनित्यताम् ॥ २ ॥
निंदांमुंच शमामृतेन, हृदयंस्वं सिंचितं च कृथाः,
संतोषं भज लोभमृत्सृज जनेष्वात्मप्रशंसां त्यज ॥
मायां वजय कर्म तर्जय यशः साधर्मिकेष्ववर्जय,
श्रेयो धारयहंत वारयमदंस्वं संसृतेस्तारय ॥ ३ ॥

અર્થઃ—દુષ્પ્રાપ્ય એવા મનુષ્યના જન્મે કરી જો સુકૃત સંપાદાન થાય છે, તો એ સુકૃતથી વળી પાછો શુદ્ધ જન્મ થાય છે, અને તેથીજ પાછી સદ્દગતિ થાય છે. વળી હે ભવ્ય જીવ! તમો દુર્જનના સંગનો ત્યાગ કરો, અને સાધુનો સંગ કરો; અહોરાત્ર પુણ્ય કરો, નિત્ય સંસારના અનિત્યપણાની ભાવના ભાવો, નિંદાનો ત્યાગ કરો, સમતારૂપ અમૃતથી પોતાના હૃદયને સિંચિત કરો, સંતોષને ભજો, લોભનો ત્યાગ કરો, મનુષ્યો પાસે આત્મશ્લાઘા ન કરો, માયાનું તર્જન કરો, દુષ્ટ કર્મોથી ત્રાસ પામો, સાધર્મિકોને વિષે યશનું સંપાદન કરો, શ્રેયને ધારણ કરો, મદને વારો, અને તમારા જીવને સંસાર સમુદ્રથી તારો.

ઇત્યાદિક ગુરૂના મુખથી દેશના સાંભળી સિદ્ધદત્તે પૂછ્યું કેઃ—મહારાજ! હું પૂર્વ જન્મે કોણ હતો? તેવારે ગુરૂયે તેનો સર્વ પૂર્વ જન્મ કહ્યો. તે સૂરિના મુખથકી સાંભળી સંસારથકી વિરક્ત થઇ તેજ ગુરૂ પાસે દીક્ષા લઇ ઘણા કાળપર્યંત મનોહર ચારિત્ર પાળી સ્વર્ગમાં ગયો, અને અનુક્રમે સુકૃતે કરી મોક્ષને પણ પામશે.

ઇતિ સિદ્ધદત્ત અને કપિલની કથા.

प्रशामतिनी कथा.

સુંદર અને સુશોભિત મહેલના એક પડખે આવેલી અગાશીમાં પુનમની શોભિતી રાત્રિએ સોનેરી સિંહાસનપર એક મહાન્ કાંતિવાન ૨૭ વર્ષની ઉમ્મરનો જુવાન બેઠો હતો; તેની સામી બાજુએ ખુરશીપર અપસરાસરખી અતિ સ્વરૂપવાન એક સ્ત્રી બેઠી હતી; સ્ત્રી પોતાના પ્રીતમને પાનપટી આપી, પંખાવતી હળવે હળવે પવન નાંખતી હતી; પ્રિતમ પોતાની પ્રિયા સાથે નાના પ્રકારની હાસ્યવિનોદની વાતો કરી આનંદ આપતો હતો; એવામાં કોઇક સ્ત્રી રૂદન કરતી હોય, એવા દુઃખના ઉદ્ગાર તેના કાને અથડાયા; થોડીવાર એક ચિત્તે તે રૂદન સાંભળ્યા પછી તે જુવાને નિચે હાક મારી, નોકરને બોલાવ્યો. અનુચરે આવી હાથ જોડી પૂછ્યું.-"સાહેબજી! શો હુકમ છે." દેવદત્તે કહ્યું:-"દરવાજા બહાર કોઇક રૂદન કરતું સંભળાય છે, તો જે હોય તેને નિચે બોલાવો." "વારૂ સાહેબ" એમ બોલી અનુચર દરવાજા તરફ ગયો, અને એક ગરીબ સ્ત્રીને નિચે ઉભી રાખી, દેવદત્તને તે સ્ત્રીને લાવ્યાની ખબર આપી. પછી દેવદત્તે આ સ્ત્રીને રડવાનું કારણ પુછ્યું, ત્યારે તે બોલી:-"ધર્માત્મા શેઠજી! હું ગરીબ મુસાફર છું, હું મારા પતિ તથા છોકરા સાથે જાત્રા કરવા નિકળી હતી, પણ મારા કમભાગ્યથી મારો પતિ તથા મારો છોકરો દુષ્ટ કોલેરાના ભોગમાં આવી ગયા; ત્યાર બાદ મને સંધીવાનો ઉપદ્રવ શરૂ થયો, જેને કરી મારા બને પગ ઝલાઇ ગયા; હવે લાકડીના ટેકા વગર ચાલી શકતી નથી, અને ભુખમરાના દુઃખે મરૂં છું, આજે મને બે લાંઘણ થઇ છે." ઉપર મુજબ તે સ્ત્રીનાં દિલગીરીનાં વચનો સાંભળી દેવદત્તને અત્યંત દયા ઉપજી, અને તુરત તેણે પોતાના હાથમાં હીરા માણેકથી જડેલ પચીશ હજાર રૂપીઆની કિંમતવાળી પોંચી હતી તે આપી દીધી, પેલી ભીખારણ રાજી

...ણી દત્તને હજારો હજાર આશિર્વાદ આપતી પોતાને ...
...ઈ. એટલામાં દેવદત્તને વિચાર થયો કે આ મારા ...
...ોડ પાંચસો છે તે મારે ખપ આવશે નહીં; કેમકે તેની ...
...ો મેં આપી દીધી, માટે આ પણ આપી દઉં. હું બીજી ...
... કમાઈ કરીશ. એમ વિચાર બાંધી તે બાઈને પાછી બોલાવી ...
...ોડ પાંચસો પણ આપી દીધો.

સમજી ગયો, બાપની કમાણી ખાવા સમ્મ સ્ત્રીએ મેણું મારેલું, એવો સંકલ્પ દેવદત્તના મનમાં ઉત્પન્ન થયો; તેનું મોઢું તુરત ફીકું પડી ગયું, અને ઉંડા વિચારમાં ત્યાંથી તુરત ઉઠી નિચે ચાલવા માંડયુ. તેવારે યશોમતિ દિલગીર થઇ બોલીઃ— "પ્રિતમ! કયાં ચાલવા માંડયું. મારા વચનથી આપને રીસ ચડી? માફ કરો પ્રાણાધાર! હું ભુલી. મારા સંમ નિચે જાઓ તો." આટલું બોલતાં યશોમતિની આંખમાંથી આંસુનાં ટીપ પડયાં, એટલે દેવદત્ત કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર સારી રાત વિચારમાંને વિચારમાં ત્યાંજ બેશી રહ્યો.

સવાર થયું એટલે દેવદત્ત પોતાના માતા પિતાને પગે લાગી એક બવા જનારૂ સંઘની સાથે પોતાનું વહાણ સજ કરી વેપાર અર્થે જવા તૈયાર થયો; માતા પિતા તથા સજ્જન વર્ગે જવા ઘણી ના પાડી પણ કોઈનું માન્યું નહીં, અને સારૂ મુહુર્ત જોઈ માતા પિતા તથા વૃદ્ધ માણસોને પગે લાગી તેમની શિખામણ સાંભળી લઇ ચાલતો થયો; તેવારે યશોમતિ રસ્તો રોકી ઉભી રહી, અને દેવદત્તને પ્રણામ કરી તેનો છેડો પકડયો; પણ દેવદત્ત ક્રોધાયમાન આંખ કરી છેડો ખેંચી લઈ વગર બોલાવે ચાલ્યો નિકળ્યો, અને વહાણ ઉપર ચડયો. માતા પિતા, સગાં સંબધી વગેરે સરવે માણસો દેવદત્તને વળાવી પાછાં પોત પોતાને સ્થાનકે આવ્યાં, યશોમતિ પણ ઘેર આવી ને પોતાના કર્મનો દોષ ગણી ભગવાનનું ભજન નિરંતર કરવા લાગી.

વહાણ મધ્ય દરિયે ચાલ્યું, એમ કેટલાક દિવસ ચાલી નિકળ્યા પછી એક દિવસ રાત્રે દરિયામાં મોટું તોફાન મચાયું, વહાણ હામાડોળ થવા માંડયું અને તે સર્વેના જીવ ચપટીમાં આવી પડયા. સર્વેએ પોત પોતાના ઈષ્ટદેવની પ્રાર્થના કરવા માંડી, દેવદત્તને માત પિતા તથા પોતાની પ્રિયા સાંભળી આવી, અને પોતાની પ્રિયાનાં સાચાં વચનોપર તેણે તિરસ્કાર બતાવી, તરછોડી પરદેશનો રસ્તો લીધો તેને માટે અતિ અફસોસી થવા માંડી, વહાણ પણ હમણાં ડુબે હમણાં ડુબે એમ થઈ રહ્યું; તે

હવે જે દિવસ દેવદત્ત યશોમતિ આગળ આવ્યો હતો, તેજ દિવસે યશોમતિ નાહી હતી, તેથી તેજ દિવસથી તેને ગર્ભ રહ્યો હતો, તેથી તેને ગર્ભવંતી જાણી ઘરમાં ચર્ચા થવા લાગી, તેની સાસુ તેને વ્યભિચારણી ધારી મેણાં મારવા લાગી, યશોમતિ પોતાને ગર્ભ શી રીતે પ્રાપ્ત થયો તે વાત કહી બતાવે; પણ તે વાતપર ઘરનાં કોઇ માણસને વિશ્વાસ આવે નહીં. આ વાત દેવદત્તના બાપ પુરંદર શેઠને માલુમ પડી, ત્યારે તે અતિ દુઃખીત થયો અને યશોમતિને કાઢી મુકવા વિચાર કર્યો. પછી શેઠે એક પત્ર યશોમતિના પિતા પ્રત્યે લખ્યો, તેની તરફથી એવો જવાબ આવ્યો કે એ દીકરીને અહિં મોકલશો નહિં, તેથી પુરંદરશેઠે એક રથ જોડાવી સારથી સાથે અરણ્યમાં યશોમતિને રવાના કરી.

હવે રથ અરણ્યમાં ચાલ્યો, અને ઘણા ગાઉ ઉપર એક ઘોર જંગલમાં ખંડીત દેરી હતી, તેમાં સારથીએ યશોમતિ ઉતારી પોતે પોતાને પંથે પડયો. વનમાં સિંહ, નાર, વાઘ, (પ, વગેરે વિકાળ જનાવરોની યશોમતિને અત્યંત બીક લાવા માંડી, તેથી દિવસે થોડા વખત બહાર નિકળે, અને રાત્રે ી બંધ કરી તેમાં રહે; પણ સાંજ સવાર એક ચિત્તથી ભ-ગવાનનું ભજન કરવા ચુકે નહીં; એમ દુઃખે દિવસ કાઢવા ાગી.

એક દિવસ રાત્રે દેરીના દ્વાર આગળ યશોમતિ ઉભી છે, ચંદ્રમા ખીલ્યો છે, તેવામાં ચાર ચોર આવ્યા, તેઓ યશોમતિને મહારૂપવાન જોઇ વનદેવી ધારી નમન કરી કહેવા લાગ્યા:- "હે માતા! આજે અમને ચોરીમાં લાભ છે કે કેમ? તે કહો. તેવારે યશોમતિએ કહ્યું.-"ચોરો! મને આંહી શુદ્ધ શાન રહેતી નથી, માટે કોઇ વસ્તીવાળા ભાગમાં તેડી જાઓ તો તમને લાભ મળે." ચોરોએ કહ્યું:—"દેવી! આંહીથી નજીક કાદંબીનામે નગરી છે, ત્યાં જયરથ નામે રાજા રાજ્ય કરેછે, જો આપને ત્યાં આવવું હોય તો ચાલો તેડી જઇએ." ત્યારે યશોમતિએ કહ્યું:-"ભલે

મને તેડી જાઓ, પણ તમે દુર્ગંધ શરીરવાળા કહેવાઓ, માટે તમે મારાથી દુર ચાલો તો હું તમારી સાથે આવું." તેવારે ચોરોએ હા કહી તેથી યશોમતિ તથા ચોરો કાદંબી નગરીએ પ્રભાત પડેલાં પહોંચ્યા, ત્યાં યશોમતિને એક બાગમાં બેસારી ચોરો પોતાને રસ્તે ચાલ્યા.

હવે યશોમતિ બાગમાં બેઠી બેઠી વિચાર કરવા લાગી કે હવે મારે ક્યાં જવું, એવામાં વેશ્યાની દાશીઓ ફળફુલ લેવાને માટે તે બાગમાં આવી, તેમણે યશોમતિને મધુર સ્વરૂપવાળી દેખી તેની નાત જાત પુછી, મીઠાં વચનો બોલી પોતાની ઉપર [illegible] કરી લીધી; યશોમતિએ પણ પોતાની સર્વ હકીકત કહી, એટલે એક વેશ્યા નગરમાંથી રથ લાવી તેને પ્રપંચ કરી પોતાને ઘેર તેડી ગઈ અને પોતાના મંદિરમાં ઉતારી પોતાનું કૃત્ય કહી બતાવ્યું. આ વચન સાંભળી યશોમતિ એકદમ કંપી ઉઠી ને બોલી કે, "એ કામ મારાથી કદિપણ બનશે નહીં." ત્યારે કુટ્ટણીએ કહ્યું કે:—"હે યશોમતિ! તને હજુ સંસારના રસની ખબર નથી, રોજ રોજ નવા નવા નાવલા ભોગવ, કે જેથી [illegible] જુવાની સારી થાય અને આનંદ મળે." આ વચન યશોમતિને વજ્ર જેવાં લાગ્યાં, પણ કરે શું! સંસાર નહીં ત્યાં ઉપાય શો! [illegible]

[illegible]

જાતને! ત્યારે તો જનેતાએ નકામો ભાર વેઠ્યો કહેવાય તો! આવાં કુસ્યા ભરેલાં વચન ક્રોધની આંખે તિરસ્કારથી જોવા લાગી. તેથી ગુણકાએ વિચાર્યું જે આ વખત મારૂં કહ્યું માનશે નહીં, માટે હમણાં ચુપ રહેવું; વળી પ્રસંગ આવે તેને ઠંડી પાડીને મારી ધારેલી ધારણા બર લાવીશ. એમ વિચારી તેની સેવામાં કૌશલા નામે દાશીને સોંપી પોતે પોતાને ઓરડે ગઈ.

હવે યશોમતિ પોતાના અંતઃકરણમાં અફસોસ કરવા લાગી કે, મારૂં શિયળ કેમ સચવાશે. રે પરમેશ્વર! મારી શી ગતિ થશે. હાય! હાય! શિયળ લુંટાશે તો મારો જન્મ વૃથા ગુમાશે. અરે! આ વખત મારો કોણ બેલી. 'ધર્મિને ઘેર ધાડ અને કસાઇને ત્યાં કુશળ' એ વાત મુજબ મારે બન્યું. પણ રે! હું ભુલું છું, એમ હોય નહીં; અંતે ધર્મની જય થશે. એમ મનવાળી એક નિષ્ટાથી ઇશ્વરના નામની જપમાળા જપવા લાગી.

ગુણકાએ કૌસલા દાશીને બોલાવી કહ્યું કેઃ—"હે દાશી! તેં આજ સુધી મારૂં લુણ ખાધું છે, માટે તે હલાલ કરી, ગમે તે પ્રકારે યશોમતિને સમજાવી, ફોસલાવી, ઘરેણાં દાગીના વગેરે આપી, આપણા કાર્યમાં ભેળવ, કે જેથી આપણને ઘણા દ્રવ્યની પ્રાપ્તી થાય."

કૌસલા દાશી યશોમતિ આગળ જાય, પણ તેની ધર્મ પ્રત્યે પ્રિતી, તેની નીતિની રીતી, અને તેના સતિપણાનો તાપ જોઈ દાશીની છલ યશોમતિ પ્રત્યે ઉપડે નહીં, પણ તે જેમ કહે તેમ કર્યા કરે. યશોમતિ કૌસલાને શિખામણ દે છે,—"હે સખિ કૌસલા! આ તમારૂં કાર્ય અનતાભવ નર્કમાં રખડાવનાર છે, અને એક નિતીની રીતી, ને પરમેશ્વરનું ભજન સાચું છે." કૌસલાને પણ એ વચનપર શ્રદ્ધા બેશી ગઈ, તેથી યશોમતિની જરા પણ અશાતના કરે નહીં.

એમ કરતાં યશોમતિનો ગર્ભ પરિપક્વ થવા આવ્યો, એટલે ગુણકાએ એ વાત પડતી મૂકી, પુરા નવ માસ થતાં યશોમતિને મહા કાંતિવંત, ચંદ્રને લજ્જા પમાડે એવો પુત્ર પ્રા

થયો. તે પુત્ર એક માસનો થયો ત્યારે ગુણકાએ દાશી પ્રત્યે કહ્યું કે:— હે દાશી! "તું યશોમતિના પુત્રને મારી નાંખ, નહિ તો આપણું ધારેલું કામ ધુળધાણી મળશે. દાશીએ આ વાત યશોમતિને કહી, ત્યારે તેણે કહ્યું કે:—"હે સહચરણી કેમકે હું તને મારી પ્રિય સખિ ગણું છું, માટે આ પ્રિયપુત્રને કંઇ દુઃખ ન ઉપજે એવે ઠેકાણે મુક." એમ કહી પોતાનું ચીર ફાડી તેમાં પુત્રને લપેટી આંશુધારા પાડતાં યશોમતિએ પુત્રને કોશલાના હાથમાં આપ્યો; તે સાથે રડતાં રડતાં ફરી વિનંતી કરી કે:—"હે પ્રિયે! તું આ પુત્રને નિર્ભય જગ્યાયે મુકજે." એમ બોલી પ્રેમથી મુર્છીત થઈ પૃથ્વીપર પછડાઇ પડી.

આ વખત પાછલી રાતનો હોવાથી સાનંકુળ ધારી, કોશલા સખિ પુત્રને લઈ શેહેર બહાર જયદેવ જક્ષનું દેવળ છે ત્યા ગઈ, અને કેળનાં પાંદડાં પાથરી પુત્રને જક્ષના દેવળના પગથીઆપર પોઢાડયો, અને પોતે ગુપ્ત રીતે ઘર ભણી ચાલી આવી.

હવે આ નગરમાં જયરથ નામે રાજા છે, તેને પુત્ર નથી, તેથી પુત્રની ઇચ્છાએ અહોનીશ જયદેવ જક્ષની પ્રાર્થના કરવા પ્રભાત સમે આવે છે. આજે જેવો પગથીઆપર ચડવા જાય છે તેવોજ મહા સ્વરૂપવાન પુત્ર, પોતાનો અંગુઠો ચુસતો, ગલથી આનંદ ભોગવતો દીઠો, તેવોજ તેણે તુરત પુત્રને ઉપાડી લીધો, અને જયદેવ જક્ષે પુત્ર આપ્યો એમ માની જયદેવને નમી મોટી ધામધુમથી પુત્રને પોતાના ઘેર લાવી પોતાની સ્ત્રીને સોંપ્યો. ગામમાં વધાઈ વગડાવી, સાકર વેહેંચાવી, ઠામ ઠામ આનંદની પ્રતિધ્વની થઈ રહી, અને ભાટ ચારણ વગેરે ગરીબ ગરબાને અનગળ ધન દાનમાં દીધું.

આજ આનંદનો દિવસ હોવાથી બપોરને વખતે જયરથ રાજાએ કચેરી કરી, ગામના શેઠ શાહુકારો અને વસ્તીના આગેવાન પુરૂષો કચેરીમાં આવીને બેઠા, નગરની નામી નામી ગુણકાઓ પણ નાના પ્રકારના વસ્ત્રાલંકાર સજીને, પહેરીને

સીની આજ્ઞાએ ગાયન કરવા કચેરીમાં ગઇ, એવી રીતે કચેરીમાં ઉત્સાહની ધામધુમ થવા લાગી.

આજે ગુણકા કચેરીમાં ગઇ છે, તેથી યશોમતિએ કૌસલ્યાને બોલાવી કહ્યું જે:—"હે કૌસલ્યા! તું મને હવે નિર્ભય જગ્યાએ જવાનો રસ્તો બતાવ." ત્યારે કૌસલ્યા બોલી. "આ નગરના રાજાનો પ્રિયમિત્ર પ્રિયદર્શી કરીને વકીલ છે, વળી તે આ નગરનો પ્રધાન છે, તેને ત્યાં જાઓતો સુખી થશો." આ વાત યશોમતિને પસંદ પડી, એટલે તે દાસીને તેડી પ્રિયદર્શીના ઘરે ગઇ. દાસી ઘર બતાવી પાછી વળી, અને યશોમતિ પ્રધાનના ઘરમાં દાખલ થઇ, તેવીજ તેની સ્ત્રી તથા બેને આદરસતકાર કરી ખબર અંતર પુછવા માંડી. તેવારે યશોમતિએ પોતાની વિતેલી કથા કહી બતાવી, ને કહ્યું જે તમારા શરણે આવી છું તો સારૂંથશે; નહીંતો મારૂં શિયળ લુટાશે. આથી પ્રધાનની બેન તથા સ્ત્રીને બહુ દયા ઉપજી, અને જ્યારે પ્રિયદર્શી ઘેર આવ્યા ત્યારે સર્વ હકીકત નિવેદન કરી, તેથી પ્રધાનને અત્યંત દયા આવી, ને પોતે બેન ગણી પોતાના ઘરે રહેવા દીધું. તથા તેની સારી સરભરા કરવા પોતાની બેન તથા સ્ત્રીને ભલામણ કરી.

હવે ગુણકા પોતાને ઘેર આવી, ત્યારે યશોમતિ મળે નહીં, તેથી તેની તપાસ કરવા લાગી; તો માલુમ પડ્યું કે તે પ્રધાનના ઘરે છે તેથી ત્યાં જોર ચાલે નહીં. માટે હવે કાંઈ ઉપાય નથી, એમ ધારી એ વાત પડતી મૂકી.

યશોમતિ પોતાની રહેણી, કહેણી, નમ્રતા, વિવેક અને ધર્મના પ્રભાવથી પ્રધાનના ઘરમાં અતિ માનીતી થઇ પડી. હમેશાં સારાં સારાં શાસ્ત્રનાં પુસ્તકો પ્રિયદર્શીની બેન તથા સ્ત્રીને વાંચી સંભળાવે, અને તેઅને ઘરના નાના મોટા કામમાં સલાહ અને મદદ આપે; એટલુંજ નહિ, પણ પ્રિયદર્શીની આગતસ્વાગતા તન મનથી કરે, તેથી પ્રધાનના ઘરમાં સર્વ કોઈ તેના પર વહાલ રાખી શાતા ઉપજાવે.

હવે જયરથ રાજાએ કુંવરનું નામ જયપ્રસાદ પાડયું. અનુક્રમે જયપ્રસાદ મોટો થવા લાગ્યો, પણ જેમ જેમ ઉમરે આવતો ગયો, તેમ તેમ તેને નઠારી સોબત થતી ગઇ, અને વ્યભિચારી બનવા લાગ્યો. આખો દિવસ રાંડોને ત્યાં પડયો રહે, અને નાદાર સોબતી સાથે કેફ કસુંબા અને ઠઠ્ઠામશ્કરી કરી દિવસ કાઢે, એમ કરતાં કરતાં તે સોળ વરસનો થયો.

વખત એવો આવ્યો કે જે ગુણકાને ત્યાં યશોમતિ સપડાઈ હતી, તેજ ગુણકા સાથે જયપ્રસાદ હળ્યો. ગુણકાએ હાવભાવથી થોડી મુદતમાં કુંવરને પોતાને કબજે કરી લીધો, પછી એક દિવસ કુંવરને તાનમાં લાવી ગુણકાએ કહ્યું કેઃ-"હે કુંવર! હું ઘણા વરસ થયાં આ ધંધો કરૂં છું, ઘણી ઘણી સીયો મારા હાથ તળે આવી ગઇ છે, ઘણી ઘણી સુંદરીઓનાં સ્વરૂપ જોયાં છે, પણ એક વખત યશોમતિ કરીને મારે ત્યાં સ્રી આવી હતી, તેના જેવું રૂપ ચાર ખંડ ધરતીમાં હોય એવું હું ધારતી નથી. શું તેનુ સુંદર મુખ! શું તેના કોમળ હાથ! અને શું તેની કટી! ઈશ્વર નવરો હશે ત્યારેજ એ સ્રીને ઘડી હશે! વાહ વાહ! એ સુંદરીનો શણગાર! ખરેખાત એવી સ્રી સાથે જેણે આનંદ નથી ભોગવ્યો, તેનો જન્મારો વૃથા છે. માટે હે કુંવર! હું બીજાને તો કહું નહીં, પણ તું મારો પ્રીતિપાત્ર છે તો કહું છું કે એ સ્રી પ્રધાન પ્રિયદર્શીને ત્યાં છે; માટે શકિત હોય તો મેળવી તેની સાથે આનંદ ભોગવવા ભાગ્યશાળી થા." આવા ઉદ્‌ગારો ગુણકાના મોઢામાંથી નિકળતાંજ જયપ્રસાદ કામાંધ બની ગયો, ટાઢો શીતળ જેવો થઇ ગયો, આનંદ ઉડી ગયો, તેની નાડી ઉદ્વેગમાં ચાલવા લાગી, છાતી ધબકવા લાગી, અને ચિત્ત ચગડોળે ચડયું. ઘડી બે ઘડી સ્તબ્ધ રહ્યા બાદ યશોમતિ મેળવવાનું ગુણકાને વચન આપી અનેક તર્ક વિતર્ક કરતો પોતાને ઘેર ગયો.

હવે જયપ્રસાદને જરાપણ ચેન પડે નહીં. તેનું મન યશોમતિને કબજે કરવાના વિચારોમાં ચાલ્યું, ને પોતાના પિતાને

એક પત્રિકા લખી.

"પિતાજી! લખવું ન લખવું એવા વિચારમાં બે દિવસ કાઢ્યા, પણ ચિત્ત ઠેકાણે ન પડ્યું; જે પરથી લખું છું કે આપના પ્રધાન પ્રિયદર્શનિ ત્યાં યશોમતિ કરીને સ્રી છે, તે મારે સ્વાધીન બે દિવસની અંદર કરશો, નહીં તો હું અપઘાત કરીને મરીશ.

લી. તમારો પુત્ર.

જયપ્રસાદ.

ઉપર મુજબની ચીઠી પોતાના એક નોકર સાથે પોતાના પિતાપર મોકલાવી; જયરથ રાજા પત્રિકા વાંચી વારંવાર વિચારમાં પડ્યો, પ્રિયદર્શનિ ખોટું કેમ લગાડાય? તેમ કુંવરને મરવા કેમ દેવાય? આમ સુડી વચ્ચે સોપારી થઈ. જો કુંવરની વાત મંજુર ન કરે તો કુંવર મરી જાય, અને રાજ્યનું સત્યાનાશ વળે, તેમ પોતાના વહાલા મિત્ર પ્રિયદર્શનિ ખોટું લાગે. આવા વિચારમાં જયરથ રાજા ગોટાવા લાગ્યો. છેવટ પોતાના પ્રધાન પ્રિયદર્શનિ બોલાવી અતિ નમ્રતા સાથ કહ્યું કેઃ—"હે મિત્ર! એક તો તું મારો મિત્ર અને બીજો પ્રધાન છું. તારા દુઃખે મારે દુઃખ, અને તારા સુખે મારે સુખ માનવું જોઇયે; તેમજ તારે પણ મારા સુખ દુઃખનો ભાગીયો થવું જોઇએ. જયપ્રસાદે એવી હઠ લીધી છે કે તારે ત્યાં યશોમતિ કરીને સ્રી છે તેને મેળવી આપો; માટે તે સ્રી મહેરબાની કરી મને સોંપ, નહિ તો કુંવર આપઘાત કરશે અને આપના રાજ્યનું સત્યાનાશ જશે." ઉપરનાં વચનો રાજાના મ્હોડામાંથી નિકળતાંજ પ્રિયદર્શી મહા ચિંતામાં પડ્યો. 'કાંલે જવાબ આપીશ' એમ કહી તુરત પોતાના મકાનપર આવ્યો, ને વિચારવા લાગ્યો જેઃ—હે પરમેશ્વર! હે દિનનાથ! હવે શું થશે? હાય! હાય! મારા હાથમાં આવેલી અનાથ અબળા સતિને તેનું શિયળ ખંડિત કરવા કેમ સોંપાય,? જે મ્હોડે પાન ચાવ્યાં, તે મ્હોડે લાળા કેમ ચવાય,' અરે! એ સતિનું શિયળ ખંડિત થાય તો મુઆ વ

રહે નહીં; ત્યારે એ સતિની હત્યાનું પાપ મારા માથે લાગે. હવે કરવું કેમ? આતો "ગળે ગાંઠ અને મ્હોડે ડુચો." એ મુજબ મારે થયું. ના પાડવાથી રાજાને હરકત પડે, અને હા પાડવાથી સતિનું શિયળ લૂટાય. એમ વિચાર બાંધતાં છેવટે મન સાથે નકી કીધું કે રાજ જાય તે કુરબાન! મારૂં ઘરબાર લૂટાય તો ભલે! અને મારૂં મોત થાય તોપણ હરકત નહીં! પણ મારા શરણે આવેલી સતિને આ દેહમાં પ્રાણ છે ત્યાં લગી તો સોંપવી નહીં. એ મુજબ મનમાં તર્ક બાંધે છે, એવામાં યશોમતિ ત્યાં આગળ આવી, પ્રિયદર્શીને ચિંતામાં પડેલો જોઇ વિનયથી બોલી:--"ભાઇ! આજ આટલી બધી ઉદાસવૃત્તિમાં કેમ છો? હમેશાં અત્યારે આનંદથી પુસ્તકો વાંચો છો,-હસો છો,-બોલો છો, અને આજે ઉંડા વિચારમાં ઉતરી ગયેલ મ્હોડે કેમ બેઠા છો? જે હોય તે કહો કે જેનું નિરાકરણ ઝટ થાય." "કાંઇ નહીં, અમસ્તો." આટલો ઉત્તર પ્રિયદર્શીના મ્હોડામાંથી નિકળતાં તેની આંખમાંથી ટપક ટપક આંસુનાં ટીપાં પડયાં. "ભાઈ આ શું? રડો છો કેમ? શું કાંઇ વિપરીત થયું છે? મારા સમ જે હોય તે કહો. આટલી હકીકત યશોમતિ પુછતાં પોતે પણ ગળગળીત થઇ ગઇ, અને અતિ આગ્રહથી પ્રધાનને સઘળી હકીકત કહેવા વિનંતી કરી; ત્યારે પ્રિયદર્શીએ સઘળો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળી યશોમતિ બોલી:-"બંધવ જરા પણ ફિકર ન કરો, મને ખુશીથી જયપ્રસાદ પાસે મોકલો, તેમાં મારા શિયળને જરા પણ અડચણ નહીં આવે, માટે મુંઝાઓ નહીં. હું ત્યાં જઇ મારી, તમારી અને તેમની શોભા વધારીશ. માટે તેમાં શું આટલી બધી ચિંતા રાખો છો?" ઉપરનાં હિમ્મત ભરેલાં વચન યશોમતિએ કહેતાં તુરત પ્રિયદર્શીએ પોતાનો શીઘરામ તૈયાર કરાવ્યો, અને સારાં વસ્ત્ર ઘરેણાં વગેરે આપી યશોમતિને જયપ્રસાદ પાસે મોકલાવી. યશોમતિ એક ઓરડે ઉતરી, અને દાસી સાથે જયપ્રસાદને કહેવરાવ્યું જે યશોમતિ આવી છે. યશોમતિના આવવાની વાત

કુંવરે સાંભળતાં તુરંત તેને ઓરડે ગયો, અને જ્યાં જયપ્રસાદ કુંવર તેના મુખપર નજર નાંખે છે, ત્યાં એકદમ યશોમતિને ધાવણની સેડ વછુટી. આ કુદરતી બનાવ જોઇ જયપ્રસાદ કાળો પીળો થઇ ગયો અને શરમીંદો પડી ગયો. બોલવું શું? તે પણ સુઝે નહીં. ત્યારે યશોમતિ બોલી.—"બેટા શું વિચારમાં પડયો છું? તું મને ઓળખતો નથી, પણ હું તારી મા અને તું મારો પુત્ર છું. માટે ખાત્રી કરવી હોય તો કરજે; અને એ ખાત્રીથીજ આજે મને માતૃપ્રેમની ધાવણની સેડ વછુટી, એ ખચીત માનજે." આવાં વચન સાંભળી જયપ્રસાદ ત્યાંથી તુરત બહાર નિકળી રાણીવાસમાં પોતાની મા આગળ ગયો, અને પુછવા લાગ્યો કેઃ—

હે માતાજી! મારી જનેતા કોણ? અને મારો પિતા કોણ? તેવારે રાણીએ કહ્યું. 'અમે તારાં મા બાપ છીએ, વળી બીજાં કોણ તારાં માત પિતા હતાં જે આવા ગાંડા ગાંડા સવાલ પુછે છે?' તેથી કુંવરે જયરથ રાજા આગળ જઈ હઠ લીધી જે મારાં માબાપ કોણ? તે મને કહો. ત્યારે જયરથ રાજાએ અતિ આગ્રહે કહ્યું જે અમને તો જક્ષદેવે તને દીધો છે, માટે અમે તારાં માબાપ. બાકી બીજી હકીકત હું જાણતો નથી. આ પછી રાજા તથા રાણીને તેડી પોતે યશોમતિ બેઠી હતી તે ઓરડે ગયો, અને યશોમતિને પુછયું કે મારાં માબાપ કોણ? તેવારે યશોમતિયે કહ્યું કે—'તારી મા હું અને તારો બાપ આંહી નથી.' આ વચન સાંભળી રાજા રાણીએ યશોમતિને કહ્યું જે નક્કી તેની મા હો એવી ખાત્રી કરી બતાવો. તેવારે યશોમતિએ પોતાની સઘળી આગલી હકીકત કહી બતાવી, અને કહ્યું જે એ કુંવરને મેં કોસલા દાસી સાથે નિર્ભય જગ્યાએ મોકલાવ્યો હતો. તે પછી કોસલાને બોલાવી હકીકત પુછી. કોસલાએ સઘળી હકીકત યશોમતિના કહેવા પ્રમાણે કહી જણાવી ને બોલી જે એ કુંવરને મેં જયદેવ જક્ષના દેવળના પગથીઆપર કેળના પાંદડામાં સુવાડયો હતો. આમ સ

વળી હકીકત મળતી આવવાથી રાજા રાણી વિચારમાં ગયાં, અને જયપ્રસાદ માતાને પગે લાગ્યો. પછી રાજા ચિંતામાં પડ્યાં જે આપણે મહા વિપરીત કામ કર્યું; માતને પુત્રના હાથમાં સોંપવા કોશિષ કરી. વળી જય પણ વિચારવા લાગ્યો જે મેં અતિ ખોટું કામ કીધું, કે માતાપર અનિતીની ઇચ્છા ઉત્પન્ન કરી. હવે બધા તેનું કરવું કેમ કરવું તે બાબતના વિચારમાં પડ્યા. પછી માણસ મોકલી તુરત પ્રિયદર્શીને બોલાવ્યો અને આ વિ બનાવની સઘળી હકીકત કહી બતાવી. આથી પ્રિયદર્શી વિસ્મય પામ્યો ખરો, પણ આ મનથી બાંધેલું કર્મ કેમ છુટે તેના વિચારમાં પડ્યો.

હવે પુત્રએ માતપર અનિતી ઇચ્છી, અને તેમ કરવામાં રાજા તથા રાણીએ મદદ કીધી જેથી તે પ્રાયશ્ચિત શી રીતે જવાય ! તે વિચારમાં પ્રિયદર્શી પડ્યો. ઘણા લાંબા વિચાર કીધા પછી તેને એવો વિચાર સુઝ્યો કે ભરતખંડની મુસાફરી કરી ગરીબ, કંગાલ, અપંગ વિગેરેને દાન દેવામાં આવે તો આ પ્રાયશ્ચિત નાશ પામે. આવો વિચાર બાંધી તેણે તે વિચાર રાજા આગળ જાહેર કીધો. રાજાએ તેમ કરવું કબુલ્યું [illegible] જયપ્રસાદ, યશોમતિ તથા પોતાની [illegible]

[illegible]

વા આમંત્રણ કર્યું; આવવાના દિવસે બડી ધામધુમથી સામૈયું કીધું, બંન્ને રાજા હર્ષથી મળયા-ભેટયા, ત્રંબાવટીના રાજાએ જયરથ રાજાને પોતાના બંગલામાં ઉતાર્યો, ને આઠ દિવસ રહેવાનું અતિ આગ્રહે કબુલ કરાવ્યું. જયરથ રાજા આવી ઉમદા આગતા સ્વાગતાથી આનંદ પામ્યો અને પ્રીતિની ગાંઠ મજબુત બંધાઈ.

હવે જયરથ રાજાએ પોતાના તરફથી ઉજાણીના તરીકે આખા ગામને જમવા આવવાની ત્રંબાવટીના રાજા પાસે માગણી કીધી, તેના જવાબમાં તે બોલ્યો કે:—"હે મિત્ર ! કહેવાને દિલગીર છું કે એ વાત હાલમાં આંહી બને તેમ નથી. કારણ કે આ ગામનો નગરશેઠ પુરંધર નામે છે, તેને દેવદત્ત નામે દીકરો છે, જે ઘણા વરસ પરદેશમાં રહી બહોળો વેપાર કરી ઘણી રિદ્ધિસહિત થોડા દિવસ થયાં આવ્યો છે, પણ જ્યારથી આવ્યો ત્યારથી હમેશાં તે લાંઘણો કરે છે, તેનું કારણ કાંઈ સમજાતું નથી. આજે તેને ઓગણત્રીશ લાંઘણ થઈ છે, જેથી આખું શહેર કકળાટ કરે છે; જો હવે થોડા દિવસ એમ ને એમ વધારે ચાલશે તો તે નકી મરણ પામશે. માટે આખું શેહેર જમવા આવે તેમ નથી." આ સાંભળી જયરથ રાજા વિસ્મય સાથે વિચારમાં પડયો. હવે કેમ કરવું? કાંઈ પણ ઉપાય કરી આ વ્યાધી મટાડી શેહેરને જમાડી જશ લેવો. એવો તર્ક વિતર્ક કરતો કરતો પોતાના ઉતારે આવી ઉદાસવૃત્તીમાં બેઠો.

પ્રિય વાંચનાર! યાદ હશે કે દેવદત્ત શેઠ વેપાર અર્થે પરદેશમાં ગયો હતો, તે ઘણો વખત પરદેશમાં રહી, ઘણી લક્ષ્મી પ્રાપ્ત કરી, પોતાની સારી નામના કરી, પોતાના વતન ત્રંબાવટી નગરીએ થોડા રોજપર આવ્યો છે; આ વખતે તેના પિતા પુરંધર શેઠે ઘણી ધામધુમથી સામૈયું કીધું, તે વખતે સગા સંબંધીઓ સર્વે મળવા માટે આવ્યાં, તે સઘળાંને મળી ઘણા ઠાઠ માઠથી દેવદત્ત પોતાને ઘેર આવ્યો; થોડી વાર પરદેશ પ્र-

વાસની વાત કર્યા બાદ મળવા આવેલ મિત્રો, સગા સંબંધી સર્વે રજા લઈ પોતાના ઘરે ગયાં; તેવારે દેવદત્તે વિચાર કીધો કે સઘળા સ્નેહી લોકો મને મળી ગયા, પરંતુ આંહી મારી સ્ત્રી કેમ દેખાતી નથી? વળી હું જે રાત્રે મારી સ્ત્રીને મળી ગયો હતો, તેજ રાત્રેથી તે સહગર્ભા થઈ હતી, તો તે ગણતરી મુજબ આજે મારે ૨૦ વર્ષનું ફરજન હોવું જોઇએ, તે પણ કાંઇ જણાતું નથી; માટે આ વાત કોઇને પૂછીને મારે માહીતી મેળવવી. એમ ધારી પોતાના એક વિશ્વાસુ મિત્રને બોલાવી, પોતાની સ્ત્રી સંબંધી હેવાલ પૂછયો. ત્યારે તે મિત્ર બોલ્યો: "પ્રિય બંધુ! એ વાત આપને કહેવા જેવી નથી, કહેવાથી નકામો શોચ કરવો પડે તેમ છે, માટે એ વાત જવા દ્યો. આ વચન સાંભળી દેવદત્ત વધારે અધિરો થયો, અને તે વાત શું છે? તે કહેવાને માટે ઘણોજ આગ્રહ કીધો. જેથી તેણે કહ્યું-"આપ ગયા બાદ બે ચાર માસે આપની સ્ત્રીને હરામનું હમેલ રહ્યું હતું, તેથી આપણા ઘરની લાજ જાય એવા હેતુથી તમારા પિતાશ્રીએ તેને વનમાં કાઢી મૂકી, ત્યાર બાદ તેનું શું થયું તે હું જાણતો નથી." આ હકીકત સાંભળતાં દેવદત્તને ઘણોજ ખેદ ઉત્પન્ન થયો, તેની ચક્ષુમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં, અને રડતે સ્વરે બોલ્યો.-"અરે ભાઈ! મારી સ્ત્રી સાધ્વી હતી, અને એ ગર્ભ મારાથીજ રહ્યો હતો. અરે! મારા પિતાએ ઘણુંજ ખોટું કીધું. આ નિષ્કલંકી સ્ત્રીને દારૂણ દુઃખમાં નાખી. હાય! હાય! તેની શી વલે થઇ હશે!? અરે મારી પ્યારી! તને હું ક્યાં મળું? તું ક્યાં અને કેવા દુઃખમાં હઇશ? અહો! પરમ કૃપાળુ પરમેશ્વર! મારા જેવો દુષ્ટ કોણ હશે!!" એમ રૂદન કરતો માથું કૂટવા મંડ્યો, અને પ્રતિજ્ઞા લીધી કે એ સ્ત્રી મળે તોજ અન્ન પાણી લેવું. આવી રીતે આજ તેને ઓગણીસ ઉપવાસ થયા છે, તે સ્ત્રીના વિયોગથી ઝુરે છે, આંખો ઊંડી ઉતરી ગઈ છે, હાથ પગ નરમ પડ્યા છે, શરીર સુકાઇ ગયું છે, અને આ કારણથી સ્ત્રીના વિયોગમાં તેનો જ

ચી આત્મા ક્ષીણ થતો જાય છે; તેના માત પિતા, સગા સંબં- ધી વગેરે ઘણે પ્રકારે દૃષ્ટાંત આપી સમજાવે છે, પરંતુ પોતાની સ્ત્રિ ચોનો એવો તો કારી ઘા લાગ્યો છે કે કોઇનું કહ્યું લેશ માત્ર કાનપર ધરતો નથી, જેથી કરીને આખા કુટુંબમાં તો શું? પણ સઘળા શેહેરમાં હાહાકાર થઇ રહ્યા છે, ચકલે ચકલે ચરચા ચાલી રહી છે, અને સર્વે કોઈ તેનાપર દયાના ઉદ્ગારો કાઢે છે.

જયરથ રાજાએ દેવદત્ત કેમ ખાતો નથી તેનો તપાસ કીધો, તો તેને ઉપલી સઘળી હકીકત માલુમ પડી. હવે આ દુઃખ શું યોજના કરવાથી મટે, તેનો વિચાર કરતો કરતો પોતે દિલગીરીમાં બેઠો છે, તેવામાં થોડો વખત ગુજર્યા બાદ યશોમતિ ત્યાં આવી, તો જયરથ રાજાને ઉદાશવૃત્તિમાં દીઠો, જેથી તેને પણ દિલગીરી ઉત્પન્ન થઈ; તોપણ મનમાં હિમ્મત લાવી પુછ્યું:—

"રાજન્! આજે આટલા બધા શા વિચારમાં ગુંથાઓ છો? આજે તમારૂં ગલકનું મુખડું મહા ચિંતામાં પડેલું જ- ણાય છે, તેનું કારણ વિસ્તારી કહો." આ સાંભળી જયરથ રાજાએ દેવદત્ત સંબંધીની સઘળી હકીકત યશોમતિને યથાસ્થિ- ત કહી સંભળાવી, જેથી યશોમતિનું હૃદય ક્ષીણક્ષીન થઇ ગ- યું; તોપણ ધૈર્યથી તે બોલી:—"મહારાજન્! એ દુઃખ જો આ- પની આજ્ઞા હોયતો હું મટાડવા ખુશીથી તત્પર છું; અને મને તેને ઘેર જવા રજા આપો, એટલે ઇશ્વરકૃપાથી તેને જમા- ડીશ. માટે એ બાબત નિશ્ચિંત રહી મને જલદીથી જવા દો."

આવાં હિમ્મતનાં વચન સાંભળી તુરત યશોમતિને જવા માટે મેનો મંગાવી દીધો, તેમાં બેસી તે પુરંદર (દેવદત્તને બાપ) શેઠને ઘેર આવી, અને દેવદત્તને જુએ છે તો આંખો મીંચી દેઇને પોતાની આવરદા ઓછું રટણ કરતો દીઠો. જેથી યશોમતિ પણ ગમગીન થઈ ગઈ, અને વિચાર કીધો કે આ મારે ખાતર આના આપ્તજનને આવી સ્થિતિમાં આવવું પડ્યું

ફરી તે તરફ જોઇ હર્ષ-શોક મિશ્રીત અવાજે બોલી:-"સ્વા
હું આપની હજુરમાં આવી છું, આપ મારા માટે આટલું
સંકટ પામો છો, અને હું અભાગણી મઝા કરૂં છું. હાય!
હાય!! એ બદલો હું શી રીતે વાળી શકીશ? કૃપા કરી આ દીન
દાસીપર નજર કરો અને બેઠા થાઓ." એમ કહેતાં કહેતાં
મુર્છીત થઇ ધરણીપર ઢળી પડી, ચક્ષુ ઉંચાં ચડી ગયાં, આ
ગળ ઉભેલા માણસો આ તમાસો જોઈ અચરત પામ્યા, અને
તેની આસનાવાસના કરી, એટલે મુર્છા વળી તેથી જાગૃત થઇ
કહેવા લાગી કે, "મેં એવાં શા પાપ કર્યાં હશે કે હું મારા
પ્રિય પતિને આવી અવસ્થામાં જોઉં છું, અને હું આનંદમાં
રહું છું. હે દેવ! મારાપર રહેમ લાવી જેવી રીતે આજ સુધી
બચાવી છે, તેવીજ રીતે જો મારૂં હિત ઇચ્છતો હોય તો મારા
સ્વામીનું દુઃખ દૂર કર." આવી રીતે પ્રિતીના ઉદ્‌ગાર તેમજ
સર્વ શક્તિમાન કૃપાળુ મહારાજની યાચનાનાં વચન જેવાં ય-
શોમતિના મુખમાંથી નિકળ્યાં કે તુરતજ દેવદત્તના કાનપર
અથડાયાં; જેથી તેણે આંખ ઉઘાડી જોયું તો પોતાની નિષ્ક-
લંક પ્રિયાને પાસે ઉભેલી દીઠી, તેથી તેના ગળે એકદમ વળગી
પડયો, બંને સ્ત્રી પુરૂષે હર્ષાશ્રુ પાડયાં. આ બનાવ જોઈ પાસે ઉ-
ભેલા માણસો દીંગ થઇ ગયા, તેમ દેવદત્તનાં માત પિતા તેમ
સઘળા માણસોને હવે નક્કી થયું કે આ સ્ત્રી પરૂ યશોમતિ છે
તેથી તેઓ સઘળા અતિ આનંદ પામ્યા અને દેવદત્ત પણ
જાગ્યો.

આ વાત ચંપાવતીના રાજાએ જાણી, ત્યારે તે પણ અતિ
ખુશી થયો. યશોમતિ દેવદત્તની વહુ થાય, અને જયપ્રસાદ દે-
વદત્તનો પુત્ર થાય, એ હકીકત જયરથ રાજાના જાણવામાં આવી
ત્યારે તે પણ અત્યાનંદ પામ્યો. પછી જયરથ રાજા પુરંદર શેઠને
ત્યાં ધામધુમથી આવ્યો, અને જયપ્રસાદ તેના બાપને સોંપ્યો
પછી દેવદત્તની આગળથી જયપ્રસાદ માગી લીધો, અને યશો-
મતિને ઘણું આભુષણ તથા વસ્ત્ર આપ્યાં. ઉપરાંત પોતાની

મુજબ ગામ જમાડી, લાહાણું વગેરે ઉત્તમ કાર્ય કરી, અનાથને આશ્રય આપી, પરોપકારમાં પૈસો ખરચી જયપ્રસાદને સાથે લઈ જયરથ રાજા આડંબરસહિત પોતાના રાજ્યસ્થાન તરફ ચાલ્યો.

હવે પુરંધર શેઠને પૂરેપૂરો પસ્તાવો થયો, કે મેં સતીને માથે કોકટનું કલંક મૂકી તેને ઘણું સંકટ દીધું, આ વિચારમાંને વિચારમાં હમેશાં અફસોસમાં પોતાના દિવસ ગુજરવા લાગ્યો; એમ કરતાં કેટલેક દહાડે તેને એક મહાત્માનો સમાગમ થયો, એટલે આ સંસારથી વિમુખ થઇ વૈરાગ્યવાન બની ધર્મકરણી કરી પોતાનાં કર્મ ખપાવવા લાગ્યો. દેવદત્ત યશોમતિ સાથે સુખેથી દિવસ કાઢવા લાગ્યો. ધર્મ કાર્યમાં ચિત્ત રાખી, અનાથને આશ્રય આપી, ગુણીજનની કદર કરી, નિતિથી વર્તી હમેશાં પરમેશ્વરનું ભજન કરવા દંપતી ચુકે નહીં. એમ કરતાં કેટલેક દહાડે દેવદત્તને બીજો પુત્ર પ્રાપ્ત થયો.

જયરથ રાજા કેટલેક દહાડે કાદંબી નગરીએ પહોંચ્યો. વખત જતાં પોતે વૃદ્ધ થવાથી સઘળો રાજ્યકારભાર જયપ્રસાદને સોંપ્યો, અને પોતે હવે ધર્મ તરફ ચિત્ત ચોટાડયું. દાન, શિયળ, તપ, ભાવ વગેરે નિયમો તેણે ગ્રહણ કીધા, અને ગરીબ લોકોને ઘણું દ્રવ્ય આપી, નિતીપર આસ્થા રાખી, એક ચિત્તે ઈશ્વરનું ભજન કરવા નિયમ કર્યો. એમ કરતાં કેટલેક દહાડે આ સંસાર છોડી વૈરાગવંત થયો.

ઉપરની કથાનો સાર એ છે કે સ્ત્રીએ પતિની આજ્ઞા અને સેવામાં રહેવું, ગમે તેવું સંકટ પડે તોપણ પોતાનું દંપતી ધર્મમાં છાજનારૂં અને શોભા આપનારૂં જે શિયળવ્રત તેને કદીપણ આંચ આવવા દેવી નહીં. પુરૂષ અને પત્નીને બન્ને કુળમાં ભૂષણરૂપ જે રત્ન ગણાય છે, તે પતિવ્રત તેમજ પત્નિવ્રત ગણાય છે.

ઇતિ શ્રી યશોમતિની કથા.

गजसिंहकुमारनी कथा.



આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રના દક્ષિણ ભાગે મધ્યખંડને વિષે અયવંતીનામા દેશમાં અયવંતી નામે નગરી ઇંદ્રપુરીની પેઠે શોભે છે, ત્યાં જયસિંહ નામે રાજા રાજ્ય કરે છે, તે રાજા નિતી શાસ્ત્રનો જાણ માટે ન્યાયે કરી પ્રજાપ્રત્યે રાજ્ય પાળતો વિચરે છે, તેને એક લક્ષ્મી જેવી કમળા એવે નામે પટરાણી છે, તે રાણી શીલરૂપ લાવણ્યાદિક ગુણોયે કરી સીતા જેવી શોભે છે, તે રાજાનો સર્વ ગુણની સમૃદ્ધિયે સહિત ઉત્કૃષ્ટો અરિહંત ધર્મનો પાળનાર એવો સુમતિ નામે પ્રધાન છે, તે મંત્રીશ્વર સ્વામીના કાર્યને વિષે રક્ત રહેછે. એક સમયે રાત્રીને વિષે રાણીયે સુખ નિંદ્રાએ સૂતે થકે ઉજ્વળ ઐરાવત હાથી તથા કેસરીસિંહ એ બે સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતા દીઠા. જાગ્યા પછી તે સ્વપ્નની વાત રાણીએ રાજા આગળ કહી. તેવારે રાજા બોલ્યો કે:—હે પ્રિય! તમારે રાજ્ય ધુરંધર ગુણવંત એવો પુત્ર થશે. એવું રાજાના મુખથી સ્વપ્નાનું ફળ સાંભળીને રાણી હર્ષિત થઇ થકી ગર્ભની પતિપાલના કરતી હવી. અનુક્રમે સવાનવ માસ પૂર્ણ થયે શુભ મુહુર્તે શુભ લગ્ને પુત્રરત્ન પ્રસવ્યો; તેવારે રાજાયે પુત્ર જન્મ મહોત્સવ વિસ્તારપણે કરીને સ્વપ્નના અભિપ્રાય મુજબ યથાર્થ ગુણ સહિત ગજસિંહ કુંમાર એવું નામ પાડ્યું. પછી પાંચ ધાવ માતાયે લાલતો પાળતો શુક્લ પક્ષના ચંદ્રમાની કળાની પેઠે વધતો વધતો તે કુંવર આઠ વર્ષનો થયો તેવારે પિતાયે અધ્યાપક ગુરૂ પાસે ભણવા બેસાડ્યો. કુંવર થોડા કાળમાં બહોંતેર કળાને વિષે કુશળ થયો, શાસ્ત્ર શાસ્ત્રની કળાઓ જાણ્યું તથા ધર્મ, અર્થ, અને કામ એ ત્રણ વર્ગ જાણ થયો. જેવારે યૌવન અનુક્રમે થયો, તેવારે [illegible] [illegible] ક્રીડા કરવા [illegible] વિષે [illegible] અનુક્રમે [illegible]

વિદ્યાધર સરખો, યુદ્ધને વિષે વસુદેવ સરખો, દાનને વિષે કર્ણ સરખો, પ્રતાપને વિષે સૂર્ય સરખો, એવો થયો થકે સુખે કરી કુંવરપદ ભોગવતો હવો.

એવા અવસરે કળામાં કુશળ એવો કોઇએક સુતાર વિદેશ થકી રાજાની સભામાં આવીને એક મનોહર અનુપમ કાષ્ઠમય મોર લાવીને રાજાની આગળ ભેટ મૂકયો, તે મોરને દેખીને રાજા આનંદ પામી કહેવા લાગ્યો કે, "જો આ મોર સજીવન હોય તો ઘણુંજ શ્રેષ્ઠ!" એવું રાજાનું વચન સાંભળી સુતાર બોલ્યો કે:—હે રાજન્! ધારાપુર નગરમાં એક બ્રાહ્મણ છે તે સંજીવિની અને ગગનગામિની એવી બે વિદ્યાસિદ્ધ વર્તે એવો છે. તે સાંભળી રાજાએ દૂત મોકલી તે વિપ્રને તેડાવ્યો. દૂતની સાથે વિપ્ર અવંતી નગરીયે આવ્યો, તેવારે રાજા તેને બહુ માન આપીને કહેવા લાગ્યો કે:—હે દ્વિજરાજ! હે વિદ્યાશાલિન! આ કાષ્ઠના મોરને સજીવન કરો. એવું રાજાએ કહે છતે દ્વિજે હાકારો કર્યો, અને મોટા આડંબરે કરી એક યંત્ર લખીને તે કાષ્ઠના મોરના કંઠને વિષે બાંધ્યો; ત્યાં યંત્રને પ્રભાવે કરીને તે મોર આકાશચારી થાતો હવો. વળી તે મોર સર્પની સાથે યુદ્ધ કરવા લાગ્યો. જેવારે તેના કંઠથકી યંત્ર છોડી નાંખે તેવારે કાષ્ઠની પેઠે સ્થિર થઇ જાય. એવો તે દ્વિજે યંત્ર કરી દીધો, તેવારે રાજાયે પણ તે વિપ્રમાં વિદ્યાતત્વ જાણીને દ્રવ્ય આપી ઘણે દાને કરી સન્માની તેને રજા દીધી, અને કાષ્ઠનો મોર ગજસિંહ કુમારને ક્રીડા કરવાને આપ્યો.

હવે કુંવર મોરપર બેશીને વનને વિષે નવા નવા પુરને વિષે વિવિધ પ્રકારની ક્રીડા કરતો સુખે રહે છે. એવામાં એક સમયે રાત્રિને વિષે સધ્યાયે ધવલ ઘરમાં સૂતો છે, ત્યાં મધ્ય રાત્રિએ રૂદન કરતી એક સ્ત્રીનો શબ્દ સાંભળી મનમાં વિચારવા લાગ્યો કે, જો એ સ્ત્રીનું દુઃખ ન ભાગું તો મારૂં પરાક્રમ સર્વે નિરર્થક છે. એવું મનમાં ધારી કુંવર સન્નદ્ધબદ્ધ થઇ હાથમાં તરવાર લઇ ને શબ્દને અનુસારે નગર થકી બહાર

સ્મશાનને વિષે ગયો; ત્યાં એક સ્ત્રીને રૂદન કરતી દેખીને જસિંહ કુંવર પૂછવા લાગ્યો કેઃ–હે ભદ્રે! કયા દુઃખે કરી આમ વિલાપ કરતાં છતાં રૂદન કરો છો, માટે જે કાંઈ તમારા દુઃખનું કારણ હોય તે મુજને કહો કે જેથી હું તમારૂં દુઃખ નિવારણ કરૂં! તેવારે તે સ્ત્રી બોલી કેઃ–હે વીર પુરૂષ! હે સત્વના ઇશ! તું સાંભળ. મારો ભરતાર આ શૂળી ઉપર છે, તે ઘણો ભૂખ્યો છે; પણ શૂળી ઘણી ઉંચી છે તેથી હું તેને આહાર દેવાને અસમર્થ થઈ છું, એ દુઃખે કરી રૂદન કરૂં છું. તેવારે કુંવર બોલ્યો કેઃ– હે ભદ્રે! મારા સ્કંધ ઉપર ચઢીને તારા પતિને ભોજન કરાવી સંતુષ્ટ કર. એવું કુંવરનું વચન સાંભળીને તે સ્ત્રી કુંવરના સ્કંધ ઉપર ચડી બેઠી, અને શૂળીને અગ્ર ભાગે રહ્યું જે શબ તેના ખંડે ખંડ કરીને ભક્ષણ કરવા લાગી; વળી મુખે કરી કલકલ શબ્દ અને બચબચ શબ્દ કરતી પોકાર કરે છે, તેવારે કુંવરે તે ચરિત્ર જોઈને વ્યંતરીનું સ્વરૂપ જાણી મનને વિષે ધૈર્ય ધરી વ્યંતરીના પગને હાથમાં ગ્રહીને ભૂમિને વિષે પછાડી, અને ખડગે કરીને તે વ્યંતરીનું નાક છેદન કર્યું. તેવારે વ્યંતરી પણ તરત નાઠી, અને નાક છેદાવાથી ઘણા ક્રોધે કરી આકુલ વ્યાકુલ થઇને મનમાં વિચારતી હવી કે અહો! એ કુંવરે મારૂં નાક છેદીને મુને નાકથકી રહિત કરી !! તો હું પણ એ કુંવરને દુઃખને વિષે પાડું! એવું મનમાં ધારીને તે વ્યંતરી કુંવરનું રૂપ કરી નગરમાં જઇ રાજાના દરબારમાં પેઠી, પછી અંતેઉરમાં જઇને રાણીની સાથે વિષય સંબંધી કામક્રીડા પ્રત્યે કરતી હવી. રાત્રિને અંતે રાજા જાગતે થકે અંતેઉરમાં રાણી સાથે કુંવર વિષયક્રિડા કરતો દેખીને ક્રોધ સહિત થઇ હાથમાં ખડગ ગ્રહણ કરીને કુંવરને હણવાને અર્થે દોડ્યો, તેથી તે વ્યંતરી પણ તેવાજ કુંવરના રૂપે કરી ત્યાંથી નાશી ગઇ. પછી રાજા પણ વ્યંતરીદેવીએ જે છળભેદ કર્યો, તેને ન જાણતો એવો થકો કુંવરની ઉપર ક્રોધ કરીને મંત્રીશ્વરને તેડાવી કુંવરનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું, અને તેને હણવાનો આદેશ દીધો. તેવારે ?

ત્રીશ્વરે રાજાને ઘણે પ્રકારે કહ્યું; તે છતાં પણ રાજાનો કોપ સમ્યો નહીં. તેવારે મંત્રીશ્વર પોતાના સ્વામીની આજ્ઞા અંગિકાર કરીને ઉઠ્યો. પ્રભાત થયે થકે સ્મશાનથી દેવીએ કરેલો ઉપદ્રવ પ્રત્યે ન જાણતો તે કુંવર ચિત્તમાં આનંદ ધરતો થકો પોતાને ઘરે આવતો હતો, તેને વચમાં મંત્રીશ્વર મળ્યો, તે કહેવા લાગ્યો કેઃ-હે કુંવર! તમને રાજાએ અત્યંત આકરી હણવાની આજ્ઞા દીધી છે, પણ તે શા કારણે દીધી છે તે હું જાણતો નથી. એવાં મંત્રીનાં વચન સાંભળીને કુંવર બોલ્યો કેઃ-હે મંત્રીશ્વર! રાજાની આજ્ઞા જો એવી છે, તો તું મારો વધ ઉતાવળથી કર. તે સાંભળી મંત્રીશ્વર બોલ્યો કેઃ-હે કુંવર! એ સર્વ દુર્જન વિલાસિત જણાય છે, તે માટે હાલ પ્રચ્છન્ન રીતિયે તમે દેશાંતરે જાઓ. તેવારે કુંવર પણ મંત્રીશ્વરની આજ્ઞાએ કરી કાષ્ઠના મોર ઉપર આરૂઢ થઇને આકાશ પંથને વિષે ચાલતો થયો.

એવામાં કોઈક વનને વિષે એક સિદ્ધપુરૂષ સુવર્ણસિદ્ધિ કરે છે તેને દીઠો, તેવારે આકાશથી ઉતરીને કુંવરે સિદ્ધપુરૂષને નમસ્કાર કરીને પૂછ્યું જે તમે રસસિદ્ધિ કરો છો? તેવારે સિદ્ધપુરૂષ બોલ્યો કેઃ—હે સત્પુરૂષ! મારી પાસે ગુરૂદત્ત રસસિદ્ધિ વિદ્યમાન છે, પણ ગુરૂએ દીધો જે આમ્નાય તે આમ્નાયે કરી રસસિદ્ધિ કરવાને ઇચ્છું છું તોપણ થાતી નથી. તેવારે કુંવરે કહ્યું કેઃ—હે સિદ્ધપુરૂષ! તમે મારી દ્રષ્ટીયે રસસિદ્ધિ કરો. તે સાંભળી સિદ્ધપુરૂષે તેમજ કર્યું, એટલે તરત કુંવરની દ્રષ્ટિના પ્રભાવ થકી રસસિદ્ધિ થઇ. તે જોઇ તે સિદ્ધપુરૂષ હર્ષ પામ્યો, અને કુંવરને સુવર્ણ દેવાને અર્થે આગ્રહ કર્યો. કુંવરે કહ્યું કેઃ-હે પુરૂષ! મારે સુવર્ણનું પ્રયોજન નથી. જેવારે કુંવર સુવર્ણ પ્રત્યે નથી ઇચ્છતો, તેવારે અતિ ઘણો આગ્રહ કરીને તે સિદ્ધપુરૂષે બે વિદ્યા આપી; તેમાં એક વિદ્યા થકી જળનો નિસ્તાર પામીયે, અને બીજી વિદ્યા થકી કોઇપણ શસ્ત્ર અંગે લાગે નહીં. એવી બે વિદ્યાઓ ગ્રહણ કરીને કુંવર આકાશમાર્ગે ચાલ્યો. આગળ ચાલતાં ચાલતાં ઉત્તંગ મઠ ક

સ્મશાનને વિષે ગયો; ત્યાં એક સ્ત્રીને રૂદન કરતી દેખીને અ-
જસિંહ કુંવર પૂછવા લાગ્યો કે:- હે ભદ્રે! કયા દુઃખે કરી તમે
આમ વિલાપ કરતાં છતાં રૂદન કરો છો, માટે જે કાંઈ તમારા
દુઃખનું કારણ હોય તે મુજને કહો કે જેથી હું તમારૂં દુઃખ
નિવારણ કરૂં! તેવારે તે સ્ત્રી બોલી કે:-હે વીર પુરૂષ! હે સત્ય
ના યશ! તું સાંભળ. મારો ભરતાર આ શૂળી ઉપર છે, તે ઘણો
ભૂખ્યો છે; પણ શૂળી ઘણી ઉંચી છે તેથી હું તેને આહાર
દેવાને અસમર્થ થઈ છું, એ દુઃખે કરી રૂદન કરૂં છું, તેવારે
કુંવર બોલ્યો કે:- હે ભદ્રે! મારા સ્કંધ ઉપર ચઢીને તારા
પતિને ભોજન કરાવી સંતુષ્ટ કર. એવું કુંવરનું વચન સાંભ
ળીને તે સ્ત્રી કુંવરના સ્કંધ ઉપર ચડી બેઠી, અને શૂળીને
અગ્ર ભાગે રહ્યું જે શબ તેના ખંડ ખંડ કરીને ભક્ષણ કરવા
લાગી; વળી મુખે કરી કલકલ શબ્દ અને બચબચ શબ્દ કરતી
પોકાર કરે છે, તેવારે કુંવરે તે ચરિત્ર જોઈને વ્યંતરીનું સ્વરૂપ
જાણી મનને વિષે ધૈર્ય ધરી વ્યંતરીના પગને હાથમાં ગ્રહીને ભૂમિને
વિષે પછાડી, અને ખડગે કરીને તે વ્યંતરીનું નાક છેદન કર્યું. તે
વારે વ્યંતરી પણ તરત નાઠી, અને નાક છેદાવાથી ઘણા ક્રોધે કરી
આકુલ વ્યાકુલ થઇને મનમાં વિચારતી હવી કે અહો! એ કુંવરે
મારૂં નાક છેદીને મુને નાકથકી રહિત કરી !! તો હું પણ એ કુવરને
દુઃખને વિષે પાડું! એવું મનમાં ધારીને તે વ્યંતરી કુંવરનું રૂપ
કરી નગરમાં જઇ રાજાના દરબારમાં પેઠી, પછી અંતેઉરમાં જ-
ઇને રાણીની સાથે વિષય સંબંધી કામક્રીડા પ્રત્યે કરતી હવી.
રાત્રિને અંતે રાજા જાગતે થકે અંતેઉરમાં રાણી સાથે કુંવરને
વિષયક્રિડા કરતો દેખીને ક્રોધ સહિત થઇ હાથમાં ખડગ ગ્રહ-
ણ કરીને કુંવરને હણવાને અર્થે દોડયો, તેથી તે વ્યંતરી પણ
તેવાજ કુંવરના રૂપે કરી ત્યાંથી નાશી ગઇ. પછી રાજા પણ તે
વ્યંતરીદેવીએ જે છળભેદ કર્યો, તેને ન જાણતો એવો થકો કું-
વરની ઉપર ક્રોધ કરીને મંત્રીશ્વરને તેડાવી કુંવરનું સર્વ વૃત્તાંત
કહી સંભળાવ્યું, અને તેને હણવાનો આદેશ દીધો. તેવારે મં

ત્રીશ્વરે રાજાને ઘણે પ્રકારે કહ્યું; તે છતાં પણ રાજાનો કોપ શ-મ્યો નહીં. તેવારે મંત્રીશ્વર પોતાના સ્વામીની આજ્ઞા અંગિ-કાર કરીને ઉઠયો. પશ્ચાત ધપે ધકે સ્મશાનથી ફેરીએ ડરેલો કુંવર પ્રત્યે ન જાણતો તે કુંવર ચિત્તમાં આનંદ ધરતો થકો પો-તાને ઘેરે આવતો હતો, તેને વચમાં મંત્રીશ્વર મળ્યો, તે કહેવા લાગ્યો કેઃ-હે કુંવર! તમને રાજાએ અત્યંત આકરી હણવાની આજ્ઞા દીધી છે, પણ તે શા કારણે દીધી છે તે હું જાણતો નથી. એવાં મંત્રીનાં વચન સાંભળીને કુંવર બોલ્યો કેઃ-હે મંત્રીશ્વર! રાજાની આજ્ઞા જો એવી છે, તો તું મારો વધ ઉતાવળથી કર. તે સાંભળી મંત્રીશ્વર બોલ્યો કેઃ-હે કુંવર! એ સર્વ દુર્જન વિ-લસિત જણાય છે, તે માટે હાલ પ્રચ્છન્ન રીતિયે તમે દેશાંતરે જાઓ. તેવારે કુંવર પણ મંત્રીશ્વરની આજ્ઞાએ કરી કાષ્ઠના મોર ઉપર આરૂઢ થઇને આકાશ પંથને વિષે ચાલતો થયો.

એવામાં કોઇક વનને વિષે એક સિદ્ધપુરૂષ સુવર્ણસિદ્ધિ કરે છે તેને દીઠો, તેવારે આકાશથી ઉતરીને કુંવરે સિદ્ધપુરૂ-ષને નમસ્કાર કરીને પૂછયું જે તમે રસસિદ્ધિ કરો છો? તેવારે સિદ્ધપુરૂષ બોલ્યો કેઃ—હે સત્પુરૂષ! મારી પાસે ગુરૂદત્ત રસસિદ્ધિ વિદ્યમાન છે, પણ ગુરૂએ દીધો જે આમ્નાય તે આમ્નાયે કરી રસસિદ્ધિ કરવાને ઇચ્છું છું તોપણ થાતી નથી. તેવારે કુંવરે કહ્યું કેઃ—હે સિદ્ધપુરૂષ! તમે મારી દ્રષ્ટીયે રસસિદ્ધિ કરો. તે સાંભળી સિદ્ધપુરૂષે તેમજ કર્યું, એટલે તરત કુંવરની દ્રષ્ટિના પ્રભાવ થકી રસસિદ્ધિ થઈ. તે જોઇ તે સિદ્ધપુરૂષ હર્ષ પામ્યો, અને કુંવરને સુવર્ણ દેવાને અર્થે આગ્રહ કર્યો. કુંવરે કહ્યું કેઃ-હે પુરૂષ! મારે સુવર્ણનું પ્રયોજન નથી. જેવારે કુંવર સુવર્ણ પ્રત્યે નથી ઇચ્છતો, તેવારે અતિ ઘણો આગ્રહ કરીને તે સિદ્ધપુરૂષે બે વિદ્યા આપી; તેમાં એક વિદ્યા થકી જળનો નિસ્તાર પામીયે, અને બીજી વિદ્યા થકી કોઈપણ શસ્ત્ર અંગે લાગે નહીં. એવી બે વિદ્યાઓ ગ્રહણ કરીને કુંવર આકાશમાર્ગે ચાલ્યો. આગળ ચાલતાં ચાલતાં ઉત્તંગ ગઢ ક

ગરા સહિત ધવલ પ્રાસાદ મંદિર, તેણે કરી શોભતું એવું એ
ક શુન્ય નગર દીઠું, ત્યાં કૌતુકે પ્રેર્યો થકો આકાશ થકી ઉતરીને
કુંવરે તે નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં પુર સબંધી સર્વ ઋદ્ધિ દેખી-
ને આગળ રાજભવનને વિષે સપ્તભૂમીના આવાસમાં પ્રવેશ
કર્યો, ત્યાં દેવાંગના જેવી રૂપે ગુણે સહિત, એવી ચાર કન્યા-
ઓને દેખીને આશ્ચર્ય સહિત તે ચારે કન્યાઓને પૂછવા લાગ્યો
કેઃ-હે ભદ્રાઓ ! તમે શૂન્ય નગરમાં કેમ રહીયો છો? અને આ
કેનું નગર છે? એમ પૂછવાથી તે કન્યાઓ બોલી કેઃ-હે બુદ્ધિમાન!
આ આનંદપુર નામે પાટણ છે, તેનો નરસિંહ નામે રાજા છે,
તેના એક દેવરથ બીજો દાનવ એવા બે પુત્રો છે, અને એક
દેવસુંદરી, બીજી સુરસુંદરી, ત્રીજી રત્નસુંદરી અને ચોથી રત્ન-
વતી એવે નામે ચાર પુત્રીયો છે. એમ બે પુત્ર અને ચાર પુ-
ત્રીના સ્નેહે કરી સુખે રાજ્ય પાળે છે. એકદા રાજા રયવાડીએ
ગયો, ત્યાં ઉપવનને વિષે રાજાએ એક તાપસને દીઠો, તેને
ભોજન કરાવવાને અર્થે ઘેર તેડયો, તે આવીને ભોજન કરવા
બેઠો, ત્યાં તે ચારે કુંવરીઓ તે તાપસને જોવાને અર્થે આવી;
તે કન્યાઓનું રૂપ દેખીને તાપસ કામે કરી વ્યાકુલિત થયો, તેથી
તેના અંગના આકારને અનુસારે રાજાએ કામસહિત દેખીને
સેવકોને કહી પુરથકી બહાર કઢાવ્યો; તોપણ તે તાપસ કૂ-
ટમતે કરીને અંતેઉરને વિષે રાત્રીએ આવ્યો; તેને દેખી રા-
જાએ કોપાટોપે કરી ખડગ લઈ હણ્યો. તે તાપસ તપને પ્રભા-
વે કરી પોતાના માઠા કર્મની નિંદાને કરવે કરી સ્મશાનને વિ-
ષે રાક્ષસ થયો, તે રાક્ષસ વિભંગજ્ઞાને કરી પૂર્વનું વૈર સંભારીને
ઈહાં આવી ઘણા પ્રકારના ઉત્પાત કરી નગરના જન પ્રત્યે વ્યા-
કુલ કરી રાજાને હણીને પોતે રાજભવનને વિષે રહ્યો છે. એવા
થી ઉપદ્રવ પામેલાં નગરનાં લોક તે પોતાનાં ઘરોને ઋદ્ધિસહિત
પડતાં મૂકીને બીજા નગરને વિષે નાશી ગયાં છે. અને અમે
ચારે બેનોને પૂર્વના અભ્યાસથી આ અંતઃપુરને વિષે રાક્ષસે
રાખેલીયો છે. તે અમે ચારે કન્યાઓ છીએ. એ દીને અમારે તથા

ગરનું સ્વરૂપ જે હતું તે તમારી પાસે કહ્યું. પરંતુ હે કુંવર! રાક્ષસ હમણાં બહાર ભક્ષને અર્થે ગયેલો છે, તેને આવવાની વેળા થઈ છે. તોપણ હે સત્પુરૂષ! અમે ચારે અબળા કન્યાઓને તમારૂં શરણ છે, અથવા અમારા આ ભવને વિષે સ્વામી પણ તમેજ છો. પણ હમણાં નગર અધિષ્ઠિત રાક્ષસના ભયથી કેવી રીતે તમને ઈહાં રાખી શકીયે? તથાપિ અમે રાક્ષસના ભયે કરી તમને પ્રચ્છન્ન રક્ષાને અર્થે રાખવા સમર્થ છીએ. પણ જો તે રાક્ષસને વશ કરવાની કળામાં તમે સમર્થ હો, તો તમને છાના રાખીએ. તેવારે કુંવરે કહ્યું કેઃ–હે કન્યાઓ! રાક્ષસનો ભય મારી આગળ રહેવા પામેજ નહીં; કેમકે મારી પાસે સિદ્ધવિદ્યા છે, તેના અધિકારથી હું નિર્ભય છું; તોપણ પ્રચ્છન્ન ઘરને વિષે હું રહીશ, અને જેવારે રાક્ષસ ઇહાં આવે તેવારે તમે સ્નાન મજ્જનના જે ઘમ, પ્રપંચ, તેણે કરી તેનાં લોચનને ખોળે કરી તથા સ્નેહે કરી તેમ કરજો, તેવારે હું રાક્ષસનો જય કરીશ. કન્યાઓએ તે કબુલ કરી પ્રચ્છન્નપણે ઓરડાને વિષે કુંવરને રાખ્યો, એવામાં રાક્ષસ આવ્યો; તેવારે હસતાં છે મુખ જેનાં એવી તે ચારે કન્યાઓ પોતાનું ચરિત્ર દેખાડતી સ્નાન અર્થે રાક્ષસને બેસાડયો, પછી ખોળે કરીને તેનાં નેત્ર ભર્યાં; તેવારે પ્રથમના સંકેત મુજબ કુંવરપણ પાછળથી આવી મજબૂતબંધે કરી રાક્ષસને બાંધી તેની પુંઠ ઉપર ચઢી બેઠો; તેવારે રાક્ષસ બોલ્યો કેઃ–હે ધીરપુરૂષ મુક, મુક. તારૂં સાહસ, ધૈર્ય જોઇને હું સંતુષ્ટ થયો છું, માટે તું જે વર માગે તે હું આપું! તેવારે કુંવર બોલ્યો કે, જો તું આ નગર મુકીને વનને વિષે રહે તો તને હાલ મુકી દઉં, નહિતો હું મુકીશ નહીં. પછી રાક્ષસ કુંવરનું વચન અંગિકાર કરી વનને વિષે નાશી ગયો.

પછી કુંવરે ચાર કન્યાનું પાણિગ્રહણ કરી દેવરથ અને વરરથ એ બે પોતાના સાળાને શ્રીપુર નગરથી તેડાવીને તે નગરને વિષે સ્થાપ્યા, તથા નગરના લોકોને તેડાવીને પ્રથમની પેઠે નગરને વસાવ્યાં. સમુદ્રના કુળને વિષે કુંવર પણ કેટલાએ

દિવસ રહ્યા, પછી ઉત્તમ પુરૂષે સસરાના કુળમાં ઘણું ન રહેવું, એવું એકદા મનમાં ધારીને દેવરથ રાજાની આજ્ઞા લઇ પોતાની ચાર સ્ત્રીઓ તથા પાંચમો પોતે, એમ પાંચે જણ મળી પાંચ ઘોડાની ઉપર અશ્વાર થઇ આનંદપુરથી ચાલ્યાં. એકદા માર્ગને વિષે બાર યોજનની અટવી આવી તેમાં તે પેઠાં. ત્યાં ચાલતાં સંધ્યા સમયે એક વૃક્ષની નિચે રાત્રિને વિષે સુખ આશ્રમ કરીને રહ્યાં, તે સ્થાનકે ચાર સ્રીયો સુતી, અને કુંવર તો હાથમાં ખડ્ગ લઇને જાગતો રહ્યો. એવા અવસરમાં એ વિદ્યાધરીઓ વિમાનમાં બેશી આકાશમાર્ગે જતી હતી, તેમણે જતાં જતાં કુંવરને દીઠો, તેથી તેના રૂપ ઉપર વ્યામોહ પામી થકી વિષયના અભિલાષે કરી કુંવરને અવસ્વાપિની નિંદ્રા દેઈ અપહરીને વૈતાઢય પર્વતને વિષે લઇ ગઇયો. હવે પાછળ ત્યાં અટવીમાં તે ચારે સ્રીયો જાગીયો, તેવારે તેમણે પોતાના સ્વામીને દીઠા નહીં, તેથી તેમણે વનમાં ઘણે ઠેકાણે કુંવરને શોધ્યો, પરંતુ ક્યાંહી પણ દીઠો નહીં, તેવારે ચારે સ્રીયો હૃદયને વિષે ધૈર્ય ધરીને ઘોડા ઉપર ચડી કુંવરનો ઘોડો સાથે લઈ અટવી ઉલ્લંઘન કરી દશરથપુરને વિષે ગઇયો. તે નગરમાં ધર્મ અને નીતિથી રહિત એવો સંગ્રકનામે અન્યાયી રાજા રાજ્ય કરે છે, તે રાજા પરસ્રીના અભિલાષરૂપ વ્યસનમાં રક્ત છે, પાપ બુદ્ધિ છે, તેના મનના પરિણામ ઘણા દુષ્ટ છે, એવાજ અશુભ અધ્યવસાયે ધ્યાવતોથકો ગોખને વિષે બેઠોથકો નગરપ્રત્યે જુએ છે, એવામાં ઘોડાને વિષે દેવાંગના સરખી ચારે સ્રીયોને ઘોડાસહિત દેખી તેમનાં રૂપ જોઈ વ્યામોહને પામ્યો, પછી તે સ્રીયોને [illegible] ને વશ કરવા ઇચ્છતા એવા તે દુષ્ટ રાજાએ પોતાના સેવકો [illegible] ષી તે ચારે સ્રીયોને તત્કાળ અંતેઉરને વિષે રાખીયો; તેવારે મંત્રીશ્વર મહાજનાદિક શ્રેષ્ઠ પુરૂષો તથા નગરનિવાસી [illegible] જન સર્વેએ મળીને રાજાને ઘણે પ્રકારે વાર્યો, તથાપિ તે [illegible] કામવશ હોવાથી તેણે કોઈનું પણ કહ્યું માન્યું નહીં. એવા અવસરે ચારે સ્રીયો સાંભળીને પોતાના ધર્મની રક્ષા કરવાને અ

ચપરમેષ્ઠીનું ધ્યાન ધરી શાસનદેવીનું સ્મરણ કરતી હવીયો. ત્યારે તે કુંવરીઓના પુન્ય અને ઈષ્ટ શીયલના પ્રભાવથકી ત્યાં શાસનદેવી પ્રત્યક્ષ થઇને ચારે સ્ત્રીયોપ્રત્યે કહેતી હવી કેઃ—હે વત્સે! હે પુત્રીયો! તમે વિષાદ ન કરો. તમારા સ્વામીને ક્ષેમ કુશળ છે, તેને વિદ્યાધરીએ અપહર્યો છે, તે હમણાં વૈતાઢ્ય પર્વતે રત્નચુડ નગરને વિષે છે, અને આજથી ત્રીશમે દિવસે પ્રબળ સૈન્ય રાજ્યલક્ષ્મીયે યુક્ત તમારી સાર સંભાળ કરવા અર્થે અહીંઆં આવશે. એમ કહી તે ચારે સ્ત્રીયોના કંઠને વિષે પ્રભાવિક હાર નાંખીને શાસનદેવી પોતાને સ્થાનકે ગઇ. ચારે સ્ત્રીયો પણ દેવીને વચને આપણો પતિ ત્રીશ દિવસે મળશે! એમ ધારી તથા શીયલરત્નને માટે હારની પ્રાપ્તિ થવે કરીને સંતોષ પામી હર્ષવંત થઈ તે હાર પોતપોતાના કંઠમાં પહેરી ધર્મ ધ્યાનને અવલંબીને રહેતી હવી. એવા અવસરમાં તે અન્યાયી રાજા પરસ્ત્રી સેવનરૂપ દુર્બુદ્ધિયે ગ્રહ્યો થકો કામાર્થે ત્યાં આવીને મીઠાં, સરાગ અને લલિત એવાં કામક્રીડાનાં વચનોને બોલતો બોલતો જેવામાં તે સ્ત્રીયો પાસે આવ્યો, તેવામાં હારના પ્રભાવથી આંધળો થયો; તેવારે ત્યાંથી પાછો વળ્યો. વળી ક્ષણેક રહીને પાછો ત્યાં સ્ત્રીયો પાસે આવ્યો, એટલે પ્રથમની પેઠે આંધળો થયો. એમ ત્રણવાર ઉદ્યમ કર્યા પણ તે નિષ્ફળ થયો, તેણે કરી અન્યાયી રાજા પોતાના ઘરને વિષે નિરાશાની પેઠે રહ્યો.

હવે ગજસિંહ કુમારને વૈતાઢ્ય પર્વતની ઉપર જે વિદ્યાધરીયો લઇ ગઈ હતીયો, તેણે તેને પોતાના ભવનને વિષે પ્રચ્છન્નપણે ઓરડામાં છાનો રાખ્યો, પછી શોળ સણગાર પહેરીને કામસેનાની પેઠે સન્નદ્ધબદ્ધ થઇને પોતે આપેલી અવસ્વાપિની નિંદ્રા પરહરીને કુંવર પ્રત્યે હાવ ભાવ, પ્રેમ પ્રિતિરસે કરી યુક્ત મીઠે વચને કામકટાક્ષ નેત્રે કરી જોતી થકી જગાડતી હવી. તેવામાં ગઇ છે નિંદ્રા જેની એવા કુંવરે જાગતાં થકાં આગળ સ્ત્રીનું જોડલું તે કામબાણ સહિત અંગની ચેષ્ટાપૂર્વક સ્ત્રીચરિત્ર

કરતું દેખીને કુંવર મનમાં વિચારે છે કે, અરે! શા કારણે એણે અટવીમાંથી મુજને અપહર્યો! વળી કોનું એ નગર છે!! કોની એ બે સ્ત્રીયો છે!!! એ સ્ત્રીયોની આગળ મારૂં શીળ કેમ રહેશે! અથવા જેમ ભાવિ બનનાર હશે તેમ બનશે, પરંતુ મારૂં બ્રહ્મચર્યવ્રત નિશ્ચલ રહો! એમ ધારીને મૌન કરી રહ્યો.

હવે તે વિદ્યાધરીયો પોતે કામચરિત્રમાં નિપુણ છે, માટે તેઓ વિવિધ પ્રકારની કંદર્પ સંબંધી ચેષ્ટા કરતી કામને મદે કરીને કુંવરના દેહપ્રત્યે આલિંગન દેતી ખેદ પમાડતીથકી કહેવા લાગીયો કે:—હે કુંવર! અમે બેઉ જણીયો તમારી સ્ત્રીયો છીયે, તમારા દર્શને કરીને અમોને કામરૂપ સમુદ્ર ઉછળ્યો છે, તે પાણીના પ્રવાહે કરીને સમુદ્ર જેમ ઉપસમે છે, તેમ તમારા શરીરના સંગમે કરીને અમારો કામ ઉપસમ પામશે. તે કારણ માટે હે કુંવર! તમે અમારી બેઉની કામલીલાની વંછા પૂર્ણ કરો; એટલે તમને અમે ગગનગામિની આદિક ઘણી વિદ્યાઓ આપશું! ઇત્યાદિક કામકેલિનાં વચને કરી વિદ્યાધરીઓ પ્રાર્થના કરવા લાગી; તેવારે નિર્વિષય છે ચિત્ત જેનું એવો તે કુંવર કાંઇ પણ બોલ્યો નહીં. એવા અવસરમાં તે બેઉ સ્ત્રીઓનો સ્વામિ જે વિદ્યાધર હતો તેપણ ત્યાં આવ્યો, અને વિદ્યાધરીઓને બોલતી જોઈ બહાર છાનોમાનો બેશી રહ્યો; ત્યાં પોતાની સ્ત્રીયોને કામવિહ્વલ દેખીને વિદ્યાધરનો સ્વામિ મનમાં વિચારવા લાગ્યો કે:—અહો! એ કોઇ પણ સાહસિક ધૈર્યવંત પુરૂષ છે! તે ઉત્તમ પુરૂષ પોતાનું શીલ મૂકતો નથી; માટે ધન્ય છે એ પુરૂષને કે સ્ત્રીના સંકટને વિષે પડ્યો થકો પણ પોતાના વ્રતની રક્ષા કરે છે!! તેમ અધન્ય છે એ બે કંદર્પ પીડિત સ્ત્રીયોને!! પરંતુ સ્ત્રીની જાતિ સ્વભાવેજ વિષય સહિત હોય એવી એની જાતિની પ્રકૃતિજ છે, તોપણ હું એ બે સ્ત્રીયોનાં ચરિત્ર પ્રત્યે તો જોઉં! એમ મનમાં ધારીને છાનો રહ્યો. સ્ત્રીઓએ કામસહિત ચેષ્ટાના વચને કરીને કુંવરને ચલાવવા માંડ્યો, પણ કુંવર કામચેષ્ટા પ્રત્યે ન ઇચ્છતો હતો તેમ

ળ્યાં નહીં. તેવારે બેઉ સ્ત્રીયો કડવાં વચને કરીને ક
તી હવી કે:--હે પુરૂષ! અમે બેઉ જણીયે અનેક પ્રકારે કા
ની વિનતી કરી, પણ તમે અમારૂં વચન અંગીકાર ન કર્યું
. હવે તમારા પ્રાણનો સંદેહ થાશે. એવું કહે છતે કુંવર ક
વા લાગ્યો:--હે માતાઓ! હું પુરૂષાર્થ રહિત છું, દુઃખણી
, માટે સ્ત્રીસેવા શી રીતે કરૂં? એવું કુંવરનું વચન સાં
ળીને બેઉ વિદ્યાધરીયો કામરહિત થઇ થકી મનમાં વિચાર
લાગીયો કે, આપણ બેઉનું વચન એણે ન માન્યું તો એને આ-
પણે કષ્ટમાં પાડશું! એવું ધારીને કોલાહલ શબ્દને કરતી થકી
કહેવા લાગી કે, ભો ભો લોકો! આ ચોર અમારા ઘરને વિષે
પેઠો છે તેને પકડો; એવા મોટા સ્વરે પોકાર કરતી સાંભળીને
ગામનો રક્ષક જે કોટવાળ તે પોતાના સેવકો સહિત દોડીને શ-
બ્દને અનુસારે તે વિદ્યાધરના ઘરને વિષે પ્રવેશ કરી કુંવરને મ-
જબૂત બંધને બાંધી વધ કરવાને સ્થાનકે લઇ ચાલ્યો. તેવારે
પોતાની સ્ત્રીયોનું ચરિત્ર જેણે દીઠું છે એવા તે વિદ્યાધરે કુંવ-
રને નિર્દોષી જાણીને તેને તેડવા માટે પોતાના સેવકો મોકલ્યા;
તે સેવકો જઇને કુંવરને તથા કોટવાળને તેડી લાવ્યા. પછી
વિદ્યાધર બોલ્યો કે:—હે દુર્ગપાળ! એ સત્પુરૂષ છે, મહાન્ પુ-
રૂષ છે, આ સ્ત્રીયોનું ચરિત્ર મેં દીઠું છે, એ કુંવર નિર્દોષી છે,
એમ કહેતો કુંવરને નમસ્કાર કરીને પોતાની પાસે બેસાડયો,
પછી કોટવાળાદિક નગરના લોક સર્વે કુંવરની સ્તુતિ કરી પોત
તાને ઘેર ગયાં.

એવા અવસરને વિષે વૈતાઢયગિરીનો સ્વામી શ્રીધર એવે
નામે રાજા વિદ્યાધરોનો ઇંદ્ર છે, તેણે એ સર્વ વૃત્તાંત સેવકના
મુખથી સાંભળ્યો, તેથી તે કુંવરનો મહિમા જાણીને કુંવરને તેડાવી
સ્ત્રીયોનું ચરિત્ર પૂછવા લાગ્યો. તેવારે કુંવર કહેવા લાગ્યો કે:-
હે ખેચરેંદ્ર! કરેલા કર્મનો ભોગવ્યા વિના ક્ષય ન થાય, જી-
વને કર્મની ગતિ વિષમ છે, મોહવિલસીત જે કર્મ, તે કર્મના
દોષ થકી મહાન્ પુરૂષ પણ મુઝાય છે, તેથી તે પુરૂષ પણ અ-

[illegible]

...કહ્યું કે—હે કુંવર! [illegible]

ની [illegible] વિષે તમારે રહેવું [illegible]

ત્યારે કુંવર બોલ્યો કે, મારી પરણેલી ચાર સ્ત્રીઓ [illegible] મૂકી છે, તેની શુદ્ધિને અર્થે હું પ્રયત્ન કરીશ, ત્યાં લગી તમારા વચને વિષે તમારી પુત્રીઓને રાખજો. હું તે ચાર સ્ત્રીઓની ખબર લઈ ત્રણ માસ ને સાત દિવસે [illegible] આવીશ. એમ કહી ખેચરેંદ્રને નમસ્કાર કરી રજા માગી. તેવારે વિદ્યાધરે તેને અ[illegible] દૃશ્યાંજની તથા ગગનગામીની એવી બે વિદ્યાઓ દીધી, અને જવાની આજ્ઞા આપી.

હવે કુંવર ત્રણ માસ ને સાત દિવસની પ્રતિજ્ઞા કરી ત્યાં[illegible]થી આકાશ પંથે ચાલ્યો, તે પ્રથમના વનને વિષે આવીને દિવસના ચાર પ્રહર લગી તે ચાર સ્ત્રીઓને જોઈ, પણ ક્યાંઈ દીઠી નહીં. એવામાં રાત્રિને વિષે વનમાં ભમતાં કોઈએક સ્ત્રી આક્રંદ કરતી મોટે સ્વરે રૂદન કરતી અહીત અહીત એવું ના[illegible]

ખથી પોકારતી સાંભળી, તેના શબ્દાનુસારે ધૈર્ય ધરીને ખડ્ગ હાથમાં લઇ સાવધાનપણે કુંવર ચાલ્યો; આગળ જતાં અટવી માંહે હાથીના મુખને વિષે કન્યારત્ન પ્રત્યે દેખતો હવો. તેવારે કુંવર પરોપકારબુદ્ધિયે ખડ્ગે કરી હાથીને હણીને કન્યા મુકાવી. તેને પુછવા લાગ્યો, કે:–હે ભદ્રે! શ્યા અર્થે તમે આ વનને વિષે હાથીના મુખમાં આવી પડ્યાં? એમ પુછવાથી કન્યા કહેવા લાગી કે, હે ધીર! સાંભળો. મારી કથા જેમ છે તેમ તમારું આગળ હું કહું છું.

શ્રીપુર નગરને વિષે શ્રીચંદ્ર નામે રાજા છે, તેની શીલવતી નામે રાણી છે, તેના અંગની નીપની મદનમંજરી નામે પુત્રી છે. એકદા સમયે તે મદનમંજરીની માતા પૂર્વકર્મના યોગથી બાલ્યાવસ્થાને વિષે અકસ્માત્ મરણ પામી; તેવારે તે મદનમંજરી બીજી વિમાતાને વશ પડી. તે વિમાતા તેની ઉપર નિત્ય દ્વેષ ધરતી થકી રાજાની આગળ પુત્રીના કુડા દોષ પ્રત્યે બોલતી; તે મદનમંજરી પણ કષ્ટે કરી નિર્ગમન કરતી હતી. એક દિવસ વિમાતાએ તે કુંવરીની ઉપર અપવાદ મૂકી ખોટું આળ ચઢાવ્યું, તે સાંભળી કુંવરી પોતાના કરેલા કર્મના વિપાક ચિંતવવા લાગી, અને તે પછી દુઃખે ભરાણી મરવાનું શરણ અંગીકાર કરીને વનને વિષે ગઇ; ત્યાં મરવાને ઉત્સુક થઇ થકી કોઈક સરોવરમાં જઈ પડી. તે અવસરે ત્યાં અકસ્માત્ જલ પીવાને અર્થે એક હાથી આવ્યો, તેણે તે બાળીકાને પકડીને શુંઢાદંડે કરી ગ્રહણ કરી, એટલામાં તે હાથીએ વળી બીજા હાથીને આવતો દીઠો; તેવારે તે હાથી ત્યાંથી કન્યાસહિત નાશી ગયો. હે ધીર પુરૂષ! તે મદનમંજરી હું છું. તેને તમે હાથીના મુખમાંથી મુકાવીને પોતાની કરી; તેથી હે નરોત્તમ! આ જગતને વિષે આપના જેવા ઉત્તમ [illegible] માટે મારા પતિ પણ [illegible] એક જ પુરૂષ મારે બાંધવતુલ્ય છે. આ વચન [illegible] આવવાથી શ્રી [illegible] તમારા [illegible]

જન્મ સફળ થયો! સાથી જે હું કેરડાના વૃક્ષને અર્થે [હતી, પણ મને તમારા સરખો કલ્પવૃક્ષ મળ્યો; માટે જેમ મારો ઉપકાર કીધો તેમજ મારૂં પાણિગ્રહણ કરીને મને સ કરો. એવું સાંભળીને કુંવર તેનું પાણિગ્રહણ કરી ત્યાં વિષેજ રહ્યો. એવામાં શ્રીપુર નગરના રાજાને વિમાતા એમ હેવા લાગી જે તમારી પુત્રી કોઇ વિટલ પુરૂષને ગ્રહણ કરી નાશી ગઈ છે; તે વાતને સાચી માનીને રાજા ક્રોધવંત થયોથકો કુંવરીની શોધને અર્થે સેનાસહિત તેજ વનને વિષે આવ્યો. પ્રભાતે વનને વિષે ભમતાં ભમતાં કુવર સહિત કુંવરીને દેખી-ને રાજા કુંવરને હણવાને અર્થે દોડયો, કુંવરપણ હાથમાં ખડગ લઇને રાજાની સન્મુખ આવ્યો, રાજાએ હાકોટયો થકો કુંવર યુદ્ધ પ્રત્યે યાચતો હવો, રાજાયે સૈન્યને પ્રેર્યું, તેવારે કુંવર યુદ્ધ કરવા સન્નદ્ધબદ્ધ થયો; ત્યાં ખડગે ખડગ, મુષ્ટિયે મુષ્ટિ, એમ યુદ્ધ કરતાં વિદ્યાજડીના પ્રતાપથી કુંવરે રાજાના સૈન્યને જીત્યું; જેથી સૈનિકોયે નાસવા માંડયું. એવું કુંવરનું પ્રબલભુજાનું પ-રાક્રમ દેખીને શ્રીચંદ્રરાજા કુંવર પ્રત્યે નમીને ઇષ્ટવલ્લભ હિતના વચને કરી કહેવા લાગ્યો કે:—હે સત્વાંગી પુરૂષ! તમારા પ-રાક્રમે કરીને તમે ઉત્તમ કુળના છો એવું અમે જાણ્યું, પરંતુ હે જામાતા! તમે અમારા જમાઈ જે થયા, તેનું કારણ મને કહો. એવાં રાજાનાં વચન સાંભળી કુંવર બોલ્યો કે:—હે રા-જન્! એ વાત તમારી પુત્રીજ તમને કહેશે. પછી કુંવરના સં-કેતે કરી કુંવરી પ્રથમ થકી વિમાતાનો પ્રબંધ નિર્વીશેષે કરી કહેતી હવી. રાજા પોતાની પુત્રીના મુખથકી સર્વ વૃત્તાંત સાં-ભળીને હર્ષવંત થયો. પછી સૈન્ય એકઠું કરી કુંવરને સાથે લ-ઈ રાજા પોતાના નગર ભણી ચાલ્યો; એવામાં વર્ષાદ થયો તે-થી પાણીની ધારાઓ પડવાથી પર્વતની પાસે પાણીના પ્રવાહે કરીને નદી પૂર આવી છે, તેને કાંઠે રાજા પણ સેનાસહિત આવ્યો. તેવા અવસરે નદીના પુરના પ્રવાહને વિષે રથે વળગે-લીયો, મુખે પોકાર કરતીયો, પાણીના પ્રવાહમાં બુંબારવ કે

ને હે ધીર! વીર! અમારા બેઉનો ઉદ્ધાર કરો! ઉદ્ધાર કરો! અમારી સાર કરો! સાર કરો!! એમ બોલતી એવી બે કન્યાઓને પાણીના પુરમાં તણાતી લોકોએ દીઠી, તે જોઈ સર્વ સૈનિક લોકો હાહાકાર કરવા લાગ્યાં. તેવામાં કુંવરની દૃષ્ટિએ તે કન્યાઓ પડી, તેવારે પરોપકાર બુદ્ધિયે કરીને કુંવર નદીના પુરને વિષે પડી, જડીના પ્રભાવે કરીને સ્રીયુગલને પાણીના પુરમાંથી બહાર કાઢીને કાંઠાને વિષે આણ્યું. આવો કુંવરનો મહિમા દેખી ચિત્તમાં ચમત્કાર પામી રાજા મનમાં વિચારવા લાગ્યો કે, અહો! આ કોઇક મોટો પુરૂષ છે. પછી રાજા તે બે કન્યાઓને પૂછવા લાગ્યો કેઃ—હે પુત્રીયો! તમે પાણીના પુરને વિષે કેમ પડિયો? તેવારે તે કન્યાઓ કહેવા લાગી કેઃ—હે રાજન્! સાંભળો.—

દશરથપુર નગરને વિષે શિવદાસનામા વ્યવહારીયાની અમે બે પુત્રીયો છીએ, તે પુરમાં પાપબુદ્ધિ નામે રાજા રાજ્ય કરે છે, તેણે કોઇક પરદેશી ચાર સ્રીયો પાંચ ઘોડાએયુક્ત નગરમાં પ્રવેશ કરી ચઉટાને વિષે આવતીયો દીઠી, તે સ્રીયોને પોતાના અંતેઉરમાં પોતાની સ્રીયો કરવા માટે રાખી, તે જોઈ નગર નિવાસી લોકો તથા રાજ્યના આધષ્ઠિત પુરૂષ જે મંત્રીશ્વર પ્રમુખ હતા, તેઓએ તે રાજાને ઘણુંએ કહ્યું કે તમે એ કાર્ય ન કરો! કેમકે એથી મોટો અનર્થ થાશે; તોપણ રાજાએ કોઈનું કહ્યું માન્યું નહીં. તેવારે નગરલોકે જાણ્યું જે રાજા પારકી સ્રીયો ગ્રહણ કરે છે, તેને પાપે કરી નગરને ઉપદ્રવ થાશે; પુરનો ભંગ થાશે. એવું વિચારી લોકો ધીમે ધીમે પોતાની દ્રવ્ય પ્રમુખ સારસાર વસ્તુઓ લઇને અન્ય કોઈક પોતાના સંબંધી જ્યાં રહે છે ત્યાં જવા લાગ્યાં. અમારા પિતાએ પણ અમે બે જણીઓને અમારા ભાઈ સહિત અન્ય ગામે જવા માટે રથમાં બેસારી મોકલીયો. પંથે ચાલતાં ચાલતાં અમે જેવારે કહીં આવ્યાં તેવારે નદીને કાંઠે રથસહિત અમો બે જણીઓને મૂકી અમારો ભાઈ સંબલને અર્થે ગામમાં ગયો, પાછળથી મેઘ

થઈ, તેણે કરી અકસ્માત નદીયે પુર આવ્યું; તેમાં અમે બે જણીયો રથસહિત તણાણીયો. પણ અમારા શુભ પુન્યના ઉદય થકી આ ઉત્તમ પુરૂષે અમોને પાણી થકી ઉગારીને મરણથી બચાવી છે, માટે અમે બેઉનો આ ભવને વિષે એજ ભરતાર હો. એટલું કહીને ઉભી રહી.

કન્યાઓના મુખથકી વૃત્તાંત સાંભળીને રાજા મનમાં વિચારવા લાગ્યો કે હું જમાઈ તો શ્રેષ્ઠ પામ્યો! એવામાં નદીનું પુર ઉપસમ પામ્યું, તેવારે સેનાએ સહિત રાજા નદી ઉતરીને શ્રીપુર નગરમાં આવ્યો, ત્યાં તે બેઉ કન્યાઓનો ભાઈ પણ મળ્યો, એટલે બે કુંવરીઓએ તેને કુંવરે કરેલા ઉપકારનો સંબંધ કહ્યો; તે સાંભળી વ્યવહારીયાના પુત્રે તે સુરસુંદરી તથા જયસુંદરી એવે નામે પોતાની બે બેહેનોનું પાણિગ્રહણ મોટા મહોત્સવે કરી તે કુંવર સાથે કરાવ્યું. પછી કુંવરે રાજાની આગળ ચાર સ્ત્રીનું વૃત્તાંત કહીને દશરથપુરને વિષે સૈન્ય મોકલવાની આજ્ઞા માગી, અને વળી આનંદપુરને વિષે પોતાના સાળાને તેડવા માટે દૂત મોકલ્યો; તે પણ પોતાની બહેનોની સાર કરવા સારૂ પોતાનું સૈન્ય લઇ ત્યાં આવ્યો. પછી પોતાના સસરા શ્રીચંદ્રરાજાનું સૈન્ય મળી ચાર અક્ષોહિણી સૈન્ય એકઠું કરીને સમુદ્રના કલ્લોલની પેઠે ભૂમિ કંપાવતો શત્રુને આછાદતો થકો પર્વતની ટુંકને ચલાયમાન કરતો, પંથમાં જે જે દેશ આવે તે સર્વ દિશિમંડલને સાધતો તે ગજસિંહ કુંવર ચાલ્યો. કેટલેક દિવસે દશરથપુર આવીને તેના ગઢને રૂંધી ફરતો આંટો દેઈ રહ્યા; તેવારે પાપબુદ્ધિ રાજા પણ પ્રબલ સામંત, સુભટ, હાથી, ઘોડા, રથ એવી ચતુરંગીણી સેના લઈને અપશુકને વાર્યો થકો પણ નગરની બહાર નિકળીને કુંવરના સૈન્ય સાથે ગર્વ દેખાડતો હવો. ત્યાં બેઉ સૈન્યને આંહોમાંહે યુદ્ધ થયું. યુદ્ધમાં હાથીએ હાથી, ઘોડે ઘોડા, પાળે પાળા, એમ નિતિયુદ્ધ કરતાં પાપબુદ્ધિ રાજા પારકી સ્ત્રીનો અભિલાષી, વ્યસનમાં લુબ્ધ અન્યાયી છે તેથી પોતાના પાપને જોરે

ર્યો. તેનું સૈન્ય ભાગી ગયું. તેવારે કુંવરના સુભટે પાપબુદ્ધિ રાજાને જીવતો બાંધીને કુંવરની આગળ આણ્યો. તેને કુવરે કહ્યું કે:—હે પાપબુદ્ધિ રાજા! તેં મોટો અન્યાય કર્યો તેણે કરીને તેં આ ભવને વિષે રાજ્ય ગમાવ્યું અને પરભવમાં નરકાદિકનાં દુઃખ પામીશ! એમ વચને કરી નિર્ધાટન કરીને તેને કાંકોટી મૂકી દીધો. તેવારે તે શિયાલીઆની પેઠે નાશી ગયો, અને કુંવર નગરના લોક વધાવતે, મંત્રીશ્વર પ્રમુખે પ્રણમતે દશરથપુરને વિષે પ્રવેશ કરી રાજ્યસભાને વિષે આવી સિંહાસને બેશી પોતાની આજ્ઞા પુરને વિષે પ્રવર્તાવીને નિષ્કંટક રાજ્ય કરવા લાગ્યો, પ્રજાલોક આનંદને પામ્યાં, પોતાની ચાર સ્ત્રીયો પણ આવી નમસ્કાર કરતી હવી, અને શિયલ રત્નને માટે શાસનદેવીયે દીધેલા હારનો પ્રભાવ કહી દેખાડ્યો. પછી કુંવરે પ્રજાને નિઃશંક કરી તેથી પ્રજા પણ આનંદ પામી.

હવે કુંવર પૂર્વકૃત પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા પ્રાજ્ય રાજ્યને પોતાની સુંદર સાત સ્ત્રીયોયે યુક્ત થકો પાળે છે. કેટલાએક દિવસ પછી શાળાને તથા સસરાને રજા દીધી, તેથી તે પણ પોતાને સ્થાનકે ગયા. એકદા તે કુંવરે મહિનાની અવધિ કરી મંત્રીશ્વરને રાજ્ય સોંપી નિશ્ચીંત થઇ આકાશમાર્ગે વૈતાઢ્ય પર્વતને વિષે ચાલવા માંડ્યું. માર્ગમાં વૈતાઢ્યની પાસે એક વન છે, તેમાં એક પ્રાસાદને દેખી વિસ્મિત થકો હેઠે ઉતરીને તેણે પ્રાસાદમાં પ્રવેશ કર્યો, તેમાં યક્ષની મૂર્તિ દેખી તેને પ્રણમીને વિનયપૂર્વક સ્તવના કરી; તે અવસરે તે યક્ષના દેરાને વિષે ચાર ધુર્ત પુરૂષો છે, તેમણે કુંવરને મીઠે વચને કરી બોલાવ્યો, અને કહ્યું કે:—હે ભાઇ! આવો, આવો. ઈહાં તમારો અમને ઘણે દિવસે સમાગમ થયો! એમ કહી બેસવા માટે આસન દીધું. તેના ઉપર બેશીને કુંવર મનમાં વિચારે છે કે, અહો! ઉતાવળા થકા એ મુજને એટલોબધો આદરસત્કાર કરે છે માટે અહીંયાં કાંઇક કૌતક છે, એમ ચિંતવી ધુર્તો પ્રત્યે પૂછવા લાગ્યો કે:—હે પુરૂષો! તમે શા કાર્યને માટે ઇહાં ચારે જણ

એકઠા મળ્યા છો? વળી તમે કોણ છો? અને ક્યાંથી છો? એમ પૂછવાથી ધુતારા બોલ્યા કે:—હે ધિર પુરૂષ! પરદેશી મનુષ્ય છીએ, કૌતુક જોવાને અર્થે પૃથ્વીતળમાં ભમતા ભમતા આ દેરાસરમાં આવ્યા, તેવારે એક અપૂર્વ આશ્ચર્ય દીઠું તે કહીયે છીએ તે સાંભળો.

આ વનમાં એક પર્વત છે, તેની ગુફામાં કોઇએક વિદ્યાધર રહે છે, તેની ચાર પુત્રીયો છે, તે યૌવનવસ્થા પામી છે, તેમણે ઈહાં યક્ષના દેરાસરે આવીને વરની પ્રાર્થના કરી, તેવારે યક્ષે પ્રત્યક્ષ થઇને તે બાળીકાઓને કહ્યું કે, હે પુત્રીયો! હું એક માસને અંતે તમારા ભર્તારને ઈહાં આણીશ. તે સાંભળી ચારે કન્યાઓ હર્ષ પામી, અને અમે ચારે જણ તે કૌતુક જોવાને અર્થે ઇહાં રહ્યા છીયે, તે એક માસનો અવધિ આજે પૂરો થયો છે, પણ યક્ષે કહ્યો જે વર તે તો હજી આવ્યો નહીં; તેથી ચારે કન્યાઓ આ યક્ષની ઉપર કોપ કરીને અગ્નિમાં પ્રવેશ કરશે. તે કન્યાઓ હમણાંજ અહીંયાથી નિકળી ગુફામાં ગઇ, અને હે ઉત્તમનર! તમે પણ હમણાં ઈહાં આવ્યા છો, માટે તમે ત્યાં જાઓ. અને તે કન્યાઓ જીવતી રહે તો યક્ષનું કહેવું સત્ય થાય. એવું ધુતારાનું વચન સાંભળીને ઉપકારની બુદ્ધિયે કુંવર તે ધુતારાઓની સાથે કુંવરીઓને સહાય કરવા અર્થે ચાલતો થકો પર્વતની ગુફાને દ્વારે આવ્યો, ત્યાં આગળ ગુફામાં રોતાં [illegible] ચાર કુમારીકાઓને [illegible] જોઇ કુંવર વિચારવા લાગ્યો કે, અહો! આ કોઇક કર્મદેવની રચના કેવાક છે! જે માટે ઈહાં અગ્નિ [illegible] શા કારણે એણે કીધો છે? વળી વર મનુષ્ય [illegible] એકઠા થયા છે તેનું શું કારણ હશે? વળી [illegible] [illegible]

રીતે કુંવર મનમાં વિચાર કરે છે, એવામાં એક યોગી જ-
લ ઉઠીને કુંવર પાસે આવીને કહેવા લાગ્યો કે, ધન્ય છે સુ-
તે! આજે મ્હારો દિવસ સફળ થયો, જે માટે મારી આશા
ઈ થઈ. હે કુંવર! એ ચારે કન્યાઓને તમે પરણો, એને ત
માને પરણવાની અભિલાષા છે માટે એનું પાણિગ્રહણ કરીને
મારો ઘરજમાઈ થઈને અહીં મારી પાસે સુખે સમાધે રહો. પણ
એમાં મારે વિદ્યા સાધવી છે, તેના ઉત્તરસાધક તમે થાઓ.
એવું સાંભળીને કુંવરે. દાક્ષિણ્યપણા માટે તે યોગીનું વચન
અંગિકાર કર્યું.

હવે યોગીયે અગ્નિના કુંડની ચારે દિશાએ ચાર ધુતારા
પુરૂષને હાથમાં હથીયાર આપીને ઉભા રાખ્યા, તથા ચાર વિ-
દિશિને વિષે ચાર બાળીકાઓને ઉભી રાખી, અને પોતે ચારે
દિશાએ દ્રષ્ટિ રાખીને જાપ જપતાં હોમ કરવા માંડયો. જાપ
પુર્ણ થયા પછી બળિદાન દેવા માંડયું, તેવારે મધુ ઘૃતાદિકનો
હોમ કરતો દેખીને કુંવરે મનમાં વિચાર્યું જે આ કાંઈ ઉત્તમ
કાર્ય નથી, હવે મારે કેમ કરવું; પણ મારી પાસે વિદ્યાધરે
દીધેલી એક આકાશગામિની અને બીજી અદ્રષ્યઅંજન એ બે
વિદ્યાઓ છે તેનો મહિમા જોઉં. એવું મનમાં ચિંતવી નેત્રને
વિષે અંજન આંજીને યોગી પાસે જઇ ઉભો, પણ અંજનના
પ્રભાવ થકી યોગીએ તે કુંવરને ન દીઠો. હવે જેવારે તે યોગી
ના જપ, હોમ અને પૂર્ણાહુતિ થઈ, તેવારે કુંવરે યોગીને બાં-
ધીને અગ્નિના કુંડને વિષે નાંખી દીધો; તે દેખીને ચારે ધુર્ત
પુરૂષો ત્યાંથી નાશી ગયા. મરણના ભયને લીધે ત્યાં રહેવાને
સમર્થ ન થયા. તે યોગી અગ્નિકુંડમાં બળતો સુવર્ણપુરૂષ થ-
યો. પછી કુંવર તે ચારે બાળિકાઓને તેમનાં ઠામ ઠેકાણાદિ સ-
ર્વ પૂછવા લાગ્યો. તેવારે તે કન્યાઓ બોલી કેઃ—હે નરદેવ!
તમે અમારૂં ચરિત્ર સાંભળો.

ઉદિપુર નગરને વિષે શિવદેવ રાજા છે, તે પરમ ઉત્કૃષ્ટ
અરિહંત ભક્ત છે, તે પ્રજાને યોગ્ય ન્યાયનિતિયે પાળતો રા

જય કરે છે. તે નગરમાં ધનદ, કામદેવ, ધનંજય અને વિ
એવે નામે ચાર વ્યવહારીયા વસે છે, તેમને માંહોમાંહે [
ભાવ છે, તેમની પાસે અગણિત ધન છે, માટે તે ચારે
ઢય કહેવાય છે. તે ચારે ઉત્કૃષ્ટા અરિહંત ભક્ત છે, તેમના ઉ
પર રાજાનું ઘણું માન છે, તે ચાર વ્યવહારીયાની લલિતા,
સુલલિતા, સુલોચના અને પ્રગુણા એવે ચાર નામે અમે ચાર
પુત્રીયો છીયે, અમારે પણ માંહોમાંહે સ્નેહ છે, અમે ચારે
શ્રી વિતરાગની ભક્તિવંત છીયે અને વિનયાદિ ગુણે કરી સ
હિત છીયે. એકદા શ્રી સમેતશિખરનો મહિમા ગુરૂના મુખથી
સાંભળીને યાત્રાને અર્થે ચતુર્વીધ શ્રી સંઘને એકઠો કરી અમા
રા પિતાદિક પરિવાર સહિત શ્રી સમેતશિખર ગિરિરાજે આ
વીને મોટા મહોત્સવ સહિત વીશ ટુંકે ઘણી ભક્તિએ કરી જિ
નેશ્વરને પુજી સ્વામિવાત્સલ્ય કરી દીન દુઃખીયાનો ઉદ્ધાર કરી
ત્યાંથી પાછા વળ્યા. છ મહિના પંથે ચાલતાં થયાં, ત્યાં મા
ર્ગમાં કોઈ મહા વનને વિષે શ્રી સંઘે ઉતારો કર્યો, રાત્રિયે
તંબુમાં અમે ચારે બાળકીઓ એકાંતે નિંદ્રાવશ થઈઓ, ત્યાં
થી એ ચાર ધુર્ત પુરૂષોએ અમોને અપહરીને આ યોગીની
આગળ આણી રાખી; એવામાં અમારા ભાગ્યના ઉદયથકી ત
મે ઇહાં આવીને અમને અભયદાન દેઇને જેમ પોતાની કરીયો
તેમજ તમે અમો ચારે જણીયોનું પાણિગ્રહણ કરીને અમને સ
નાથ કરો. એવાં તે બાળકીઓનાં વચન અંગિકાર કરીને કું
વરે તેમનું પાણિગ્રહણ કર્યું. પછી સોનાના પુરૂષને અગ્નિના કું
ડમાંથી કાઢીને તે ચારે સ્ત્રીઓને પોતાની સાથે લઈ તે
વનને ઉલ્લંઘીને હરિપુર ભણી ચાલ્યા. ગ્રામાનુગ્રામ પ્રત્યે ચા
લતાં ચાલતાં માર્ગમાં ગંભીરપુર પાટણના ઉદ્યાનને વિષે ઘોડા
તથા કન્યાઓને મૂકીને કુંવરે પોતે સથવારો જોવાને માટે નગ
રમાં પ્રવેશ કર્યો; ત્યાં સથવારાની પુછપરછ કરે છે અને ન
ગરને જુએ છે, એટલામાં નગરમાંથી કોઈક તેજ નગરનો
રથા તે વનમાં ખેલવાને અર્થે આવ્યો; તે કન્યાઓ અને ઘોડા

સ્વરૂપ પુરૂષયુક્ત દેખીને લોભે કરી આંધળી થઈ થકી કુડી માયા કરી કન્યાઓ પાસે આવી કહેવા લાગી કે:—હે મારા ભાઈની સ્ત્રીઓ! મારા ઘરને વિષે મારા બાંધવે આવીને મને તેડવા મોકલી છે, એવી રીતે ધુતીને તે બાળીકાઓને સર્વ વસ્તુએ યુક્ત પોતાને ઘેર તેડી લાવી. ત્યાં વેશ્યાનું ઘર દેખીને બીહીતી થકી તે ચારે સ્ત્રીયો પોતાના શીલ રક્ષણને અર્થે એક ઓરડામાં પેશી મજબુત કમાડ દઇ કરી રહી. જેમ કોઇ રીતે તે કમાડ ઉઘડે નહીં એવી રીતે બંધ કરી મુક્યાં.

એવા અવસરે કુંવર પણ ગામમાં ફરીને વનને વિષે આવ્યો અને જ્યાં જુવે ત્યાં ઘોડો, સ્ત્રીયો અને સુવર્ણપુરૂષ એમાંથી કોઇ પણ દીઠું નહીં; તેવારે કુંવરે વિચાર્યું જે અહો દૈવ આશ્ચર્ય! મારી સ્ત્રીયો આદિકને કોઈ ધુર્ત અપહરી ગયો છે. એવું મનમાં ચિંતવી તેના પગને અનુસારે વેશ્યાને ઘેર આવીને અંજનના પ્રભાવથી અદ્રશ્ય થઈ તેના ઘરને વિષે પ્રવેશ કરી અશ્વાદિક દીઠા, તે સર્વ પોતાના છે એવો નિશ્ચય કરીને પાછો વળ્યો. પછી તે વેશ્યાને શિક્ષા દેવાને અર્થે બ્રાહ્મણનું રૂપ કરી નિમિત્તિયો થઇને વેશ્યાને ઘેર આવ્યો. વેશ્યા પણ તે બ્રાહ્મણને દૂર થકી આવતો દેખી ઉતાવળી ઉઠીને તેની સન્મુખ ઉભી આદર થકી આસન આપી બેસાડી નમસ્કાર કરીને પુછવા લાગી કે:-હે દ્વિજ દેવ! મારા ઘરને વિષે ચાર સ્ત્રીઓ પોતાની મેળે લીલામાત્રે આવી રહી છે, પરંતુ કોઇક ભુતાદિક દોષે કરી છળાણી છે તેથી ઓરડાને વિષે કમાડ બંધ કરીને અંદર પેઠી છે; માટે એના દોષને નિવારો તો તમને વાંછિત આપીશ. એમ વેશ્યાએ કહ્યાથી કુંવર કહેવા લાગ્યો કે:—હે નાયકા! એ સ્ત્રીયો તો કોઇક વિષમ આકરા દોષે કરી છળાણી છે, તે હું તેમની પાસે જઇને તેના શાકિની ભુત[illegible] દોષને નિવારીશ; ત્યાં સુધી તમારે દૂર રહેવું પડશે. એવું તેનું વચન સાંભળીને તે વચન વેશ્યાએ અંગિકાર કર્યું. પછી કુંવર ઓરડાની પાસે જઈ બહાર ઉભો રહી કહે

લાગ્યો કેઃ—હે ભદ્રે! હે પ્રિયે! તમે કાંઇ ચિંતા કરશો ના; મનને વિષે સમાધિ રાખીને રહેજો. એવો પોતાના પતિનો શબ્દ સાંભળીને તે સ્ત્રીયોએ ઓરડાનું બારણું ઉઘાડયું, અને પોતાના સ્વામિને નમસ્કાર કર્યો. કુંવરે તેમને કહ્યું કે, હું જ્યાં સુધી વેશ્યાને શિક્ષા કરૂં, ત્યાં સુધી તમારે અહીંયાં રહેવું. એમ કહી ફરીથી ઓરડાનાં બારણાં બંધ કરાવી વેશ્યા પાસે આવીને કહેવા લાગ્યો કે, એ સ્ત્રીયોના દુઃખને મેં સારી પેઠે જાણ્યું; માટે હવે મારે તમારા ઘરને વિષે રહીને એનો ઉપચાર કરવો પડશે. તેવારે વળી પણ વેશ્યાયે પૂછ્યું કેઃ—હે દૈવજ્ઞ! તમે બીજી પણ કોઇ સિદ્ધ વિદ્યા જાણો છો? ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે, હું તો સર્વ કાંઈ જાણું છું તેથી હું સર્વજ્ઞ છું. મારણ, મોહન, સ્તંભન, વશીકરણ આદિક સર્વ વિદ્યા જાણું છું; વળી બાળનું તથા વૃદ્ધનું વય પરાવર્તન કરવાની વિદ્યા પણ મારી પાસે છે. તે સાંભળી વેશ્યા આનંદ પામીને બોલી કેઃ—હે દ્વિજરાજ! હું વૃદ્ધ છું, માટે મને યૌવનવતી કરો. તેવારે દ્વિજરાજે કહ્યું કે, જો તમે સયૌવન થાઓ તો મુજને શું આપો? ત્યારે વેશ્યા બોલી કે લાખ સોનૈયા આપીશ. એટલે તે દૈવજ્ઞે પણ હાકારો કર્યો, અને વળી બોલ્યો કેઃ—હે નગરનાયકા! ફરીથી નવ યૌવન આવવાની જે વિદ્યા તે સાધવાને અર્થે પ્રથમ મસ્તક મુંડન કરાવી નગ્ન થઇને પછી મારા દીધેલા અદૃશ્ય અંજનને આંખમાં આંજી અદૃષ્ય થઇને બળતા નિભાડામાંથી અગ્નિ આણી આપો, તો પછી તે અગ્નિયે કરીને હું વિદ્યાનું આહ્વાન કરીશ. તે આહ્વાને કરીને તમે સુરૂપવાન તથા યૌવનસહિત થાશો. એવું નૈમિત્તિકનું વચન સાંભળીને તે વેશ્યા માથું મુંડાવી નગ્ન થઇ અંજન કરી નિભાડામાંથી અગ્નિ લેવા ગઇ, ત્યાં નિભાડાને ધુમાડે કરીને વ્યાકુળ થયેલા નેત્રથકી અદૃષ્યાંજન ગલિત થયું, તેથી તે કુરૂપ નગ્ન અને મસ્તકે મુંડન થયેલી એવી સ્ત્રીપણે પ્રગટ દેખાણી; તેને દેખીને ઘણાં લોક એકઠાં થઇ કહેવા લાગ્યાં કે અ

શાકિની લોકોને છળવાને અર્થે ઈહાં આવી છે, તેને જુઓ! જુઓ! આ કેવું આશ્ચર્ય છે!!! એવામાં રાજ્ય પુરૂષો આવીને તે શાકિનીની કરણી જોઈ તેને બાંધીને રાજ્યભવને લઇ ગયા. ત્યાં કૌતુક જેવાને રાજ્યભવનમાં ઘણાં લોકો એકઠાં થયાં. કોટવાળે રાજાની આગળ કહ્યું કે:—હે રાજન્! એ શાકિની નગ્ન થઇને લોકોને છળવાને અર્થે નિભાડામાં જઇ મંત્રનું આરાધન કરતી અમે પકડી આણી છે, હવે જેમ આપની આજ્ઞા હોય તેમ કરીયે. રાજાએ કહ્યું કે:—હે દુર્ગપાળ! એને પ્રથમ ચોરની પેઠે વિટંબના કરીને પછી જળે ભરેલા જુના કુવામાં નાંખીને એનું માથું નીચું અને પગ ઉંચા રાખજો. એવો રાજાનો આદેશ પામીને તે રાજપુરૂષો તે કુટ્ટણીને લાકડીઓ અને મુષ્ટિયોના પ્રહારે કરી મારતાં ગધેડા ઉપર બેસાડી ઘણે પ્રકારે વિટંબના કરતાં માર્ગને વિષે લોકના દેખતાં જેવામાં ચડેરાને વિષે આવ્યાં, તેવામાં બીજી વેશ્યાઓએ તે વેશ્યાને વિટંબના પામતી સાંભળી. તેવારે સર્વ વેશ્યાઓ એકઠી થઇને રાજ્યભવને જઈ રાજા પ્રત્યે કહેવા લાગીયો કે:—હે નાથ! આ અનાથ વેશ્યાને કારણ પુછયા વિનાજ ફોકટ શાકિનીનું કલંક આપીને કદર્થના કરવી તે તમોને યોગ્ય નહીં; કેમકે અમારે વિષે શાકિની પ્રમુખ દોષે કરી દુષ્ટ ચેષ્ટાવંત એવી વેશ્યા ન હોય; તેથી તમે એને પાછી તેડીને તેનું કારણ પૂછો કે એ કેમ બન્યું છે? તેવારે પછી યથાયોગ્ય કરવું તમને યુક્ત છે. એવું સાંભળી રાજાએ વેશ્યાને પાછી તેડાવીને પુછયું કે, એ વાત કેમ બની? એવું રાજાયે કહે છતે તેજ અવસરે કુંમાર પણ ચારે સ્ત્રીયે યુક્ત ત્યાં આવીને રાજાની આગળ પ્રથમ વેશ્યાયે કરેલી સર્વ હકીકત કહી દેખાડી, અને પછી પોતે કરેલી કરણી પણ સર્વ કહી દેખાડી, તે વ્યતિકર સભાના લોક સાંભળતાં છતાં સર્વ નાયકાઓનાં મુખ શ્યામ થયાં, રાજા વેશ્યાની માઠી ચેષ્ટા જાણીને વધ કરવાનો આદેશ દીધો, પણ તેને કુંવરે જેમ તેમ કરી મુકાવી, પછી નાયકા પણ નગરના લોકે નિંદા કરી છતી પોતાને ઘેર ગઈ.

હવે રાજાએ કુંવરનું એ રીતનું સ્વરૂપ જાણીને તેની પ્રશંસા કરી પોતાની ચારે કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું. મોહોટે આડંબરે કરીને કુંવર ત્યાંથી હરિપુર ભણી ચાલ્યો. કેએક દિવસે હરિપુર આવ્યો, ત્યાં ચાર બાળીકાઓ પણ પોતાના માતા પિતાને મળતી હવી, અને પોતાનું ચરિત્ર કહેતી હવી. તેવારે તે વ્યવહારીયા પણ ઉત્તમ જમાઇને દેખીને પણ ઉત્કૃષ્ટ આનંદ પામ્યા. કુંવર પણ સ્વજન, નગરના લોક તેને વધાવતો સુખે કરી સસરાના આપેલા આવાસને વિષે રહેતો હવો. એકદા કુંવર પોતાના કરેલા અવધિને સંભારીને સસરાની આજ્ઞા લઇ વૈતાઢ્ય પર્વતે ગયો, ત્યાં ખેચરેંદ્રને નમસ્કાર કરી પોતાનું ચરિત્ર કહ્યું. ખેચરેંદ્ર કુંવરનું ચરિત્ર સાંભળી [illegible]વંત થયો. એક દિવસ કુંવરે વિદ્યાધરના સ્વામિપ્રત્યે કહ્યું કે:-હે નરેંદ્ર! તમારી આજ્ઞા હોય તો હું મારે નગરે જાઉં. એવાં કુંવરનાં વચન સાંભળીને ખેચરેંદ્ર વિમાન, ધન, રત્નમણિ, મુક્તાફળ આદિક અનેક પ્રકારની ઋદ્ધિ તથા પ્રજ્ઞપ્તિ આદિક વિદ્યાઓ આપીને સ્નેહસહિત પોતાની પુત્રીને શિખામણ આપી, કુંવરને પોતાની પુત્રીસહિત પોતાને ગામે જવાની રજા દીધી. કુંવર પણ વિમાનમાં બેસી હરિપુરે આવીને પોતાની સ્ત્રીઓ તથા ઋદ્ધિ અને સુવર્ણ પુરૂષને સાથે લઇ કનકપુર આવ્યો, ત્યાં નરેશ્વર અને નગરનાં લોક તથા સ્વજનો[illegible] મહોત્સવ સહિત નગરમાં પ્રવેશ કર્યો, અને સર્વ [illegible] [illegible] સુખે રાજ્ય કરવા લાગ્યો.

એકદા કુંવર પોતાના પિતાને મળવા માટે ઉત્કંઠિત થ[illegible] [illegible]

થો; ત્યાં સુખે રહું છું. એકદા રાજાએ પ્રથમનો સંબંધ પૂછે થકે કુંવરે પણ આમૂલચુલ સમસ્ત સંબંધ કહ્યો, તેવારે રાજા પ્રમોદ પામ્યો થકો મંત્રીશ્વર પ્રત્યે તેડાવીને આદરસહિત મુગટ બંધાવીને તિમિરહર એવું બિરૂદ પ્રત્યે દેતા હવા. ગજસિંહ કુમાર પણ સુવર્ણપુરૂષને પસાયે કરી પૃથ્વીતળને વિષે લોકોને દરિદ્રતાથી રહિત કરતા, યાચક જનોને નિર્યાચકપણું કરે એવા દાન પુન્યે કરી સુખને ભોગવતાં કાળ નિર્ગમન કરતા હવા.

એકદા રાજા કુંવર સહિત રાજ્ય લક્ષ્મીયે સહિત રાજ્યસભાયે બેઠા છે, ત્યાં વનપાલકે આવી રાજાની આગળ ફળનું ભેટણું મૂકી ફુલે વધાવીને કહ્યું કેઃ—હે નરેંદ્ર! હમણાં યુગંધરા ચાર્ય નામ, ક્ષમગુણે કરી સહિત, ચાર જ્ઞાનના ધરનાર, પાંચસેં સાધુએ પરવર્યા થકા ઉજ્જેણી નગરીના ઉપવનને વિષે સમોસર્યા છે. એવા ઘણા ગુણના સમૂહના ધારક આચાર્યનું આગમન વનપાળકના મુખથી સાંભળીને રાજા આનંદ પામતો કુંવર તથા અન્ય પરિવાર સહિત આચાર્યને વાંદવા માટે ઉપવનને વિષે આવ્યો. ત્યાં વિનય ભક્તિપૂર્વક ગુરૂને નમસ્કાર કરીને રાજા ગુરૂના મુખ આગળ બેશી ધર્મ સાંભળવા લાગ્યા. આચાર્ય પણ યોગ્ય ઉપદેશ દેવા લાગ્યા કેઃ—હે ભવ્યો! જીવની રક્ષા કરવી, વિતરાગની પુજા કરવી, ભક્તિયે કરી સિદ્ધાંતનું સાંભળવું, સાધુને નમવું, અહંકારનું ટાળવું, સમ્યકત્વી ગુરૂને માનવું, માયા કપટનું હણવું, ક્રોધનું ઉપશામાવવું, લોભરૂપ વૃક્ષનું ઉન્મૂલન કરવું, મનનું શોધવું, ઇંદ્રિયનું દમવું, એ અગિઆર વાનાં જેને છે તેજ મુક્તિ જવાના ઉપાયવાળા જાણવા.

વળી ગુરૂયે પુર્વોક્ત રીતે પર્વોનું માહાત્મ્ય પણ કહી દે ખાડ્યું. ઇત્યાદિક ધર્મ કરણી સાંભળીને રાજા પૂછે છે કેઃ—હે સ્વામિન! સર્વ પર્વને વિષે મોટું શાશ્વત વિશિષ્ટ પર્વ તે કયું છે? તેવારે આચાર્ય ભગવાન બોલ્યા કેઃ—સર્વ પર્વમાં શાશ્વતું પર્યુષણ પર્વ છે. વળી રાજાયે પૂછ્યું. એ પર્વ કોણે આરાધ્યું અને કેવું ફળ ઉપાવ્યું? એમ પૂછવાથી ગુરૂ કહેવા લાગ્યા હે રાજન! સાંભળો.

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રને વિષે મગધદેશે રાજગૃહી નગરીયે સુમિત્ર નામે ક્ષત્રિનો પુત્ર છે, તે ભદ્રક છે, પરંતુ મિથ્યાષ્ટિ કૌલધર્મી આહેડાને વિષે રક્ત છે. એક દિવસ તે સુમિત્ર મૃગીયામિષે વનને વિષે ગયો છે, ત્યાં યૌવનવયવાળું એવું મૃગ મૃગલીનું જોડલું કામરક્ત દેખીને તે જોડલાને બાણે કરી હણ્યું, તે મૃગ સ્ત્રી ભરતાર બે જણ મરણ પામીને અકામ નિર્જરાયે મનુષ્યનું આયુ બાંધીને કાંઇક પણ શુભ કર્મ પરિણતિરૂપ મનનો જે ભાવ, તેના યોગથકી મૃગનો જીવ તે તમે થયા, અને મૃગલીનો જીવ તે દુષ્ટ વ્યંતરી થઇ, અને તે સુમિત્ર ક્ષત્રી વનના ગુચ્છમાં મૃગ જોવાને પેસતાં થકાં ત્યાં મુનિને દેખીને લજ્જા પામ્યો, તેથી ભદ્રકી પરિણામે મુનિને નમસ્કાર કરી પાસે બેઠો. તેવારે મુનિ પણ તેને ધર્મ કહેવા લાગ્યા. હે માનુભાવ! સદા નિરંતર જીવદયા પાળવામાં રમવું, ઇંદ્રિય વર્ગનું દમવું, સત્ય બોલવું, એ ધર્મનું રહસ્ય જાણવું; અને જેને પ્રાણિવધ કરવાની ક્રીડા છે, જે મરમનાં ઉત્કૃષ્ટ ખોટાં વચન બોલે, વળી જે કાર્ય કરે તેપણ પરને તાપ ઉપજાવે, એમ કરનારાને અણમુવે પણ મુવા જેવાજ કહીયે. અર્થાત્ મરયા વિના પણ મરયાજ જાણવા. જે પ્રાણાંતે તૃણ મુખમાં જો ઘાલે તો તેવા વૈરીને પણ મૂકી દઇએ એવો ક્ષત્રીનો ધર્મ છે; તેમ છતાં જે સદાય તૃણનોજ આહાર કરે છે એવા પશુને કેમ હણીયે? જે પોતે એકલો પોતાના જીવને કાજે કરી ઘણા જીવોની કોડીને દુઃખને વિષે સ્થાપે છે, તો તેનું શું શાશ્વતું આયુ છે? તે માટે હિંસાનો પરિત્યાગ કરવો. એવો ઉપદેશ સાંભળીને પાપે કરી ઘણો પ્રકંપતો થકો સુમિત્ર ક્ષત્રી બોલ્યો કેઃ--હે સ્વામી! મેં ઘણે પ્રકારે પાપ કરયાં છે, માટે હું કયા પ્રકારે કરીને પાપ રહિત થાઉં? એવું પુછે થકે મુનિ બોલ્યા કેઃ--હે ભવ્ય! તમે પાપભીરૂપણા માટે શ્રી પજુષણ પર્વમાં અઠ્ઠમ, અક્ષયનિધિ, છઠ્ઠભક્ત, પંચશિખરણી, અઠ્ઠાઇ પ્રમુખ તપે કરી સહિત વિધિપૂર્વક સમ્યક્ પ્રકારે પર્વ આરાધતે છતે પાપરહિત થાશો. વળી

તમે આહેડાના વ્યસનને વિષે હમણાં મૃગનું જોડું હણ્યું, તેથી નિશ્ચે મ્હોટું ઉત્કૃષ્ટ વૈર બાંધ્યું, પણ પજુષણપર્વ આરાધન થકી આગામિક કાળે હળુવાકર્મી થાશો. તેમ વળી એ પર્વ આરાધેછતે તમે ઉત્તરોત્તર શુભ સુખ પ્રત્યે ભોગવીને મુક્તિપદ પ્રત્યે પામશો. એવાં મુનિનાં વચન સાંભળીને સુમિત્ર ક્ષત્રી જીવ દયારૂપ વ્રત સહિત પજુષણપર્વ આરાધવા અભિગ્રહ ગ્રહણ કરી મુનિને નમીને પોતાને ઘેર આવી તે દિવસથી માંડીને અખંડ વ્રતને પાળતો રહ્યો છે. તે ક્ષત્રીયે સમ્યક્ પ્રકારે આરાધ્યું જે સુપર્વ, તેના યોગે શુભાનુબંધે કરી સમાધિ સહિત મરણ પામીને તમારો પુત્ર થયો. પૂર્વભવના વૈરાનુંભાવે કરી તમારા પુત્ર ઉપર તમોને કોપ ઉપન્યો, તેથી તમે વધ કરવાનો આદેશ દીધો. વ્યંતરીયે પણ પૂર્વભવના વૈરના વશથકી ઈહાં કુંવરને દેખીને વધ કારવાને અર્થે દેવદંભની કરણી તમને દેખાડી. એ સર્વ કર્મ નિપજ્યું તે અન્યથા ન થાય. વળી દેશાટનમાં સંપત્તિનું પામવું થયું, તે પણ પર્વ આરાધનનું ફળ જાણવું.

એમ તે ગુરૂના મુખથી પૂર્વ જન્મ સાંભળીને કુંમારને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું, જયસિંહ રાજા ગુરૂનો ઉપદેશ સાંભળીને સંસાર થકી વિરક્ત થયા થકા ગજસિંહ કુંવરને રાજ્ય પાટે સ્થાપીને પોતે દિક્ષા ગ્રહણ કરી; તે રાજર્ષિ ઘણા વર્ષનું ચારિત્ર પાળીને રૂડી ગતિના ભાજન થયા. ગજસિંહ કુમાર પણ ગુરૂના મુખથકી શ્રી સમ્યક્ત્વમૂલ બારવ્રત સહિત શ્રી પજુષણ પર્વનું આરાધવું, તેને અભિગ્રહે કરી યુક્ત ગ્રહણ કરતા હવા. વળી સુખે કરી રાજ્યપ્રત્યે વિલસતા હવા. શ્રી પજુષણ પર્વને આરાધ્યું, તેને પુન્યે કરી સુવર્ણપુરૂષ પામ્યા, વળી વિદ્યા પામ્યા, અને વાસુદેવનીપેઠે ભારતાર્દ્ધને વશ કરી સોળ હજાર રાજાના મસ્તક ઉપર આજ્ઞા સ્થાપીને પોતાના રાજ્યાસનને પાળતા હવા. વળી શ્રી જિનશાસનના પ્રભાવિક થયા, તે કેવી રીતે થયા? તો કે ભારતાર્દ્ધને વિષે સાત વ્યસન પરદ્રોહ હિંસા કરવી, અલીક બોલવું, પિશુનપણું, મત્સરપણું, જીવ

હણવા, વળી ચોરી આદિક જે પાપ તે સર્વને નિવારીને પનાં નામ પણ નિષેધ્યાં; તથા ગામેગામ શ્રી અરિહંતનાં સર કરાવ્યાં, શ્રી ગુરૂને સર્વત્ર સ્થાનકે પુજતા હવા. રિના પડહ વર્ષ વર્ષ પ્રત્યે મહોત્સવે કરીને શ્રી પજુષણ વિષે પ્રવર્તાવતા હવા. જેમ જેમ પૃથ્વીને વિષે ધર્મની વૃદ્ધિ ઇ તેમ તેમ પૃથ્વીને વિષે કાળે મેઘવૃષ્ટિ થવા માંડી; એટલે ચો માસાના દિવસોમાં જોઇતી વખતેજ મેઘવૃષ્ટિ થવા માંડી; અકાળે ન જોઈએ તે વખત નહીં. વળી ધાન્યવંત પૃથ્વી થઇ, ગાયો દુધ આપવા લાગી, વૃક્ષો બહુ પુષ્પફળ સહિત થયાં, તેમજ રત્નોને પ્રસાવનારી ભૂમિ થઈ, મનની ચિંતાયે રહિત રોગ રહિત એવાં લોક થતાં હવાં, પુત્રના પુત્ર, તેના પુત્ર, એવી કુળવૃદ્ધિ થઈ, ઘણાં દીર્ઘાયુવંત મનુષ્યો થયાં, મનોવાંચ્છિત પામનારાં લોક થયાં, એવાં લોક સુખી થયાં; જે મને કરી પણ મિથ્યાત્વ પાપ પ્રત્યે બોલે, તેને શાસન અધિષ્ટાયિક દેવ દેવીઓ શિક્ષા આપે, એવું રાજ્ય પ્રવર્ત્યું.

હવે ગજસિંહ રાજાની ઋદ્ધિ કહે છે.—સોળ હજાર દેશના સ્વામી થયા, તેટલાજ સોળ હજાર રાજા શેવા કરતા હવા. પાંચસેં રાણીયો થઇ, ચોત્રીસલાખ હાથી, ચોત્રીસલાખ ઘોડા, ચોત્રીસલાખ રથની સંપદા થઇ. અડતાલીસ ક્રોડ અરિહંતનાં ચૈત્ય કરાવ્યાં, પાંચસેં પુત્ર થયા. એ રીતે નિષ્કંટક અખંડ રાજ્ય ઘણા કાળ પર્યંત ભોગવીને અંતે મહેંદ્રદત્ત કુંવરને રાજ્ય પાટે સ્થાપી, પોતે શ્રી જયચંદ્રાચાર્ય પાસે દીક્ષા લઈ રૂડી રીતે તપ, ચારિત્ર કરી પજુષણપર્વ પ્રત્યે આરાધીને નિશ્ચે મોટા ઉદયનું કરનાર એવું જિનનામ કર્મ ઉપાર્જીને શુભાનુંભાવે અંતે અનશન કરી ચ્યવીને બારમે દેવલોકે દેવતા થયા. ત્યાંથી ચ્યવી પૂર્વ મહાવિદેહને વિષે તીર્થંકરપદ પામી અરિહંતપદ ભોગવી મુક્તિપદને પામશે.

ઇતિ શ્રી ગજસિંહકુમારની કથા.

શિળવતીની કથા.

રિદ્ધિએ કરી સહિત નંદનવન સરખું નંદનપુર નામા નગરને વિષે મહાગુણવાન અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો, તે નગરમાં બધા વ્યવહારીયામાં મુખ્ય એવો રત્નાગર નામે શેઠ વસતો હતો, તે શેઠને સૌભાગ્ય લક્ષ્મીએ કરી સાક્ષાત્ જાણે લક્ષ્મીજ હોયની! એવી શ્રીનામે સ્ત્રી હતી, તે સ્ત્રી ઉત્તમગુણે કરી જગતને આનવા યોગ્ય હતી, પરંતુ તેને પુત્ર નથી તેથી તે પોતાના જન્મને નિષ્ફળ માને છે. તેમ શેઠ પોતે પણ શ્રી જૈનધર્મનો જાણ છે, તથા ઘરમાં રિદ્ધિનો પાર નથી તોપણ પુત્રના અભાવથી મળી સંપત્તિથી ભરેલા એવા ઘરને શુન્ય અરણ્ય સરખું માને છે.

કહ્યું છે કે:—

यत्र न स्वजन संगति रुच्चै, यत्र संति न लघू निधि मुनि॥
यत्र नैव गुण गौरव चिंता, हंततान्यपि गृहाण्यगृहाणि ॥१॥

ભાવાર્થ:—જ્યાં અત્યંત પોતાના સ્વજનની સંગતિ નથી, જેના ઘરને વિષે ન્હાનાં ન્હાનાં બાળકો નથી, અને જેના ઘરને વિષે ગુણની મોટાઈની કાળજી અને આદરની ચિંતા નથી તેના ઘરને ઘર ન કહીયે.

આ પ્રમાણે પુત્રરહિત ઘર હોવાથી એકદા તે શેઠની સ્ત્રીયે કહ્યું કે:—પ્રાણનાથ! ગમે તેમ કરી આપણે ઘેર પુત્ર થાય તેવો ઉપાય કરવો જોઇએ. એવો પોતાની સ્ત્રીનો અત્યંત હઠવાદ દેખી તે રત્નાગરશેઠ સ્ત્રીની પ્રેરણાથી એક દિવસ તે નગરના ઉદ્યાનને વિષે અજીતનાથ ભગવાનના પ્રસાદને બારણે ગયા; ત્યાં અજીતબલા એવે નામે દેવીનું સ્થાનક છે, તે દેવીનો પ્રભાવ પણ ઘણો છે, એવી પ્રભાવિક દેવી જાણીને તે દેવી પાસે પુત્રની પ્રાપ્તિને માટે શેઠ વિધિયુક્ત ઉપવાસો કરવા લાગ્યો. કહ્યું છે કે, અત્યંત ક્રિયા થાય તે કાળે કરી ફળદાયક થા-

ય છે, અને જો શુભકર્મનો ઉદય હોય તો તે તત્કાળ ફળે
તેવી રીતે દેવીની ભક્તિ કરવાથી તે શેઠની સ્ત્રીને કલ્પવૃક્ષ
સરખા પુત્રનો જન્મ થયો. શેઠે દસ દિવસ પર્યંત પુત્રના જ
ન્મનો મ્હોટો ઉત્સવ કર્યો, બારમે દિવસે દેવીયે તે પુત્ર આ
પ્યો તેથી પુત્રનું નામ સર્વે કુટુંબે મળી દેવીના નામ ઉપરથી
અજિતસેન એવું પાડ્યું.

અનુક્રમે તે અજિતસેન પુત્ર મ્હોટો થતો ગયો, તેમ તેમ
વગર પ્રયાસે સર્વ કળાઓ શિખ્યો અને સર્વ ગુણ સંપન્ન થયો.
એકદા તે બાળકને યુવાવસ્થા પ્રાપ્ત થઈ જાણીને રત્નાગર શેઠ
વિચાર કરવા લાગ્યો કે, હવે આ મારા પુત્રને યોગ્ય કન્યા
જોઇએ માટે શોધ કરવો. જેમ કવિશ્વર નવા નવા અર્થોનો વિ
ચાર કરે, તેમ તે શેઠ કન્યાની ખોળ કરવા લાગ્યો ને વિચાર
વા લાગ્યો કે—આ મારા પુત્રના જેવી ગુણવાળી, સ્વરૂપવાળી
એવી કન્યા ક્યાં મળશે? જો આ મારા પુત્ર સમાન કન્યાનો
યોગ ક્યાંહી પણ નહીં થાય તો આ લોકમાં વિધાતાનો ઉપક્ર
મે, ઉદ્યમ તે સઘળો નિષ્ફળ થશે.

કહ્યું છે કે:—

सामी अविसेसन्नु, अविणीओ परिअणो परवसत्तं ॥
भज्जाय असणुरुवा, चत्तारि मणुस्स सल्लाइ ॥१॥

ભાવાર્થ:—સ્વામી જે હોય તે ગુણનો જાણ ન હોય,
પોતાનો પરિવાર અવિનિત હોય, પરાધિનપણું હોય, અને સ્ત્રી
હોય તે પોતાના સમાન સ્વરૂપવંત ન હોય, એ ચાર બાબતો
મનુષ્યને મ્હોટાં શલ્યસમાન છે.

એવો વિચાર કરે છે ત્યાં એક વણિક પુત્ર આવ્યો. તેણે
[illegible] શેઠને પ્રણામ કર્યો, ત્યારે શેઠે કુશળાદિક પુછ્યાં અને કહ્યું
કે, તમારો વ્યાપાર કેવો ચાલે છે? તે સાંભળી તેણે કહ્યું કે—
હું [illegible] દેશાંતરે ગયો, ત્યાં [illegible]
[illegible]
[illegible]

વ્હારીયો હતો તેની સાથે ઘણો વ્યાપાર કર્યો, તેથી તેની સાથે મારે અત્યંત પ્રિતિ થઈ. એક દિવસ તે જિનદત્તે ભોજનાર્થે મને નિમંત્રણા કરી, ત્યારે હું પણ તેને ઘેર જમવા ગયો; ત્યાં ત્રણ ભુવનનો સાર જાણે વિધાતાએ એકઠો કર્યો હોયની! અને ત્રણ ભુવનમાં રૂપ તથા ગુણોએ કરીને અતિ અદ્ભૂત કન્યા એના જેવી બીજી કોઈ નહીંજ હોય! તેવી મનોહર કન્યા મેં દીઠી, તેથી મેં જિનદત્ત શેઠને પૂછ્યું કે આ પુત્રી કોની છે? તેવારે શેઠે કહ્યું કે, એ અતૂલ્ય ગુણવાળી મારી પુત્રી છે, અને તેને લાયક વર શોધી પરણાવવાની મને ચિંતા રહે છે. તેમાં એમ ન જાણવું જે એ કન્યાને યોગ્ય વર સાથે પાણિગ્રહણનીજ ચિંતા છે? પરંતુ તેમાં પ્રથમ વરની, પછી પ્રિતિની, પછી સાસરીયાની, પછી શોકયની, પછી શિળ પાળવાની, પછી ગુણ અવગુણની, પછી સ્વામીના સુખની, પછી સંતાનની. ઇત્યાદિક ચિંતાઓએ કરી દિકરીના પિતા સદાય દુઃખીયોજ જાણવો. વળી એ કુંવરી વિશેષ થકી સમગ્ર ગુણ પામી છે, જેનું મુખ સુંદર છે, નામે પણ શિળવતી વિખ્યાત છે, અને પરિણામે પણ શિળવતી છે, તથા સૌભાગ્યને રહેવાનું તો એ સ્થાનકજ છે! ચોસઠ કળાની જાણ છે, વળી તેમાં પણ શુકન શાસ્ત્રને વિષે તો તે ઘણીજ ડાહી છે, વળી કાગડો, ઘુડ, મોર, દુર્ગા, કપિ, તિત્તર, ભૈરવ, શિયાળ, ઇત્યાદિક જાનવરની ભાષા જાણે છે.

શુકન શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

त्रिविध मिहभवति शकुनं क्षेत्रिकमागंतु यात्रिकं चान्यत् ।
क्षेत्रे स्थाने वर्त्मनि, शकुन विभागाच्च शुभमशुभं ॥१॥

ભાવાર્થઃ—શુકન ત્રણ પ્રકારે હોય છે. એક ક્ષૈત્રિક, બીજું યાત્રિક, ત્રીજું આગંતુક. હવે પહેલું ક્ષેત્રને વિષે, બીજું સ્થાનકને વિષે, ત્રીજું માર્ગને વિષે. શુકનના ત્રણ ભાગ તેમાં શુભાશુભ શુકનનો વિચાર કરવો.

હવે પ્રથમ ક્ષૈત્રિક શુકન તે ક્ષેત્રને વિષે જે શુકન તોરણ થાય, તાર બાંધે તેમાં પુછકને નિશ્ચય ફળના કાળનું કહેવું તથા ક્ષેત્રને વિષે કયાંઇક વૃક્ષ ઉપર કોઇપણ શ કહેલા પક્ષી વિગેરેને બેઠા દેખી તેનું ફળ કહેવું તે ક્ષૈ શુકન કહિયે. આગંતુક શુકન તે જે અકસ્માત ઠામ ઠામ શાને વિભાગે શુકન થાય એટલે જે દિશે શુકન થાય વિચાર કરવો કે આ દિશાએ આવા શુકન થયા, તથા શાંત તા અને દિસતા ઈત્યાદિક ભેદે કરી વિસ્તારપણે પ્રગટ ફળ ક હે તે આગંતુક શુકન કહિયે. ત્રીજું યાત્રિક શુકન તે ડાબી, જમણી, સન્મુખ, અને પૂંઠે, એટલી દિશાઓએ માર્ગમાં ચા લતાં જોવું કે—ગામનાં, વસ્તીનાં અને વનનાં જે જીવો છે તે સંબંધી આવા શુકન થયા તેમાં વળી સ્વર અને ચેષ્ટાના ભાવ જાણવા, તેનું નામ યાત્રિક શુકન કહિયે. એવા શુકનની પૂર્ણ જાણનારી છે.

એમ સર્વ કળામાં નિપુણ એવી એ પુત્રી અપરિમિત ગુણે કરી સહિત છે. એવું તે જિનદત્તનું વચન સાંભળીને મેં કહ્યું કે-હે બુદ્ધિનિધાન! તું વરની ચિંતા મ કર, જેણે એને ઉત્પન્ન કરી છે તેણેજ નિશ્ચે તેના સારૂં વર પણ ઉત્પન્ન કે યોજ હશે. તે માટે હે શેઠ! હું કહું છું તે તું સાંભળ.—

નંદનપુર નગરને વિષે રત્નાગર શેઠનો પુત્ર અજીતસેન ઘ ણોજ ગુણવંત અને અતિ કાંતિવંત છે. ચંદ્ર જેમ રોહણીને વ રવા યોગ્ય છે, તેમ તે તારી કુંવરીને વરવા યોગ્ય છે. તે સાં ભળી જિનદત્ત શેઠ પ્રમુદિત ચિત્ત થકો કહેવા લાગ્યો કે:— વાહ! રત્નાકર શેઠના પુત્રનો સંબંધ તે કોને વલ્લભ ન હોય? માટે એમજ થાઓ. આ શુભ કાર્યમાં પંડિત પણ વિલંબ ન કરે. એમ કહી પોતાની પુત્રીને આપણા અજીતસેનને દેવા મા ટે તેણે પોતાના જિનશેખર નામે પુત્રને મારી સાથે મોકલ્યો છે. માટે જેમ આપ આજ્ઞા કરો તેમ અમે કરીયે. તે સાંભળી શેઠે અતિ હર્ષિત થઇને કહ્યું કે, બહુ સારૂં કામ કર્યું? એમ કહી જિનશેખરને ઘણા માનથી પોતાના મંદિરે તેડયો.

પછી તે પવિત્ર મનવાળા જિનદત્તશેઠના પુત્ર જિનશેખરે પોતાની બેનનું ઘણા આદરપૂર્વક શેઠના પુત્રની સાથે વેવિશાળ કર્યું. હવે અજીતસેન પણ સારાં લગ્ન જોઈ જિનશેખર સાથે જાન લઈને ઘણા મહોત્સવે ત્યાં જઈને શિળવતીનું પાણીગ્રહણ કરી મ્હોટી રિદ્ધિસહિત પોતાને ઘેર આવ્યો. તે શિળવતી વહુમાં ઘરનો સર્વ કારભાર ઉપાડવાનું સમર્થપણું છે એમ જાણી રત્નાકરશેઠે ઘરનો સર્વ કારભાર તેને સોંપ્યો, તેમજ એવી સ્ત્રીથી અજીતસેન પણ જેમ પૂર્ણમાસીની કાંતિએ કરીને ચંદ્રમા શોભે તેમ અત્યંત શોભવા લાગ્યો.

એક દિવસે તે શિળવતી સ્ત્રી રાત્રિને વિષે સુખશય્યામાં સુતી થકી શિયાળીયાનો શબ્દ સાંભળી વિચાર કરવા લાગી કે, નિશ્ચે એ શિયાળીયું એમ કહે છે કેઃ—આ નદીના પ્રવાહમાં આવે છે તેમાં મનુષ્યનું સબ તણાતું આવે છે, તેની કમરે પાંચ કોડીનાં પાંચ રત્ન છે, વળી તે સબ નદીમાં આવીને નડે છે, માટે જેને રત્ન લેવાની ઇચ્છા હોય તે એ મડાને તાણી લ્યો, અને હું ભૂખ્યો છું તેથી મને એ મડાનું ભક્ષ્ય આપો અને પાંચ રત્ન લઈ લ્યો.

એવા શબ્દો વારંવાર સાંભળવાથી શિળવતી મનમાં વિચાર કરવા લાગી કે, આપણા ઘરમાં પણ એવું ધન નથી માટે હું જઈને નિશ્ચય કરૂં, ને જો સાચું હોય તો તે શિયાળીયાને ભક્ષ દઈને દ્રવ્ય લઈ આવું. આ વાત જો [illegible] કોઈને જણાવીને હું કહું તો કોઈ માને નહીં. એવું વિચારી [illegible] ઘડો લઇ પાણી ભરવાના મિષે નદીએ ગઈ [illegible] ને ત્યાં જઈ જુવે છે તો નદીમાં તરતું એક સબ આવતું દીઠું [illegible] તે જોઈ દુર નદીમાં પડી, અને તે શબની કમરેથી પાંચ રત્ન લઈ તે શબ શિયાળને નાખી દીધું; પછી પાછી [illegible] પોતાને મંદિરે આવી. ત્યાં રત્નનાં [illegible] [illegible] વિચાર કર્યો કે, [illegible] [illegible] હું [illegible] [illegible]

હવે તે શિળવતીનું જવું આવવું જાણીને અજીતસેન વિચારવા લાગ્યો કે એ સ્ત્રી નિશ્ચય સ્વેચ્છાચારિણી અસતિ છે એણીએ અમારા નિષ્કલંક કુળને આવાં કામથી કલંક લગાડ્યું, વળી એ સ્ત્રી નિશ્ચય અનર્થથી ભરેલી છે, એ સ્ત્રીનું દુષ્ટ ચરિત્ર તે કેવું આશ્ચર્યકારી છે? વાંછિત પદાર્થ આપવામાં કલ્પવૃક્ષ જેવો હું તેને મૂકીને અન્ય સંધાતે આશક્ત થઈ, માટે તેને ધિક્કાર હો. અહો! જુઓ એ સ્ત્રીનું હૃદય કેવું છે! કહ્યું છે કે:—સ્નેહથી, વિદ્યાથી, રૂપથી, પ્રાક્રમથી, ઇર્ષાથી, મીઠાં વચનથી, ભયથી, અર્થથી, દાનથી, વિનયથી, ક્રોધથી, ક્ષમાથી, નમ્રતાથી, લજ્જાથી, યૌવનથી, ભોગથી, સત્યપણાથી, કરૂણાથી, ઈત્યાદિકની સંપત્તિરૂપ ગુણાયે કરીને પણ ગ્રાહ્યમાંહી આવે નહીં. માટે જે સ્ત્રી વ્યભિચારિણી થઇ તે પોતાની કેમે કરી ન થાય. એમ વિચારી તેના પતિ વિરક્ત થકો પ્રભાતે ઉઠી શિળવતીનું સર્વ વૃત્તાંત પોતાના પિતાને જઇને કહ્યું; તે સાંભળી જેટલું તેને દુઃખ થયું હતું તેટલુંજ તેના પિતાને પણ થયું.

હવે પિતાયે તથા પુત્રે વિચાર કર્યો કે:—દુર્ગંધ સરિખો લોકાપવાદ ન થાય તે પહેલાં તેને તેના પિયર મોકલીયે તો ઘણું સારૂં! એમ ધારી શિળવતીને કહ્યું કે:-તમને મોકલવાનો તમારા પિતાનો પત્ર આવ્યો છે. ત્યારે શિળવતી પોતાના પતિ તથા સસરાનું ચિત્ત જાણી વિચારવા લાગી જે મેં ખોટું કર્યું! મેં મારા ભરતારને કહ્યું નહીં ને એમજ નદી ઉપર ચાલી ગઈ, હવે હું શું કરૂં?!! હવે ખેદ કર્યાથી શું થાય? હવે વિચાર કર્યો શા કામનો? જે બુદ્ધિ પછી ઉપજે છે તે બુદ્ધિ જો પ્રથમ ઉપજે તો તેનું કાર્ય વિણસે નહીં અને દુર્જન પણ હસે નહીં, માટે હવે એમાં સંકલ્પ વિકલ્પ કરવો તેથી શું થાય? એ કુમિત્રના વચનની પેઠે નિષ્ફળ છે. જો મારૂં શીળ નિર્મળ છે તો કાંઇ થવાનુંજ નથી, એમ વિચારી શુકન જુએ છે તે શુકન રૂડા આવ્યા. શુકન જે છે તે આપત્તિમાં પડેલાને સજ્જનની પેઠે મ્હોટું અવલંબન છે.

હવે સાગરશેઠે રથ તૈયાર કરાવી શિળવતીને રથમાં બેસા-ડી તેનો પોતે સારથિ થઇને તેને નગર બહાર આણી, એવામાં પોતાના સ્થાનકથી ઉઠી કેટલીક ભૂમિ દૂર જઇ જેના મુખમા ભક્ષ છે, એવી દુર્ગાપક્ષિણી ત્યાં પાછી આવીને બોલી, તેમાં તેણે ત્યાં દિશિનું પ્રમાણ કર્યું કે,–"પ્રીયને ઘણી વહાલી" એવી તે દુર્ગાપક્ષિણીનું બોલવું સાંભળીને તે ડાહી શિળવતીયે વિચાર કરી નિર્ણય કર્યો કે, મને લાભ ઘણો થશે, અને અર્ધપંથે જઈ પાછું વળવું થશે, વળી બહુ માનસહિત પાછી મ્હારે ઘેર આવીશ. દુર્ગાના શુકનને વિષે દુર્ગાનું દર્શન, સ્વર, ગમન, મુખમાં ભક્ષણનું ગ્રહણ ઇત્યાદિક અધિક અધિક ફળ આપે. અનુક્રમે એ સઘળાનો સમુદાય ભેળો થાય તો સંપૂર્ણ ફળ આપે. અને જો શુકન બરાબર ન હોય તો જે કાર્ય આરંભ્યુ હોય તે પત્ર પ્રમાણ ન થાય, અને જીવ જનાવરના શુકને કંઈ બગડયું કાર્ય હોય તોપણ તે સિદ્ધ થાય તથા એ તે જીવાદિકના શુકન શાસ્ત્રથી ઉલટા થયા હોય તો સિદ્ધ વસ્તુને બગાડે.

હવે તે શિળવતીને બીજા પણ શુકન ઘણા ઉત્તમ થયા તો પણ તે હૃદયને વિષે દુઃખ ધરતી, કારણ કે કલંક દીધું તે રૂપ શંકાના વિધિનું દુઃખ તે દુઃસ્સહ છે. હવે પોતાનો સસરો સારથિ છે તે જેમ સ્વાર ઘોડાને દોડાવે તેમ તે રથને ઘણાજ વેગથી ચલાવવા લાગ્યો. તેવામાં માર્ગમાં અતિફળયું મગનું ક્ષેત્ર આવ્યું, તેને દેખીને સસરો બોલ્યો કેઃ—આ ક્ષેત્રના ધણીને ધાન્ય ઘણું થશે. એટલે શિળવતી બોલી કેઃ--તે સાચું, પણ એ ધણી તે ધાન્ય ખાશે નહીં. એવાં તેનાં વચન સાંભળી સસરો વિચારવા લાગ્યો જે એ ક્ષેત્રનો ધણી છતાં તે કેમ ભક્ષણ ન કરે? થોડું પણ તે ખાવજ. માટે આ બોલનારી અવિનિત છે, અને નિશ્ચય આ અવળાબોલી પણ છે.

વળી સસરો કહે છે કે, આગળ પણ કાદવવાળી નદી આવે છે તેથી રથ પાણીમાં ચાલી શકશે નહીં, માટે કે વહુ!

તમે હેઠાં ઉતરીને મોજડી હાથમાં લેઈ નહી ઉતરો, એમ કહી મોજડી ઉતારી પોતે નહી ઉતર્યો અને શિળવતી તો મોજડી સહિતજ નહી ઉતરવા લાગી, તે જોઇ તેના સસરાએ કહ્યું કે, મોજડી કાદવમાં બગડશે! એમ ઘણું કહ્યું તોપણ તેણે મોજડી ઉતારી નહીં અને મોજડીસહિત ઉતરી, ત્યારે સસરો વિષાદવંત થતો મનમાં કહેવા લાગ્યો કે:–ધિક્કાર પડો એ સ્રીને! મેં વારી તોપણ એણે કહ્યું માન્યું નહીં. વળી આગળ ચાલતાં એક સુભટને ઘણા ઘા વાગેલા છે એવો નાશી જતો દીઠો, તે દેખીને તે શેઠ પ્રસંસવા લાગ્યો કે તે સુભટ વાસુદેવ સરીખો પ્રાક્રમી છે, તે સાંભળી વહુ બોલી કે કૂતરાની પેઠે એને કોઇએ કૂટયો છે, કારણ કે ઉત્પાત સરિખા દુઃખે સહેવા યોગ્ય એવા ઘા એણે સહ્યા છે, માટે એ સુભટ નથી; એમ કહેવાથી તે શેઠ પોતાના મનમાં અત્યંત ખેદ ધરતો વિચારવા લાગ્યો કે, અહો! જુઓ એ દુષ્ટ પરિણામી સ્રી મારાથી અવળુંજ બોલે છે. વળી આગળ ચાલતાં એક સ્વર્ગ જેવું મોટું દેવળ આવ્યું તે દેખીને શેઠ કહે છે કે આ દેવળ ઘણું શ્રેષ્ટ છે, તે સાંભળી શિળવતી કહે છે કે એ શ્રેષ્ટ નથી, અને આપણા કામનું પણ નથી. એવું સાંભળી શેઠ મનમાં ચિંતવવા લાગ્યો કે સર્વ ઠેકાણે એ ઉન્મતની પેઠે બોલે છે. વળી આગળ ચાલતાં ઘણી વસ્તીવાળું રિદ્ધિએ સંપૂર્ણ એવું એક સુંદર નગર આવ્યું, તે નગરની વચમાં રથ નિકળ્યો, તે દેખીને શેઠ કહેવા લાગ્યો કે, કેવું સારૂં મોટું વસ્તીવાળું રિદ્ધિથી સંપૂર્ણ એવું આ શહેર છે! માટે આપણે ઈહાં એક રાતવાસો રહીયે. ત્યારે શિળવતી કહે કે, આ નગર અરણ્યની પેઠે શૂન્ય ભાસે છે; તે સાંભળીને વળી પણ સસરાને ખેદ થયો. વળી આગળ ચાલતાં એક ગામડું આવ્યું તેમાં પ્રવેશ કર્યો, તે ગામડું દેખી શેઠ કહેવા લાગ્યો જે આ ઉજ્જડ ગામડું છે, ત્યારે શિળવતી કહેવા લાગી જે આ ગામનો વાસ ઘણો શ્રેષ્ટ છે. આવાં વચન સાંભળી તે શેઠ કોમળ હૃદયને વિષે ખેદ ધરતો મનમાં વિચારવા લાગ્યો કે, અરે! એ બહુ વિપરિત

અશ્વનીપેઠે દુર્વિનીત છે, અને દુષ્ટ હૃદયવાળી સાપણી જેવી છે; આ વહુનું માઠું ચરિત્ર મારા પુત્રે કહ્યું તે સમગ્ર એવ સાચુંજ છે, કર્યું ના કર્યું તે તો કોણ જાણે; તોપણ આ વાંકું બોલનારા એ પ્રત્યક્ષ જુઠું બોલનારી છે.

હવે તેનો રથ ગામમાં ચાલ્યો જાય છે તેવામાં શિળવતીનો મામો તે ગામમાં વસે છે, તેને ખબર મળ્યાથી ત્યાં આવીને ઘણા આદરથી તે શેઠને પોતાને ઘેર તેડી ગયો અને ભક્તિ યુક્તિયે કરી તથા બહુ ભક્તિથી બંન્નેને ભોજન કરાવ્યું અને ઘણું સન્માન કર્યું. અવસરે બીજો કોઇ મળે તો ઘણાં માનાં કરે, તો વળી સજ્જન મળે તેનું તો શુંજ કહેવું? હવે બપોરનો વખત હોવાથી તાપ ઘણો હતો તોપણ શેઠે રથ આગળ ચલાવ્યો. કહ્યું છે કેઃ—અસ્થિર ચિત્તનો ધણી શુભ સ્થાનકને વિષે પણ ઘણીવાર કેમ રહે? તેથી કેટલીક ભૂમિ આગળ ચાલ્યા, ત્યાં એક સારો વડ આવ્યો એટલે તે શેઠ રથથી ઉતરી બેઠો અને શિળવતી પણ રથથી ઉતરીને રથનીજ છાયાએ બેઠી. તેવારે શેઠે કહ્યું કેઃ—હે વહુ! તમે વડની છાયા નિચે આવી બેસો, પણ જાણે તે રીસાણી હોયની! તેમ તે વડની છાયા મૂકીને વેગળી યોગિનીની પેઠે જાણે સંસાર અસાર છે એવુંજ ચિત્તમાં વિચારતી હોયની! તેવામાં પાસે કેરડાના ઝાડ ઉપર એક કાગડો બેઠો છે, તે જાણે જ્ઞાનીજ ન હોય! તેમ અતિશય શબ્દ વારંવાર બોલવા લાગ્યો; તેથી તેનો શબ્દ સાંભળી શિળવતી અર્થને ન ઇચ્છતી એ પ્રકારનું યથાસ્થિત સમજીને નિર્ગ્રંથ સરિખી, અર્થને અનર્થરૂપ વિચારતી, સંસારના દુઃખના ખેદયુક્ત થકી કાગડાને પાછો ઉત્તર દેવા લાગી કેઃ—એક અન્યાય કર્યાથી ઘેરથી નિકળી, અને હવે જો બીજો અન્યાય કરૂં તો પિયરે પણ હું ન પહોંચું. એવાં શિળવતીનાં વચન સાંભળીને તે શેઠ વહુને પૂછવા લાગ્યો કેઃ—હે વહુ! એ તમે શું કહ્યું? ત્યારે તેણે કહ્યું કેઃ-હે તાત! કાંઈ નહીં. તોપણ શેઠે ઘણી હઠ કરી પૂછતાં નિશાસો નાંખીને ક-

હેવા લાગી કે:—હે પિતાજી! હું શું કહું? મ્હારૂં મંદભાગ્ય છે, જેને ગુણ કરીએ તે કર્મના વશથી દોષરૂપ થાય છે. મજીઠ સુઘાટ વૃક્ષ, પાષાણની ખાણ, કપાસ, વાંસ, સેલડી, માટી, મોતી, પરવાળાં, બાવના ચંદન, રેશમ, સુવર્ણાદિક, દક્ષિણાવર્ત શંખ, મધુમક્ષીકા, મૃગ, ઉંટ, અશ્વ, હસ્તી, વૃષભ, એ સર્વ સુખરૂપ છે, તોપણ મનુષ્યને તે માઠા કર્મના યોગથી દુઃખરૂપ થાય છે. તથાપિ તમે ઘણા આગ્રહથી વારંવાર પૂછો છો તો હું કહું છે તે સાંભળો.

હે તાત! રાત્રિને વિષે શિયાલ શબ્દના શુકનથી હું નદિયે ગઇ ને ત્યાંથી પાંચ રત્ન લાવી, તે મેં મારી શય્યા ઉપર ગુપ્તપણે મૂકયાં છે. ઇત્યાદિક સર્વ વૃત્તાંતો શિળવતીએ ઘરથી બહાર કાઢી ત્યાં સુધીનાં કહ્યાં, તે રત્નના પ્રભાવે મારે ઘર મૂકવું પડયું, અને માર્ગમાં વળી આ કાગડો પણ મૂકાવવાનું કહે છે. તે એમ કહે છે કે:—આ કેરડાના વૃક્ષ હેઠે દસ કોડી સોનૈયા છે તે જેને લેવાની ઇચ્છા હોય તે લ્યો, અને હું ઘણો ભૂખ્યો છું માટે મુજને ભક્ષ આપો. તેવારે મુજને દુઃખ સાંભરવાથી મેં કહ્યું કે મારે સોનૈયાનો ખપ નથી અને હું ભક્ષ પણ નહીં દઉં. આવાં વચન સાંભળી તે શેઠ હર્ષ પામતો હૃદયમાં વિચાર કરવા લાગ્યો જે એ વહુ વિશેષ વિજ્ઞાનવંતી છે, એનાં વિજ્ઞાનપણાની મર્યાદાજ નથી; તોપણ એ સાચું કહે છે કે જૂઠું કહે છે તેની અહીંઆંજ હમણાં હું પરિક્ષા કરૂં! એમ ધારી નજીકના ગામમાં જઈ કોશ, કોદાળી, પ્રમુખ આણીને તેજ વખતે જાણે ત્યાં પૂર્વે પોતેજ ધન દાટયું હોય નહિં! તેમ ખોદવા લાગ્યો; તેવારે તેમાંથી નિધાન પ્રગટ થયું. પછી તે કાગડાને ભક્ષ આપી સુવર્ણ મણિ અને માણેકે ભરયું એવું દસકોટી નિધાન ગુપ્તપણે હર્ષવંત થકો રથને વિષે શીઘ્રતાથી મૂકતો હવો.

પછી શેઠ ખેદ ધરતો વિચારવા લાગ્યો કે:—અહો! એ શિળવતી વહુ તો મારા ઘરને વિષે પ્રત્યક્ષ કામધેનુ છે. અરે!

ધિક્કાર પરો મુજને તથા મારા પુત્રને જે મૂઢપણે એને ઘરમાં
થી બહાર કાઢી! એ અમે માઠું કર્યું. હવે પછી જે ઉચિત
જેવું ઘટે તે કરવું, અણવિચાર્યું જે કાર્ય હોય તેનો પ્રતિકાર
ઉપાયરૂપ કાર્યથી કરવો; એમ ચિંતવી શેઠે તુરત રથને પાછો
વાળ્યો.

હવે શિળવતી સારા શુકન થયા તેથી ખેદ ટાળીને અત્યં-
ત હર્ષ પામી રથમાં બેઠા, શેઠ પણ રથમાં બેઠા થકા પાછા ઘર
ભણી રથ હાંકતો નિર્મળ બુદ્ધિશાળી શિળવતીને પૂછવા લા-
ગ્યો કેઃ-હે શિળવતી! તું આવી ડાહી છે તોપણ અવળું કેમ
બોલી? તેવારે શિળવતી કહેવા લાગી કેઃ-પિતાજી! તમે
કહ્યું તે સત્ય, પણ હું કહું છું તે સાંભળો. પેલા ક્ષેત્રના ધ-
ણીએ પારકું ધન લઈ દેડા બમણા કદારા કાઢી મહેનત કરીને
ક્ષેત્ર તૈયાર કર્યું છે, તેમાં જે માલ નિપજશે તે તો લેણીયાત ล
ઈ જશે, ધણીને થોડું પણ નહિ રહે; તેથી મેં કહ્યું હતું કે
ક્ષેત્રનો ધણી એ માલ ખાશે નહીં. વળી પગ સહિસલામત
રાખવા સારૂં મેં નદી ઉતરતી વખત મોજડી પગમાંથી કાઢ
નહિ, કારણ કે જેમાં માર્ગ દીઠામાં ન આવે એવી નદીને વિ
ષે ચાલતાં કંટકાદિકનો અનર્થ થાય. વળી મોજડી ભીંજાય તે
સારીપે તથા મોજડી તો નવી પણ થાય, પરંતુ પગ નવા
થાય; એટલા માટે હે તાત! મેં પગમાંથી મોજડી કાઢી નહીં
તથા તે સુભટની પુઠે પ્રહાર થયા હતા તે સાને રૂપે પ્રહા
થયા ન હતા, પણ પાછો નાસતાં તે કૂટાણો હતો તેથી તે
સો કૂટાણો એમ મેં કહ્યું. વળી વગડામાં કેવળ તમે કહ્યું કે
છું એટ છે, પણ ત્યાં કોઈક ચોર જારાદિકને રહેવાનું ઠેકા
છે, તેથી મેં કહ્યું કે આપણે શું કામનું? તે સારૂં નથી, ત
નગરને વિષે પોતાનો કોઈ સ્વજન અથવા મિત્રાદિક ન હો
થી કોઈ બોલાવે નહીં, તેથી મેં કહ્યું કે નગર શૂન્ય છે!
કે કેમ-જે નગરમાં એક પણ મનુષ્ય સગપણના નાતે કરી બ
ન હોય ત્યારે તે કેવળ ભીલ લોકોથી નગર ભર્યું હોય

પણ તે નગર શૂન્ય સરખું જાણવું." વળી ભોજન પ્રમુખના આદરનો કરનારો, ખેદનો હરનાર, એવો તે ગામડાને વિષે મારો મામો રહે છે, તે માટે તે ગામડું છે તોપણ નગરરૂપ છે, જ્યાં ગયાથી ઘણું માન પામીયે તો તે ગામડું હોય તોપણ નગર જાણવું. વળી વડના વૃક્ષ હેઠળ તમે બેસવાનું કહ્યું અને મેં ના પાડી તેનું કારણ એ હતું જે વૃક્ષની ઉપર કાગડા પ્રમુખ જીવોની વિષ્ટા સાખાયે પડી હોય તે માથા ઉપર પડે તેથી ભરતારાદિકનો અભાવ થાય અને લક્ષ્મિનો નાશ થાય, તે કારણ સારૂ જ્યાં વિષ્ટા પ્રમુખ પડવાનો સંભવ નથી એવી રથની છાંયાને વિષે હું બેઠી.

આવાં યુક્તિવાળાં શિળવતીનાં વચનો સાંભળીને તત્વરૂપ તે વચનો ધારીને કૈતુકવંત થકો હર્ષથી ઉલ્લસિત એવો સસરો વિચારે છે કે જેમ કોઇક બુદ્ધિવંત પુરૂષની બુદ્ધિના વિષયનો પરિમિત ન થાય એવી જેની બુદ્ધિના વિષયની મર્યાદા ન હોય, અથવા અવધિથી મૂકાણી એવી મોટા જનની મતી હોય, યોગેશ્વરના જ્ઞાનની પેઠે મોટું જ્ઞાન હોય તેમ એ વહુની બુદ્ધિ પણ મોટી છે.

એમ શેઠ હર્ષિત થયો થકો પોતાના નગર સમીપે આવ્યો એટલે ઘણે ઉંચે ઠેકાણે તેતર જનાવર બોલ્યું, તેથી ભવિતવ્યતાનો અધિક નિશ્ચય કરતી થકી પોતાનો મહિમા ઘણો વધશે એવી જે શિળવતી તેણે યુક્તથકો વિવેક સંપદાસહિત ભલી સંગતે અનુક્રમે પોતાને ઘેર આવ્યો. તેવારે તે શેઠનો પુત્ર પોતાના પિતાને પોતાની સ્ત્રી સહિત પાછો આવતો દેખીને કોપ્યો થકો કહેવા લાગ્યો કેઃ—હે તાત! તુજને ધિક્ છે, એ પાતિકનું ઠેકાણું જેનું ચરિત્ર માઠું છે એવીને તમે શું કરવા પાછી લાવ્યા? તુજને તેણે ઠગ્યો. અરે! તમે ડાહ્યા છતાં પણ તેનાથી કેમ ઠગાણા? એવાં પુત્રનાં ઉલ્લઠ વચન સાંભળીને શેઠ બોલ્યા કે, હા હા તું શું જાણે છે? એવાં તોછડાઈનાં વચન બોલ્ય નહીં. એ તો સાક્ષાત્ સરસ્વતી છે, તથા લક્ષ્મી

શ્યા ઉપર પાંચ રત્ન છે તે જઇને જો. તેમજ રથને વિષે કોડી નિધાન ધાર્યું છે. તે પણ જઇને જો. તે વહુએ પંદર સોનૈયા ઘરમાં આણ્યા તેથી કુલદેવીની પેઠે એ વહુ કુળ- સાક્ષાત્ લક્ષ્મી સરખી છે. એવાં પિતાનાં વચન સાંભળી પુત્રે સુખ્યામાં જઇને જોયું તો પાંચ રત્ન દીઠાં, તેમજ રથ દસ કોડી સોનૈયા જોયા તેથી તે પંદર કોડી સોનૈયા એ કરી હર્ષ પામતો સીઘ્રપણે ભંડારગૃહને વિષે સ્થાપતો હવો ને ગ્રહણ કરવામાં કોણ વિલંબ કરે ? કોઈ ન કરે.

પછી અજિતસેને પોતાની સ્ત્રીનું આશ્ચર્યકારી વૃત્તાંત પે ાના પિતાને પૂછવાથી તેણે સવિસ્તરપણે સર્વ વૃત્તાંત કહ્યું. તે સાંભળી તેને લજ્જા, પશ્ચાતાપ, અતિ કૌતક અને હર્ષ એ ચારે પ્રકાર વિસ્તારપણે ભેળાં થયાં, તેથી તે નિશ્ચે લજ્જા પામી નિચું મુખ કરી રહ્યો. વળી વિચારવા લાગ્યો કે, સુજને તથા મારી નિપુણતાને હું ધિક્ માનું છું, કારણ કે નિષ્કલંક એવી એ જૂઠું કલંક દીધું. લોકોત્તર ચરિત્રની ધણીયાણી એવી એ અં ને મેં દુહવી છે તેથી તેની રીસ હું શી રીતે ટાળીશ? એવે ખેદ કરતો હતો તેવામાં તેના પિતાએ બોલાવ્યો ને કહ્યું કે શું કરવા ખેદ કરે છે? ખેદ ધરીશ નહીં; કારણ કે જે અ જ્ઞાનપણે કર્યું હોય તેનો અપરાધ કહેવાય નહીં. હવે તે તારો અપરાધ ખમશે.

એમ કહી ન્યાયમાં નિપુણ એમ તે બંન્ને જણે શિળવ- તીને ખમાવીને કહ્યું કે, હવે અમે આજ પછી એવું નહીં કરી- યે. એવાં ભરતાર તથા સસરાનાં વચન સાંભળીને પ્રીતિયે કરી વિનીત એવી શિળવતી કહેવા લાગી કે:—હે સ્વામી! હે તાત! એમાં તમારો એકનોજ દોષ નથી. કારણ કે મેં પૂર્વે રત્નની વાત તમને ન કહી તેથી આ અવિનીતને શિખામણ છે. તે દિવ- સથી માંડીને તે મોટી બુદ્ધિના ધણી એવા પિતા પુત્ર બેઉ જણા વાણોતરની પેઠે જેમ વિનીત શિષ્ય જો કે પોતે મોટી બુદ્ધિનો હોય તોપણ ગુરુને પૂછીને સકળ કાર્ય કરે, તેમ તે અપૂ

બુદ્ધિવાળી શિળવતીને પુછીને કાર્ય કરે; તેમજ વિષમ આપદા રૂપ અંધકારમાં પડેલા એવા બીજા જનોને પણ અંધકારના પૂરને વિષે જેમ દીવી પ્રકાશ કરે તેની પેઠે શિળવતીની બુદ્ધિ તેમને દીવીરૂપ થઇને આપદાની ટાળનારી થઈ. જુઓ બુદ્ધિનું સફળપણું કેવું છે?

હવે રત્નાકર શેઠના ઘરને વિષે શિળવતી વિષમ એવી આર્તિ જે પીડા તેની ટાળનારી થઈ, એમ કરતાં રત્નાકર શેઠ દેવલોકની વસ્તીનો પ્રાહુણો થયો, પછી ઘરનો સ્વામી અજિતસેન થયો તેથી રાજદ્વારે તે મોટો વ્યવહારી થકો હમ્મેશાં જાય. એક સમય રાજાને ચારસેંનવાણું પ્રધાન છે પણ તેમાં કોઈ મુખ્ય પ્રધાન નથી તેથી મુખ્ય પ્રધાન સ્થાપવા સારૂ રાજાયે સર્વ સભાને એવો સવાલ પૂછયો કે જે મુજને પાટુ મારે તેહને શું કરીયે? તેવારે સર્વે સભાજનો તે રાજાના બોલનો અભિપ્રાય જાણ્યા વિના કહેવા લાગ્યા કે તેનો દંડ કરીયે. પછી રાજાએ અજિતસેનને પૂછયું, ત્યારે તેણે કહ્યું કેઃ—હે રાજન્ હું વિચારીને કહીશ. એમ કહી ઘેર આવીને ચાર પ્રકારની જેને બુદ્ધિ છે એવી શિળવતીને પૂછયું તેથી તેણે કહ્યું કે, જે રાજાને પાટુ મારે તેને મોટો સત્કાર, આદરમાન દેવો ઘટે. પુરૂષ હોય તો રાજ્ય આપવું જોઇએ, ને સ્ત્રી હોય તો શોળ શણગાર આપવા જોઇયે. આવાં સ્ત્રીનાં વચન સાંભળીને અજિતસેને પૂછયું કે તે કેમ? ત્યારે શિળવતી કહ્યું કે, રાણી તથા પુત્ર શિવાય બીજો કોઈ રાજાને પાટુ મારી શકે નહીં. એવી રીતે પ્રશ્નનો સંદેહ ટાળ્યો. પછી બીજે દિવસે અજિતસેને રાજસભામાં જઇ રાજાની આગળ તે વાત કહી તે સાંભળી. વળી રાજાએ કહ્યું કે, આપણો આ અમુક હાથી છે તેને જેમ તેમ કરી તોળો. તે પણ અજિતસેને પોતાની સ્ત્રીની બુદ્ધિથી હાથીને નાવમાં ચઢાવી જળ પ્રમાણનું એંધાણ કરી હાથીને બહાર કાઢી તે નાવમાં પૂર્વે કરેલા એંધાણ સુધી પથરા ભર્યા પછી તે પથરા તોળ્યા એટલે હાથીના તોલનું પ્રમાણ થયું

ડાં પણ હાથી થયો. એવી રીતની અજિતસેનની બુદ્ધિ પરાક્રમ જાણીને રાજાયે પછી પ્રશંસા કરી.

એક દિવસ એક વણિક આવી રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે:—હે રાજન્! એક વણિક કિંપાકવૃક્ષના ફળની પેઠે મ્હોડે મીઠો અને પરિણામે દુષ્ટ છે, તે ધુર્ત સાથે મુગ્ધપણે દુર્બુદ્ધિના ધણીયે કર્મને વશે કરી જેમ બોરડી સાથે કેળનું ઝાડ મિત્રાઈ કરે તેમ મેં મિત્રાઇ કરી, અને તે ધુર્ત મિત્રને મારૂં ઘર ભળાવી હું વેપાર અર્થે પરદેશ ગયો; પછી જેમ પાક્યા ખેતરની રક્ષા કરવા સારૂ રક્ષક મૂક્યો હોય તે રક્ષક જેમ ખેતર માંહેલી સઘળી વસ્તુ ખાઇ જાય તેમ તે ધુર્ત મારૂં સઘળું ખાઈ ગયો, વળી મારી સ્ત્રી સાથે પણ લોભાયો તેથી તેણે પાપકર્મ કર્યું. એમ કરતાં વિદેશથકી હું આવ્યો અને ધન ઉપાર્જ્યાની બધી વાત મિત્રને કહી; તે સાંભળી તે ધુર્ત મિત્રે કહ્યું કે તેં કાંઈ આશ્ચર્ય દીઠું હોય તો કહે. તેથી મેં કહ્યું કે:-

હે મિત્ર! અહીંથી ઢુકડું એક ઉદ્યાન છે, તેમાં જળે ભરેલો એક કુવો છે, તે કુવામાં એક ફળ રસે સહિત, પાંદડાં સહિત ભારી હતું તોપણ તે પાંદડાની પેઠે ઉપર તરતું મેં દીઠું. તે સાંભળી તે ધુર્ત મિત્ર બોલ્યો કે જો તે વાત સત્ય હોય તો મારા ઘરની ઋદ્ધિમાંથી તારાથી બે હાથે લેવાય તેટલી ઋદ્ધિ તું લેજે, અને જો તે વાત ખોટી હોય તો તારા ઘરની ઋદ્ધિમાંથી મારાથી બે હાથે જેટલી ઉપડે તેટલી ઋદ્ધિ હું લઉં. એમ કહી તે ધુર્ત પોતાને ઘેર ગયો, અને રાત્રે છાનો માનો એકલો જઈ તે ફળને કાઢી લાવ્યો, પછી પ્રભાતે મને આવી કહેવા લાગ્યો કે, ચાલ તે બતાવ્ય. તેવારે અમે બન્ને જણાયે ત્યાં જઇને જોયું તો કાંઈ ફળ દીઠું નહીં. એમ તે ધુર્તે છળ કરી મુજને ઠગ્યો. હવે તે મારી ઋદ્ધિ તથા સ્ત્રી લેશે; તેટલા માટે હવે શું ઉપાય કરવો? તે મુજને કહો. હે રાજન્! જેમ ભમરો કમળમાં હોય ને સૂર્ય અસ્ત પામવાથી કમળ મિંચાય તેથી ભમરો બંદીખાને પડે, તે જ્યારે સૂર્યનો ઉદય થાય અને કમળ

ઉઘડે ત્યારે છુટે, તેમ મુજને તમે ગમે તેમ કરી છોડાવો. પ્રભો! વિષમ વખતે રાજાનું શરણ હોય.

કહ્યું છે કે:—

दुर्बलानामनाथानां, बाळ वृद्ध तपस्विनां ॥
अनार्यैरभिभूतानां, सर्वेषां पार्थिवो गतिः ॥१॥

ભાવાર્થ:—દુર્બળને, અનાથને, બાળને, વૃદ્ધને, તપસ્વી અને કોઇ અનાર્યથી પરાભવ પામેલાને, એ સઘળાને રાજ્ય રીતે રાજા સાર સંભાળ કરે.

એવી રીતે વાત સાંભળી રાજાએ તે કાર્યની અજિતસેનને આજ્ઞા આપી. સરળ બુદ્ધિના ધણી અજિતસેને પણ ઘડેલીની પેઠે પોતાની સ્ત્રીને પૂછીને તે વણિકને કહ્યું કે:—વણિક! તું તારે ઘેર જઇ તારી સ્ત્રીને મેડા ઉપર ચડાવ, તથા સર્વ ધન, માલ, વસ્તુ પણ મેડા ઉપર ચડાવ અને દાદરો બંધ કર, તથા દાદરે ચડવાને ઠેકાણે એક મોટી ભારે નિસરણી લાવી મુક. પછી જ્યારે તે ધુર્ત તારા ઘરને વિષે ઋદ્ધિ લેવ આવશે ત્યારે તે કોઇને દેખશે નહિં તેથી મેડા ઉપર ચડવા માટે નીસરણીને બે હાથે ઝાલશે એટલે તેને કહેજે કે તારા કરાર પ્રમાણે તેં બે હાથે નિસરણી ગ્રહણ કરી માટે તેને તું લેઇ તારે સ્થાનકે જતો રહે. તેવારે તે ધુર્ત નિસરણીને પકડી મુકી એક પાસ્યો થકો હણાણી છે બુદ્ધિ જેની એવો થઇ પોતાને ઘેર ગયો. એવું પોતાનું હિતકારી વચન સાંભળીને તે વણિકે ધુર્તને તેડાવીને તેમજ કર્યું. એવી રીતે અજિતસેનની બુદ્ધિ જોઇ રાજાએ હર્ષિત થઇ તેને સર્વે પ્રધાનોમાં મોટો પ્રધાન કરી સ્થાપ્યો.

એકદા જિનમતી એકાંતે વિચાર કરીને અજિતસેનને કહેવા લાગી કે:—હે પ્રાણનાથ! મારૂં ચિત્ત ઘેર રહેવા [illegible] અંતરાય [illegible] નથી, [illegible] હે પ્રાણેશ! [illegible] [illegible] થઇ તમારૂં [illegible] [illegible] [illegible] થયું છે. [illegible]

પોતપોતાના કાર્યને અર્થે ઘણા લોક આવે છે, માટે દૈવના વશથકી પૂર્વની પેઠે તમને કુવિકલ્પ ઉપજે અથવા બીજા કોઇને પણ કુવિકલ્પ ઉપજે તે માટે શિળની પરિક્ષાને અર્થે એક કમળ તમને આપું છું, તે કમળ જો પરપુરૂષ ઉપર મારૂં મન બગડશે તો તુરત કરમાઈ જાશે, અને જ્યાં સુધી મારૂં મન દ્રઢ હશે ત્યાં સુધી વિકસિત રહેશે; એમ કહી પરમેશ્વરની પૂજા કરી પરમેશ્વરની સાખે તે કમળ અજિતસેનને આપ્યું. અજિતસેને પણ વિસ્મય પામી તે કમળ લીધું. હવે તે કમળનું પરિમલ ઘણું વિસ્તરે, નિત્ય લોગી થકો રહે, તે કમળને સર્વદા વિકસ્વર થયેલું દેખીને નગરના સર્વ લોક પોતાના ચિત્તમાં ચમત્કાર પામ્યા અને વિચારવા લાગ્યા કે બીજાં કમળ તો માત્ર શ્વાસોશ્વાસથી પણ તરત કરમાઈ જાય છે અને આ કમળ તો સર્વદા વિકસ્વર રહે છે, તે સર્વ શિળનું માહાત્મ્ય છે.

એકદા રાજા પોતાના વૈરી રાજાઓને વશ કરવા સારૂં કટક કરી અજિતસેનને સાથે લઇને ચાલ્યો. અનુક્રમે ચાલતાં થકાં માર્ગમાં જ્યાં મરૂધરની પેઠે જળ દુર્લભ મળે છે, જ્યાં ફુલનું નામ પણ નથી તો ત્યાં વળી કમળની વાત શું કરવી? ત્યાં અજિતસેનના હાથમાં અત્યંત વિકસીત કમળ દેખીને રાજાએ નિર્બંધપણે તેનું કારણ પુછ્યું: તેવારે અજિતસેને યથાર્થ વાત કહી. તે સ્વરૂપ લોકને રાજા અસંભાવ્યપણે અજ્ઞાનની પેઠે સદ્ધા ન ધારણ કરતો થકો કહેવા લાગ્યો કે એ તો કેં બેસતું સાચું કેમ મનાય? તેવારે બીજા ચાર કપટી પ્રધાન છે તેને રાજા ગુપ્તપણે પુછે છે કે એ વાત શું સાચી હશે? તેવારે તે ચારે જણા કહેવા લાગ્યા કે:-હે નરેશ! એને ત્રીજે ક-કે એવી કોઈ પણ સ્ત્રી શિળવતી હોય નહીં; કેમકે જન્મથી જુવાન, શુદ્ધ સૌભાગ્યવતી ને વળી દાહી એવી પાતાળ સુંદરી તે પણ પતિ રહિતી જાતજ્ઞેન નામને સંગ્યો હશે, તો ... [illegible] ... તે શું નિશ્ચય કરવો? તે સાંભળી રાજાએ પુછ

કે તે પાતાલસુંદરી કોણ? અને તેણે રાજાને કેમ વંચ્યો કહો. ત્યારે તે ચાર પ્રધાનમાંહીથી એક પ્રધાન બોલ્યો કે નરેશ! સાવધાનપણે સાંભળો.

હે રાજન્! જેની મોટી પાળ છે, તથા ન્યાય અને લક્ષ્મી ની શાળા છે, એવા વિશાલપુર નામના નગરને વિષે કળ ઘણો પ્રવીણ તથા શત્રુની સેના જેણે જીતી છે એવો જય સેન નામે રાજા રાજ્ય કરે છે, તે રાજા એકદા ગર્વથી સર્વ ભાના લોક પ્રત્યે કહેવા લાગ્યો કેઃ—હે સભાજનો! એવી કળા રહી છે કે જે હું નથી જાણતો. તે સાંભળી સભાના સર્વે કહેવા લાગ્યા કેઃ—હે મહારાજ! આપ સઘળી કળ પ્રવીણ છો; તેવામાં એક ડાહ્યો પુરૂષ બોલ્યો કેઃ-હે રાજ આપ સર્વ કળા જાણો છો, પણ એક સ્ત્રીચરિત્ર જાણતા ન કેમકે દેવ, દાનવને મંત્રાદિકે કરી વશ કરે છે એવા મંત્રમ નિપુણ જે મંત્રવાદિઓ તેના જે મંત્ર તેપણ સ્ત્રીના ચરિત્ર ગળ ક્યાંહી નાશી જાય છે. વળી જાલંધર એવા ભૂમિ (ભોંયરા) માં વિવિધ અંગરક્ષકસહિત રાજાએ સ્ત્રીને રાખી પણ તે ભ્રષ્ટ મર્યાદાવંત દેખાણી; માટે સ્ત્રીના હૃદયના મા જાણનાર કોઇ પણ ત્રણલોકમાંહે દેખાતો નથી.

એવાં પંડિતનાં વચન સાંભળી રાજા માથું ધુણાવતો ચારવા લાગ્યો જે એ સાચું છે, સ્ત્રીયો ગુપ્ત હૃદયવંત એવ દીસે છે, માટે મારા અંતઃપુરની સ્ત્રીયો નિશ્ચે સતીયો ન એવી મનમાં શંકા ઉપની; તેથી વિચાર્યું જે નિર્મળ શિળ ધરનારી સ્ત્રી સાથેજ સંબંધ કરવો યુક્ત છે. માટે હું કોઇક જાની પુત્રી હશે તેને જન્મતાંજ પરણી ભૂંયરામાં રાખી મે કરીને ભોગવીશ. ઘણું કરીને પ્રાયે સ્ત્રીને અને પુરૂષને કુસ તિથી દોષ ઉપજે છે, માટે ભોંયરામાં રહેવાથી દોષની શંકા થશે. એવો નિશ્ચય કરી રાજાયે પોતાના સેવકોને કહીને કો રાજાની અત્યંત રૂપવંતી, લક્ષણે કરી સહિત એવી કન્યા ગાવી લઇને તેની સાથે જન્મમાત્ર પરણીને પોતાના વાસગૃ

હેકે ભૂંયરામાં વિચક્ષણ ધાવની સાથે રાખી; તે ધાવે તેને
શાલી પાલી મોટી કરી, તેવારે તે ધાવને પણ રાજાયે ત્યાંથી
કાઢી મૂકી; માત્ર તેના કેશ સમારવા, આભૂષણાદિક પહેરાવવા,
વગેરે શરિરની શોભા કરવા જાય, પરંતુ ધાવ તેની સાથે વાતો
કરે નહીં, તે પણ જેવારે તે યુવાવસ્થા પામી તેવારે ધાવને પણ
જવાનું બંધ કર્યું. પછી તેનું પાતાળસુંદરી એવું નામ રાજાયે
પાડ્યું; કારણ કે એક તો પાતાળમાં રહી અને વળી તેનું રૂપ
પણ મનોહર છે તેણે કરી પાતાળસુંદરી એવું યથાર્થ નામ
સ્થાપ્યું.

હવે જન્મથકી તે મુગ્ધાક્ષી જે વિશુદ્ધ સ્નેહવતી છે એવી
પાતાળસુંદરી સાથે રાજા સ્નેહસહિત વિવિધ વિલાસે ભોગ
ભોગવવા લાગ્યો. વળી તે સ્ત્રી પરપુરૂષનું નામ પણ ન જાણે
તેમજ મનથકી શુદ્ધ શીલની ધરનારી એવી જાણીને રાજા ઉ
લ્લાસવંત સ્નેહ ધરતો થકો તે ભૂમિગ્રહમાંહેજ ઘણો વખ
રહે. જરૂરનું કામ હોય તોજ બહાર આવે.

એકદા મણિદ્વીપ થકી અનંગ જેવું જેનું રૂપ છે, તેવો અ
નંગદેવ નામનો કોઈક સાર્થવાહ ઘણો સથવારો તેમજ ઘણ
વસ્તુ સાથે લઇને તે નગરમાં આવ્યો; તેણે આમળા પ્રમા
એવો નિર્મળ મોતીનો એક હાર જે ત્રણે જગતમાં સારભૂત
તે લઇ રાજાને ભેટ કર્યો, તેમજ બીજી પણ કેટલીક સારવસ
નું રાજાને ભેટણું કર્યું, તેથી રાજાએ તુષ્ટમાન થઇને તેનું
મુકી દીધું.

પછી તે અનંગદેવ મોતી, મણિ, પરવાળા, સોનું, પટ
દિક સર્વ વેચી કોટચાવધી ધનનો ધણી થયો; તેણે પોતાને
હેવા સારૂ મણિનું ભુવન કરાવ્યું અને રાજાને ચામરની ધ
રી કામપતાકા નામે ગણિકા હતી તેને ઘણું દ્રવ્ય આપીને
તાને વશ્ય કરી. એકદા અવકાશ પામીને અનંગદેવ ગણિ
પૂછવા લાગ્યો કે, રાજા પોતે તો શિથિલ મનવાળો
બીજુંજ ચિત્ત થઈ ગયું હોય નહિ તેમ રાજકાર્યને વિષે

અને સભામાં પણ અસૂરો આવે છે; તે પણ વળી તત્કાળ પા-
છો ઉતાવળો જતો રહે છે, જૂગટાનું તથા પરસ્ત્રીનું વ્યસન
પણ કાંઇ એહમાં પ્રગટ દીઠામાં આવતું નથી, તેમ છતાં રા-
જાનું એવું વ્યગ્રચિત કેમ જણાય છે? તેવારે તે ગણિકા કહે
વા લાગી કે:—બીજું તો હું કાંઇ જાણતી નથી, પણ એક વાત
જાણું છું જે અંતઃપુરમાં એક એવી વાત છે જે એ રાજા એક
સ્ત્રીથીજ રતિસુખમાં પ્રીતિવંત રહે છે, તે જન્મમાત્ર પરણેલી
સ્ત્રી છે, જેને જન્મથકી ભૂમિગ્રહમાં રાખી છે, તેની સાથેજ વિ-
લાસ કરે છે. એવાં ગણિકાનાં વચન સાંભળી અનંગદેવ વિચા-
રવા લાગ્યો કે જે સ્ત્રી સૂર્યને પણ દેખતી નથી તથા જેની પા-
સે રાજ્યનું સર્વ કાર્ય છાંડીને રાજા ત્યાંજ પડી રહે છે તો તે
સ્ત્રી કેવી હશે? જેનું દર્શન થવું પણ દુર્લભ, તો તેના શરિર-
નો સ્પર્શ તો ક્યાંથીજ થાય; એમ કામગ્રહે પીડયો થકો કંદ-
ર્પે જેનું હૃદય હણ્યું છે, એવો અનંગદેવ પાતાળસુંદરીને મળ-
વાનો ઉપાય વિચારવા લાગ્યો.

પછી તે સાર્થવાહે રાજાને ફરી ઘણું ભેટણું કર્યું અને બહુમાન
કરી તેને વશ કર્યો, તેથી તે સાર્થવાહ અંતઃપુરમાં જાય આવે
તો કોઇ તેને મનાઇ ના કરે. એમ કરતાં એકદા તે ભોંયરાનું ઠે-
કાણું જાણ્યું, તેવારે પોતાના વિશ્વાસુ માણસ પાસે પોતાના ઘર-
થી તે ભૂમિગ્રહ સુધી સુરંગ ખોદાવી તે ભોંયરાની ભીંતને કોઇ
ન જાણે તેવી રીતે સંધીસંગ કર્યો; તે જાણીયે સાક્ષાત્ નરકનો-
જ માર્ગ હોયની! એવો સુરંગનો મારગ છે. એકદા તે સળંગ
દ્વારે ભોંયરાની ભીંતે આવી તે સાર્થવાહ ઉભો રહ્યો અને જે-
વો રાજા પાતાળસુંદરી પાસેથી બહાર નિકળ્યો કે તુરત તે સા-
ર્થવાહ સુરંગ થકી ભૂમિગ્રહમાં ગયો, ત્યાં પાતાળસુંદરી સુખ
શય્યામાં સુતી છે, તેને રતિની પેરે જોઇને વિચારવા લાગ્યો કે
રૂપે કરીને પાતાળની સ્ત્રીયો જેહ છતી છે, વળી એ રાજાની
સ્ત્રી છે અને બીજા રાજાની પુત્રી છે, જેનાં જન્મ માત્ર શુદ્ધ ચ-
રિત્ર છે. તો તે મારાં અન્યાયકારી વચન કેમ માનશે? તેન

વાત હું કેમ પામું ? એમ વિચારી તે સ્રીને જગાડી સ્નેહથી બોલાવી; ત્યારે તે સ્રી આશ્ચર્ય પામીને ઘણું ઉપરાંત થઈ અને જાણીયે ઘણા દિવસનો એની સાથે પરિચય હોય નહીં ! તેવી રીતે શીઘ્રપણે તેની સાથે હાસ્ય કરતી થઈ ગઈ અને કામભોગવિલાસ પણ કર્યો. અહહ ! જુઓ એ પૂર્વભવનો અભ્યાસ, એ હમણાં એને કોણે શિખવ્યો ? એતો જીવનો સહજ સ્વભાવ છે.

કહ્યું છે કે:—

रागद्दोसकसाया । हारभयरुन्ननिद्दमेहुनं ॥
पुव्वभवब्भासाओ । लब्भइअसुअंआदेहंपि ॥ १ ॥

ભાવાર્થઃ—રાગ, દ્વેષ, કષાય, આહાર, ભય, રૂદન, નિંદ્રા, મૈથુન એ સઘળાં અણસાંભળ્યાં તેમજ અણદીઠાં પૂર્વભવના અભ્યાસથી જીવ પામે.

હવે તે સાર્થવાહ ચિત્તને વિષે શંકાતો હતો તોપણ નિશંકચિત્તવાળો તે સ્રી સાથે સુખ વિલસે. તેઓએ તે સુરંગમાં આવવાને માટે એક મોટી દોરી કરી મૂકી. તે જ્યારે રાજા રંગીને સભામાં જાય કે તુરત પેલી સ્રી દોરીને ખેંચે એટલે સાર્થવાહ ત્યાં આવે; એમ નિરંતર ચોરની પેઠે સાર્થવાહ ગમનાગમન કરતો વિલાસ ભોગવતો હવો. વળી તે સ્રી અતિ પ્રેમવાળી છે તોપણ રાજાના મુખ આગળ શુદ્ધ થઈ ચાલવા લાગી.

એમ કરતાં એકદા તે પાતાળસુંદરી અનંગદેવ સાર્થવાહને કહેવા લાગી કે તું લગારમાત્ર બીક નહીં રાખતાં મુજને તારે ઘેર તેડી જઈને બધું નગર દેખાડ. એમ વારંવાર કહેવાથી તે સાર્થવાહ બીહીતો થકો પાતાળસુંદરીને પોતાને ઘેર તેડી ગયો ... ઘરની બધી શોભા બતાવી. એક દિવસ તે પાતાળસુંદરી સાર્થે ... બધી નગરની શોભા દેખી હતી, તેવામાં મોટી ... કઠિન રાજાને રસ્તામાં જતાં દેખીને વિચારવા લાગી કે, ... મારો ... ... કૌતક કરીને મને ... ...

પર્યંત ગુપ્તગ્રહને વિષે બંદીખાને નાંખી છે, તેથી તે રાજા ઉપર
વિરક્ત થઇને અનંગદેવને કહેવા લાગી કે:—

હે સાર્થવાહ! રાજાયે મુજને બંદીખાને રાખી છે, એટલા
માટે હું રાજાને મહા વિશુદ્ધપણું દેખાડું; તે માટે તું કપટથી
થોડા દિવસ આજારી પડ અને પાછો સારો થયો છું એવો
ઢોંગ કરી રાજાને જમવા બોલાવ, તે વખત હું રાજાને જમ-
ાનું પિરસીને ચમત્કાર દેખાડું. આવું સાંભળી અનંગદેવ
ાથવાહ કહેવા લાગ્યો કે:—હે મુગ્ધે! એ અનીતિ મારાથી
મ થાય? રાજાને કેમ નોતરાય? વળી તું પણ રાજાને કેવી
ીતે પીરસી શકે? એ પ્રત્યક્ષ અનર્થ કેમ થાય? તે સાંભળી
પાતાળસુંદરી બોલી કે, વાણીયા જાતે બીકણજ હોય, નિરંતર
ભય વિના બીહીતો રહે, પણ તું અમારૂં ચરિત્ર જાણતો ન-
થી. અમે સ્ત્રી જાતિ છેયે તે ઇંદ્ર સરખાને પણ છેતરીયે, તો
વળી એ રાજા જે પોતામાં વ્યર્થ પંડિતપણું માની રહ્યો છે તે
નો શ્યો ભાર? ઘણું શું કહું. તે માટે જો તું મારૂં કહ્યું નહીં
કરીશ તો જીવતો પણ કેમ છુટીશ?

આવું પાતાળસુંદરીનું વચન સાંભળી તે સાર્થવાહ ભય
ભ્રાંત ચિત્તથકો તે વાત તત્કાળ અંગિકાર કરીને ઘણા દિવસનો
માંદો થઇને અનુક્રમે ફરી કપટે કરીને સાજો થયો; અને સ
ભોજનની સામગ્રી તૈયાર કરીને રાજાને જમવાનું નોતરૂં દેવ
ાયો. ત્યાં રાજા પાસે જઇ બોલ્યો કે:—હે રાજન્! મને ઘણે
મંદવાડ થયો હતો, પણ હવે તમારા પસાયથી સારી રીતે ક
ર થયો છે, તેનો હવે આજે મારે ઘેર ઓચ્છવ છે માટે ત
કુટુંબસહિત મારે ઘેર જમવા પધારો; એમ ઘણો આગ્રહ ક
રાજાને જમવાની હા ભણાવી. હવે રાજા કુટુંબસહિત જમવ
ને આવ્યો તેવારે અનંગદેવે ઘણો આદરસત્કાર કરી રાજા
જમવા બેસાડયો, એટલે પાતાળસુંદરી આવીને ઘણી યુક્તિ
કરી રાજાને ભોજન પીરસવા લાગી. અહહ! જુઓ સ
નું ધુતપણું. રાજા પણ તે પાતાળસુંદરીને જોતો થકો વિર

અને વિચારવા લાગ્યો કે એ પાતાળસુંદરી અહીં કયાંથી
? પણ નહિ હું ભુલું છું. એ અહીંયાં કયાંથી આવે?
જ હું એની પાસેથી આવું છું. તે તો જન્મથકી ભોળી
અને આ તો એનીજ સ્ત્રી છે, પણ નિપુણતાયે તો તેના જે-
છે, અને નેત્રથી જોઇયે તો એક રતિમાત્ર પણ આંતરૂં
નથી. વળી એ બેઉનું આવું બરોબરીપણું કેમ આવે?
તત્વની વાત કોણ જાણે? એનું નિર્ણય પણ કેમ થાય?
એમ ધારી તેને ઓળખવાને અર્થે જેવી તે પાતાળસુંદરી
પીરસીને પાછી જતી હતી તેવાજ રાજાયે તેનાં વસ્ત્ર ઉપર ઘી
ના છાંટા નાંખ્યા. તે છાંટા ધુર્ત પાતાળસુંદરીયે જાણી લીધા
અને વિચાર્યું જે મારા મોં આગળ તું કોણ માત્ર? મુજને તુ
મુગ્ધ જાણે છે તે માટે તેં ઘૃતના છાંટા નાંખ્યા. એવો મનમ
અર્થ ધરી હાથમાં વીંજણો લઈ ભર્તારને વાયરો નાંખતી કહેવા
લાગી કે:—હે રાજન્! જેમ વિખને મુખમાં ન ઘાલીયે તેની
પેઠે એ ભોજન તમે કેમ મુખમાં નથી ઘાલતા? એ ભોજન
તે ભક્ષણ કરવા યોગ્ય છે, પણ વણિકનાં ભોજન રાજાને કેમ
ગમે? તેથી તમે આરોગતા નથી. અથવા હે પ્રાણનાથ! અ-
મારૂં ભુવન દેખી તમારા ચિત્તને ચમત્કાર ઉપન્યો! તેથી શુ
ન્ય ચિત્ત થયું છે, માટે કેમ જમો? અથવા મોટા માણસં
ક્ષુધા અલ્પ હોય તેથી તમે ખાતા નથી. એમ ધીઠ્ઠાઈનાં વચ-
કહેવા લાગી.

હવે રાજાના ચિત્તને સંશય અને વિસ્મય તે સ્ત્રી તથા
સાર્થવાહ ઉપર થયો અને સાર્થવાહ હાસ્યપણાના ભાવને આ-
શ્રય કરતો થયો. તે સ્ત્રીએ રાજાને સાકર નાંખેલું દુધ આપ્યું
પણ રાજાને વ્યગ્રચિત્ત હોવાથી વિષસરખું લાગ્યું, તોપણ મુ-
નિની પેરે નિઃસ્વાદવંત તે દુધ પીધું, પછી સાર્થવાહે તંબોલ
વસ્ત્રાદિક આભૂષણ પ્રમુખ આપ્યાં તે લઇ રાજા ઉતાવળો ઘ
તરફ ગયો. પાતાળસુંદરી પણ તરત ભુમિગૃહમાં જઇ તે રાજા
નાં કરાવેલાં આભરણ પહેરીને મુખને ઢાંકી પૂર્વની પેઠે શય્ય

માં નિશ્ચિંત થકી સૂતી. હવે રાજા સર્વ તાળાની કુંચીઓ લઈ ઉઘાડીને ભોંયરામાં આવી જુએ છે તો જેવી રીતે પોતે સૂતી મૂકી ગયો હતો તેવી રીતેજ તેને સૂતી દેખી, ત્યાં રાજાયે તેને જગાડી. તેવારે બગાસાં ખાતી, આળસ મોડતી ઉઠીને બેઠી થઈ. તે જોઈ રાજા વિચારવા લાગ્યો જે એ સ્ત્રી તો બીજી હશે. વસ્ત્ર તથા રત્નજડિત આભૂષણ જે કાંઇ જોઇયે તે સર્વ દીઠાં. વળી ભલે મને કરી તે રાજા સ્રીને જોવા લાગ્યો, પણ તે સ્ત્રી-ને વિષે કલૂષતાપણું લેશમાત્ર પણ ન દીઠું, તેથી નિઃશંક હૃદયે તે પાતાળસુંદરી સાથે પૂર્વની પેઠે ભોગવિલાસ કીધો. કહ્યું છે કેઃ—ધુર્તનું ચરિત્ર તે ધુર્તજ જાણે, સાચું હોય તે ખોટું કરે અને ખોટું હોય તે સાચું કરે.

એકદા તે પાતાળસુંદરી ગર્વ કરતી સાર્થવાહને રીઝવીને કહેવા લાગી કે, "હવે સજ્જ થાઓ, ચાલો આપણે દેશાંતર જઇએ." તે વચન સાંભળીને ઉત્તર દેવા અસમર્થ એવો સાર્થવાહ કહેવા લાગ્યો કે, હું રાજા પાસે રજા લેવા જાઉં તો રાજા કેમ જાણે નહીં? તેવારે પાતાળસુંદરી કહેવા લાગી કે, વાણીયા જાતના બીકણ કહ્યા છે તે વાત ખરી છે, પણ હવે તું મારૂં ડાહાપણ જો. રાજા મને બોલાવવા આવે તે પેહેલાં આપણે સમુદ્ર ઓલંઘી જઇએ એવાં ઘણાં વહાણ તૈયાર કરો, તમારે વેપાર સઘળો સમેટો, ઉઘરાણી લેહેણું પ્રમુખ જે લેવા યોગ્ય હોય તે સઘળું લ્યો, વિગેરે જેમ હું બુદ્ધિથી વિસ્તારૂં તેમ તમે પ્રતિબંધરહિત થાઓ. તે સાર્થવાહ અતિ કાયર એવો પણ જાણીયે બંદીવાન બંદીખાને પડયો હોય તેમ ભયભિતથકો તેની સાથે ચાલવા સજ્જ થયો. કવિ કહે છે કે કામિનીના સુખના અર્થિ એવા જે કામિ પુરૂષો છે તેને ધિઃક્કાર પડો.

કહ્યું છે કેઃ—

स्यात्च्छैत्रात्रेमातृसुख । स्तारुण्येतरुणीसुखः ॥
वार्द्धकेतुपुत्रसुखो । मूढोनात्मसुखःक्वाचत् ॥ १ ॥

ભાવાર્થઃ—બાલ્યાવસ્થામાં માતા સામું જુએ, યુવાવ-
સ્થામાં સ્ત્રીના મુખ સામું જુએ, વૃદ્ધાવસ્થામાં પુત્રના મુખ
જુએ, પણ તે મૂઢ પુરૂષ પોતાને વિષે કયારે પણ જુએ

હવે પાતાળસુંદરીએ સાર્થવાહને કહ્યું કે, તમે રાજાને જઈ
એમ કહો કે મારા પિતાયે મુજને તેડાવ્યો છે, એટલા માટે
મહારાજ! હું તમારી આજ્ઞા લેવા આવ્યો છું, તેથી તમે
જા કહો તો હું જાઉં. એવાં પાતાળસુંદરીનાં વચન સાંભળી
સાર્થવાહ વિનીત શિષ્યની પેઠે તેના કહ્યા મુજબ રાજા પાસે
ઈ વિનંતી કરી કહેવા લાગ્યો કેઃ—હે રાજન! મારાં માત
તા વૃદ્ધ છે, તેમને મારા વિરહનું દુઃખ ઘણું છે તેથી તેમનો
ગળ આવ્યો છે, માટે તેમની પાસે જવા સારૂ તમને પુછવા
ાવ્યો છું. હે રાજન! તમારા પ્રસાદે મેં ઘણી લક્ષ્મી ઉપા-
ર્ન કરી તે તમારો ઉપકાર મારી ઉપર છે, માટે ખુશી થઈને
પા કરી રજા આપો. તે સાંભળી રાજા બોલ્યો કે, તુજ સર-
ખા પુરૂષને ચાલવાને રજા કેમ અપાય? અને ના પણ કેમ ક-
હેવાય? માટે જો તુજને જવાનુંજ મન છે, તો તું કાંઈ કાર્ય
મને કહે; જો હમણાં કહેવું હોય તો હમણાં કહે અને પછી
કહેવું હોય તો પછી કહેજે. આવાં રાજાનાં વચન સાંભળી સા-
ર્થવાહ બોલ્યો કેઃ—હે રાજન! તમારા પસાયથી મારૂં સંપૂર્ણ
ાર્ય નિપજ્યું છે, તોપણ જો તમે મારા ઉપર પ્રસન્ન હો તો અને
ાંઠા સુધી ચાલતી વખત વળાવા આવો; કારણ કે તેથી કરી
દેશાંતરને વિષે મારી કિર્તિ કાંઈક આશ્ચર્યકારી પસરે, યશવાદ
ઘણો થાય. રાજાએ તેનું વચન અંગિકાર કર્યું.

હવે તે સાર્થવાહે શુભ મૂહુર્તે ઘણાં વહાણ કરિયાણાંથે
ભરીને સમુદ્રમાં તૈયાર રાખ્યાં અને પોતે સુખપાલે બેશી સમુ
દ્રકાંઠે જવા નિકળ્યો, ત્યાં રાજા પણ સુખપાલે બેશી તેને વોળા
વા આવ્યો. પાતાળસુંદરી પણ સુખપાલે બેઠી પોતાની બુદ્ધિ
થી આ કાર્ય નિપજ્યું તેથી હર્ષ પામતી રાજા પાસે જઈ કહે

વા લાગી કે:-હે સ્વામિન્! અમોને પ્રભુયે મોટો પ્રસાય કર્યો.
હે રાજન્! તમારા પસાયથી મારા સ્વામિયે મોટી ઋદ્ધિ ઉ-
પારજી, તમારા પસાયથી અમારાં સઘળાં કાર્યની સિદ્ધિ થઈ.
હે રાજન્! બહુ માનથકી અથવા અજ્ઞાનથકી જે કાંઈ મારો
અપરાધ થયો હોય તે ક્ષમા કરજો. હે રાજન્! અમને તમા-
રા શેવક જાણીને કોઈવાર પણ સંભારજો! અમને વણિકને કો-
ણ સંભારે? તોપણ અમારે કહેવું ઉચિત છે. આવાં પાતાળ
સુંદરીનાં વચન સાંભળી રાજા વિચાર કરતો હવો કે ધિક્ક થા
ઓ! એ સ્ત્રી પાતાળસુંદરીજ છે. વળી વિચારવા લાગ્યો કે,
પાતાળસુંદરી ઇહાં ક્યાંથી હોય? પૂર્વે પણ મુજને ભર્મ ઉપ-
ન્યો હતો તેમ હમણાં પણ ભર્મ પડે છે. પછી રાજાનો, શેઠનો
અને પાતાળસુંદરીનો એ ત્રણેનો સુખપાલ બરાબર ચાલતેથકે
થોડીવારમાં સમુદ્રકાંઠે સહુ પરિવાર સંઘાથે આવ્યા. પછી સા-
ર્થવાહ રાજાને નમીને પાતાળસુંદરી સહિત મોટા વહાણમાં સી-
ઘ્રપણે બેઠો. તેવારે પાતાળસુંદરીયે સાર્થવાહને કહ્યું કે કદાચ
પાછળથી આપણી શોધ કરવા માટે રાજા આવે માટે વહાણ
બીજે માર્ગે ચલાવો. ત્યાં નયન, મન અને પવનના વેગનીપેઠે
તથા કલ્લોલ હણાતાની પેઠે તે વહાણ ચાલવા લાગ્યાં.

હવે તે પાતાળસુંદરી વહાણમાં છ મહીના સુધી તો સાર્થ-
વાહની સાથે આશક્ત રહી, ત્યાર પછી તે સાર્થવાહનો ભાઈબંધ
સુકંઠ નામે યથાર્થ નામનો ધણી હતો તેની સાથે દેવરના સંબં-
ધથી હાસ્ય કરતી, તેના સુસ્વરે કરીને પાતાળસુંદરી તેની સાથે
રક્ત થઇ થકી ગુપ્તપણે રમણ કરે. અહો! જુઓ સ્ત્રીયોનું ચં-
ચળપણું કેવું છે?

હવે સુકંઠ સંઘાતે વિલાસ કરતાં અનંગદેવને અંતરાયભૂ-
ત જાણીને પાતાળસુંદરી મનમાં ચિંતવવા લાગી કે, જો હું અ-
નંગદેવને મારૂં તો સુકંઠ સંઘાતે પ્રગટપણે ભોગવિલાસ કરૂં.

એકદા અર્ધ રાત્રિને સમયે અનંગદેવ શરીરચિંતાયે ઉઠ્યો
તેવારે પાતાળસુંદરીયે તેને શીઘ્રપણે પથ્થરની પેઠે સમુદ્ર-

નાંખી દીધો. પછી કેટલોક વખત ઉચ્ચસ્વરે પોકાર કરતી વિ-
લાપ કરતી હતી કે ધાઓ! હે લોકો ધાઓ! મારો સ્વામી
આજ્ઞીયાં સમુદ્રમાં પડી ગયો. જેમ રાંકના હાથમાંથી રતન
ખોવાય તેમ મને થયું. એવાં પાતાળસુંદરીના મુખથી વિલા-
પનાં કટુક વચન સાંભળીને સર્વ સાથના લોક દુઃખ ધરવા લા-
ગ્યા; જેમ પુણ્યહીનના હાથમાંથી રત્ન ગયું હોય તેને શોધે પણ
જડે નહીં તેમ અનંગદેવને સઘળા સથવારાએ મળી ઘણોયે
સમુદ્રમાં ખોળ્યો પણ ક્યાંહી જડ્યો નહીં. પછી તે પાતાલ-
સુંદરી કુલટા સતીની પેઠે મોટે સ્વરે નવ નવા વિલાપ કરતી
મરવાને વાસ્તે તૈયાર થઇને કહેવા લાગી કે હું પણ હવે મ-
રીશ. એવું સાંભળી મુકુંદાદિક સર્વ સથવારાના લોક પાતાળ-
સુંદરીને વારવા માટે દોડ્યા, અને સર્વ કોઇ કહેવા લાગ્યા કે
તું તારું અકસ્માતપણે મરણ કેમ કરે છે? અનંગદેવ આપણ-
ને મળે એવો કોઇ ઉપાય નથી, તો હવે તે સાર્થવાહ અમારો
સ્વામી ગયો તે સ્વામીને ઠેકાણે તમેજ અમારા સ્વામી હો.
તે સાંભળી મુકુંદ મૌન્ય ધરીને રહ્યો અને પાતાળસુંદરી તો
બાહ્યભાવે શોક ધરતી પણ અંતરભાવે હર્ષ ધરતી હતી જે
મુકુંદ સંઘાતે સુખ વિલાસ કરવાની નિર્ભયતા થઈ. પણ મુકુંદ
વિચારે છે કે, ધિક્કાર છે એ દુષ્ટાને! કે જેણે શઠપણું કરી તિ-
ક્ષણબુદ્ધિના ધણી સાર્થવાહને સમુદ્રમાં નાંખી દીધો, તેથી જો
હું તેની સાથે વિલાસ કરું તો મારા પણ એવા હાલ કરે.
ધિક્કાર છે એ સ્રીને કે જેણે ધીઠુપણાથી રાજાને અને સાર્થવાહ
બંન્નેને છાંડ્યા તો તે મને પણ કેમ નહિં છાંડે? કોણ જાણે
મને પણ શું કરશે? એમ વિચારીને મુકુંદ વિરક્તચિત્તપણે
છે તોપણ ભયે કરીને તે સ્રીને અનુવર્તીને ચાલે. જેમ ડાક-
ણીના ફંદમાં પડ્યો હોય તેમ કેટલોક કાળ તે સ્રી સાથે તે
નિર્ગમન કર્યો.

હવે અનંગદેવ સાર્થવાહ સમુદ્રમાં પડ્યો પડ્યો તેને કોઇ
પુન્યના ઉદયને લીધે દૈવયોગથી ક્યાંહીથી તરતું આવતું એ

ભાગેલા વહાણનું પાટીયું હાથ આવ્યું, તે પાટીયાને અવલંબી ભવ્ય પ્રાણી જેમ ધર્મ પામે તેમ સમુદ્રને કલ્લોલે પ્રેર્યો થકો સિંહલદ્વીપ પ્રત્યે પામ્યો; ત્યાં સ્વસ્થ થઇને વિચારવા લાગ્યો કે નિર્દયી સ્ત્રીને અર્થે મેં પાપીએ સ્વામિદ્રોહાદિક ન કરવા યોગ્ય કાર્ય કર્યું, તેનું આ સ્વરૂપ થયું. પણ તે સ્ત્રીને એ અનુરૂપજ છે.

કહ્યું છે કે:—

वंचिज्जइनिअसामी । दिज्जइजियंपिकिज्जइजिस्सा ॥
कज्जेगरुअमकज्जं । हाइच्छीसाविविहडेइ ॥ १ ॥

ભાવાર્થ:- જેને અર્થે પોતાના સ્વામીને છેતરે, જેને [illegible] જીવ સરખો દીયે, વળી જેને માટે અકાર્ય કરે, હા ઇતિ [illegible] એવી પણ તે સ્ત્રી પોતાના સ્વામિને મૂકી આપે તથા હણે.

એવી સ્ત્રીને વિષે હું આસક્ત થયો; માટે મૂઢ, અજ્ઞા[illegible]ની, કામાંધ એવા મુજને ધિક્કાર પડો. આવા પાપનો કરનાર પાપી હું મારા પાપથકી હવે કેમ છુટીશ? એવા ભયથી ઉદ્વેગ પામી ચિત્તમાં વૈરાગ્ય ઉપન્યો તેથી વૈરાગ્ય પામી સુગુરુ પાસે જઇને ચારિત્ર લેઇ અનુક્રમે નિરતિચાર ચારિત્ર પાળતો હવો.

હવે દૈવયોગથી તે વહાણ પણ સિંહલદ્વીપે આવ્યાં, ત્યાં [illegible] મુકુંદ [illegible] ત્યાં [illegible] રહ્યા છે, તે વનમાં ક્રીડા કરવા આવ્યો; ત્યાં [illegible] થયો; તેથી પોતાનું [illegible] તે સાધુને તેનું [illegible] પોતાનો [illegible] છે. હવે તે [illegible] [illegible] જાણીને [illegible] તે મુકુંદ [illegible] [illegible] એક [illegible] [illegible] કરીને તે [illegible] [illegible]

ક ત્યાંથી ઘણા ભવ સંસારમાં રઝળશે. અને સંપૂર્ણ વૈરાગ્યની કંડા જેને છે એવો ગુંડક પણ ચારિત્ર લેઇ તેને નિરતિચારપણે પાળી અન્તે જણ દેવલોકે ગયા. તે બેઉ ભાઇ થોડા કાળમાં મોક્ષ પણ પામશે.

હવે જયવંતસેન રાજા અનંગદેવ સાર્થવાહને વોળાવી મનની શંકા ટાળવા માટે ભૂંયરામાં ગયો, ત્યાં પાતાલસુંદરીને નહીં દેખવાથી અત્યંત વિષાદ ધરતો, મંત્રી, સામંત પ્રમુખને તેડાવીને કહેવા લાગ્યો કે તે સાર્થવાહ ધુતારો અહહ જૂઓ! મારી સમક્ષ મારી સ્ત્રી હરી ગયો, માટે કોઈ એવો ધીર વીર કોટા પૂરાર છે કે જે વેગે કરીને તે અત્યંત માઠા ચરિત્રના ધણી બેઉ પાપાને ઈહાં લાવે કે જેથી હું તે બંન્નેને સભા સમક્ષ શિક્ષા આપું. તે સાંભળીને સામંતાદિક સર્વ અણસદહતા થકા તે ભોંયરું જોવા લાગ્યા, ત્યાં ચોમેર જોવાથી એક સુરંગ નજરે પડી; તે દેખી વિસ્મય અને વિષાદ તેણે કરી ડોલાયમાન મન થકા એમ કહેવા લાગ્યા કે:—હે રાજન્! તે સ્રીને જતી વખતે તમે પણ કેમ ઓળખી નહિ? તેવારે રાજા કહેવા લાગ્યો કે, તમે પડ્યા ઉપર પાટું શું કરવા મારો છો? ચાંદા ઉપર ખાર શું મૂકો છો? હમણાં મારો વાંક ન કાઢો, પણ શીઘ્રપણે ઉપાય કરી તેને પકડી લાવો. એમ સર્વેની સાથે વાતો કરતો રાજા સમુદ્રને કાંઠે આવ્યો, ને કહેવા લાગ્યો કે વહાણ શીઘ્રપણે સજ્જ કરો; ત્યારે પ્રવહણ સજ્જ કરવાને વિષે નિપૂણ એવા પુરૂષ કહે છે કે, હે રાજન્! એ કાંઈ વૈદ્યની ગોળી નથી કે કાંઈ ગાંધીની પુડી નથી, એ વહાણ તો ઘણે કાળે સજ્જ થાય, તેમજ તે વહાણ ગયાને ઘણી વાર થઇ તેથી ક્યાં જઇને લાવીયે? વળી અહીં કોઈ પણ વહાણ સીલીક રહ્યું નથી, કે તૈયાર કરીને જઈયે. સર્વે વહાણો સાર્થવાહની સાથે ગયાં છે. એવું સાંભળી રાજા હૃદયમાં નિરાશ થઇ વિચારે છે કે હા હા જુઓ! મહા ધુર્તપણાયે તે પાપીએ મુજને પ્રત્યક્ષ ઉતર્યો. વળી જન્મ થકી ભૂમિમદને વિષે રહી અતિ મુગ્ધા, મારી ઉપર ઘણું હેત રા

ખતી તેણે મુજને છેતરીને એવું કાર્ય કર્યું? ધિક્કાર પડો સ્ત્રી ચરિત્રને! એમ તે રાજા શોકાતુર થયો છે, એવે સમયે ઘણા રાજાએ તથા ઘણા દેવતાએ પૂજ્યા એવા કેવળી ભગવાન અકસ્માત્ ત્યાં આવ્યા, તે દેખીને રાજા ઘણું રીઝયો અને કેવળી ભગવાનને નમસ્કાર કરીને પાતાળસુંદરીનું ચરિત્ર પુછયું. તે વારે તે કેવળી ભગવાન તેનું ચરિત્ર કહેવા લાગ્યા. તે સર્વ વૃત્તાંત એકચિત્તે સાંભળી રાજાના હૃદયમાં વૈરાગ ભરાણો, તેથી દીક્ષા લઇ સાતમે દિવસે કેવળજ્ઞાન પામીને કેટલાએક કાળ કેવળીપણે વિચરીને મોક્ષે ગયા. તે માટે હે રાજન્! એવી પાતાળસુંદરી કુસતી થઇ તો વાણિયાની સ્ત્રી જે રખોપાવિનાની તે કુસતી થાય તેમાં કહેવું શું? એવાં ચાર મંત્રિયોનાં વચન સાંભળી રાજા તત્વાર્થથી વેગળો થકો ચાર પ્રધાનને કહે છે કે એ સર્વ પ્રત્યક્ષ કપટ છે, એટલા માટે કોઈ પણ પ્રકારે તેનું કુશીલપણું જોઇ એ કપટ પ્રગટ કરો. તે વાત ચારે પ્રધાને પણ કબુલ કરી; કેમકે પ્રપંચમાંહે ચતુર છે એવા તે ચારે પ્રધાન પરસ્ત્રીમાં લંપટ હતા અને વળી તેઓને રાજાની આજ્ઞા થઇ. એક તો માર્જાર અને વળી તેને દુધ ભળાવ્યું હોય તો કેવી ખુશી થાય, તે પ્રમાણે તે ચારે જણ ખુશી થયા થકા શિ લવતીનું શિલરૂપ જળ શોષવાને અર્થે સાક્ષાત્ વડવાનળ સરખા થઇ કાંઇક મિસ કરી ઘર તરફ પાછા વળ્યા.

પછી તે ચારે પ્રધાન ઉદ્ભટ વેષ ધરીને શિલવતીની પાં ...ત્તીને મૂએ કામીપણાના ભાવ પ્રત્યે જણાવી અને સાર સા વસ્તુઓ મોકલાવી વિષયની પ્રાર્થના કરે, તે જાણીને શિલવ મનમાં વિચારવા લાગી કે ધિક્કાર પડો એ મૂઢોને! કે જે મ ...ં શીલ લેવાને તત્પર થયા છે. અરે! તે તુચ્છ મતિના ધ ...ા સિંહણનું દુધ લેવાની પેઠે મારૂં શીલ લેવાને ઇચ્છે છે.

કહ્યું છે કેઃ—

क्रिविणाणधणंनागाण । फणमणीकेसरीसीहाणं ॥
कुलबालीआणसीलं । कत्तोघिप्पंतिअमुआणं ॥ १ ॥

ભાવાર્થ:—કૃપણનું ધન, નાગના ફેણની મણિ, સિંહના મસ્તકની કેશરા અને કુળવંતી સ્ત્રીનું શીળ એટલી વસ્તુ જ્યાં સુધી તેઓ જીવતાં હોય ત્યાં સુધી કોઈથી લઈ શકાય નહીં.

મારા સ્વામિના હાથમાં કમળ દેખીને શ્રદ્ધા ન ધરતો એવો રાજાનો કર્યો આ અનર્થ છે, નહિંતર નિઃશંક હૃદય ધણીની પેઠે એ આવા અકાર્યને વિષે કેમ સજ્જ થાય! તે માટે તેઓને કાંઈક ચમત્કાર દેખાડું. એવો વિચાર કરી શિલવતી દૂતીને કહેવા લાગી કે:—હે સખિ! આવરો સ્નેહ રચો. વળી સાંભળ. કહ્યું છે કે:—સાધુને દ્રવ્યની સંગત કરવી ન ઘટે, ઉત્તમને મદિરાનો સંગ કરવો ન ઘટે, તેમ કુળવતી સ્ત્રીને પરપુરૂષનો સંગ કરવો ઘટે નહીં; તોપણ જેમ ચોપડેલાની લાલચે એઠું અન્ન ખાઈયે તેમ જો મેં માગ્યું દ્રવ્ય પામીયે તો પરપુરૂષનો સંગ પણ કરીયે. તે માટે જો લાખ સોનૈયા આપવા કબુલ કરે તો ગુપ્ત પાંચ રાત્રી પછી એક રાત્રીના ચારે પહોર ચારે જણા મારી પાસે આવે, એમ કહી દૂતીને વદાય કરી. દૂતીયે જઈને તે હકીકત તે ચારે જણાને કહી.

પછી શિલવતીયે ઓરડામાં પલંગ પ્રમાણે એક મોટી ઊંડી ખાડ કરાવી. પાંચમા દિવસની રાત્રે આત્માને કૃતાર્થ માનતા તે ચારે જણ લાખ સોનૈયા લઈને શિલવતીને ઘેર અનુક્રમે ચારે પહોરે આવ્યા. હવે જે પહેલે પહોરે આવ્યો તેને શિલવતીયે ઘણો આદર કરીને ખાડ ઉપર પાટીયાં ભર્યા વિનાનો પલંગ રાખ્યો હતો તેની ઉપર લુગડું ઢાંકી રાખેલું હતું તે ઉપર બેસવાનું કહ્યું. ત્યાં જેટલે તે પલંગ ઉપર બેસવા ગયો તેટલે તે ધબાંક ખાડમાં જઈ પડ્યો. એમ ચારે પહોરે તે ચારે જણા ખાડમાં પડ્યા. જે અઘટતું કામ કરે તેને તેવુંજ ફળ મળે.

હવે તે ચારે જણા ખાડમાં પડ્યા થકા વિમાસવા લાગ્યા કે અરેરે! એણીએ સારૂં કર્યું જે આપણને [illegible] ન આવ્યાં! [illegible] કાઢશે [illegible] પણ મને દયા ઉપની. હવે

તે પ્રધાનો કૂપ સ્વરૂપને વિષે પોતાને કર્મે કરી તારકીની પેઠે બંધીખાનાનાં દુઃખ ભોગવતા, પોતાના વિપાક સંભારતા, વિવિધ પ્રકારે હૃદયમાં ઝુરતા રહે છે.

શિળવતીને પણ દયા ઉપજવાથી કોદરા પ્રમુખ નિઃસ્વાદવંત અન્નનું એકેકુ સરાવલું અને એકેકો પાણીનો કરવડો દોરીયે બાંધીને ખાડમાં મૂકે, તે ખાઇને તે ચારે જણા પડ્યા રહે. એવી રીતે શિળવતી બુદ્ધિયે કરીને વૈદ્યની પેઠે જેમ વૈદ્ય મોટો રોગ ટાળે તેમ તેઓનો અંતરંગ રોગ મોટો હતો તે ટાળવા લાગી. એમ કરતાં છ મહીના ગયા, તેવારે તે જીવતાપણ મુવા સરખા રહ્યા. માટે વિષયની તૃષ્ણાને ધિક્કાર હો.

કહ્યું છે કેઃ—

विषस्यविषयाणांच । दृश्यतेमहदंतरं ॥
उपभुक्तंविषंहंति । विषयःस्मरणादपि ॥ १ ॥

ભાવાર્થઃ--વિષમાં અને વિષયમાં મોટું અંતર માલુમ પડે છે, કેમકે વિષ જે છે તે તો ખાવાથકી મરણ નિપજાવે છે, પણ વિષય તો સ્મરણ થકી પણ મારે છે.

વળી કહ્યું છે કેઃ—

चक्रेविषेणनीलत्व । मात्रंकंठेमहेशितुः ॥
विषयैस्तुतदंगार्द्धं । हृतमेशमहोमहः ॥ २ ॥

ભાવાર્થઃ—વિષ જે છે તેણે મહેશના કંઠને વિષે નીલાપણું કર્યું, અને વિષયે તો શિવનું અર્દ્ધાંગ હર્યું.

કેટલેક દહાડે રાજા સમુદ્રનીપેઠે શત્રુને જીતીને સાર વ[illegible] લઈ અજીતસેન સહિત પોતાને નગરે આવ્યો. અજીતસેન પોતા[illegible] મંદિરે આવ્યો ત્યારે શિલવતીયે પોતાનું ચરિત્ર તથા ચાર [illegible] ધાનનું સ્વરૂપ જેમ બન્યું હતું તેમ કહી સંભળાવ્યું. અ[illegible] સેને પણ પોતાનું વૃત્તાંત કહ્યું. રાજાયે પણ પોતાને મંદિર અ[illegible] વ્યા પછી ચાર પ્રધાનનો શોધ કર્યો પણ કાંઇ પત્તો ન લા[illegible] ત્યારે હસીને અજીતસેનને કહ્યું કે, તમે અમને જમવાને [illegible]

નિમંત્રણ કરતા નથી તે શું? અજીતસેને તે વાત શિલવતીને કહી તેથી તેણે કહ્યું કે:—હે સ્વામિ! સુખે રાજાને જમવાને નોતરો, એટલે આ પ્રધાનો જે વિષયનાં ફળ પામ્યા છે તે દેખાડું. એવું સાંભળી અજીતસેને સ્ત્રીના કહેવાથી રાજાને જમવાની નિમંત્રણા કરી, ત્યારે રાજા હર્ષિત થયો કે હવે તે ચાર પ્રધાનની ખબર અજીતસેનને ત્યાં પામીશ, માટે તેને ઘેર કેટલાક પરિજનની સાથે જઇએ તો મારૂં જવું ઉચિત કહેવાય. એમ વિચારીને રાજાએ ચર પુરૂષને અજીતસેનને ઘેર જમવા જવા માટે રસોઈની ખબર કાઢવા મોકલ્યો, તે જઇ પાછો આવી ઉંચે સ્વરે રાજાને કહેવા લાગ્યો કે:-હે સ્વામિન! તેમને ઘેર તો કશી પણ રસોઇની સામગ્રી દેખાતી નથી; બીજું તો શું, પરંતુ કુમારો અરણો પણ તેના ઘરને વિષે દેખાતો નથી. એવી વાત સાંભળીને રાજા વિસ્મય પામતો ચિંતવવા લાગ્યો કે, આ શું આશ્ચર્ય? જો હું ઘણા પરિવાર સાથે લઇને જમવા જઇશ તો એ મુજને શું જમાડશે?

હવે અજીતસેનને ઘેર મોટા તપસ્વીની પેઠે જેના શરીરમાં હાડ ને ચામડાં માત્ર રહ્યાં છે એવા ચાર પ્રધાનને શિલવતી કહેવા લાગી કે જો તમે મારૂં કહ્યું માનો તો હું તમને બહાર કાઢું, અન્યથા કરશો તો પાછા ખાડામાં નાંખી દઇશ. ત્યારે ખીલીના થકા જેમ શિલવતીએ કહ્યું તેમ તે ચારે જણે અંગિકાર કર્યું. પછી કૂપરૂપ બંદીખાનામાંથી તેઓને બહાર કાઢી નવરાવીને સઘળા અંગે રાતું ચંદન ચોપડ્યું, અને તે ચારેને કાળી, મુંડ, કુસમ પુજિત યક્ષ કરીને ઘરમાં રાખ્યા અને કહ્યું કે, જો ખાણીપિ તે આપશે પણ ચક્ષુ માત્ર જરા હલાવશો નહીં; જો તેમ કરશો તો હું તમને પાછા ખાડમાં નાંખી દઇશ.

પછી શિલવતીએ ઘરમાં વિવિધ જાતનાં પકવાન પ્રમુખ રસોઇ કરાવીને પણ જાત ભોજન સમગ્ર કરી ને સર્વે પક્ષે પાસે મુકી પછી રાજાને જમવા માટે તેડવા મોકલ્યું; ત્યારે રાજા ઘણું પરિવાર બાંધે અજીતસેનને ઘેર આવ્યો. હવે

મીને રાજાયે કૌતુકે કરી ઉલ્લાસવંત થઈ તેઓને બોલાવીને પૂછ્યું કે, તમે કોણ છો? તેવારે તે શિલવતીના ભયથી અને લજ્જાથી મૌન રહ્યા. ઘણીવાર કોઈ રહ્યાથી રાજાએ તેમને ઓળખ્યા છે એ તો મારા ચારે પ્રધાન છે, બીજા કોઇ નથી. ત્યારે વિસ્મય, વિષાદ, લજ્જા અને પ્રીતિયે કરીને રાજાએ તે ચારે પ્રધાનને પુછ્યું, તેથી તેઓ લાજતા થકા પણ સર્વ વાત યથા-જેમ નિપની તેમ સર્વ પૂર્વ વૃત્તાંતની કહી; ને કહ્યું કે, રલો માણસ ધૂળ ઉડાડે તે પોતાના મસ્તકની ઉપર પડે મમે શિલવતીને કરવા ગયા તો તેવું અમે થોડા કાળમાં . એવી રીતે તે ચારે પ્રધાન શિલવતીના શીળની કળાથી પ્રસંસા કરવા લાગ્યા, અને શિલવતી સર્વ લોકને પ્રશંસા યોગ્ય થઈ. એવું કોઈ નથી કે જે શિલવતીના શીળ-પ્રસંસા ન કરે? શરીરે કરી શીળ પાળવું તેના કરતાં વ-કરી વિશુદ્ધ શીળ પાળવું તે દુક્કર છે, અને તેથી મને ક-શીળ પાળવું તે વળી ઘણુંજ દુક્કર છે, એ શીલવતીનાં દુ-ચરિત્ર છે. દિક્ષા પાળવાથી જેમ સાધુ પરિક્ષાયે ઉતરે, અગ્નિથકી તપાવ્યું સુવર્ણ જેમ તેજવંત થાય તેમ તે શિલવતીનો પરિક્ષાએ કરીને સભામાં મ્હોટો મહિમા થયો. રાજાએ ચાર પ્રધાને તે શિલવતીને ખમાવી. શિલવતીયે પણ તે ચારે પ્રધાનોનું લીધેલું ધન તેઓને પાછું આપી પ્રતિબોધીને પરદારાગમન કરવાના નિયમ લેવરાવ્યા. અહો! જુઓ કે સતીનો માર્ગ કેવો ઉત્તમ છે?

પછી કેટલેક દિવસે શુભકર્મના ઉદયથી ત્યાં દમઘોષ મુનિ આવ્યા, તે સાંભળીને અજિતસેન સ્ત્રી સહિત ગુરૂને વાંદવા ગયો; ત્યાં ગુરૂને વાંદીને તે અજિતસેને પોતાનો પાછલો ભવ પૂછ્યો. તેવારે ચાર જ્ઞાનના ધણી એવા દમઘોષ મુનિ કહેવા લાગ્યા કે:—

હે માનુભાવ! પૂર્વે પૃથ્વીપુર નગરને વિષે પાપ કરવાને આળસુ એવો સુલસા નામે વણિક રહેતો હતો, તેને ભલી સુયસા નામે સ્ત્રી હતી; તેના ઘરને વિષે દુર્ગ અને દુર્ગા નામે

ભદ્રિક પરિણામવાળા સ્ત્રી અને ભર્તાર બેઉ જણ દાસ હતા. એકદા શુક્લપંચમીને દિવસે સુયસાની સાથે દુર્ગા પણ સાધ્વીની પાસે ઉપાશ્રયે ગઇ; ત્યાં સઘળાને જ્ઞાનપૂજા કરતા દેખીને દુર્ગા જે છે તે સાધ્વીને પૂછતી હવી કે આજ કયી તિથી છે? તેવારે સાધ્વીએ કહ્યું કે, આજ શુક્લપંચમી છે. ત્યારે દુર્ગાયે પૂછયું. શુક્લપંચમીનું શું ફળ? તેવારે સાધ્વીએ કહ્યું કે:— ઠહું પુસ્તકને વિંટાવણા વસ્ત્રાદિકના કરે અને સુગંધ ધુપાદિક, પુષ્પાદિકના સમુચ્ચયે કરીને પૂજે, અને જ્ઞાનના મુખ આગળ નૈવેદ્ય ને દીપ પ્રમુખ થાપે; શક્તિ સહિત તપ કરે, તે નિર્મળ બુદ્ધિવાળા થાય અને સૌભાગ્યાદિક ગુણસહિત થકા સર્વજ્ઞપદ [illegible] પામે. એવું સાંભળી દુર્ગા પૂછવા લાગી કે:—હે ભગવતિ! ભાગ્યવંતને ધર્મનો સંયોગ હોય, પણ અમ સરખાને ક્યાંથી સંયોગ હોય? તેવારે સાધ્વીએ કહ્યું કે, યથાશક્તિ પ્રમાણે દાન કરવું; શક્તિને અનુસારે તપ કરવું તથા શીળ પાળવું, તેતો પોતાને વશ્ય છે. જે પરપુરૂષને ત્યાગીને નિર્મળ શીળ પાળે, અને પર્વ દિવસોને વિષે તો વળી પોતાના સ્વામિની સાથે ભોગ કરવાનો પણ ત્યાગ કરે, એવું બ્રહ્મચર્યવ્રત પાળવું. એવાં ગુરૂણીનાં વચન સાંભળીને દુર્ગાયે પરપુરૂષનો ત્યાગ તથા પર્વ દિવસને વિષે પોતાના સ્વામીને ત્યાગ કરવાનું શીળવ્રત અંગિકાર કરી સમકિત ઉપાર્જીને પોતાને ઘેર આવી પોતાના ધણીને ધર્મની, શીળની સર્વ વાત કહી; તેથી તેના સ્વામીયે પણ નિશ્ચયથી શીળ પડિવજ્યું ને પ્રસંસા કરતા પોતે [illegible] તાની સ્ત્રીના વચનથી સર્વ સ્ત્રીનાં જાવજ્જીવ સુધી પચ્ચખાણ કર્યાં, અને પર્વદિવસે તો પોતાની સ્ત્રીને સેવવાનું પણ [illegible] પ્રમાણે કર્યું. તે નિયમના આરાધનથી અનુક્રમે તે દુર્ગ પણ [illegible] સહિત પામ્યો. જેમ તીવ્ર વહ્ની દીવા કરીયે તેમ [illegible] થયો.

હવે જેમને સ્વભાવે ભદ્રિક ધર્મની રૂચી છે. [illegible] અને દુર્ગ બેઉ જણ જ્ઞાનપંચમીના દિવસે જ્ઞાનની [illegible]

શીળ પાળે, એ રીતે સમ્યક્ પ્રકારે ધર્મ આરાધી મરણ પામીને બંન્ને જણાં સૌધર્મ દેવલોકે જઈ ઉપન્યાં, ત્યાંથી ચવીને દુર્ગિલનો જીવ તમે અજિતસેન થયા, અને દુર્ગાનો જીવ તે તારી શિલવતી નામે સ્ત્રી થઈ. જે માટે પૂર્વભવે તે જ્ઞાન આરાધવાથી અહીંયાં મતિજ્ઞાન પામી અને પૂર્વભવના અભ્યાસથી શીળ પાળવાને પણ દૃઢ થઈ. પૂર્વે એ સ્ત્રીના વચનથી તમે ધર્મ આરાધ્યો તેના પ્રભાવથી આ ભવને વિષે ઘણી લક્ષ્મી, પ્રતિષ્ઠા, બહુ માન્યતા પ્રમુખ પામ્યા. એમ ગુરૂના મુખથી પાછલો વૃત્તાંત સાંભળીને તે બંન્ને સ્ત્રી ભર્તારને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું, તેથી કહેવા લાગ્યાં કે:—હે નાથ! તમે જેટલું કહ્યું તેટલું અમે પ્રગટપણે દીઠું. તેવારે ગુરૂ બોલ્યા કે, એતો તમે દેશથી શીયળ પાળ્યું તેનું એ ફળ પામ્યા; માટે હવે દિક્ષા લેઇને સર્વથી બ્રહ્મચર્યવ્રતપણું પાળો. એવાં ગુરૂનાં વચન સાંભળી તે સ્ત્રી ભરતાર બેઉ જણે દિક્ષા લીધી. તે શિયળવ્રતના પ્રભાવથી તે બેઉ બ્રહ્મનામા પાંચમા દેવલોકે ગયાં, ત્યાંથી ચવી મનુષ્યનો ભવ પામી નિર્મળ શીળ પાળીને મોક્ષે જશે.

એવી શિલવતીની કથા સાંભળીને જે ભવ્ય પ્રાણી શિયળ પાળશે તે આ ભવને વિષે સર્વ સંપદા ભોગવીને પરભવને વિષે સ્વર્ગ, અપવર્ગના સુખનો ભોક્તા થશે.

ઇતિ શિળવતીની કથા.



ારને થવાથી તેજ દિશાએ મંત્રીએ પર્યટણ કીધું. અ-
ક્રમે ચાલતાં ચાલતાં એક સુંદર વન આવ્યું, તે વનને
વિષે એક મુનિસુવ્રત સ્વામીનું ચૈત્ય દેખીને મંત્રી તે પ્રતે વં-
ન કરવા ગયો. ત્યાં જિનરાજની વિધિપૂર્વક ભાવપુજા કરીને
બાહેર નિકળે છે તેવામાં એક દિવ્યરૂપ કન્યા જિનરાજની
પુજા કરવા આવતી દેખીને મંત્રીશ્વર વિચારવા લાગ્યો જે
આતે કોઇ અપછરા છે, યા વ્યંતરી છે કે કોઇ વિદ્યાધરી છે.
એમ વિચારતો છતો તે મંત્રીશ્વર ચૈત્યની બહાર ઉભો રહ્યો છે
તેવામાં તે સ્ત્રી પણ જિનરાજની પૂજા કરીને બહાર આવી, તે
વારે તેણીને મંત્રીયે કહ્યું જે આ વનને વિષે તું એકલી કેમ છે?
અને આ જિનરાજનું ચૈત્ય કોણે કરાવ્યું છે? ત્યારે તે કન્યા
બોલી:—આ વનનો સ્વામી રત્નદેવ નામે જક્ષ છે તેની હું પુ-
ત્રી છું અને તેણેજ આ ચૈત્ય કરાવ્યું છે, અને મને પૂજા કરવા
સારૂં અહીંયાંજ મૂકીને તે રત્નદેવ પોતાને સ્થાનકે ગયોછે. તેવારે
મંત્રીયે કહ્યું, તે રત્નદેવને મળવાનો કોઈ ઉપાય હોય તો મને બતા
વ. મ્હારે તેને મળવાની જરૂર છે. ત્યારે કન્યાયે કહ્યું. આ ચૈ
ત્યની પાસે અગ્નિનો કુંડ છે તે માંહે ઝંપાય તો જક્ષનું મંદિર
પામે. તેવારે મંત્રીએ પોતાના સેવકોને વિદાય કીધા અને નવ
પદજીનું સ્મરણ કરીને અગ્નિમાં ઝંપાપાત કીધો, તેજ વખત જ
ક્ષના પ્રભાવે કરીને રત્નદેવનામા જક્ષની પાસે જઇને ઉભો
ત્યાંહાં રત્નદેવ પોતાની રયણમાળાનામા દેવી સાથે બેઠો છે, તે
વામાં કન્યા પણ ત્યાંજ આવી. તેવારે મંત્રીને જક્ષે કહ્યું:-હે પુ
રૂષ! ઉદાસી તજ, હું ત્હારી વાટજ જોતો હતો; હવે અ
મારી પુત્રીને પરણીને આણંદ કર. તેવારે મંત્રીયે કહ્યું:-તમે
તો દેવ છો. તથાપિ તમારે પુત્રી ક્યાંથી હોય? ત્યારે જક્ષે કહ્યું:
હે મહાભાગ્ય! અમારૂં ચરિત્ર સાંભળો. હવે જક્ષ પોતાનું ચ
રિત્ર સુમતિ મંત્રી આગળ કહે છે.

જંબુદ્વીપના ભરતખંડને વિષે તીલકપુરનામા નગરને વિ
ષે ધનશેઠ નામે હું વ્યવહારીઓ હતો અને શ્રીમતી નામા ભાર

સ્ત્રી હતી. એકદા સમે વનને વિષે અમે સ્ત્રી ભરથાર અમૃત સુરી નામા આચાર્યને વાંદવા ગયાં, ત્યાં દેશના સાંભળીને અમે ધર્મ પામ્યાં, ને ગુરૂ પાસે પાંચ પર્વ પોસો કરવાનો નિયમ લીધો. એક દિવસ અષ્ટમીનો પોસો કરીને અમે સ્ત્રી ભરથારે રાત્રિએ કાઉસગ્ગ કીધો, તેવારે ઇંદ્રે પ્રસંસા કીધી તે એક દેવતાએ માની નહીં તેથી અમને ચળાવવાને આવ્યો. અનુકુળ પ્રતિકુળ ઘણા ઉપસર્ગ કીધા, તથાપિ અમે જરાએ ન ચળ્યાં; તેથી દેવતાયે કહ્યું કે, જેવી ઇંદ્રે પ્રસંસા કીધી તેવાંજ મેં તમને દીઠાં. એવી રીતે સ્તુતિ કરીને મને ગગનગામીની વિદ્યા આપી. વળી એમ કહ્યું કે, જો એ વિદ્યા બીજાને સંભળાવશો તો જતી રહેશે. એમ કહી દેવતા પોતાને સ્થાનકે ગયો ને અમે પણ વિદ્યાના બળથી ઘણાંક તિર્થની જાત્રાઓ કીધી. એકદા શ્રીમતીએ પુછ્યું તેથી મેં સઘળી વાત કહી પણ મેં કહ્યું આ વાત કોઇને કહીશ નહીં, તથાપિ તેણીએ એક દિવસ પોતાની સખીને કહી. કહ્યું છે કે સ્ત્રીનું ઉદર તુચ્છ હોય છે.

હવે એકદા ગગનમાં ફરતાં થકાં વિદ્યાની નાસ્તિ થઈ એટલે હું સરોવરને વિષે પડયો તે આઠ માસ ને આઠ દીવસે ઘેર આવ્યો. મ્હારા ઉપર શ્રીમતીનો ઘણો સ્નેહ હોવાથી ઘણીજ સેવા કરતી હતી, તેથી તિથિનું જે વ્રત લીધું હતું તે સઘળું સ્નેહના વશે કરીને ભૂલી ગઇ. એકદા રાત્રિને વિષે સંભોગ થકી ગર્ભ ઉપન્યો. અનુક્રમે પુત્રી જન્મી તે આઠ વરસની થઇ તેવામાં એક દિવસે કેવળી મહારાજ પધાર્યા તેમને મેં પુછ્યું કે હે સ્વામી ! મારી શી ગતિ થશે? ત્યારે કેવળી બોલ્યા, તમે સ્ત્રી ભરથાર જક્ષ જક્ષણી થશો. તેવારે મેં પુછ્યું-હે સ્વામી! વિરતી છતાં એવી ગતિ કેમ થશે? ભગવાને કહ્યું. તમે વ્રત ભાગ્યું તેથી એવું આઉખું બંધાયું છે, માટે ભુતાટવીને વિષે તમે વનના સ્વામી થશો અને ત્યાંજ રત્નશિખર રાજાનો મંત્રી સુમતી નામે થશે તે તમારી લક્ષ્મી નામે પુત્રીનો ભરથાર થશે. એવી રીતનાં કેવળીનાં વાક્ય સાંભળીને અમો ઘેર ગયાં. અનુક્રમે આ

ર પુરૂ થયેથી અહીંજ આવીને ઉપન્યાં, તેથી તમારા મેળાપને માટે ચૈત્ય કરાવીને પુત્રીને અહીંજ રાખી છે; માટે આ કન્યાને પરણીને અમને ખુશી કરો. એવી રીતનાં જક્ષનાં વચન સાંભળીને મંત્રીયે કહ્યું. હું રાજાના કામ માટે આવ્યો છું તેથી વિશ્વાસઘાત થાય, માટે હાલ તો હું નહીંજ પરણું. તેવારે જક્ષે કહ્યું. તમે મારી કન્યાને પરણો ને પછી હું રાજાના કામ સારૂ તમારી સાહ્ય કરીશ. તેવારે મંત્રીશ્વરે તે લક્ષ્મીવતી કન્યાની સાથે લગ્ન કીધું. પછી જક્ષે પુછ્યું. તમારા રાજાનું શું કામ છે? તેવારે મંત્રીશ્વરે સઘળી વાત મુળ થકી કહી સંભળાવી એટલે જક્ષે અવધિજ્ઞાનના બળે કરીને કહ્યું જે અહીંયાંથી સાતસેં જોજન સિંહલદ્વિપ છે, તેને વિષે જયપુર નામે નગર છે, ત્યાં સિંહરથ નામે રાજાની પુત્રી રત્નવતી છે. ત્યારે મંત્રીયે કહ્યું જે અહો! આટલા બધા લાંબા દેશ સુધી કેમ જવાય. માટે હે દેવ! તમે મને જયપુર નગરને વિષે મુકો, અને રૂપ ફેરફાર કરવાની વિદ્યા આપો. તેવારે જક્ષદેવે મંત્રીશ્વરને જયપુર નગરને નજીક એક ખૂણામાં પહોચાડયો તથા રૂપ પલટાવવાની વિદ્યા આપી. વળી કહ્યું જે કામ પડે તો મુને સંભારજો. એમ કહી કહ્યું કે, તમારૂં કામ કરીને લક્ષ્મીવતીને વહેલી તેડાવજો. એ રીતે કહી જક્ષદેવ પોતાને સ્થાનકે ગયો.

હવે સુમતી મંત્રીએ વિદ્યાના બળે કરીને એક નવ જોબન જોગણીનું રૂપ ધારણ કીધું. પછી હાથમાંહે ઝાળી લીધી, અને એક હાથે ચુડી પહેરી. વળી પોતે પાણી છાંટતી જાય છે ને પગ મુકતી જાય છે. તેવારે લોકો પુછે છે જે આ પાણી તમે કેમ છાંટો છો? ત્યારે જોગણી બોલી જે આ જમીન ઉપર ઘણા જુઠા લોકો પગ મુકી ફરે છે, માટે અશુચિ ટાળીને હું પગ મુકું છું. એવી રીતે બોલતી ભગવો વેશ પહેરીને જપમાળા હાથમાં લઇને મંત્રીશ્વર જોગણીના રૂપે રત્નવતીની પાસે ગયો. તેવારે રત્નવતી કહેવા લાગી કે: હે સ્વામિની! તમને કુશળ છે? જોગણીયે કહ્યું. જ્યારથી મેં જોગ લીધો ત્યારથી કુશળ વર્તે છે. તેવારે કુંવરીયે

પુછ્યું, તમે ક્યાંનાં રહેવાશી છો? જોગણીએ કહ્યું. હમતો રમતે રામ હે. પંખીકી માફક ફીરતે રહેતે હે, ઓર હમારા ગામ કે ઠામ તો હેજ નહીં. તેવારે કુંવરીયે વિચાર્યું જે આ કોઈ અદ્ભુત જોગણી છે, માટે મ્હારી પાસે રાખું તો ઠીક. એમ ધારીને તે જોગણીને પોતાની પાસે રાખી મનમાનતું ભોજન કરાવે છે તથા ભક્તિ કરે છે. એક દિવસ કુંવરીયે જોગણીને કહ્યું જે હે સ્વામિની! આવી જોબન અવસ્થામાં તુમે જોગ કેમ લીધો છે? તેવારે જોગણીયે કહ્યું કે:-હે કુંવરી! તું મ્હારી કથા સાંભળ.

ગજપુર નગરને વિષે સુરનામા રાજાની હું સુમતિ નામે પુત્રી હતી, અનુક્રમે હું યોવન અવસ્થા પામી, તેવારે મારા પિતાએ એક રાજપુત્ર સાથે વિવાહ કીધો, તેમ માતાએ તથા ભાઇએ તથા દાદાએ જુદે જુદે ઠેકાણે વિવાહ કીધો, એમ ચારે જણે ચાર ઠેકાણે વિવાહ કીધો; પછી લગનને દિવસે તે ચારે જણ મને પરણવા સારૂ આવ્યા, ત્યાં એક કહે હું પરણું અને બીજો કહે હું પરણું; એવી રીતે ચારે જણા યુદ્ધ કરવા લાગ્યા. તેવારે મેં જાણ્યું કે એક મારા વાસ્તે આ ચારે લડી મરે છે માટે હું જ બળી મરૂં, એમ ધારી મેં કાષ્ઠભક્ષણ કીધું (બળી મુઇ). તેવારે એક વર તો મારી ભેગોજ બળી મુવો, બીજો ગંગામાં હાડકાંની રાખ લેઈ વરાવી આવ્યો, ત્રીજો મારા વિયોગે દેશાંતર નાશી ગયો, અને ચોથો મારા નામનો પિંડ મેલીને ખાવા લાગ્યો. હવે જે દેશાંતરને વિષે ગયો છે તે ફરતો ફરતો કોઈ રસોઈયાને ઘેર ભોજન કરવા ગયો. ત્યાં ભોજન જમવા બેઠો છે તેવામાં તે રસોઈયાનું બાળક રડવા લાગ્યું તેને રસોઈયે ઘણું સમજાવ્યા છતાં છાનું રહ્યું નહીં, એટલે તે બાળકને રાંધવું ચુલા માંહી બાળી નાખ્યો. તેવારે પેલો જમનારૂ ઉઠીને ચાલવા લાગ્યો ને કહ્યું કે હત્યારી! આ તેં શું કીધું જે બાળકને બાળી નાંખ્યો. તેને રસોઈયે કહ્યું કે, હે ભાઈ! બાળક ફિકર મા કર, એ ઉઠશે [illegible] માટે તમે સુખેથી ભોજન કરો પછી બાળક [illegible]

સાંભળી તેને કાંઈ અચરજ લાગવાથી ભોજન કીધું. ત્યારપછી તે રાંધણે એક અમૃતનો કુંભ લાવીને અગ્નિમાંહે છાંટયો એટલે બાળક હસતાં રમતો ઉભો થઇને તેની મા પાસે આવ્યો, તે જોઇને રાજકુમારે વિચાર્યું જે આ ઘડો મને મળે તો હું સુમતિ સ્ત્રીને સજીવન કરૂં. એમ ધારીને તે રાંધણને ઘેર રાત્રિવાસો કીધો અને તેનો ઘડો લાગ ધારીને ચોરી લેઇને ત્યાંથી ચાલતો થયો તે ગજપુર આવી પોહોચ્યો; પછી ત્યાં આવીને મારાં માત પિતાને બોલાવ્યાં અને તેમના દેખતાં સ્મશાનમાં જ્યાં હું બળી હતી ત્યાં અમૃત છાંટયું એટલે હું તથા મારી જોડે બળી મુવેલો રાજપુત્ર બંન્ને સજીવન થઇને ઉઠયાં; તેવારે પણ પ્રથમની પેઠે ચારે જણા મારી પુંઠે લાગ્યા. એટલે રાજાએ પંચાતી ઠરાવ્યા ને કહ્યું કે, તે પંચાતી જેને કંન્યા પરણાવે તે કબુલ કરવું. એવી રીતે ચારેની સહીઓ લઇને પંચાતી ન્યાય કરવા બેઠા. તેમણે એવો ઠરાવ કીધો કે જેણે અમૃત છાંટીને જીવાડી તે તો જન્મનો આપનાર તે કંન્યાનો પિતા થયો, તથા જે જોડે બળી મુવો હતો તે પાછો જોડે સજીવન થયો તે સાથે જન્મ્યો કહેવાય માટે તેતો ભાઈ થયો, તથા જે હાડકાંની રાખ ગંગામાં નાંખી આવ્યો તે તો પુત્ર કહેવાય, અને જે પિંડ મેલીને ખાતો હતો તે કંન્યાનો સ્વામી થાય માટે તેને પરણાવો. એવું સાંભળી રાજાએ મને કુરૂચંદ નામના રાજપુત્ર સાથે પરણાવી.

હવે મ્હારો સ્વામી સુખેથી રાજગાદીએ રાજ્ય કરે છે ને હું તેની સુમતિ નામે પટ્ટરાણી થઈ. એક દિવસ કોઈ ઢેપડી રાજ દરબાર આગળ આવીને ઘણા સારા સ્વરે કરીને ગાવા લાગી, તે દેખી રાજા મોહિત થયો થકો તેને અંતઃપુરમાં બોલાવી તેની સાથે વિષયસુખ ભોગવ્યું, તેથી મેં જાણ્યું જે રાજા નીચ થયો માટે હવે તેની સાથે રહેવું મારે ઉચિત નથી, એમ ધારીને મેં જોગ લીધો; પછી હું જાત્રા કરતી ફરતી ફરતી તમારી પાસે આવી. પણ હે કુંવરી! તું કેમ નરદ્વેષણી થઇ છું તે વાત મને સંભળાવ. તેવારે રત્નવતીએ કહ્યું:-હું કાંઈ નરદ્વેષણી

થઇ નથી, પણ જો પૂર્વભવનો સ્વામિ મળે તો તેની સાથે વાત કરીશ. તેવારે જોગણીએ કહ્યું. પૂર્વભવમાં તારે ને તેને કેવી રીતનો સમાગમ હતો તે કહે. ત્યારે કન્યાયે કહ્યું કે, જગતમાં ઠગ અને કપટી લોકો ઘણા વસે છે, માટે અંતરની વાત કોઇને કહેતી નથી, પણ તમે ઉત્તમ જોગણી નિર્લોભી છો તેથી તમારી આગળ કહું છું તે સાંભળો.

ભરતક્ષેત્રમાં અયોધ્યાના વનને વિષે પૂર્વભવમાં અમે હરણ ને હરણીપણે વિચરતાં હતાં તેવામાં એક દિવસના સમે શ્રી રામચંદ્ર મુનિ તે વનને વિષે પધાર્યા, તેમણે ધર્મદેશના દીધી તેવારે પશુ પંખી પ્રમુખ સર્વ જીવો વૈરભાવ છાંડીને દેશના સાંભળવા બેઠાં, તેમાં અમે સ્ત્રી ભરથાર બંને જણને બોધ થયો તેથી મુનિ પાસે અમે પર્વને દીવસે ચોવિહારો ઉપવાસ કરવાનો નિયમ લીધો. પછી પંચપરમેષ્ટીનું સ્મરણ કરતાં થકાં હું મરણ પામીને રાજકુંવરી થઇ અને તે હરણ મારો પૂર્વનો સ્વામી તે પણ રાજપુત્ર થયો જોઇએ, કેમકે બંનેનો ભાવ એક હતો તથા વ્રત પણ સરખું કીધું હતું, માટે તે પણ રાજકુંવર થયો હશે; તેથી તેજ ભરથાર મળશે તો હું પરણીશ. નહીં તો કુંવારીજ રહીશ. તેવારે જોગણીયે પુછ્યું.-તમે ભવ શાથી જાણ્યો ? ત્યારે કુંવરીયે કહ્યું. પુનમનો ચંદ્ર જોતી વખતે મેં હરણને વખાણ્યો તેથી જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું અને પૂર્વભવનું સ્વરૂપ દીઠું. તે વાત કોઇની આગળ કહેતી નથી અને કોઇ પુરૂષનું મુખ પણ જોતી નથી તેથી કરી મને લોકો નરદ્વેષણી કહે છે. પૂર્વનો ભરતાર મળવાને હું કામદેવની સેવા કરૂં છું, અને જો તમે કાંઇ જ્ઞાનના બળે કરીને જાણતા હો તો કહો. તેવારે જોગણી ધ્યાન ધરીને સમાધિ ઉતારી કહેવા લાગી કે, હે કુંવરી મારા જ્ઞાનના બળથકી નક્કી કહું છું કે તારો પૂર્વનો ભરતાર મળશે, તે તને દહેરામાં પેસતી અટકાવશે, વળી તે ત્યાં જુગટુ રમતો હશે એ નિશાની. એવું સાંભળી કુંવરી ખુશી થઇ, તેથી જોગણીને જોતીની માળા આપી.

હવે મંત્રીએ વિચાર્યું જે સાત માસની અવધમાં એક દિવસ ઓછો રહ્યો છે તેથી રાજાની શી વલે થશે. એમ પોતાના મનમાં વિચારીને કુંવરીને કહેવા લાગ્યો કેઃ—હે કુંવરી! હવે અમે તો જઇશું, કેમકે અમે જોગણી થઇને એક જગ્યાયે રહેવું સારૂં નહીં, વળી કોઈ દિન આવી મળશું. પણ હવે તો રજા આપો. તેવારે કુંવરી ઘણી દિલગીર થઇને કહેવા લાગી કે, તમે સુખેથી જાઓ, પણ જેમ મારો સ્વામી જલદી મળે તેમ આશિષ નિત્ય દેજો, એમ કહીને વિદાય કીધી. હવે મંત્રી દેવનું સ્મરણ કરીને જોગણીનેજ વેષે રત્નપુરીની ભાગોળે આવી બેઠો, એવે રત્નશિખર રાજા મંત્રીના તથા રત્નવતીના વિયોગે કરીને ચેહમાંહી બળવાને તેજ દિવસે નિસર્યો છે, તેથી તેને અળગેથી દેખીને મંત્રી જોગણીના વેષે ત્યાં જવા લાગી. ત્યારે બીજા પ્રધાન વિગેરે રાજાને કહે છે કેઃ હે રાજન્! કોઈ અદ્ભુત જોગણી આવે છે તેને કાંઈ પુછીએ. એવામાં તે જોગણી પણ પાસે આઈ. તેવારે પ્રધાને જોગણીને કહ્યું કે, જો તમે ખરૂં નિમિત્ત કહો તો તમને રાજા ખુશી કરશે. તેવારે જોગણીએ પુછ્યું. શું નિમિત્ત પુછો છો? ત્યારે પ્રધાને કહ્યું. અમારા રાજાનો મંત્રી સાત માસની અવધ કરીને રત્નવતીની ખોળ કરવા ગયો છે તે હજુ આવ્યો નથી, માટે તે ક્યારે આવશે તે કહો. તેવારે જોગણીયે કહ્યું. સઘળા લોકો દૂર જાઓ અને એક તંબુ રોપો તે માંહે રાજાની પાસે હું એકાંત નિમિત્ત કહી સંભળાવું. પછી તંબુ ઠોકાવી જોગણી રાજાને કહેવા લાગી કેઃ હે રાજન્! તમારો મંત્રી દેવની સહાયથકી રત્નવતીને મળ્યો છે અને તે અ-[illegible] આવશે. [illegible] જયપુર નગરના સિંહરથ રાજાની પુત્રી છે, તેણે પુતળીનો મંડપ દેખીને જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યું, તેથી તેણે પુરૂષદ્વેષ કીધો. તેવારે રાજાયે પુછ્યું. તે પુર્વભવમાં કોણ હતી? ત્યારે જોગણીયે કહ્યું—[illegible] વનને વિષે [illegible] [illegible] મુનિની દેશના સાંભળી પૂજા કીધું હતું. તે [illegible] કરીને [illegible] તે [illegible] પણ [illegible]

તમારાજ ભાગ્યે કરીને તે અહીંયાં આવ્યો છે, પણ અંદર પેસવા દેતા નથી. તે સાંભળીને કુંવરીયે વિચાર્યું જે જોગણે કહ્યું હતું કે મ્હારો પૂર્વનો સ્વામી આજ કામદેવના મંદિરમાં મંત્રી સાથે જુગટું રમતો હશે તે જાણજે. માટે આજ તે સઘળી વાત મળી, અને તેજ વખત કુંવરીની ડાબી આંખ ફરકી. તેથી કુંવરીએ દાસીઓને હુકમ કીધો કે અંદર નહિ પેસવા દે તો જબરાઇથી હલ્લો કરીને અંદર પેસો. એ રીતે જબરાઇથી અંદર પેઠી, તેવારે મંત્રીએ રાજાના અંગ ઉપર પિછોડી ઢાંકી મુંઢ કરીને ઉભો રહ્યો. તેથી કુંવરીયે મંત્રીપ્રતે કહ્યું કે, અમારો આવવાથી તમે રાજાનું અંગ કેમ ઢાંક્યું? તેવારે મંત્રીયે કહ્યું. જગતમાં સ્ત્રીઓ કુડકપટથી ભરેલી હોય છે, માટે અમારા રાજાને પૂર્વની સ્ત્રી મળશે તો પરણશે. તેવારે કુંવરી બોલી. પૂર્વભવે તેમની સ્ત્રી કોણ હતી? ત્યારે રાજા મંત્રીને કહે છે ને મંત્રી કુંવરીને કહે છે કે, અયોધ્યા વનને વિષે પૂર્વભવે અમે હરણ ને હરણી હતાં, ત્યાં રામચંદ્ર મુનિ પાસે વ્રત લેઇને બંન્ને કાળ કરી ગયાં, તે હું હરણનો જીવ રત્નશિખર રાજા થયો, ને હરણીનો જીવ રાજકુંવરી હોવી જોઇએ; કારણ કે અમે બંન્નેએ સરખું પુણ્ય બાંધ્યું છે આવું સાંભળી કુંવરી રાજા પાસે આવી તેમના અંગ ઉપરનું વસ્ત્ર ખસેડી કહેવા લાગી:—સ્વામી! આ હુંજ તમારી સ્ત્રી હરણી છું, સરખે બંને સરખી ગતિ થઈ, તેમ નામ પણ સરખાંજ છે, અને હું પણ જાતિસ્મરણજ્ઞાન પામીને તમારી ઈચ્છા રાખી રહી હતી. એવી રીતે બને જણ આંખે આંખ મેળવી ઘણા વરસના વિજોગ કરી હરખનાં આંસુ લાવ્યાં. એવામાં એક દાસીયે ઉતાવળથી રાજા પાસે જઇને વધામણી ખાધી કે તમારી પુત્રી પૂર્વભવનો ભર્તાર પામી તેથી તેમને વરવાને તતપર થઈ છે. એવું સાંભળી જયસિંહ રાજા સપરિવારે કામદેવને દેહેરે આવીને રત્નશિખરને પોતાને મેહેલે તેડી ગયો, પછી ત્યાં ઘણા મ્હોત્સવે કરીને રત્નવતીને પરણાવી, તથા હાથી, ઘોડા, વસ્ત્ર, આભૂષણ પ્રમુખ

ઇએ. એમ ધારી પોતે પૂર્વના સ્વામી વિના બીજાને વરતી થી. તે સાંભળીને રાજા એકદમ મૂર્છા ખાઇને જાતિસ્મરણ પામ્યો, તેથી રોવા લાગ્યો અને બોલ્યો જે, મારો મંત્રી પણ ગયો અને સ્ત્રી પણ દુર રહી માટે હવે કેમ કરવું. તેવારે ણીયે કહ્યું.–હે રાજા! ચિંતા મ કર. તારો મંત્રી હું મેળવં રાજાયે કહ્યું: હે માત! જાણે તમે જીવિત દીધું એમ હું માનં તેવારે મંત્રી જરા દુર જઇને પોતાનું મુળ સ્વરૂપ ધારણ રાજાને આવી મળ્યો. રાજા મંત્રીને દેખી ઘણો ખુશી થ

હવે મંત્રીશ્વરે રાજાને પેલો મોતીનો હાર જે રત્નવતી આપ્યો હતો તે આપીને પછી તે કંન્યાની સર્વે હકીકત મુખ કહી સંભળાવી. તેવારે રાજા ઘણો હરખ પામીને રત્નવતીને રણવા સારૂ નિકળ્યો; અને પેલા જક્ષદેવનું સ્મરણ કરી તેની હાયથી થોડો પરિવાર લઇને એક ખીણમાં જયપુર નગરની ભાગે પોહોત્યા, ત્યાં કામદેવના મંદિરમાં જઇને ઉતારો કીધો, ત્યાં મંત્રી સાથે જુગટે રમવા બેઠા. એવામાં રત્નવતી પોતાની સખીઓ સાથે હાથમાં પુજાપો લઇને તેજ કામદેવ મંદિરમાં પુજા કરવા આવી, તેવારે તેની દાસી બોલી કે કોઈ પુરૂષ દેહેરામાં હોય તે બહાર નિકળો, કેમકે રાજકુંવ અંદર પૂજા કરવા જવું છે. તેવારે દાસીપ્રત્યે મંત્રી કહેવા ગ્યો જે અમારો રાજા રત્નશિખર અંદર જુગટે રમે છે અને નારીનું મુખ જોતો નથી, માટે તમે પુજાપો લઇને પાછા જાવ ને અંદર આવશો તો કલેશ થશે. તેવારે દાશી કહેવા લાગી એવો કોણ રાજન છે, અને તેનું કાંતિરૂપ કેવું છે તે તો હું જો એમ કહીને જબરાઇથી અંદર ગઇ, ને રાજાને જોઇને પોતા મનમાં વિચારે છે કે: અહો! આતો કોઈ કામદેવ સરીખો છે. એમ વિચારી તે દાસી કુંવરી પાસે આવીને કહેવા લા કે: હે બાઇ! મેં તો અચરજ દીઠું જે કોઇક રાજા અંદર મં સાથે જુગટે રમે છે તેના રૂપની બરાબર બીજો કોઇ આવે હીં અને કામદેવથી પણ અધીક રૂપવંત છે; માટે જાણું છું

તમારાજ ભાગ્યે કરીને તે અહીંયાં આવ્યો છે, પણ અંદર પેસવા દેતા નથી. તે સાંભળીને કુંવરીયે વિચાર્યું જે જોગણે કહ્યું હતું કે ત્હારો પૂર્વનો સ્વામી આજ કામદેવના મંદિરમાં મંત્રી સાથે લુગટું રમતો હશે તે જાણજે. માટે આજ તે સઘળી વાત મળી, અને તેજ વખત કુંવરીની ડાબી આંખ ફરકી. તેથી કુંવરીએ દાસીઓને હુકમ કીધો કે અંદર નહિ પેસવા દે તો જબરાઇથી હલ્લો કરીને અંદર પેસો. એ રીતે જબરાઇથી અંદર પેઠી, તેવારે મંત્રીએ રાજાના અંગ ઉપર પિછોડી ઢાંકી પુંઠ કરીને ઉભો રહ્યો. તેથી કુંવરીયે મંત્રીપ્રતે કહ્યું કે, અમારા આવવાથી તમે રાજાનું અંગ કેમ ઢાંકયું? તેવારે મંત્રીયે કહ્યું. જગતમાં સ્ત્રીઓ કુડકપટથી ભરેલી હોય છે, માટે અમારા રાજાને પૂર્વની સ્ત્રી મળશે તો પરણશે. તેવારે કુંવરી બોલી. પૂર્વભવે તેમની સ્ત્રી કોણ હતી? ત્યારે રાજા મંત્રીને કહે છે ને મંત્રી કુંવરીને કહે છે કે, અયોધ્યા વનને વિષે પૂર્વભવે અમે હરણ ને હરણી હતાં, ત્યાં રામચંદ મુનિ પાસે વ્રત લેઇને બંન્ને કાળ કરી ગયાં, તે હું હરણનો જીવ રત્નશિખર રાજા થયો, ને હરણીનો જીવ રાજકુંવરી હોવી જોઇએ; કારણ કે અમે બંન્નેએ સરખું પુણ્ય બાંધ્યું છે આવું સાંભળી કુંવરી રાજા પાસે આવી તેમના અંગ ઉપરનું વસ્ત્ર ખસેડી કહેવા લાગી:—સ્વામી! આ હુંજ તમારી સ્ત્રી હરણી છું, સરખે ધર્મે સરખી ગતિ થઈ, તેમ નામ પણ સરખાંજ છે, અને હું પણ જાતિસ્મરણજ્ઞાન પામીને તમારી ઈચ્છા રાખી રહી હતી. એવી રીતે બંને જણ આંખે આંખ મેળવી ઘણા વરસના વિજોગે કરી હરખનાં આંસુ લાવ્યાં. એવામાં એક દાસીયે ઉતાવળથી રાજા પાસે જઇને વધામણી ખાધી કે તમારી પુત્રી પૂર્વભવનો ભર્તાર પામી તેથી તેમને વરવાને તત્પર થઈ છે. એવું સાંભળી જયસિંહ રાજા સપરિવારે કામદેવને દેહેરે આવીને રત્નશિખરને પોતાને મહેલે તેડી ગયો, પછી ત્યાં ઘણા મ્હોત્સવે કરીને રત્નવતીને પરણાવી, તથા હાથી, ઘોડા, વસ્ત્ર, આભૂષણ પ્રમુખ

બહુ સરપાવ આપી વિદાય કીધાં, એટલે એક મુકામ કીધા પછી જક્ષની સાહાથી ભૂતાટવીને વિષે આવ્યાં. ત્યાં જક્ષની પુત્રી જે લક્ષ્મીવતીને પ્રથમ મંત્રીશ્વર પરણીને મુકી ગયો હતો તેને પણ જક્ષદેવે મંત્રીને સોંપી. પછી ત્યાં એક દિવસ રહીને મુનિસુવ્રત સ્વામીની પુજા કરી ચાલવા લાગ્યા, તેવારે જક્ષદેવ મંત્રી પ્રતે કહેવા લાગ્યો કે, અમારી પુત્રી તમને સોંપીએ છીએ, તેને કદિ પણ છેહ દેશો નહિ, એમ કહી પોતાની પુત્રીને કહ્યું;-હે બેટી! તું સુખેથી પોતાના સ્વામી સાથે જા, અમારો સ્નેહ તારા ઉપર વિશેષ છે માટે કોઈ વખત આવીશું, અને કામ પડે તો સંભારજે. એમ કહી સર્વ પરિવારને જક્ષદેવે રત્નપુરીની ભાગોળે મુકીને દેવ અદ્રશ્ય ગઈ ગયો.

અહીંયાં રત્નવતીને જોવા તથા રાજાને ભેટવાને લાખો માણસ એકઠાં થયાં છે, તેઓ મુખથકી જૈનધર્મની પ્રસંશા કરવા લાગ્યાં કે:-અહો! ધર્મથકી આવી રીતના પૂર્વના મેળા મળે છે, તથા દીપાંતરથી પણ મળવું થાય છે; માટે ધન્ય છે શ્રી જૈનધર્મને કે જે આરાધવાથી મનવાંચ્છિત ફળ મળે છે. એવી રીતે લોક પસંશા કરતા રાજાએ નગરને વિષે પ્રવેશ કીધો, પછી ત્યાં રત્નવતી સાથે દેવતાઇ સુખ ભોગવે છે. એકદા ગુરૂમહારાજની સમીપે સ્ત્રી ભરતારે પર્વને દિવસે પોસો કરવો એવી રીતનું અગીયારમું વ્રત ઉચર્યું. હવે કોઈક દિવસ રાજા તથા રાણી મહેલને વિષે ગોખમાં બેઠાં છે, તેવામાં કીર જુગલ આકાશથી ઉતરીને રાજા તથા રાણીના હાથ ઉપર આવીને બેઠાં, તેમને રાજાએ પુછ્યું કે તમે કેમ આવ્યાં ને તમારો વાસ ક્યાં છે તે કહો. તેવારે તે પંખી બોલ્યાં. અમે આ વનમાં રહીએ છીએ અને તમને ધર્મી જાણી તમારી પાસે આવ્યાં છીએ, એમ કહી મૂર્છા ખાઈને જમીન ઉપર પડ્યાં; તે દેખી રાજા તથા રાણી વીંઝણાં વડે તેમને વાયરો દેવા લાગ્યાં. થોડીવારમાં તે બંનો મરણ પામ્યાં, તેમને રાજાએ અગ્નિસંસ્કાર દેવરાવ્યો, પછી રાજા રાણી શોકાતુર થઈ ઉદાસ થયાં થકાં રહે છે.

પ્રભાતે રાજા રાણી ઉઠીને વાસભુવનથી બહાર નિકળે છે તેવામાં કોઈ ચર પુરૂષે વધામણી દીધી કે:—હો સ્વામી! તત્વરૂચીનામા મુનિ મહારાજ નગરની ભાગોળે પધાર્યા છે, તે સાંભળી રાજાએ તે ચર પુરૂષને સરપાવ આપ્યો; ત્યાર પછી રાણી સહિત સપરિવારે મુનિને વંદન કરવા ગયા. ત્યાં ત્રણ પ્રદક્ષણા દેઈ ગુરૂને વંદન કરીને પેલા મરણ પામેલા કીર જુગલની વાત પુછવા લાગ્યા. તેવામાં એક સુભટ એક રૂપવંતી સ્ત્રી લઈ રાજા પાસે આવીને કહેવા લાગ્યો કે:-હે રાજન્! તમે વ્રતધારી છો માટે આ મારી સ્ત્રીને થોડીવાર સાચવો. હું એક મારો શત્રુ વિદ્યાધર ગગનને વિષે ઉભો છે તેને મારીને આવું એટલી વાર મારી સ્ત્રીને શરણે રાખજો. તમારો મને પુરો ભરોસો છે. કેમકે તમે તો પરસ્ત્રીના બંધવ સમાન છો, માટે તમને સ્ત્રી ભળાવું છું. તેવારે પરઉપગારી રાજા બોલ્યો:—રે સુભટ! તારૂં કામ સુખેથી કર, ને સ્ત્રીની જરા પણ ચિંતા કરીશ નહીં. એવું સાંભળી તે સુભટ આકાશે ગયો, તેને ચારેક ઘડી વાર થઈ એટલે આકાશથી એક હાથ કપાઇને નિચે પડ્યો, તે પેલી ભાનુમતી નામે સ્ત્રીએ દીઠો, તેથી રોવા લાગી જે હા હા આતો હાથ મ્હારા સ્વામીનોજ છે અને તે માર્યો ગયો. ત્યારે રાજાએ કહ્યું. તારા સ્વામીનો હાથ છે એ તેં કેમ જાણ્યું? સ્ત્રીએ કહ્યું. તે હાથે રેખા છે તથા નિશાન છે, તેથી કરી જાણ્યું જે એ હાથ મારા સ્વામીનો છે, તેવી રીતે વાતો કરે છે તેવામાં બીજો હાથ અને ધડ તથા મસ્તક પણ નિચે પડ્યાં, તે દેખી હાહાકાર થયો. તેવારે સ્ત્રીએ કહ્યું કે, મારે પણ હવે તો જીવવું નથી. રાજાએ ઘણી સમજાવી તોપણ તે સ્ત્રી પોતાના સ્વામીની લાશ સાથે બળી મુઇ. તે દેખી રાજા તથા રાણી ઉદાસ થઇને બેઠાં છે તેવામાં પેલો સુભટ આવી રાજાને નમસ્કાર કરી કહેવા લાગ્યો કે:—હે રાજા! હું શત્રુને મારીને આવ્યો માટે હવે મારી સ્ત્રી મને સોંપો; તેવારે રાજાએ બળી મુવાની સઘળી હકીકત કહી પણ તે સુભટ માનતો નથી; કેમકે

દેવતા સુભટનું રૂપ કરીને રાજાની દ્રઢતા જોવા આવેલો છે. વળી સુભટ કહે છે કે:-હે રાજા! તમે વ્રતધારી થઇને કેમ જૂઠું બોલો છો? મ્હારી સ્ત્રી આપો નહીં તો હું અગ્નિમાં બળી મરીશ, કેમકે સ્ત્રી વિના આ ભવ બધો નિષ્ફળ છે, માટે મ્હારી સ્ત્રી આપો. જો સ્ત્રી ના આપો તો પોસહવ્રતનું ફળ આપો તો હું જાઉં, નહીં તો હું મરીશ. તેવારે રાજા કહેવા લાગ્યો કે, પોસહવ્રતનું ફળ તો પ્રાણ જાય તો પણ ન આપું, ને તે અપાતું પણ નથી; તેમ છતાં મ્હારૂં સઘળું રાજ્ય તને આપું અને એક સો કન્યા આપું તે લઈ ખુશી થા ને તારી સ્ત્રી મેં રાખી નથી, એતો બળી મુઈ છે, તેમ છતાં તેના બદલે આટલું લેઇને ખુશી થા. તોપણ સુભટે માન્યું નહીં અને છેવટે તે પણ ચેહ ખડકીને બળી મુવો. તે દેખી રાજા ઘણું દુઃખ ધરતો થકો ગુરૂ પાસે જઇને બેઠો. તેવારે પદ્માવતી અને ધરણેંદ્ર આવીને કહેવા લાગ્યાં કે:-હે પુત્ર! તમે ઘણું ચીરંજીવી હોજો જે આવા દ્રઢ વ્રતધારી છો; તેવારે રાજાયે મુનિને પુછ્યું કે એ કોણ દેવ છે. મુનિયે કહ્યું જે એ તમારાં માતા પિતા છે. તેવારે રાજાયે પુછ્યું. તે કેમ આવા મોટા દેવતા થયા? ત્યારે મુનિયે કહ્યું. તમારાં માત પિતા મરણ પામીને કેટલીક યોનીઓ ભમી કીર જુગલ થયાં, તેને પારધિએ પાંજરામાં ઘાલ્યાં, તે દેખી કોઇ મુનિએ તેમને છોડાવ્યાં, તે ઉડતાં ઉડતાં આજ નગરીની બહાર જિન પ્રસાદ દેખી જાતિસ્મરણ જ્ઞાન પામ્યાં, તેથી મરણના અવસરે તમારા હાથ ઉપર બેસી મરણ પામ્યાં, ત્યાં તમે નવકાર મંત્ર સંભળાવ્યો, તે શરણ સહીને ધરણેંદ્ર અને પદ્માવતી થયાં. તે તમારા વ્રતની દ્રઢતા જોવાને આ સુભટ અને સ્ત્રીનો વેષ કરી-ને આવ્યાં હતાં તેજ આ દેવતા છે. તેવારે દેવતાએ કહ્યું:-હે પુત્ર! મુનિ કહે છે તે સઘળી વાત ખરી છે. એમ કહી રાજાના મહેલમાં રત્નની વૃષ્ટી કરી દેવતા પોતાને સ્થાનકે ગયા ને રાજા [illegible] મુનિ પાસે બાર વ્રત ઉચ્ચર્યાં. ફરી મુનિને વંદન કરી પોતાને ઘેર ગયો.

હવે સુમતિનામા જે મંત્રી છે તેણે પણ સમકિત પામીને બારવ્રત ઉચર્યાં, અનુક્રમે વ્રત પાળી કાળ કરીને પાંચમા દેવલોકને વિષે મહર્ધિક દેવતા થયો. મંત્રીના મરણ પછી રાજાએ તેના પુત્રને મંત્રીપદ આપ્યું. એકદા સમે રાજા પોતાના ઘરને વિષે પોસો લઇને બેઠા છે તેવામાં કોઈ શત્રુ આવીને નગર લુટવા લાગ્યો, ત્યારે સુભટાદિક તેની સામે લડવા ગયા. અને રાજાને કહેવા લાગ્યા કે:-હે રાજા! આ વખત હઠ મુકીને પોસો પારીને લડવા ચાલો, નહીં તો ગામ લુટાઈ જશે. તથાપિ રાજા પોતાના શુદ્ધ સ્વરૂપથી જરાએ પલટાયો નહીં; તેવારે દુશ્મનનું સૈન્ય પાછું નાઠું. બીજે દિવસે રાજાના ભોજનની વખતે સુભટે સઘળી વાત કહી સંભળાવી. ત્યાર પછી કેટલેક દિવસે રાજા કોઇ દુશ્મન સાથે લડવાને ગયા છે ને રત્નવતી ઘેર રહી છે, તે રાત્રિને વિષે પોસો લઇને કાઉસગ્ગ કરે છે, તેવામાં દેવતા રાજાનું રૂપ કરીને રત્નવતી પાસે આવી કહેવા લાગ્યો કે:-હે રાણી! હું વિષયસુખ ભોગવવાની ઈચ્છાએ સૈન્યમાંથી આવ્યો છું, માટે આ વખત પોસો છોડીને આલીંગન દે, તારા ઉપર વિશે ષ રાગે કરી હું હમણાં આવ્યો છું માટે વાર નહીં કર. કારણ કે સાંમંતાદીક મારી વાટ જોતા હશે, માટે તાકીદથી આલિંગન દે, મારે પાછલી રાતે પાછું જવું છે. તેવારે રાણીયે કહ્યું:-હે રાજા! આતે શું બોલો છો અને કોણ તમારી જાત છે? જ રા વિચાર તો કરો. એક ગુરૂના મુખથકી વ્રત ઉચરીને આ વા કરતાં લાજ નથી આવતી,. તેથી નરકનાં ને તિર્યંચન દુઃખ ભોગવવાં પડશે. માટે હે રાજા આ વખત તમારે અ મ્હારે કાંઇ પણ સગપણ નથી. ફક્ત ધર્મનું સગપણ છે. તે અગ્નિ વરસે તો પણ હું ચઉદસનો પોસો નહીં વિરાધું. એ રીતની ધીરજ દેખીને રાજા રીસ કરીને પાછો ગયો. અને રત્નવ ધ્યાનમાં રહી થકી પોતાના આત્માનું ચિંતવન કરવા લાગ પછી પ્રભાતે પોસો પારી જિનરાજનાં દર્શન કરી ઘેર આવ ત્યાર પછી રાજા આવ્યા તેમને સઘળી વાત રાણીએ કહી. ત્ય

રાજાએ કહ્યું. હું કાંઈ જાણતો નથી, એ કોઇ દેવનું કૃત્ય હશે. વળી રાજાએ અષ્ટમીનો પોસો લીધો છે તે દિવસે રાત્રીને વિષે દેવતા રત્નવતીનું રૂપ કરી રાજા પાસે આવી કહેવા લાગી કે,–હે સ્વામી! આજે પોસો છોડીને મારી સાથે રમો. તેવારે રાજાયે કહ્યું:–આ વાત સતિને ઘટતી નથી, અને આ વેળા હું પરપુરૂષ છું એમ સમજ. તેવારે રાણી કહેવા લાગી કે, ગુરૂ પાસે આળોયણ લઇશું, પણ આજ તો જરૂર વિષય સુખ ભોગવો; નહીં તો હું મરણ પામીશ. તેવારે રાજા મૌનપણું ધારણ કરીને પોતાના ધ્યાનમાં બેઠા; એટલે રત્નવતી પરપુરૂષ સાથે ભોગ કરવા લાગી, તોપણ રાજા જરાએ પોતાના ધ્યાનથી ડગ્યો નહીં. તેવારે તે દેવતા મંત્રીનું રૂપ પ્રગટ કરી કહેવા લાગ્યો કે, હે રાજા! મને ઓળખો છો? રાજાએ કહ્યું.– તમે અમારા મંત્રીશ્વર છો. આજ તમે ક્યાંથી આવ્યા? તેવારે દેવતાયે કહ્યું. હું પાંચમા દેવલોકથકી આવ્યો છું, તમને જેવા ભગવાને પ્રસંશ્યા તેવાજ મેં દીઠા. કેમકે પેહેલી રત્નવતીની પરિક્ષા કીધી, ને પછી આપની પરિક્ષા કરવા આવ્યો હતો, પણ આપનું વ્રત દૃઢ દેખી હું ઘણો આનંદ પામ્યો છું. એમ કહી રત્નવતીને બોલાવી રાજા રાણી બન્નેને નમસ્કાર કરી રત્નની વૃષ્ટિ કરી દેવતા પોતાને સ્થાનકે ગયો. પછી રાજા રાણી સમ્યક સહિત બારવ્રત પાળતાં થકાં અનુક્રમે કાળ કરી બારમા દેવલોકને વિષે દેવ દેવી થયાં. ત્યાં સુખ ભોગવી અનુક્રમે આજ ભરતક્ષેત્રને વિષે રાજા, રાણી તથા મંત્રી ત્રણે જણ કેવળજ્ઞાન પામી મોક્ષપદ પામશે.

ઇતિ શ્રી રત્નશિખરની કથા.

एलाची कुमारनी कथा.

આ જગતમાં પ્રાણીના શત્રુભૂત ગણાયેલા ષડ્ રિપુમાં કામ અત્યંત દુઃખે છતી શકાય તેવો છે. તેને વશ થયેલા પ્રાણીઓ કાર્યાકાર્યનો કાંઇ પણ વિચાર ન કરતાં અકાર્ય આદરે છે. કુળવ્યવહાર અને લોકલજ્જાને પણ તજી દેછે તો પછી નિતિ અને ધર્મને તજી દે તેમાં તો શી નવાઈ? આધુનિક કાળમાં પણ સ્ત્રીને વશ થયેલા, તે નચાવે તેમ નાચનારા, અર્થાત્ પ્રીત યા અપ્રીત હો પ્રમાણે તે કહે તે પ્રમાણે કબુલ રાખનારા અને માતા પિતા તથા સ્વજન વર્ગના બહુ કાળના સંબંધ કે સ્નેહને પણ માત્ર સ્ત્રીને ખોટું ન લગાડવા માટે તોડી નાંખનારા ઘણા મનુષ્યો દ્રષ્ટિએ પડે છે. પૂર્વે માત્ર એક નાટકણી જેવી નીચ જાતિની સ્ત્રીના રૂપ ઉપર મોહ પામીને એલાચી કુમાર નામના શ્રેષ્ઠિ પુત્રે પોતાના માતા પિતાની અવજ્ઞા કરી અને કુળ મર્યાદાને તજી દઇને નટપણું અંગિકાર કર્યું હતું, તેની કથા અસરકારક હોવાથી આ નિચે આપીછે.

આ જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં ઈલાવર્દ્ધન નામે નગર હતું, તે નગરમાં ધનદત્ત નામે દાતાર ગુણે કરીને પોતાના નામને સાર્થક કરનાર શ્રેષ્ઠિ વસતો હતો, તેને શિળાદિ અનેક ગુણને ધારણ કરનારી હોવાથી ધારણી એવા સાર્થકગુણવાળી સ્ત્રી હતી, તેઓ અનેક પ્રકારનું સાંસારિક સુખ ભોગવતા હતા; પરંતુ પૂર્વ કર્મની પ્રબળતાથી તેમને પુત્ર પ્રાપ્તિ થઇ નહોતી.

આ અસાર સંસારમાં પણ પુત્ર પ્રાપ્ત કરવા માટે માણસો અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, અનેક ઔષધો ભક્ષ કે અભક્ષ ખાય છે, અનેક પ્રકારના મંત્ર તંત્ર યંત્રાદિ પ્રયોગ કરાવે છે, માચાર ભટ્ટ યોગી, યતિ કે સંન્યાસી વિગેરેની પાસે આંટા મારે છે, દ્રવ્યવાનની પાસે દરિદ્રી યાચના કરે તેમ અનેક બાવા ફકીરોની પાસે પુત્રને માટે યાચના કરે છે, હાથ જોઇને ધૂર્ત ખાનારાઓ પાસે હાથ જોવરાવે છે, માઠા ગ્રહોની સાથે

જાણે તેમને મિત્રાઇ હોય તેમ અનેક ગ્રહોને અનુકુળ કરવા બ્રાહ્મણો પાસે જાપ જપાવે છે, અનેક પ્રકારની બાધા આખડીઓ રાખે છે, દેવ કુદેવનો વિચાર કર્યા શિવાય જે કહે તેની માનતાઓ માને છે અને અંતે પુત્ર પ્રાપ્તિની અનિવાર્ય ઇચ્છાથી શિળભંગાદિ અકાર્ય પણ સેવે છે.

ધારિણી અને ધનદત્ત જો કે સદ્દગુણી હતા, પરંતુ મોટી વય થતાં સુધી પણ પુત્રપ્રાપ્તિ ન થવાથી તેમણે તે શેહેરની અધિષ્ઠાતા ઈલા નામે દેવીની માનતા કરી કે, "જો અમારે પુત્ર થશે તો અમે તારી યાત્રા ભરીને એક લક્ષ દિનાર ખરચશું." આ વખતે પૂર્વ કર્મનો ક્ષય થવાથી પુત્ર પ્રાપ્તિનો મનોરથ સંપૂર્ણ થયો, ધારણીને ગર્ભ રહ્યો, અને નવ માસ પૂર્ણ થયે પુત્ર પ્રસવ્યો. ધનદત્તશેઠે પુષ્કળ દ્રવ્ય જન્મોત્સવમાં ખરચ્યું. બારમે દિવસે કુટુંબને મેળવીને ઈલાદેવીની માનતાને યોગે પુત્ર થયેલો હોવાથી એલાચી કુમાર નામ સ્થાપન કર્યું.

અનુક્રમે પુત્ર મોટો થયો, યોગ્ય વયે નિશાળે મુકયો, ત્યાં વિદ્યાચાર્યની પાસેથી થોડા વખતમાં બહોતેર કળાઓ મેળવી. કહ્યું છે કે:—"બુદ્ધિવાનને કળાભ્યાસ મુશ્કેલ નથી." એમ કરતાં કરતાં યૌવનાવસ્થા પામ્યો. કારણ કે "કાળને વ્યતીત થવું એ તો સ્વભાવિકજ છે."

એકદા તે નગરમાં એક નાટકીયાનું ટોળું આવ્યું, તેઓ નાટક કરવામાં બહુ કુશળ હતા; તેમણે નગરના મધ્ય ભાગમાં મોટો ચોક હતો ત્યાં પોતાની નાટકકળા બતાવવા માટે આકાશમાં પહોંચે તેવો લાંબો વાંસ આરોપણ કર્યો અને અપૂર્વ નાકટકળા બતાવવા માંડી. નગરના લોકો મોટી સંખ્યામાં ત્યાં જોવા આવ્યા. એલાચીકુમાર પણ પોતાના મિત્રોસહિત ત્યાં જોવા આવ્યો.

તે નાટકીઆની એક પુત્રી યૌવનાવસ્થાને પામેલી તેની સાથે હતી તે પણ અનેક પ્રકારની પોતાની કુશળતા બતાવતી હતી, તેનું રૂપ અને લાવણ્ય જોનારા કામીજનોના મન ઉપ

રંજન કરવાને માટે બસ હતું. તેના માથાની વેણી વાસુકી નાગના જેવી લાંબી અને શ્યામ હતી, મૃગ સરખાં નેત્ર હતાં, દીપશિખા જેવી તેજ મારતી નાશિકા હતી, અષ્ટમીના ચંદ્ર સરખું ભવ્ય કપાળ હતું, પુર્ણિમાના ચંદ્રજેવું વર્તુલાકાર, ઉજ્વળ અને કામીજનોને દગ્ધ કરવા માટે અમૃતને મિષે વિષ વરસાવતું વદનકમળ હતું, બિંબફળ જેવા રક્ત હોઠ હતા, દાડમની કળી જેવી સમશ્રેણીવાળી ઉજ્વળ દંતપંક્તિ હતી, કમળનાળ જેવી બે બાંહો હતી, મૃદુ અને ઉજ્વળ આંગળીઓ હતી, સિંહ સરખી કટી હતી, કૃશ ઉદર હતું, વક્ષોજ જંબીરના ફળ જેવા શોભતા હતા, કદલીતુલ્ય જંઘા હતી, કુર્મોન્નત ચરણ હતા અને હાથણી સરખી ચાલ હતી. તેને જોતાં મનુષ્યો વિચારમાં પડતા કે આતે શું ઇંદ્રાણી છે, અપ્સરા છે કે ઉર્વશી છે? દેવાંગના પણ તેના રૂપની પાસે હારી જાય તેવું તેનું રૂપ હતું. આવી સ્વરૂપવાન સુંદરીને જોઇને એલાચીકુમારનું હૃદય કામબાણવડે વિંધાઇ ગયું.

કામદેવનાં બાણ પુષ્પ સરખાં કોમળ અને જેના પ્રહારની આગિકામાં કાંઇ પણ નિશાની ન થાય તેવાં હોવા છતાં અંતરપણને તો અત્યંત ભેદ કરી નાંખનારાં છે. ઉપરથી શિતળ જણાતાં છતાં અંદરથી દાહ કરનારાં છે, ઉપરથી તેનો ઉપભોગ મિષ્ટ લાગે છે છતાં પરિણામે સદા અનિષ્ટ છે. શરીરના ઘા રૂઝાય છે પણ આનો ઘા રૂઝાતોજ નથી. નાગપાશમાં બંધાએલો શુરવીર પુરૂષ છુટી શકે છે પરંતુ કામદેવના કામપાશમાં બંધાએલો પ્રાણી છુટી શકતો નથી. લોઢાની સાંકળને તોડી નાંખવાની શક્તિ ધરાવનાર હસ્તિ પણ [illegible] રૂપી છુટી શકતો નથી તેમ વજ્રના બંધનને પણ [illegible] ધરાવનાર ધીર પુરૂષ પણ [illegible] છુટી શકતો નથી. [illegible] [illegible] ઉપરથી ઉતરી અને [illegible] [illegible] એલાચીકુમારના [illegible] [illegible]

સ્તંભનપ્રયોગવડે કોઇએ સ્તંભી રાખ્યો હોય તેમ એલાચીકુમાર ત્યાંથી ખસ્યો નહીં. છેવટે અત્યંત આગ્રહ કરીને મિત્રોએ ત્યાંથી ચલાવ્યો અને તેને ઘરે લાવ્યા.

એલાચીકુમાર કામજ્વરે પીડીત થયો થકો એક ઓરડી [illegible] ખાટલી ઉપર જઇને માતા પિતાથી રીસાઇને સુતો, અને અનેક પ્રકારના માઠા સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો; તેના પિતા ઘરે આવ્યા અને ભોજન વેળા થયેલ હોવાથી પુત્રને જમવા માટે બોલાવ્યો. પણ આની દશા તો અતિ વિહ્વલ થયેલી હોવાથી કાંઇ પણ જવાબ ન આપતાં તે નાટકણી સંભારી સંભારીને આંસુ પાડવા લાગ્યો. ધનદત્ત શેઠ પોતે ત્યાં આવ્યા અને "શા માટે આમ કરે છે?" એમ પુછ્યું. તેવારે કામદેવનું રાજ્ય અખંડ પ્રવર્તિ ગયેલું હોવાથી અને તેણે લજ્જા તથા કુળમર્યાદાને અંતઃકરણમાં પેસીને રજા આપી દીધેલી હોવાથી કુમાર પિતાની લજ્જત, શરમ અને મર્યાદા નષ્ટ કરીને બોલ્યો કે:-"પેલી નાટકણીને બોલાવીને જો મારી સાથે પરણાવો તો મારે અન્ન પાણી લેવાં છે, નહીં તો ખાવું હરામ છે." જુઓ કામદેવની ચેષ્ટા! જુઓ તેની એક ક્ષણમાં અજબ કેવી ગયેલી અપાર સત્તા! શેઠ તો એકાએક સ્તબ્ધ થઇ ગયા કે આવો ગુણવાન—વિનયવાન પુત્ર આ એકાએક શું બોલે છે? ક્યાં તે નાટકણી અને ક્યાં આપણે વ્યવહારી? ક્યાં તે ભિખ માગવા ભટકનારી અને ક્યાં આપણે અનેક દીનદુ:ખીને દાન આપનારા. ક્યાં તે નીચ જાતિ અને ક્યાં આપણે ઉત્તમ જાતિ, ક્યાં તે [illegible]

પરણાવીશ; પણ આવું કુળને કલંક આપનારૂં કાર્ય આપણાથી કેમ બને? માટે આવો દુરાગ્રહ તજી દે અને મારી શિખામણ માની જમવા ઉઠ.” પરવશ થયેલા એલાચીકુમારે પિતાની હિતશિક્ષા માન્ય કરી નહીં અને જમવા પણ ઉઠયો નહીં. આ શેઠે કાયર થઈને આવા કનીષ્ઠ વિચારવાળા પુત્રની ઉપેક્ષા કરીને પોતે એકલાએ ભોજન કર્યું.

જુઓ જે પુત્રને માટે મોટી મોટી આશાઓ બાંધીને એ શેઠે પ્રયત્નો કર્યા, અનેક પ્રકારના મિથ્યાત્વ સેવ્યા, કુપાત્રોનું પોષણ કર્યું અને અગણિત દ્રવ્ય ખરચ્યું, તેજ પુત્ર આવા વખતે જ્યારે તેની ઉપર ગૃહભાર મુકીને ગૃહકાર્યથી ફારેગ થવાનો વખત આવ્યો ત્યારે આશામાત્ર ધૂળ મેળવવા બેઠો; માટે એવી મિથ્યા આશા ધરાવવી એ સુજ્ઞોને ઘટીતજ નથી.

એલાચીકુમાર જ્યારે પોતાના પિતાની સાથે ફાવ્યો નહીં ત્યારે એકાંતમાં છાનો તે નાટકણીના પિતાને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે:—“જો તમે તમારી રંભા જેવી પુત્રી મને પરણાવો તો હું તમને પુષ્કળ દ્રવ્ય આપું, અને તમારૂં જન્મ દરિદ્ર ટાળી દઉં.” એવું સાંભળી નાટકીઓ બોલ્યો કે:—“હે શ્રેષ્ઠિ પુત્ર! અમે કાંઈ અમારી પુત્રી વેચવા નિકળ્યા નથી, વળી તું અમને કેટલું દ્રવ્ય આપનારો હતો? અમારે તો એ પુત્રી અક્ષયનિધાન જેવી છે; એના યોગે અમે બેસુમાર માણેક, મોતી, હીરા, સુવર્ણ અને વસ્ત્રાદિક મેળવીએ છીએ. વળી જો અમે એ પુત્રી તારી સાથે પરણાવીએ તો અમારૂં કુળ લાજે અને અમારી પુત્રી વટલે-તો એવું કાર્ય અમે કેમ કરીએ? તમે વાણીયા ગરીબ રાંક જાત અને અમે મહા સાહસીક જાત તો અમારો ને તમારો યોગ કેમ મળે? સાહસીકને કાયર મળે તો બાન કુબાન દેખાય; માટે અમે તો અમારી પુત્રીને અમારી જાતમાં પરણાવશું કે જેથી અમારી શોભા વધશે. કેમકે પોત પોતાના કુળની રીતે ચાલતાં પોતાની શોભા વધે છે અને કુળ રીવાજ વિરૂદ્ધ ચાલતાં હાંસી થાય છે.”

જુઓ આવા નિચ જાતિવાળા નાટકીઆને પણ પોતાના કુળનું અભિમાન કેટલું છે? અને કુળના રીવાજ વિરૂધ વર્તતાં કેટલો બધો અચકાય છે? પણ ધિક્કાર છે એલાચીકુમાર જેવા કામી જનોને કે જે પોતાની કુળ મર્યાદાનો લોપ કરતા બિલકુલ શંકાતા પણ નથી. એલાચીકુમારે નાટકીઆને બહુ બહુ રીતે મનાવ્યો અને નીચા નમી પગે લાગીને ' તમે પોતાની પુત્રી શી રીતે મને પરણાવો ? ' એવો આધિનતા ભરેલો પ્રશ્ન પુછયો. તેવારે નાટકીઆએ કહ્યું કે:—

હે શ્રેષ્ટિ પુત્ર! " જો તમારે મારી પુત્રી સાથે પરણવું જ હોય તો તમારૂં ઘરબાર, સગાંસંબંધી, નાતજાત સર્વે તજી દઇને અમારી સાથે ચાલો, નાટકની કળા શીખો અને પછી કોઇક રાજાને તમારી કળા બતાવીને રીઝવી પુષ્કળ દ્રવ્ય મેળવો, પછી તે દ્રવ્યવડે અમારી જ્ઞાતિને જમાડીને સંતોષ પમાડો એટલે પછી તેમની રજા મેળવીને હું મારી પુત્રી તમને પરણાવીશ." કામના પરવશપણાથી એલાચીકુમારની બુદ્ધિ નષ્ટ થઇ ગઈ અને તેણે નાટકીઆના કહેવા પ્રમાણે બધી વાત કબુલ કરી. જુઓ કામની પ્રબળતા! હૃદયપ્રદિપ ષટ્ત્રીંશીકામાં કહ્યું છે કે:—

यदर्जितं वै वयसाखिलेन ध्यानं तपो ज्ञान मुखं च सत्यं ।
क्षणेन सर्व प्रदहत्यहोयत् कामो बली प्राप्यबलं यतीनां ॥१॥

ભાવાર્થ:—જન્મપર્યંત ધ્યાન, તપ, જ્ઞાન અને સત્ય વિગેરે જે કાંઇ કરેલું હોય તે સર્વેને કામદેવ બળવાન થાય છે ત્યારે એક ક્ષણમાત્રમાં બાળીને ભસ્મ કરી દેછે.

ઉપર પ્રમાણેની વાત સ્વીકારીને એલાચીકુમાર પોતાના માત પિતાને, છતી ઋદ્ધિને, કુળમર્યાદાને અને ચતુરાઇને તજી દઇને રાત્રે છાનોમાનો ઘરેથી નિકળી નાટકીયાના ટોળામાં ભળી ગયો. સુંદર અને સુશોભિત વસ્ત્રો તજી દઇ કાચ્છ વાળ્યો, આગળ ઢોલ બાંધ્યો, વાંસે વસ્ત્રાદિકની ગાંસડી બાંધી, એક

મભે વાંસ લીધો અને બીજે ખભે સરસામાનની કાવડ ઉપા-
ડી. આ પ્રમાણે ભિક્ષાચરપણે તે નાટકીયાની સાથે ભમતાં ભ-
મતાં બુદ્ધિવાન્ હોવાથી થોડા વખતમાં તેની સર્વ કળા શિ-
ખ્યો. જુઓ કર્મની વિચિત્રતા! એક વ્યવહારીઆના પુત્રને ઘ-
ડીમાં ભીખ માગતો અને ઘરે ઘર ભટકતો કર્યો. ખરેખર કર્મ
પરિણામ રાજા મહા દુર્જય છે.

હવે તે નાટકીયાની પુત્રી પણ એલાચીકુમારની સુંદરતા
અને પોતાને અર્થે ઘરબાર છોડી દઇને બતાવેલું સાહસીકપણું
જોઇને તેના ઉપર મોહિત થઈ હતી, પરંતુ માતપિતાની આ-
જ્ઞા લોપીને કાંઈ પણ વિપરીત વિચાર કરતી નહોતી. એવી
નીચ જાતિમાં પણ મર્યાદાનો પ્રતિબંધ કુળવાન જેવોજ હોય છે.

એકદા તે નાટકીયાએ એલાચીકુમારને સર્વ કળામાં પ્રવિણ
થયેલ જાણીને કહ્યું કે:-"હવે તમે આ સર્વ સાજ લઇને બેના-
ટ નગરે જાઓ અને ત્યાંના રાજાને રીઝવી દ્રવ્ય સંપાદન
કરી લાવો, જેથી તે દ્રવ્યવડે જ્ઞાતિવર્ગને સંતોપીને હું મારી
પુત્રી તમને પરણાવીશ." એલાચીકુમારે તે વાત સ્વીકારી અને
નાટકીઆની પુત્રી સહિત સર્વે સાજ લઇને બેનાતટ નગરે
પહોંચ્યો.

ત્યાં જઈ નગરના રાજાને મળ્યો અને પોતાનું નાટક જોવ
વિનંતી કરી. તેવારે રાજાએ કહ્યું:-"મેં બહુ દિવસથી તમારું નાટ
સાંભળ્યું હતું, માટે તમે ભલે આવ્યા. આ રાજમંદિરના ચોકમ
નાટક કરો અને મને રીઝવો એટલે હું તમને પુષ્કળ દાન આ
પી રાજી કરીશ." એલાચીકુમારે તરતજ રાજમહેલના મ
ભાગમાં એક અત્યંત ઉંચો વાંસ રોપ્યો, અને તેની ફરતા
મજબુત દોર બાંધી લીધા, રાજાએ પણ બેઠક કરાવી અને અં
ઉત્સાહિત જોવા આવીને બેઠો, નગરલોક પણ જોવા મળ
એલાચીકુમારે વાંસની ઉપર એક પાટીયું મંડાવ્યું, તેની ઉ
શૂળી આરોપી અને શૂળી ઉપર એક સોપારી મુકાવી; પ
પોતે પગે ઘુઘરા બાંધી અને પગમાં પાવડીઓ પહેરી, એક

થમાં ઢાલ અને બીજા હાથમાં તરવાર રાખી વાંસ ઉપર ચડયો. ઠેઠ ચઢીને શૂળી ઉપર રાખેલી સોપારીની ઉપર પોતાની ડુંટી રાખીને કુંભારના ચક્રની પેઠે ઘુમરી દેવા લાગ્યો તે સાથે બંને હાથમાં રાખેલ ઢાલ તરવાર પણ અનેક પ્રકારે ફેરવવા લાગ્યો. બીજા નાટકીઆઓ અનેક પ્રકારનાં વાજીંત્ર વગાડવા લાગ્યા અને નાટકણી સોળ શણગાર સજી, નાની ઢોલકી બાંધી, મધુર સ્વરે ગાવા અને બજાવવા લાગી. તે પ્રસંગે વાંસના મૂળની પાસેજ ઉભી રહીને પોતાના પ્રીતમનું ધ્યાન કરતી છતી તે વિચારવા લાગી કે:-"આ મારો પ્રીતમ મારે માટે પોતાના માતા પિતાને તજી દઈને આવ્યો છે, જે રાત દિવસ આવાસ ભુવનમાં રહેતો હતો તે મારે માટે વાંસ ઉપર ચડયો છે, જે આછાં સુકોમળ વસ્ત્ર પહેરતો હતો તે કચ્છ પહેરીને અર્ધ નગ્ન રહે છે, પોતાની પાસે ગવૈયાઓનું ગાન કરાવતો તે લોકો આગળ ગાય છે, જે અનેક યાચકોને સુવર્ણનું કરોડો ગમે દાન દેતો તે મારે માટે ઘરે ઘર હાથ જોડીને માગે છે, જે અનેક પ્રકારની રસવતી જમતો તે ઘરે ઘરથી ટુકડા માગીને ખાય છે, તેથી હવે તો અહીં નાટક કરીને કુશળક્ષેમે જો ઉતરે અને દાન મેળવે તોપછી મારા માત પિતા એની વેરે મને પરણાવે. માટે હે પ્રભુ! એની સર્વ આશા સંપૂર્ણ કરજો અને અમારા બંનેની જોડી મેળવજો.

નાટકણી આ પ્રમાણે વિચારે છે તેજ વખતે તેને જોઈને રાજાનું મન મોહ પામ્યું, તેથી વિચારવા લાગ્યો કે:--"અહો! આનું રૂપ, આનું લાવણ્ય, આની ચાલ અને આની ચતુરાઈ અનુપમ છે. જો મને એની પ્રાપ્તિ થાય તો હું બીજી બધી રાણીઓનો ત્યાગ કરૂં. અહિં! [illegible] મારો જન્મારો નિષ્ફળ છે. માટે આ નાટકીઓ જો નાટક કરતાં ઉપરથી પડીને મરણ પામે તો હું [illegible] કરીને [illegible] કરી લઉં." આ પ્રમાણે રાજા વિચારે છે [illegible] ઉપરથી [illegible] [illegible] [illegible] રાજા [illegible]

સર્વ લોકો બહુજ પ્રસન્ન થયા અને વિચારવા લાગ્યા કે:— "આવી અપૂર્વ કળા આ ક્યાંથી શિખ્યો? હવે જો રાજા એને દાન આપે તો આપણે પણ સૌ એને દાન આપીએ." એટલામાં તો વિષયવશ થયેલો રાજા બોલ્યો કે: "હે નાટકીયા! રાજકાજના ધ્યાનમાં પડી જવાથી હું તારૂં નાટક જોઇ શક્યો નથી તેથી ફરીને નાટક કર એટલે હું તને દાન આપી તે સંતોષ પમાડું."

લોભને વશે દીન અને કામને વશે હીન થયેલો એલાચી કુમાર ફરીને પ્રાણસંશયકારક વાંસ ઉપર ચડી અનેક પ્રકારે નાટક કરીને બીજીવાર નિચે આવી રાજાને સલામ કરી ઉભો રહ્યો. રાજાએ વિચાર્યું કે "આતો બીજીવાર પણ કુશળક્ષેમ ઉતરીને આવ્યો, મારૂં ધાર્યું ફળીભૂત થયું નહીં તો એના જીવતાં હું નાટકણી કેમ મેળવી શકું, તેથી ફરીવાર વળી નાટક કરવાનું કહું." આ પ્રમાણે વિચારીને રાજા બોલ્યો કે-"આ વખત પણ વિકળપણાથી હું નાટક જોઈ શક્યો નથી તેથી ત્રીજીવાર કરી બતાવ એટલે દાન આપું." આથી સર્વે લોકો રાજાની પાપવૃત્તિ સમજી ગયા કે રાજાએ આ નાટકણીને લેવાની બુદ્ધિથી પ્રપંચ આદર્યો છે. લોકો આવા દુર્વિચારથી બહુ દુભાણા પણ પ્રજા બિચારી શું કહી શકે; એતો આજ્ઞાને આધિન થયેલી હોય છે. એલાચીકુમાર પણ સમજી ગયો કે, "રાજાની બુદ્ધિ બગડી છે અને મારી સ્ત્રીને માટે એણે આ અધમતા આદરી છે, અરે! કામાતુર મનુષ્ય શું શું અકાર્ય નથી કરતો? પણ મારે તો હાલ એ વાતનો વિચાર ન કરતાં ત્રીજીવાર નાટક બતાવીને પણ એની પાસેથી દાન લેવું અને એનું ધાર્યું થવા દેવું નહીં." આ પ્રમાણે વિચારી ત્રીજીવાર નાટક કરવા તૈયાર થયો. સાથેના નાટકીયાઓએ પણ શુરાતન ચડાવ્યું કે "તું ભલો છું, હુંશિયાર છું, નાટકીયામાં શિરોમણી છું, માટે ત્રીજીવાર નાટક કરીને પણ રાજાનું મન રીઝવ." આ પ્રમાણે બોલતાં ઢીગાંગ ઢીગાંગ ઢોલ બજાવવા લાગ્યા. એ-

લાચીકુમાર ગજગતિએ વાંસ ઉપર ચડયો અને નિર્વિઘ્ને ત્રીજી વાર નાટક કરી નિચે ઉતરી રાજાની સામે આવી ઉભો રહ્યો.

રાજા બહુજ ઝંખવાણો પડી ગયો, મનની ધારણા મનમાંજ રહી ગઈ, હવે શું કહેવું તેના વિચારમાં પડી ગયો; પરંતુ અંતે કામદેવે ધૃષ્ટતા શિખવી એટલે બોલ્યો કે:—"હે નાટકીઆ! જોઇ શું રહ્યો છે; ચોથીવાર નાટક કર એટલે પુષ્કળ દ્રવ્ય આપીને ન્યાલ કરી દઉં."

આ પ્રમાણેનાં રાજાનાં વચન સાંભળીને તેની રાણી જે નાટક જોવા બેઠેલી હતી તેણે વિચાર્યું કે જરૂર રાજાની બુદ્ધિ આ નાટકણીને જોઇને નષ્ટ થઈ ગઇ છે તેથી ધિક્કાર છે એ રાજાને! કે જે મારા જેવી ઉત્તમ કુળવાન રાણીઓ છતાં આવી નીચ નાટકણી ઉપર મોહીત થઈ આ નાટકીઆને ફોકટ વિટંબણા પમાડે છે.

હવે એલાચીકુમારને કાંઇક નાહિંમત થયેલા દેખીને નાટકણીએ કહ્યું કે:—"હે પ્રીતમ! વિચાર શું કરો છો, હિંમત લાવીને ચોથીવાર ચડો અને દુશ્મનની ધારણા નિષ્ફળ કરો." એવાં વચન સાંભળતાંવેંતજ એલાચીકુમાર વાંસ ઉપર ચડયો અને પૂર્વવત્ નાટક કરવા લાગ્યો; એટલામાં એક સાધુ ગલીએ ગલીએ શુદ્ધમાન આહારની ગવેષણામાં ફરતા હતા તેમની ઉપર તેની નજર પડી.

એવામાં તે મુનિએ ફરતા ફરતા એક ધનપતિ શેઠના ઘરમાં પ્રવેશ કર્યો, તે ઘરમાં તે શેઠની સ્ત્રી મહા રૂપવંત પદ્મીની એકલીજ હતી. મુનિને આવતા દેખી શ્રાવિકા તરતજ ઉભી થઈ મુનિના સત્કાર કર્યો અને બોલી કે:—અહો! મારા પૂર્ણ ભાગ્યનો ઉદય થયો જેથી ચિંતામણી રત્ન મારે હાથ ચડયું. હે મુનિરાજ! તમે તરણ તારણ જહાઝસમાન છો તો મારા ઘરને પાવન કરો. આ પ્રમાણે કહીને સિંહ કેસરીઆ મોદકનો થાળ ભરી સામી ઉભી રહી, અને મોદક વહોરાવવા માટે આગ્રહ કરવા લાગી. મુનિ મહા સમતાવાન નિચી દ્રષ્ટી રાખીને ઉભા રહ્યા.

…, એક ક્ષણ પણ ઉંચી નજર કરીને તેની સામું જોતા નથી. આ પ્રમાણેનો દેખાવ જોઇને એલાચીકુમાર વિચારવા લાગ્યો કેઃ-

અહો! આ ઇંદ્રાણી જેવા રૂપવાન સ્ત્રી હાવભાવપૂર્વક મ… હા ઉત્તમ મોદક વહોરાવે છે અને એકાકીપણે સામી ઉભી છે પણ ધન્ય છે આ મુનિરાજને! કે જે તેની સામું પણ જોતા નથી. આવા એકાંતમાં આવી કંચનવરણી સ્ત્રીને જોતાં પણ એમનું મન લેશમાત્ર ડગતું નથી, એમને પણ એમની મા… એ જણ્યા છે; અને મને પણ મારી માએ જણ્યો છે, પરંતુ મારામાં અને એમનામાં મેરૂ અને સરસવ જેટલો અંતર છે. ક્યાં એ ને ક્યાં હું? હું મહા ભારેકર્મી છું કે જે કુળ આચાર મુકીને આ નાટકણી ઉપર મોહ પામ્યો છતો ગામેગામ ભટકું છું; અત્યારે જો આ વાંસ ઉપરથી હું પડું અને એ નાટકણીના ધ્યાનમાં મરણ પામું તો જરૂર મારો ન… …માંજ નિવાસ થાય. હું દ્રવ્યની વાંછાએ દેશોદેશ ભમું છું …ણ મને દ્રવ્યની પ્રાપ્તિ થતી નથી અને આ મુનિરાજ આ… …નાં છતાં પણ લેતા નથી, માટે ધન્ય છે એ મુનિને અને ધન્ય … તે વેળા અને ઘડીને કે જે અવસરે આ સર્વ જંજાળને તજી …અને મુનિપણું અંગિકાર કરી શકાશે. આ પ્રમાણેની શુભ ભાવનાએ ચડતાં તેનાં ઘાતિકર્મ ક્ષય થઈ ગયાં અને જાણે અભિનવ સૂર્ય ઉગ્યો હોય તેવું લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન તત્કાળ ઉત્પન્ન થયું.

રાજાની બુદ્ધિ પણ તેજ વખતે પાછી વળીને ઠેકાણે આવી, તે વિચારવા લાગ્યો કેઃ અહો! આ મેં શું માઠો વિચાર કર્યો, રૌદ્રધ્યાન અને કૃષ્ણલેશ્યા વડે મેં નર્કનાં દળીયાં મેળવ્યાં, તો હવે હું તેથી કેવી રીતે છુટી શકીશ? અહીં મેં અપકીર્તિ પણ ન ગણી, પરસ્ત્રીગમનનું પાપ પણ ન ગણકાર્યું અને કુળને ખાંપણ લાગશે તેનો પણ વિચાર ન કર્યો. ધિક્કાર છે મને! અહો આ સ્ત્રી કે જેના અગ્યાર દ્વારથી તો નિરંતર અશુચી વહ્યાજ કરે છે, જે અશુચિનો ભંડાર છે, કપટની કોથળી છે

અને પ્રપંચની પુતળી છે, એનામાં મોહ પામવા જેવું શું છે? આ પ્રમાણે ચિંતવતાં અને શુભ ભાવનાએ ચડતાં તેને પણ તેજ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

એ અવસરે રાણી પણ મનમાં ચિંતવવા લાગી કે,–અહો! જુઓ આ મારા પ્રાણપતિ રાજાનો અન્યાય અને અકાર્ય કરવામાં પ્રવર્તતી બુદ્ધિ! કે જે મારા જેવી રાણીયો છતાં આ નીચ નાટકણીમાં મોહ પામી રહ્યા છે, પણ એમાં એનો વાંક નથી; કેમકે મોહનું રાજ્ય આ જગતના સર્વ પ્રાણિયોની ઉપર અખંડ પ્રવર્તે છે, મોહ રાજા મહા ભડવીર છે અને તે જેમ નચાવે તેમ પ્રાણી માત્ર નાચે છે.

કહ્યું છે કેઃ—

वलादसौ मोहरिपुर्जनानां ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं ही जगद्विनष्टं तत्वार्थबोधादपयाति मोहः ॥१॥

ભાવાર્થઃ–આ મોહરૂપ શત્રુ બળાત્કારે પ્રાણીઓના જ્ઞાન અને વિવેકને દુર કરી નાંખે છે, મોહનું પરાભવેલું આ જગત વિનાશ પામેલું છે, તે મોહ માત્ર તત્વાર્થના બોધથીજ દૂર થાય છે.

આવા મોહને, વિષય બુદ્ધિને અને આ સંસારને ધિક્કાર છે, ધન્ય છે તે મુનિરાજને કે જેમણે એનો સંગ ત્યજી દીધો છે, એવો શુભ અવસર ક્યારે આવશે કે હું પણ આ સર્વ સંગને તજી દઇને મોક્ષ માર્ગના જમાનરૂપ ચારિત્ર ધર્મને અંગિકાર કરીશ. આ પ્રમાણેની શુભ ભાવના ભાવતાં તે રાણીને પણ તેજ વખતે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે તે અવસરેજ નાટકણી મનમાં ચિંતવે છે કે:—અહો! વિષય વિલાસને ધિક્કાર છે કે જેને માટે ધન, ધામ અને માત પિતાને છોડીને આ આશ્ચર્યકારક પ્રપંચમાં આ મારા પ્રીતમને પડવું પડ્યું છે. વળી મારા રૂપને પણ ધિક્કાર છે કે જેની ઉપર મોહ પામીને આ ઇલાચીકુમારે કુળમર્યાદા

અને આ રાજા પણ કુળમર્યાદા નજરમાં રાખે ઘણો છે. આ-
ઇલાચીકુમારની ઉપર આ શી મમતા! ધન્ય છે તે મહા પુરુ-
ષો કે આવા અશુચિ દેહ ઉપરની મમતા તજી દઈને દીક્ષા
રૂપ ચારિત્ર ધર્મને અંગીકાર કરે છે. આવી શુભ ભાવના ભાવતાં
જ વખતે તેને પણ કેવળજ્ઞાન ઉપજ્યું. તે વેળાએ તત્કાળ શાસ-
નદેવતાએ આવીને મુનિવેષ આપ્યો, અને સુવર્ણ કમળની રચના
કરી ત્યારે કેવળીનો જ્ઞાન મહોત્સવ કર્યો. સુવર્ણ કમળપર બેઠા
થકા શ્રી ઇલાચીકુમાર કેવળી દેશના દેવા લાગ્યા કેઃ—“અહો
ભવ્ય જીવો! આ અસાર સંસારની માયા તમામ કારમી છે,
અસ્થિર છે, ક્ષણમાં વિનાશ પામી જાય તેવી છે, તો તેના ઉ-
પર બિલકુલ મમતા કરશો નહીં, વળી જીવદયા પાળો, સત્ય
બોલો, અદત્ત કાંઈ પણ ગ્રહણ ન કરો, જેમાં નવલાખ બેઇંદ્રી
અને અસંખ્ય સુક્ષ્મ જીવોનો વિનાશ છે એવા સ્ત્રી સેવનને
તજી દ્યો, એક ક્ષણમાત્રના અને માની લીધેલા ખોટા સુખને
માટે એટલા બધા વિનાશ કરવાથી દૂર રહો, તેમજ પરિગ્રહ-
નો સંગ ત્યજી દો, કારણ કે રત્નનો મોટો ઢગલો મળે તો પણ
આ પ્રાણીને તૃપ્તિ થાય તેમ નથી. માટે તૃષ્ણાને વધારનાર પ-
રિગ્રહ ગ્રહણ કરવા યોગ્યજ નથી.”

ઇત્યાદિક દેશના સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા,
કેટલાકે ચારિત્ર અંગિકાર કર્યું, કેટલાકે શ્રાવકનાં વ્રત ગ્રહણ
કર્યાં, કેટલાક સમકિતધારી થયા. તે અવસરે મુનિવર્ગને ઉદ્દે-
શીને કેવળી કહેવા લાગ્યા કેઃ—હો મુનિઓ! ચારિત્ર અંગિ
કાર કરીને તેની રૂડી રીતે પ્રતિપાળના કરજો, ચારિત્ર મહા
રસાયણ છે માટે તેને પાચન કરવા શુદ્ધ ક્રિયાનો ખપ કરજો,
મોહમમતા તજી દેજો, તપસ્યા આદરજો, આઠ પ્રવચનમાતા
નું સેવન કરજો, જિનવચનને અંતઃકરણથી સદ્દહજો, બાવી
શ પરિસહને ખમજો, અને મુનિના વેષની કે મલીનપણાની
દુગંછા ન કરશો; જો કરશો તો આ નાટકણીની પેઠે નીચ
જાતિમાં ઉપજશો. તેમજ ચારિત્ર લીધા પછી સ્ત્રી ઉપરનો મો

પાલણપુર.

ભણુસાલી ગગલ રાયચંદ

કચ્છ.

શા. સોમચંદ ધારસી
શા. પાંચુભાઇ જેઠાભાઇ

ધુળીયા.

જૈનશાળા ખાતે ખીમજી ભીમજી
શા. હીરજી રતનશી
શા. લખમીચંદ હંસરાજ
શા. જીવરાજ ખીમજી
૧ શા. ઉભઈયાભાઇ રાઘવજી
૧ ફોજમાલજી માનમાલજી
૧ શા. હુકમાજી ખુદાજી
૧ શા. મોંગીલાલ મુતાનચંદ
૧ શા. આસરીયા દેવણાધ
૧ શા. ગુલાબચંદ ભલાખીદાસ
૨ શા. કેસવજી ભારમલજી
૧ શા. ભોણજી ઉકેડા
૧ શા. જોગીલાલ ગુલાબચંદ
૧ શા. વીસનજી લધા
શા. વીસનજી રતનસી
૧ શા. કસનદાસ રઘુનાથ
૧ શા. રૂપા જસોજી
૧ શા. ભોણજી દેવજી
૧ શા. આણંદજી નરસી
૧ શા. લખમીચંદજી રૂપલાલજી
૧ શા. ડાયાજી લધાજી
૧ શા. આઇદાનજી ઝાબક

ફલોધીવાળા

શા. અંબાઈદાસ સોમદાસ
શા. નાવચંદ અમરચંદ

હલધા.

૧ શા. કાનજી તેજસી

કોચીન બંદર.

૧ ઠાકરશી ડુંગરશી

શ્રીકચ્છઆઇ સુદાવાળા.

તિલેરા.

૩ શા. હરખચંદ ગુલાબચંદ

અંબલનેર.

૧ શા. મગનલાલ ખેમચંદ
૧ શા. દગડુશા તીલોકચંદ
૧ શા. ચુનીલાલ નાહાલચંદ
૧ શા. ભુખણભાઇ વેલચંદ

માંડલ.

૧ વોરા. ભાઇચંદ સોભાગ
૧ શા. છગન માવજી
૧ ગાંધી. ઠાકરશી કાનજી
૧ શા. ડોસાભાઇ દામોદર
૧ વોરા. માયા અંબાઈદાસ

બારડોલી.

૫ જૈનશાળા તરફથી શા. દેવાજી
૧ શા. દેવચંદ જીવણજી

આડનબંદર.

૧ ભણશાલી રતનજી વી. ગંગા

એડન કેંપ.

૧ શા. વસનજી કેશવજી
૧ શા. બેહેચર વી. પ્રેમજી
૧ શા. જેચંદ ગોપાલજી
૧ શા. મેઘજી ચાંપશી
૧ શા. માવજી બાવા
૧ શા. મોતીચંદ ખુશાલ
૧ શા. કચરા વહાલજી
૨ શા. પ્રાગજી વી. અંદર

આંબેગામ.

૧ શા. નાહાલચંદ નાગર

વલસાડ બંદર.

૧ શા. રામચંદ નાહાલચં

ઘોડા.

૧ શા. રતનચંદ પીતાંબર

વ્યારા.

૧ શા. રતનચંદ લખમીચં

દુદખા.
શા. હેમચંદ ગેલાચંદ
અગાશીબંદર.
શા. ખીમચંદ હીરાચંદ
બેરા.
શ્રી જૈનજ્ઞાનોદય સભા તરફથી
શા. સોમચંદ પાનાચંદ
મલેકપોર.
શા. ગોતીભાઈ હકમાજી
આરોલા.
૧ શા. ભાઈચંદ બેહેચર
બાલાપુર.
૧ શા. ઇશ્વરદાસ અમીચંદ
પાદરા.
૧ મુનિરાજ દેવવીજેજી
[illegible] કારીઆ.
૧ શા. કપુરચંદ વમળાચંદ
વાસણા.
૧ શા. હરીલાલ અંબાઇદાસ
વીરાવાવ.
૧ પટેલ ઉજમ રાયચંદજી
રંગુન.
૧ ઝવેરી મનસુખલાલ સુરજમલ
કપડવંજ.
૧ દોશી. કરમચંદ વીરચંદ
૧ શા. [illegible] ઠાકરશી
૧ શા. [illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ [illegible]
[illegible]
૧ [illegible]
[illegible]
[illegible]
૧ શા. [illegible]
૧ [illegible]

માલુસા.
૧ શા. પુલચંદ જીવરાજ વકીલ
બુહારી.
૧ શા. કચનાજી મનાજી
લહુકા.
૧ શા. તરસેવન ભુધ
પારોલા.
૧ શા. મેઠાભાઈ રીનજી
૧ શા. વીમનજી અરજણ
૧ શા. વીરજી ઠાકજી
૧ શા. ચાંપશીભાઈ મુનશી
૧ શા. હીરાચંદ રતનચંદ
૧ શા. રતનશી નાથાભાઈ
૧ શા. ધરમજી નાથાભાઈ
૧ શા. [illegible]
૧ શા. વેરશી અરજણ
૧ [illegible]
[illegible]
[illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ [illegible]
શા. [illegible]
[illegible]
૧ દોશી. [illegible]
[illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ શા. [illegible]
[illegible]
૧ [illegible]
[illegible]
૧ [illegible]

જૈન કથા સંગ્રહ.

ભાગ ૧ લો.

છપાઈ બહાર પડી ચુકયો છે અને જેની આઠસો કોપી ટુંક મુદતમાં ખપી ગઇ છે. ફકત નકલ નંગ ૨૦૦) બસો સીલક છે. ભોયણીજીના દેરાસરના ફોટોગ્રાફ સાથે તેની કીંમત રૂ૧-૪-૦ રાખવામાં આવેલ છે. ટપાલ ખર્ચ મંગાવનારના માથે સમજવું.

જૈનકથા સંગ્રહ ભાગ ૨ જાના અગાઉથી થએલ ગ્રાહકોને સુચના.

આ પુસ્તકના અગાઉથી થનાર ગ્રાહકોને આબુજીપર આવેલા દેરાણી જેઠાણીના ગોખલાનો ફોટોગ્રાફ પ્રતિમાજી સાથે ભેટ આપવાને માટે હેન્ડબીલમાં લખવામાં આવેલ, પરંતુ મુનિરાજ શ્રીમદ્ હંસવિજયજી મહારાજ તરફથી અમને સુચવવામાં આવ્યું કે પ્રતિમાજી સાથે ફોટોગ્રાફ ભેટ આપવાથી આશાતના થવાનો સંભવ છે, જેથી એ મહાન પુરૂષનું વચન અંગિકાર કરી સભાએ સદરહુ દેરાણીના ગોખલાનો ફોટોગ્રાફ આપવાનો વિચાર બંધ રાખીને આબુજીપર આવેલા અવચળગઢના દેરાસરનો ફોટોગ્રાફ આપવાનું નક્કી કરેલ, તેથી (જે દેરામાં ૧૪૪૪ મણની કંચનની પ્રતિમાજી છે) તે સુંદર દેરાસરનો ફોટોગ્રાફ ભેટ આપવામાં આવ્યો છે તે ગ્રાહકોએ સ્વીકારી લેવો.

સૂચીપત્ર.

હરકોઈ જાતનાં જૈની પુસ્તકો મંગાવવા વિચાર થાય તો અમારૂં છાપેલું લીસ્ટ અડધા આનાની ટીકટ મોકલી મંગાવી લેવું અને એમાંથી જે પુસ્તક મંગાવવા વિચાર થાય તેના માટે વેલ્યુપેબલથી અગર મનીઓડરથી પૈસા મોકલી મંગાવી લેવાં.

લી૦

હંસવિજયજી લાયબ્રેરીના ઓ. સેક્રેટરી.

॥ श्री ॥

ज्ञानप्रकाश ओफिसमां वेचातां जैनधर्मना पुस्तकोनुं

प्राइस लीष्ट.



અમદાવાદ—'રાજનગર પ્રીન્ટીંગ પ્રેસ'માં
શા. મગનલાલ ડીસાભાઈએ છાપ્યું.

સંવત ૧૯૫૪

કીમત. ટપાલખર્ચ.

પરચુરણ પુસ્તકો.

૨ ૧—૧—૦ ૦—૨—૦
સઝાયમાળા ભાગ ૧ લો. ૧—૧—૦ ૦—૨—૦
સઝાયમાળા ભાગ ૨ જો. ૧—૦—૦ ૦—૨—૦
કુમારપાળ રાજાનો રાસ. ૧—૪—૦ ૦—૩—૦
અજીતનાથનું ચરિત્ર. ૧—૪—૦ ૦—૨—૦
ચરિત્રાવળી. ૧—૦—૦ ૦—૨—૦
ઉપમતિ ભવ પ્રપંચ ભાષાંતર. ૩—૦—૦ ૦—૬—૦
સામાયકસૂત્ર (અર્થ સહિત) ૧૦૦-નકલના ૩—૦—૦ ૦—૬—૦
" છુટક નકલ ૧ ના, ૦—૧—૦ ૦—૦—૬
" ૦—૨—૦ ૦—૦—૬
હીરસુરી મહારાજનું ચરિત્ર. ૦—૨—૦ ૦—૦—૬
દીલખુસ સ્તવનાવળી. ૦—૧—૦ ૦—૦—૬
સ્નાત્રપુજા વિધી સહીત. ૦—૧—૦ ૦—૦—૬
પુન્ય પ્રકાશનું સ્તવન.
મહાવીરસ્વામીના સત્તાવીશ ભવનું ૦—૧—૦ ૦—૦—૬
સ્તવન. ૦—૧૪—૦ ૦—૨—૦
ધનાશાળીભદ્રનો રાસ. (ગુજરાતી) ૦—૮—૦ ૦—૨—૦
જંબૂસ્વામીનું ચરિત્ર. ૨—૦—૦ ૦—૩—૦
ધર્મપરિક્ષાનો રાસ (અર્થવાળો.) ૦—૧૦—૦ ૦—૧—૬
જૈનસુબોધ પ્રકાશ ભાગ ૨ જો. ૦—૨—૦ ૦—૦—૬
સંબોધ સત્તરી
દેવવંદનમાળા (વિદ્યાશાળાની છપાવેલી) ૧—૪—૦ ૦—૨—૦
પાંચ પ્રતિક્રમણ સુત્ર (અર્થ સહિત) ૧—૪—૦ ૦—૩—૦
બે પ્રતિક્રમણ સુત્ર (અર્થ સહિત) ૦—૬—૦ ૦—૧—૦

તે શિવાય મુંબાઈવાળા શા. ભીમસીંહ માણેકનાં છાપેલાં ગુજરાતી તથા બાળબોધી સરવે જાતનાં પુસ્તકો, તથા નકશા વિગેરે સરવે અમારે ત્યાંથી મળશે. મંગાવવાની ઇચ્છા રાખનારે નિચેના શિરનામે કાગળ લખવો.

શા. મગનલાલ હઠીસીંગ.

જ્ઞાનપ્રકાશના માલેક.

અમદાવાદ—રતનપોળ [illegible]